વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૧મું
સપ્ટેમ્બર - ૨૦૧૬
અંક : ૪૬૦

મંગલ મંદિર ● સપ્ટેમ્બર-૨૦૧૬ ● ૧
(કુલ પાના : ૧૨૨)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## મિચ્છામી દુક્કડમ્

क्षमा विरस्य भूषणम्
खामेमी सव्वे जीवा
सववे जीवा खमंतू मे.
मितती मे सव्वे भूएसु
वेरं मज्झ न केणइ





: મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુજીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# ભાતીગળ મહેંદી ડિઝાઈન્સ માટેનાં મનમોહક પ્રકાશનો

Pyari Pyari Mehandi
Art of Mehandi – मेहँदी कला
Nazaqat Mehandi Designs
Navneet Mehandi Designs
Mehandi Designs
Yasmin Arabic Designs
Lajawab Arabic Designs
Khoobsurat Arabic
Kalatmak Mehandi Designs
Anupam Mehandi Designs
Nirali Mehandi Designs
Artistic Mehandi Designs
Dulhan Mehandi Designs
Nikhar Arabic Designs
Heena Rang Lati Hai
Shandar Mehandi Designs
Mehandi Hatho Ka Srungar
Black-Brown Mehandi
15 Types of Classic
Choice of Bridal Mehandi
Charming Arabic Designs
Indo – Arabic Mehandi
Saniya – Arabic Mehandi
Shaili Arabic Mehandi
Fancy Arabic Mehandi
Sajili Arabic Mehandi
Ruchira Arabic Heena
Suparva Mehandi
Srirang Mehandi
Nova-Arabic Mehandi
Sakhi Mehandi Designs
Heena Mehandi Designs

Aashiqui Arabic Designs

## BOOKS ON RANGAWALI

Sarjan Rangawali
मांड़णे

NAVNEET®
Knowledge is wealth

# NAVNEET EDUCATION LIMITED


**Correspondence Address** : Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
**phone :** (079) 6630 5000 • 66305001, 2745 1000 • Fax : (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd @Navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001:2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

# ચાતુર્માસ અને પર્યુષણ પર્વ પ્રસંગે વસાવવા જેવાં
# જૈનધર્મનાં વૈવિધ્યસભર પ્રકાશનો

## પંડિત સુખલાલજી

| | |
|---|---|
| સમાજ, ધર્મ અને સંસ્કૃતિ | 130 |
| જૈન ધર્મ અને દર્શન | 200 |
| પરિશીલન | 150 |
| દાર્શનિક ચિંતન | 155 |
| અર્ઘ્ય | 100 |
| અનેકાંત ચિંતન | 180 |
| જૈન ધર્મનો પ્રાણ | 20 |

## આચાર્ય વાત્સલ્યદીપસૂરિ


| | |
|---|---|
| જૈન સજ્ઝાય અને મર્મ | 70 |
| સુખ તમારી પ્રતીક્ષા કરે છે | 30 |
| અક્ષર અને અસ્તિત્વ | 100 |
| ભગવાન મહાવીરની આગમવાણી | 40 |
| યોગનિષ્ઠ આચાર્યશ્રીની આતમવાણી | 50 |
| પ્રભાવના | 12 |
| જૈનધર્મ | 70 |
| Jain Dharma | 100 |
| જૈનોપનિષદ | 65 |
| શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન | 350 |


## રતિલાલ દી. દેસાઈ


| | |
|---|---|
| અમૃત સમીપે | 360 |
| જિનમાર્ગનું જતન | 280 |
| જિનમાર્ગનું અનુશીલન | 300 |
| શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ | 30 |

## ચંદ્રહાસ ત્રિવેદી

| | |
|---|---|
| જૈન આચારમીમાંસા | 80 |
| જૈન ધર્મનું હાર્દ | 100 |
| ધ્યાનવિચાર | 100 |








## જૈન ધર્મનાં અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| મારા મહાવીર, તારા મહાવીર | રોહિત શાહ | 60 |
| શ્રાવક ધર્મનું શિખર : વેયાવચ્ચ | રોહિત શાહ | 40 |
| સંગિતી | પં. બેચરદાસ દોશી | 180 |
| માથુરી | પં. દલસુખભાઈ માલવણિયા | 150 |
| હેમચંદ્રાચાર્ય | ધૂમકેતુ | 40 |
| અવધૂત આનંદઘન પદલહરી | માવજી કે. સાવલા | 110 |
| જૈનધર્મ ગાઓ : જીવનમર્મ પાઓ | દોલતભાઈ દેસાઈ | 25 |
| જૈન રામાયણ | મુનિ તરુણવિજય | 35 |
| જૈનત્વને ચરણે | હિમાંશુ શાહ | 70 |
| ભદ્રંકર પ્રસંગમાળા | – | 100 |
| Science Discovers Eternal Wisdom | Muni Amarendravijay | 40 |







ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય


## ગૂર્જર સાહિત્યભવન

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

## ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com


ફકત આપણા સમાજના પરિવારો માટે સુવર્ણ તક
1-2 BHK
Luxurious Appartment
રીવર ફ્રન્ટના કિનારે
સેમ્પલ હાઉસ જોવા આજે જ પધારો
છ મહીનામાં પઝેશન
અમદાવાદ
પાલડીમાં
નવ નિર્મિત દેરાસર,
ઉપાશ્રયના સાનિધ્યમાં
રત્નરુચિ વાટિકા
જયાં જીવન એક ઉત્સવ છે...
NA-NOC ટાઈટલ ક્લીયર
૧૦૦% લોન પેપર ઉપલબ્ધ
અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ
Project by :
RATNA BUILDERS CO.
BUILDERS OF NEW ERA
રંગ સાગર ફ્લેટ પાસે, પી.ટી.ઠક્કર કોલેજ રોડ, પાલડી, અમદાવાદ.
Mob.: 9662155636, 9426027338, Ph.: 079-26467338


સનગ્લાસ
કલેક્શન 2016
GRADED
CLUBMASTER
MORE STYLES
SPORT
WAYFARER
SHIELD
AVIATOR
Powered sunglasses in different styles also available.
GANGAR
EYENATION
INDIA'S LEADING EYEWEAR CHAIN
મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555

છેલ્લા ૪૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ
(મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯)

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*— મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- ચાતુર્માસ : શ્રદ્ધા અને વિજ્ઞાનનો સમન્વય ..... ૯
- સોનામાં સુગંધ ..... હસમુખ ગઢેચા ..... ૧૦
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૧૧

**લેખ વિભાગ**

**કચ્છ વિશેષ**
- બાંધણી કલા ..... નીતા જોશી ..... ૧૨
- કચ્છી કાવ્ય : રેયાંણ ..... મુકુંદ કે. મહેતા 'અલ્પ' ..... ૧૫

**કચ્છી સાહિત્ય**
- ગ્રામ્યમાતાના વાત્સલ્યનું ઉપનિષદ ..... કેશુભાઈ દેસાઇ ..... ૧૬

**કચ્છી કથા**
- મંઢો સોનંગ ..... સ્વામી સચ્ચિદાનંદ ..... ૨૩

**ધર્મ**
- પર્યુષણ પર્વની લાક્ષણિકતા ..... વલ્લભજી હીરજી શાહ 'કેવલ' ..... ૨૬
- પર્યુષણા મહાપર્વનું હૃદય છે, પરસ્પર ક્ષમાપના ..... નૌતમભાઈ વકીલ ..... ૨૭
- શ્રદ્ધાંજલી : પ.પૂ. પ્રમુખ સ્વામીના દેહવિલય પ્રસંગે "વચનામૃતના અંશો" ..... ભગવાન શ્રી સ્વામિનારાયણ ..... ૨૮
- જીવદયા માટે ઈસ્લામનો ઉપદેશ અને આદેશ ..... કબીર સી. લાલાણી ..... ૩૪

**તીર્થ**
- હિમાલયની દેવભૂમિનું પવિત્ર સ્થાન બદરીનાથ ..... ભૂપેન્દ્ર શાહ ..... ૩૫

**સંસ્કૃતિ**
- ઈતિહાસી ઘટનાઓ અને સતર્કતા ..... ડૉ. રસેશ જમીનદાર ..... ૩૬

**વાર્તા**
- સાગવાનનું હૈયું ..... 'સુકાની' ..... ૩૮
- સાકરચંદનાં ત્રણ કેળાં ..... ડૉ. સતીશ પટેલ ..... ૪૪
- ચાવીચક્ર પરિક્રમા કથા ..... સ્વાતિ મેઢ ..... ૪૭
- ઝંઝાવાત ..... બાબુલાલ ગોર ..... ૪૯
- ભૂખ ..... હરિશ્ચંદ્ર ..... ૫૧
- ઘર વિનાની મા ..... ઇલા કે. શાહ ..... ૫૨
- આચરણ એ જ સાચી મિત્રતા ..... રસિક મહેતા (પારેખ) ..... ૫૪

**સમાજ ચિંતન**
- સાંધ્ય વેળાએ – (૪) ..... રશ્મિ શાહ ..... ૫૫
- ચકલીના બચ્ચાની ભૂખી ચાંચ ..... રતિલાલ 'અનિલ' ..... ૫૯
- અમૂલ્ય વારસો ..... પ્રતાપભાઇ ત્રિવેદી ..... ૬૧
- જો જો એંહ તો નથી પડીને? ..... રવિશંકર મહારાજ ..... ૬૨

**મંથન**
- શ્વેતકેતુનું ભણતર ..... ઉમાશંકર જોષી ..... ૬૩
- આજનો વિકાસ એ સુધારો નહીં કુધારો છે ..... ડૉ. કિશોર સાધુ ..... ૬૪
- નાના બાળકોમાં જીવન ઉપયોગી વાર્તાઓના આધારે આત્મ ગૌરવનું સિંચન કરવું જોઈએ ..... ડૉ. મિહિર એમ. વોરા ..... ૬૬
- જૈનિક મૂલ્યો અને 'સોશિયલ સોપારી' ..... રાજન ડી. મોરબિયા ..... ૬૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**“પદાધિકારીશ્રીઓ”**

**મેનેજિંગ ટ્રસ્ટી**

શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**

શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**

શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**

શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**

શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**

શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**

શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


**‘મંગલ મંદિર’ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


**રેખા ચિત્ર**

- અનોખું કન્યાદાન ..... **લીલાધર ગડા** ...... ૭૧

**બોધ કથા**

- દરિયાનું પાણી ખારું કેમ? ..... **સુધા મૂર્તિ** ...... ૭૪
- શાંતિથી જીવન જીવવાના ઉપાય ..... **પ્રભુલાલ એમ. સંઘવી** ...... ૭૫

**ચિંતન**

- ઘાડવાના ઘી જેવી સુગંધીદાર મૈત્રી ..... **ગુણવંત શાહ** ...... ૭૬
- દર્પનો પરિત્યાગ કરો ..... **ડૉ. ચંદ્રકાંત મહેતા** ...... ૭૭
- સૌ સાથે સૌનો વિકાસ ..... **ફાધર વર્ગીસ પોલ** ...... ૭૮
- દુનિયાનું શ્રેષ્ઠ તીર્થ તો આપણું ઘર છે, યાર! ..... **રોહિત શાહ** ...... ૮૦
- હમ બોલેગા તો બોલોગે કે બોલતા હૈ ..... **અનિલ જોશી** ...... ૮૨

**શિક્ષણ જગત**

- શિક્ષણના સામાન્ય સૂત્રો ..... **ડૉ. મોહનભાઈ પંચાલ** ...... ૮૩

**વિભૂતિ વંદના**

- કંઠીથી દીક્ષિત નહીં પણ કંઠથી શિક્ષિત કરતા સદ્ગુરુ મોરારિબાપુ ..... **નીતિન વડગામા** ...... ૮૫
- ડૉ. ઝાકીર હુસૈન ભારતરત્ન ..... **ડૉ. પી. જે. ડોડિયાર** ...... ૮૭

**સંસ્મરણ**

- ગડમથલ ..... **ડૉ. આઈ.કે. વીજળીવાલા** ...... ૮૮

**લલિત નિબંધ**

- પોપટ ઊડ્યો ને લીલો લિસોટો થયો ..... **ગુલાબ દેઢિયા** ...... ૯૧

**આરોગ્ય**

- બાળકો પણ સ્ટ્રેસ અનુભવે છે ..... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા)** ...... ૯૨
- દર્દ અને નિદાન ..... **ડૉ. સુધીર ચી. મોદી** ...... ૯૪
- તણાવ મુક્ત જીવન જીવવાની જડીબુટ્ટી એટલે યોગ ..... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ...... ૯૬
- લીંબુ રસ ઔષધીય ગુણ છે ..... **ભગવતીબેન આચાર્ય** ...... ૯૭

**હાસ્ય**

- ગણપતિજીને જ કેમ ‘પધરાવાય’ છે? ..... **ડૉ. નલિની ગણાત્રા** ...... ૯૮
- મહેંદી મૂકશો તો વિઝા મળશે નહીં ..... **ડૉ. જગદીશ ત્રિવેદી** ...... ૯૯
- મીઠા વિનાની દાળ તેમ ઝઘડા વિનાનો મોળો સંસાર ..... **મધુસૂદન પારેખ** ... ૧૦૦

**હાસ્યની ક્ષણોમાં**

- બાલુડેં જ્યું ગાલિયું ..... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ... ૧૦૧

**નિયમિત વિભાગો**

- આંજો કાગર ..... ૧૦૨
- *Nano Nine* શબ્દ રમત-૧૨૦ ..... **સંકલન : રજનીકાંત પારેખ** ... ૧૦૩
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૭૭) ..... **સંકલન : રજનીકાંત પારેખ** ... ૧૦૫
- જાણવા જેવું ..... **સંકલન : રજનીકાંત પારેખ** ... ૧૦૭
- વલોવતન ..... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ... ૧૦૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ટ્રસ્ટ મંડળના સભ્યો તથા કારોબારી સમિતિના સભ્યોની યાદી : વર્ષ ૨૦૧૬-૧૭.....૧૦૯-૧૧૦
- સમાજ દર્પણ ..... ૧૧૧
- સંસ્થા સમાચાર ..... ૧૧૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ..... ૧૧૭
- ઊડતી નજરે ..... ૧૧૮



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand • Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ચાતુર્માસ : શ્રદ્ધા અને વિજ્ઞાનનો સમન્વય

ચાતુર્માસ શબ્દ પરથી જ 'ચોમાસું' શબ્દ ઊતરી આવ્યો છે. આ ભીની ભીની વરસાદી મોસમ આપણે ત્યાં તપ અને તિતિક્ષાની ઋતુ બની ગઈ છે. જૈન ધર્મમાં છે એટલું જ મહત્ત્વ ચાતુર્માસનું હિંદુ ધર્મમાં પણ છે. ચોમાસું એ પર્વોની ઋતુ છે. તુલસીદાસ એને 'પાવસ ઋતુ' કહી બિરદાવે છે. અષાઢી બીજથી શરૂ થઈ છેક દિવાળી સુધી ઉત્સવો, તહેવારો અને પર્વોની પરંપરા ચાલતી રહે છે. આ શ્રદ્ધા અને ઉપવાસની ઋતુમાં સ્વાસ્થ્ય સચવાય તે માટે આપણા પૂર્વજોએ વ્રતો અને અનુષ્ઠાનોનું આયોજન કરેલું છે. મહિલાઓ માટે બાળક અને પતિના યોગક્ષેમ માટેનાં વિવિધ વ્રતોનો પ્રારંભ ગૌરીવ્રતથી થાય છે. કુમારિકાઓ પાર્વતીનું અને શિવજીનું પૂજન કરે છે. શ્રાવણ માસમાં તો વ્રતોની લાઈન લાગી જાય છે. બોળ ચોથ, નાગ પાંચમ, રાંધણ છઠ, શીતળા સાતમ અને જન્માષ્ટમીનાં પર્વ એક જ અઠવાડિયા દરમિયાન ઊજવાય છે. દરેક પર્વ સાથે પ્રજાની શ્રદ્ધા સંકળાયેલી છે. દરેક પર્વની આગવી વાર્તા છે અને એની ઉજવણી પાછળ વૈજ્ઞાનિક તર્ક પણ છે. શીતળા સાતમમાં ગર્દભવાહિની શીતળા માતાની આરાધના કરાય છે. આગલા દિવસોમાં આવતો નાગ પાંચમ એ પર્યાવરણનો જ ઉત્સવ ગણાય. જીવમાત્રને જીવવાનો અધિકાર હોવાનું માનતી આપણી પ્રાચીન સંસ્કૃતિ નાગ જેવા ઝેરી સરિસૃપને પણ પૂજતી રહી છે. શીતળા, અછબડા, ઓરી કે બળિયા – smallpox, measles, chickenpox જેવી બીમારીઓ સામે પ્રતિકારાત્મક રસી નહોતી શોધાઈ ત્યારે લીમડાની ડાળી અને અન્ય વનસ્પતિના ધૂપ વડે સ્વાસ્થ્ય લાભ કરવાની પદ્ધતિ વિકસાવનારા આપણા પૂર્વજોની આરોગ્યદૃષ્ટિ વિશે અહોભાવ થયા વિના ન જ રહે. ઉપવાસ અને એકાસણાં દ્વારા ચોમાસામાં પેટના રોગો સામે 'પાણી પહેલાં પાળ' બાંધવાનો જ ઉપક્રમ યોજાતો રહ્યો છે. ઉપવાસથી અજીર્ણ - અપચો અને સંગ્રહણી કે મરડા જેવા ચોમાસાના રોગો સામે રક્ષણાત્મક ઊર્જા પ્રાપ્ત થાય છે. આંતરડાંને આરામ આપવા ઉપરાંત એથી કોલેસ્ટેરોલ જેવી સમસ્યા પણ ઉકેલાઈ જાય છે. જૈનોમાં ચાતુર્માસ દરમિયાન પર્યુષણ મહાપર્વ ઊજવાય છે – જેને આપણે ઉમળકાભેર 'પર્વાધિરાજ' કહી બિરદાવતા રહીએ છીએ.

પર્યુષણ મહાપર્વના પહેલા દિવસે જ શ્રાવકનાં પાંચ કર્તવ્યોનું વર્ણન આવે છે : અમારિ પાલન, સાધર્મિક ભક્તિ, સ્વામિવાત્સલ્ય, અઠ્ઠમ તપ અને ચૈત્ય પરિપાટી. આ પાંચ કર્તવ્યો પૈકી વિશેષ વૈજ્ઞાનિક મહત્ત્વ 'અઠ્ઠમ તપ'નું છે – જેમાં ત્રણ ઉપવાસ દ્વારા શરીર-શુદ્ધિ અને આત્માની પવિત્રતા અંકે કરાય છે. ઉપરાંત પાંચ પાખી પાળવાની પ્રથા પણ એટલી વૈજ્ઞાનિક પદ્ધતિથી યોજાયેલી છે. બે આઠમ, એક પાંચમ અને પૂનમ તથા અમાવસ્યા. આ યોજના અનુસાર દર મહિને ચાર-પાંચ દિવસના અંતરે એક ઉપવાસ આવી જતાં શરીર-સ્વાસ્થ્ય આપોઆપ જળવાઈ જતું હોય છે. પશ્ચિમની ભૌતિકવાદી સંસ્કૃતિમાં આવી કોઈ આરોગ્યપ્રદ વ્યવસ્થા હોય તો બતાવો! હા, ઈસ્લામમાં રોજાની વ્યવસ્થા છે, જે કદાચ વધુ પડતી તિતિક્ષા માગી લે છે, કારણકે એમાં તો દિવસ દરમિયાન પાણી પણ લેવાની છૂટ નથી. વળી રમજાન મહિનો ચાંદ્ર વર્ષ મુજબ દર વખતે જુદી જુદી ઋતુમાં આવતો હોય છે. આપણી ભારતીય પરંપરામાં આહારનું નિયમન છે, પરંતુ જીવન માટે પાણી તો અનિવાર્ય છે. તેથી સંથારા સિવાય આપણાં વ્રતોમાં ઉપવાસ દરમિયાન પાણીની છૂટ છે. હળવા ફળાહારનો વિકલ્પ પણ છે જ. ટૂંકમાં આપણી સંસ્કૃતિમાં જે કંઈ વ્રત, ઉપવાસ કે અનુષ્ઠાનની વ્યવસ્થા છે તે વધુ વૈજ્ઞાનિક છે. વિશ્વને આરોગ્યનું વિજ્ઞાન – 'આયુર્વેદ'ની ભેટ ભારતે જ આપેલ છે. ધન્વંતરિ અમૃત-કળશ લઈને સમુદ્રમંથન દરમિયાન પ્રગટ થાય છે. આ જીવનનું અમૃત દુનિયાને ભારત તરફથી મળેલ અણમોલ ભેટ છે.

પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજ જેવી સર્વોચ્ચ આધ્યાત્મિક હસ્તીનો દેહવિલય એ ન પુરાય એવી મોટી ખોટ છે. ચાલુ ચાતુર્માસ દરમિયાન જ ગુજરાતને નવા નેતૃત્વની ભેટ સાંપડી છે. ક્યારેક ગુજરાતમાં જૈન ધર્મ એ રાજધર્મ હતો. હેમચંદ્રાચાર્ય અને હીરવિજયસૂરિ જેવા જૈનાચાર્યોનો પ્રભાવ તત્કાલીન રાજા - બાદશાહોને અહિંસા અને મૈત્રી જેવાં ઉચ્ચ મૂલ્યોનું પાલન કરવા પ્રેરતો રહ્યો છે. ગુજરાતને પહેલી જ વાર શ્રી વિજયભાઈ રૂપાણી જેવા સંનિષ્ઠ જૈન શ્રાવકનું નેતૃત્વ સાંપડ્યું છે, જે આપણા સૌ માટે ગૌરવની ઘટના છે. શ્રી વિજયભાઈ રૂપાણી રાજકોટના મેયરપદથી લઈ વિવિધ સરકારી - અર્ધ સરકારી ઉપક્રમોનો વહીવટ સંભાળી ચૂક્યા છે. છેલ્લે તેઓ આનંદીબેન પટેલના મંત્રીમંડળમાં કેબિનેટ કક્ષાના મંત્રી હતા અને ગુજરાત પ્રદેશ ભાજપના વડા પણ હતા. સંગઠનના વિશાળ અનુભવ ઉપરાંત એમની સ્વચ્છ છબી અને સૌમ્ય પ્રકૃતિને કારણે શાસક પક્ષે એમને ગુજરાતના નવા સુકાની તરીકેની જવાબદારી સોંપી છે. આપણે એમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવીએ. ■

# સોનામાં સુગંધ

*– હસમુખ ગઢેચા*

આપણે સૌ જન્મે જૈન છીએ પણ જૈન ધર્મ વિશે આપણું જ્ઞાન અલ્પ હોય છે. કેટલાક જિજ્ઞાસુ શ્રાવક / શ્રાવિકાઓ વાંચનથી અને વ્યાખ્યાનો સાંભળીને આપણા જૈન ધર્મ વિશે ઘણી બધી જાણકારી મેળવી લે છે. પણ મોટાભાગનાં પોતાનાં વ્યવસાયના કારણે અથવા અન્ય વ્યસ્તતાના કારણે ધર્મ વિશે / ધર્મની જાણકારી મેળવવા ઉદાસીનતા બતાવે છે.

આજે આપણે એક એવી વ્યક્તિની વાત કરવાની છે કે જે જૈન નહોતા પણ જૈન ધર્મની જાણકારી માટેની પિપાસાને લીધે આજે જૈન ધર્મના વિષયોમાં પારંગત છે અને જૈન ધર્મ વિશે લખે છે અને વ્યાખ્યાનો આપે છે. તેઓશ્રીનો ટૂંકમાં પરિચય નીચે મુજબ છે.

ધર્મે મુસ્લિમ, ડૉ. રમજાન હસણિયાનો જન્મ કચ્છના ગામ મોટી ખાખરમાં તા. ૩-૧૨-૧૯૮૪ના રોજ થયેલ હતો. તેઓનો અભ્યાસ બી.એ., એમ.એ., એમ.ફિલ. અને પીએચ.ડી. સુધીનો છે. તેઓએ ડૉ. દર્શનાબેન ધોળકિયાના માર્ગદર્શન હેઠળ કચ્છ યુનિવર્સિટીમાંથી વર્ષ ૨૦૧૩માં "અર્વાચીન ગુજરાતી કવિતામાં અધ્યાત્મ ભાવ" એ વિષય ઉપર મહાનિબંધ લખી પીએચ.ડી.ની પદવી હાંસલ કરેલ છે. તેઓએ કચ્છ યુનિવર્સિટી દ્વારા અપાતો "આચાર્ય યશવંત શુક્લ સુવર્ણ ચંદ્રક" પ્રાપ્ત કરેલ છે.

તપાગચ્છીય આચાર્ય ભગવંત વિજયશીલચંદ્રસૂરિશ્વરજીનો સ્નેહ અને તેઓ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાનું તેઓને સદ્‌ભાગ્ય સાંપડ્યું છે. તેઓશ્રી પાર્શ્વચંદ્રગચ્છીય ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ સાહેબ પાસે છેલ્લાં ૧૬ વર્ષથી જૈન ધર્મનો અભ્યાસ કરે છે.

વર્ષ ૨૦૧૩માં તેઓએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન "લોગસ્સ – એક વિશિષ્ટ સ્તોત્ર" ઉપર વ્યાખ્યાન આપેલ, જે મુંબઈ જૈન યુવક સંઘની વેબસાઈટ ઉપર આજે પણ ઉપલબ્ધ છે. તે ઉપરાંત તેઓએ મુંબઈ, સુરત, અમદાવાદ તથા કચ્છના વિવિધ ગામોમાં જૈન ધર્મ વિશે વ્યાખ્યાનો આપેલ છે.

આ ઉપરાંત તેઓનાં જૈનોના પ્રખ્યાત સામયિકો જેવા કે પ્રબુદ્ધ જીવન, શબ્દસૃષ્ટિ, પરબ આદિ સાહિત્યિક સામયિકોમાં લેખો પ્રગટ થતા રહે છે. અત્યારે તેઓ 'ગવર્નમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ - રાપર (કચ્છ)'માં ગુજરાતીના આસિ. પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે.

ઉપર મુજબ અજૈન હોવા છતાં વિશિષ્ટ જૈન જેવો જૈન ધર્મનું જ્ઞાન ધરાવનારા ડૉ. શ્રી રમજાન હસણિયા, તા. ૧૮-૯-૨૦૧૬નાં રોજ સવારના ૯.૩૦થી ૧૨.૩૦ દરમિયાન યોજેલ 'વાર્ષિક સ્નેહ મિલન તથા સ્વામિવાત્સલ્ય' તથા સરસ્વતી સન્માન કાર્યક્રમના દિવસે તેઓનું આપણે 'ક્ષમાપના' ઉપર વ્યાખ્યાન રાખેલ છે. સર્વે સભ્યોને વેળાસર પધારી ઉપરોક્ત વ્યાખ્યાનનો લાભ લેવા વિનંતી.

*અંજલી જ્વેલર્સ, સી.જી. રોડ, અમદાવાદ.*

# કોણ નક્કી કરશે???

આ જગતમાં શક્તિઓનો અઢળક ખજાનો ધરબાયેલો પડ્યો છે. જેમ કુબેરનો ખજાનો વાપરવાથી ખાલી જ ન થાય તેમ અવિરત વહેતી શક્તિઓનો ખજાનો વાપરવાથી ખાલી જ ન થાય. જાતજાતની, ભાતભાતની, ચિત્રવિચિત્ર, રંગબેરંગી, ચમત્કારીક શક્તિઓ પૃથ્વી પર દરેક જીવોમાં ઠાંસી ઠાંસીને ભરેલી પડી છે.

આ બધી શક્તિઓનો સૌથી વધારે ખજાનો પણ ભારતમાં જ છે. અનોખી, અમૂલ્ય, પ્રચંડ તાકાત ધરાવતી જો કોઈ શક્તિ હોય તો તે છે માત્ર ને માત્ર "નારી શક્તિ."

નારી શક્તિ એટલી પ્રબળ છે કે ભગવાનને પૃથ્વી પર લાવવાની અને યમરાજાને પરત કરવાની તાકાત પણ ધરાવે છે. એટલી પ્રચંડ છે કે સચ્ચાઇ - ન્યાયથી ખુશથી ખુશ થઈને જાતના ભોગે પણ ધરતી પર સ્વર્ગની રચના કરી શકે છે. પરંતુ... જો અન્યાય થાય તો કોપાયમાન થઈને નરક બનાવતાં ક્ષણ માત્રનો પણ વિલંબ કે વિચાર સુધ્ધાં નથી કરતી. અરે... પોતાના પ્રાણની પણ પરવા નથી કરતી...

અંતમાં એટલું જ કે... ઘર, પરિવાર, સગા-સંબંધી, પ્રિયજન, આપ્તજન, સખા, સહિયર, સમાજ, ગામ કે દેશ કોણ નક્કી કરશે કે આપણને સ્વર્ગ જોઈએ છે કે નરક???

*જ્યોતિકા અશોક મહેતા - કલીકટ (કેરાલા)*

# આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • ગુરુવાર, તા. ૧૫-૯-૨૦૧૬ તથા શુક્રવાર, તા. ૧૬-૯-૨૦૧૬ બપોરે ૨.૦૦થી ૪.૦૦ | નવનીત ભવન આવાસ યોજના બહેરામપુરા | ગૃહ ઉદ્યોગ સમિતિ | માઈક્રોવેવ વાનગીઓ તથા અન્ય વાનગીઓ બનાવતા શીખવતો કેમ્પ |
| • રવિવાર , તા. ૧૮-૯-૨૦૧૬ સવારે ૯.૦૦થી ૧.૦૦ | ટાગોર હોલ, પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સ્નેહ મિલન, સ્વામિવાત્સલ્ય જમણવાર તથા પુરસ્કાર વિતરણ. |
| • રવિવાર, તા. ૨૫-૯-૨૦૧૬ બપોરે ૪.૦૦થી ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | 'તમારી કેરિયર કેવી રીતે ડિઝાઈન કરશો?' ઉપર લેક્ચર તથા સવાલ-જવાબ. પ્રો. જયરાજ પંડ્યા દ્વારા. |
| • ગુરુવાર, તા. ૨૯-૯-૨૦૧૬ | બેકર્સ સ્ટુડિયો, પ્રહલાદ નગર | મહિલા ઉત્કર્ષ સમિતિ | લેટેસ્ટ બેકરીની વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન. |
| • તા. ૪-૧૦-૨૦૧૬ સવારે ૬.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | સપ્તેશ્વર, મહુડી, આગલોડ તીર્થની પિકનિક. |
| • સોમવાર, તા. ૩૧-૧૦-૨૦૧૬ સાંજે ૫.૦૦થી ૭.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ |

કચ્છ વિશેષ

# બાંધણી કલા

• નીતા જોશી •

## બાંધણી કલા

*ભારત દેશની પશ્ચિમ દિશાએ આવેલ કચ્છ પ્રદેશ અનોખો છે.*

કચ્છનું જે નિયુક્ત ભૌગોલિક સ્થાન છે તેની અસર તેની પ્રાકૃતિક અવસ્થા ઉપરાંત તેના સામાજિક અને આર્થિક જીવન ઉપર ઊંડી છે. કચ્છની જનતાના સંસ્કાર ઘડતર પણ અનોખા છે. તેજ રીતે તેની દંતકથાઓ, લોકવાતો, લોકગીતો, દુહાઓનું લોક સાહિત્ય તેમજ તેની વિશિષ્ટ કલા સંસ્કાર પણ જાણે પરંપરામાં મળી હોય તેમ છે. જેમ કચ્છનું ભરતકામ અને ચિત્રકામ જાણે લોક કલાનું જોડિયું હોય તેમ લાલિત્યપૂર્વક વિકસ્યું છે. તેમાં આજે પણ કચ્છમાં વસ્ત્રાભૂષણો ધારણ કરવાની રીતે કોમવાદ અલગ અને વિવિધ રહેલી છે. કચ્છનાં કસબમાં કચ્છની રંગીલી લોક કલાનાં ઉત્તમ તત્ત્વો આજે પણ સચવાયેલા છે. જે અલગ તરી આવે છે. ખાસ કરીને કચ્છની બાંધણીનું કામ આગવી રીતે રૂપમાં અને રંગે પ્રાણવાન છે. તેની શૈલી અલગ છે. રૂપલક્ષણો પરંપરાગત પેઢી ઉતાર વંશજોને મળ્યાં કરે છે. છતાં આ કામમાં માત્ર રૂઢિગત જડ અનુકરણ નહી થતાં સંસ્કૃતિ પ્રતિકોનો તેમજ સાંસ્કારિક વારસાનો મૌલિક મુક્ત વપરાશ થતો જોવા મળે છે. તેમજ બાંધણી કળામાં કામની સફાઈ તેમજ આકૃતિની બારીકી પણ જોવા મળે છે. જીવનની પ્રતિકૃતિ પણ તેઓ રંગથી દેખાડે છે. ઘણુંખરું કસુંબલ રાતા, નીલા, કેસરી, ધોળા, જાંબલી, નારંગી રંગ કલાનો ઉપયોગ પણ બાંધણી કલામાં નિહાળવા મળે છે.

કચ્છની વિશિષ્ટ કલામાં બાંધણી કલાનો પણ સમાવેશ થાય છે. કચ્છ, રાજસ્થાન અને સૌરાષ્ટ્રમાં બાંધણીની કામ જગમશહુર છે. તેમાં ખાસ કરીને કચ્છની બાંધણીનું કામ ઉત્તમ તેમજ વિશિષ્ટ પ્રકારનું છે. ખાસ કરીને લગ્ન, મરણ, તેમજ જન્મ પ્રસંગે બાંધણીનો ઉપયોગ જોવા મળે છે. એ રીતે જોતાં આપણે સહજ વિચાર થાય કે બાંધણીનો ઉપયોગ જીવન વ્યવહાર સાથે વણાયેલો છે. મુસ્લિમ જાતિમાં (બાંધણી) લગ્નમાં ‘ચાંદ્રાખણી’ તરીકે વપરાય, હિન્દુ જાતિમાં લગ્ન પ્રસંગે પાનેતર કે ઘરચોળું કે ચુંદડી તરીકે ઉપયોગમાં લેવાય છે. તે રીતે જોતા મુસ્લિમ કોમ દરગાહ પર તથા હિંદુઓ માતાજીને બાંધણીનાં બંધ ભરેલ કાપડ ચડાવતાં હોય છે. તેમ બાંધણી બાંધવામાં બંધનું કામ સ્ત્રી અને પુરુષ બંને કરે છે પણ રંગવાનું કામ માત્ર પુરુષો જ કરે છે. તેમાં કાપડમાં પણ અલગ-અલગ કાપડ જોવા મળે છે. જ્યોર્જર, સિલ્ક, સુતરાઉ વગેરે તેમજ કામ પણ અલગ-અલગ પ્રકારે જોવા મળે છે. જેમાં મોટા બંધ, વટાણાબંધ વગેરે. રંગવાનું કામ પુરુષ એટલા માટે કરે છે કે ખત્રી કોમમાં એવી માન્યતા છે કે રંગાટ કામ જો દીકરીને શીખવવામાં આવે તો તેણી સાસરે જાય ત્યારે કામનું રહસ્ય ખુલ્લું થઈ જાય. આથી આવી માન્યતાનાં કારણે દીકરી (સ્ત્રી) ને રંગવાનું કામ શીખાવવામાં આવતું નથી. આ બાંધણીનું કામ કરનાર ખત્રી કોમ વધારે અગ્રેસર રહેલ છે. જેમાં મુસ્લિમ ખત્રી, હિન્દુ ખત્રી, બાંધણી કળા વધારે સારી રીતે જાણે છે. બ્રહ્મક્ષત્રિય ખત્રી લોકો મુળ પંજાબ (સિંધ) થી કચ્છમાં આવેલ છે. જે ઈ.સ. ૧૮૮૦ માં થયેલ વસ્તી ગણતરી પ્રમાણે કુલ ૧૬૫ કુટુંબો ખત્રીનાં કચ્છમાં રંગાટ કામ કરતાં.

કચ્છમાં બાંધણી કલામાં ખોંભી, ચાદર, ઓઢણી, આભા, સાડલા, પટોરાં, પંજાબી ડ્રેસ, સુહાગડી ચણિયા, સાળુ, પછેડો, રૂમાલ, ચોલી, બગીડા વગેરે કામમાં બાંધણીનો ઉપયોગ થાય છે. બાંધણી કલામાં એક બીજી લોકવાયકા છે. ખત્રી કોમના કારીગરે કોઈ ફકીરને મદદ કરેલ તેનાં બદલામાં ફકીરે એક કપડાં પર ગાંઠ બાંધી કપડું ખત્રીને આપેલ. જે કપડું અન્ય રંગાટ કામ સાથે રંગમાં બોળાઈ જતાં જ્યારે તેની ગાંઠ ખોલાઈ ત્યારે બાંધેલ ભાગમાં રંગ લાગ્યો ન હતો. પણ તે જગ્યા સુંદર ભાત પાડેલી શોભતી હતી.

આ પરથી બાંધણીની ઉત્પત્તિ થઈ હોય એમ કહેવાય છે. આ બાંધણી કલામાંથી હજારો મહિલાઓ રોજીરોટી મેળવી રહી છે. બાંધણી ૫૦, ૧૦૦ કે હાલ તો ૧૦ હજાર કે તેથી વધુ કિંમતની બાંધણીઓ બની રહી છે. બાંધણી કળાથી આપણું સાંસ્કૃતિક આદાન પ્રદાન પણ થઈ રહ્યું, જેમાં પરંપરાગત ડિઝાઈનમાં આધુનિક આવતાં હાલ વિદેશમાં એટલે કે વિશ્વનાં બજાર પણ વધતું જાય છે. બાંધણી કળાથી વિદેશી પ્રવાસીઓ પણ સારા એવા આકર્ષાય છે. તેઓ પણ સુતરાઉથી માંડી અસલ રેશમી બાંધણી જોઈ મંત્રમુગ્ધ થાય છે. આપણી કલામાં બાટીક, અજરખ, હાથ વણાટ કામ, બન્ની ભરત, રોગાનકામ, નમદાકામ, ખટીક કામ, આહીર કામ, રબારી વર્ક, સુફ ભરત, મીનાકામ, વગેરે કળાઓથી કચ્છ ધબકતું રહ્યું છે. તેમાં બાંધણી કામ કચ્છનાં ગામે ગામ અવનવા રૂપે રંગ મુટકતી કચ્છ ધરાની ખીલેલી સંસ્કૃતિનાં દર્શન થાય છે. માનવજાતના સંસ્કાર અને પ્રાદેશિક લક્ષણિકતાથી ભરપૂર કચ્છની સંસ્કૃતિથી એવી ભારતીય સંસ્કૃતિનું એક આગવું અંગ બાંધણી કળા છે.

# રોગાન આર્ટ

કચ્છની અસ્મિતા, કચ્છીયત કે પછી કચ્છનું અસલીપણું જે કહીએ તે પણ એ સરવાળે રણ અને દરિયાની દેન છે. મહેરામણે કચ્છી માડુની સાહસ વૃત્તિને દિલેરી બક્ષી છે. આમ રણ, સમુદ્ર અને ડુંગરોની ત્રિવિધ ભૌગોલિક રચના ધરાવતું વિશિષ્ટ પ્રદેશ કચ્છ છે.

અહીંનું જીવન લો કે કલા, ઉત્સવો લો કે મેળા, અહીંની વિશિષ્ટ સંસ્કૃતિમાંથી હંમેશાં આપણને અનેકગણું પ્રાપ્ત થયું છે. આ પ્રાચીન સંસ્કૃતિના વારસાને આપણે સાચવીને તેનો વિકાસ કરતા રહ્યા છીએ. આવી કચ્છની સંસ્કૃતિમાં કલા સાહિત્ય, સ્થાપત્ય, સંગીત, કચ્છી હસ્તકલામાં મશરૂ ઈલાયચા કાપડ, ઝવેરાત, મીના કામ, હાથીદાંત ઉપરનું કોતરકામ, છરી-ચપ્પુ-સુડી તલવાર-કટાર ઉદ્યોગ, ધડકી કલા, જરદોશી કલા, રંગીન સંઘાડાનું કામ — આવી તો અનેક કલાઓ માટે કચ્છ જાણીતું છે.

આ પ્રદેશ સદીઓ સુધી અન્ય વિસ્તારો માટે કુતુહલ અને પડકાર આપતો પ્રદેશ રહ્યો છે.

કોઈપણ સમાજની સંસ્કારિતાનું સાચું દર્શન તો એની લોક સંસ્કૃતિમાંથી જ સાંપડે છે. લોક સંસ્કૃતિનું અગત્યનું અંગ એ કળા અને સાહિત્ય છે. આમ કચ્છની ધરતી પ્રાણવાન લોકસાહિત્ય અને લોકસંગીતની સુમધુર સુરાવલીઓથી સદાય ગુંજતી રહી છે.

આજે આપણે રોગાન પેઈન્ટ પર વાત કરીએ તો રોગાનકલા કેવી રીતે કરાય? એ સમજવું ખૂબ જરૂરી છે. પગ લાંબા કરીને સતત ચાર-પાંચ કલાક સુધી આ કલામાં બેસવું પડે છે. તેમાં પણ ઝુકીને આ કામ થાય છે. એક હાથમાં કલર હોય, બીજા હાથમાં (મલમ) સળિયો હોય અને સતત એકાગ્રતા હોશિયારીથી આ કામ કરવું પડે છે. અઘરી બાબત એ છે કે રોગાન આર્ટની પ્રવૃતિ ચાલુ હોય ત્યારે પંખા પણ ચાલુ કરી શકાતા નથી. એટલે ગરમીમાં અને અજવાળાવાળા રૂમમાં આ કામ કરવું પડે છે. તથા તેમાં પ્રથમ ડ્રોઈંગ (ચિત્રકામ) શીખવું પડે છે. તથા તબક્કાવાર કલરને હાથ પર ચડાવવું પડે છે. કલમ (લોખંડનો સળિયો ચારેક ઈંચનો લાંબો રખાય છે) થી કલરના તાર કાઢીને સિંગલ કલરથી ડિઝાઈન પર કલર લગાવવું સહિત પ્રવૃતિ દાદ માંગી લે તેવી છે. રોગાન કળા માત્ર નિરોણામાં જોવા મળે છે. ત્યાંના અબ્દુલ ગફુરે પોતાની કુશળતાને કારણે આ કળા માટે ઘણાનું ધ્યાન ખેંચ્યું છે. ૧૯૮૯માં વડાપ્રધાને તેની કલા જોઈને તેને સાચવવા ખાસ ભલામણ પણ કરેલ. આ કલા નિરોણામાં જોવા મળતી હોઈ તેને નિરોણા છપાઈ પણ કહેવામાં આવે છે. રોગાન કલામાં મુખ્યત્વે ભૌમિતિક-ડિઝાઈનો ખાસ ઉપયોગ કરાય છે. હાલ તેમાં ઘણી વિવિધતા પણ જોવાઈ રહી છે. રાજાશાહીમાં આ રોગાન કામ કરનાર કારીગરો, રાજમહેલ માટેના ચંદરવા, રથની વેલ-માફો, તંબુની વાડો, પડદા વગેરે માટે કામ કરતા. મૂળ પર્શિયા દેશની આ કલા છે અને ૧૦૦ વર્ષ કરતાં વધુ વર્ષોથી આ કલા કચ્છના લોકોએ હસ્તગત કરી છે. જો કે આ કલામાં કામ વધું અને વળતર ઓછું હોવાથી ઘણા કારીગરોએ આ કામને છોડી દીધું છે. પરંતુ નિરોણા ખત્રી પરિવારમાં આ કલામાં સુધારા કરીને પણ જીવંત રાખેલ છે.

આ કલાની પ્રક્રિયા પણ અનોખી છે. એરંડાના તેલ (દિવેલ) ને બે દિવસ સુધી સતત ઉકાળવામાં આવે છે. ત્રીજા દિવસે આ તેલ ઉકળીને ચીકણો (ગુંદર) જેવો મલમ બની જાય છે. એટલે તેમાં કુદરતી પથ્થના કુદરતી રંગોને ભેળવવામાં આવે છે. આ રંગો પહેલાં માટીમાંથી બનાવવામાં આવતાં. હવે તો કૃત્રિમ રંગોનો ઉપયોગ થાય છે. આ દિવેલ ઉકળે એટલે તેની ગંધ તીવ્ર હોવાથી આ પ્રક્રિયા જંગલમાં કરવામાં આવે છે. તૈયાર કરાયેલા આ મિશ્રણને હાથમાં લઈને પાંચ ઈંચ સોયા વડે ગોળ-ગોળ ફેરવીને તેમાંથી રંગોના તાર જેવા બનાવવામાં આવે છે. હાથમાં જે રીતે મહેંદી મૂકવામાં આવે તેવી જ રીતે સળિયા પર તારથી કાપડ પર ડિઝાઈન કરવામાં આવે છે. બારીક અને આકર્ષક ડિઝાઈનમાં જરાક સરખી ભૂલ થાય તો આખું કાપડ બેકાર જાય છે. આ છપાઈ કામનું કાર્ય હંમેશાં હાથથી જ કરાય છે. કપડા પર તે સાચી રીતે તથા ચોકસાઈપૂર્વક થાય તે માટે તેમાં ખૂબ ધીરજ, સમય અને એકાગ્રતા ઉપરાંત કુશળતાની ખાસ જરૂરત રહે છે. આ રોગાન કામ એટલે કપડા પર હૈયાસુઝથી ચિત્ર દોરવાનું, કપડા પર કોઈપણ જાતની છાપ ઉઠાડ્યા વિના એક અણીદાર, લોખંડના સળિયા પર રંગ વિંટાડીને બે પગ પર કાપડ રાખીને નીચેની બાજુએ હથેળીથી જોઈતા આકાર પ્રમાણે ફેરવીને ચિત્રકામ કરવામાં આવે છે. આ રંગ કાયમી રહે તેથી રંગમિશ્રણ ઘણું અગત્યનું છે. આ કલાની કાપડ માંગ બન્નીના પ્રદેશમાં વસતા નોડે, રાયમા, રાયશીપોત્રા, હાલેપોત્રા, હરીજન, સમા, ઉપરાંત વાગડના પટેલ આહિર જાતિની સ્ત્રી ઘાઘરા, ચોલી પણ રોગાન પોઈન્ટ કરેલ પહેરતી હતી. આ વિશ્વમાંથી સૌથી મોંઘી અને અજોડ કલા છે જે આજે નિરોણામાં બની રહી છે ને એક જ કુટુંબના સભ્યો અબ્દુલ ગફુર, હાસમ ગફુર, આરબ હસન વગેરે જાણે છે. તેને ટકાવી રાખેલ છે. આ રોગાન કલાની ડિઝાઈન અડધા કે પા કાપડ પર કરાય છે. પછી તેને સામે વાળવામાં આવે છે. જેથી બાકીના કાપડ પર તેની છાપ ઉઠી આવે છે. આવી અજોડ કલા આજે લુપ્ત થતી જાય છે ત્યારે તેનું મૂલ્ય પણ વિશેષ છે.

# કમાંગરી ચિત્રશૈલી

કચ્છ પ્રવાસની દૃષ્ટિએ જેમ અતિ મહત્ત્વનો જિલ્લો છે, તે જ રીતે કચ્છ પોતાની આગવી સંસ્કૃતિના કારણે ધબકતું રહ્યું છે. કચ્છ ઈ.સ. ૧૯૪૮ સુધી એક રાજ્ય તરીકે રહ્યું. પણ તેની ભાષા, ચલણ, સંસ્કૃતિ કે રહેણી-કરણી આગવી જ છે. કચ્છ એક સંશોધનનો જિલ્લો છે. આ કચ્છડામાં વિપુલ ખજાનો મોજૂદ છે.

કચ્છના રાજવીઓ પણ કચ્છના કલાવિકાસ માટે અંગત રસ લેતા. જેનો ઈતિહાસ સાક્ષી છે અને કચ્છની કલાને દેશ-વિદેશમાં પ્રખ્યાતિ આજે પણ મળી રહી છે. કચ્છની લોકસંસ્કૃતિ અને ભાતીગળ જીવનશૈલી આજે પણ જીવંત છે. જેમ કચ્છમાં માણવા જેવા સ્થળો છે તેવીજ રીતે કચ્છની બેનમુન હસ્તકલા પણ છે. જેવી કે બન્ની ભરત, રોગાનકામ, ચર્મકામ, બાંધણી, બ્લોકપ્રિન્ટ, આહીર રબારી-જતનું ભરતકામ તેમજ ખાસ કમાંગરી ચિત્રશૈલી.

જૂના સમયમાં મકાનની અંદરની દીવાલોને ભીંતચિત્રો વડે શણગારવાનું કામ કરવામાં આવતું. મુઘલ સલ્તનતનાં પતનથી આ જગ્યાનાં કારીગરો અને કામદારોએ નાનાનાના રજવાડાઓમાં આશરો લીધો. જેમાં મેવાડ, મારવાડ, જયપુર, કોટા, ઉદેપુર, કિશનગઢ અને કચ્છ મુખ્ય છે. કચ્છનાં રાજ્યો સાથે રાજસ્થાનનો નાતો રહ્યો છે. ઘણાં કલાકારો રાજસ્થાનથી દહેજમાં રાણીઓ સાથે કચ્છ આવેલ.

આવા કલાકારો મુસ્લિમ કમાંગરો અને તેના ચિત્રો કમાંગરી કહેવાણા. આ કલાના કલાકારો ઢાલ-તલવાર પર પણ સુશોભન કરવાનું કાર્ય કરતા. ધનુષ્યને ફારસી ભાષામાં કમાન કહેવાતી તેથી કમાન બનાવનાર 'કમાનગર' પરથી 'કમાંગર' શબ્દ પ્રચલિત થયો. આ કમાંગરો જૂના વખતમાં દીવાલો પર આલેખેલા કમાંગરી શૈલીનાં ચિત્રો અને વિષયવસ્તુ પણ અદ્‌ભુત છે. હાલ તેમનાં થોડાક કુટુંબો કચ્છમાં વસે છે. તેમનાં પૂર્વજોએ દીવાલ પર ભીંતચિત્રો કર્યા છે. ધીણોધર જાગીર, ભારાપટની શાળામાં, અંજારના સેંકડોના બંગલામાં આવાં ચિત્રો છે. કમાંગરી ચિત્રો આજે નષ્ટ થવાના આરે છે. આ કમાંગરીની પ્રાપ્યમાં પહેલાં ચુનો અને ચિરોડી મેળવી તેનાં લીંપણમાં ભીંતને ચકચકિત કરવામાં આવતી. ત્યારબાદ તેના પર ખજુરીનાં કૂણા પાનની પીંછીઓ વડે ઝીણી ડિઝાઈનો આલેખી તેમાં ભભકદાર રંગ પૂરતાં. આ કમાંગરી ચિત્રોમાં માનવ આકૃતિ, પશુપંખીઓ, ફૂલવેલીઓ, પનિહારી, લડતા મલ્લો, રામાયણ જેવા વિષયો આલેખાતાં. આવી કમાંગરી કલાનાં ઘણી જગ્યાએ દર્શન થાય છે.

આ કલા કચ્છની કળા પ્રણાલિનો સજીવ સંસ્કાર વારસો છે. આવી અનેક કલામાંથી કચ્છની લોકસંસ્કૃતિ સમૃદ્ધ બનેલી છે.

આ કર્મચારીનાં ચિત્રો ભુજના ભારતીય સંસ્કૃતિ દર્શન મ્યુઝિયમનાં પ્રવેશતાં ડેલીની દીવાલ પર ફરતે દોરાયેલાં સૌ આગંતુકનું ધ્યાન ખેંચે છે. તેમાં કચ્છી રામરાંધ, રામાયણનાં ચિત્રો મૂકવામાં આવેલ છે. કચ્છનાં મહારાવ દેશળજી (બીજા) ના કુંવર ગગુભાને અપાયેલ. જાગીરમાં તેમનાં આવાસને પાવન કરવા આ મૂળ ભીંતચિત્રોનું આલેખન કરવામાં આવ્યું છે.

આમ તો આવાસો અને મંદિરોની દીવાલો ઉપર રામાયણના પ્રસંગ ચિત્રો દોરવાની પરંપરિત પ્રથા તો રામયણકાળ જેટલી જ પ્રાચીન છે. તેરામાં સંસ્કૃત રામાયણનાં નહીં પણ લોકઆવૃત્તિ રામલીલા રચનાનાં આલેખો દોરેલા છે.

તળપદી 'કચ્છી કમાંગરી કલમ' શૈલીનાં ભીંતચિત્રોની કથા સળંગ-સંપૂર્ણ અને અત્યારલગી ચિત્રકળાના ઈતિહાસમાં વણનોંધાયેલી રહી જવા પામેલી. આ ચિત્રાવલીની શોધ અને નોંધ એક અપૂર્વ ઘટના છે. આ નામી ચિત્રકળાના નમૂના ભારતીય ચિત્રકલાની સમૃદ્ધતામાં અને મહત્તામાં ગણનાપાત્ર ઉમેરો કરે છે. આમ તો શ્રી રાઠોડે કચ્છ તેરા જાગીરનાં ભીંતચિત્રો પ્રથમવાર સને ૧૯૫૪ માં જોયા ત્યારે જનાનખાનાના શયનખંડમાં રીપેરકામ ચાલતું હતું. ત્યારે કારીગર નિમિત્તે ત્યાં પ્રવેશ પામવાની એમણે સવલત મેળવી. તે જ વખતે આ હૃદયંગમ ચિત્રાવલીની મહત્તા એમણે અંતરમાં ધરબી હતી. ત્યારબાદ ૧૯૭૧માં જાગીરદારની પરવાનગી અને સહકારથી કલાકાર મિત્ર શ્રી ખોડીદાસભાઈ પરમારની સાથમાં કચ્છી કમાંગરી કલમની આ વિશિષ્ટ ચિત્રશૈલીનો વિષદ્ અભ્યાસ પણ કર્યો.

તેરાના શયનખંડમાં સળંગ કંડારેલી ચિત્રાવલી ૨૧.૮ મીટર લાંબી અને ૮૭ સે.મી. પહોળી છે. ડુંગર સહિત તમામ ચિત્રાંકનો એકબીજાથી મુક્ત અને અધ્ધર વિહરતા દેખાય છે, જે તેની વિશિષ્ટતા છે. સ્થાનિક રીતે ઉપલબ્ધ એવા મટોડી અને ખનિજનાં વિવિધ ઉપજાવેલા રંગોથી એ ચીતરેલા છે. આ કામગીરીમાં પટ્ટીઓ સહિત નારી સ્વરૂપો, કેશગુંફન, ચહેરાનાં ઘાટ સ્પષ્ટપણે કચ્છી ઢબના છે. કચ્છનાં તહેવારોના દીપ્તિભર્યા રંગો પણ તેમાં ઉભરે છે. આ ચિત્રોની પ્રથા આકર્ષક છે તેટલી જ મનોરંજક અને તેને પ્રફુલ્લિત કરી દે તેવી છે. આ મ્યુઝિયમમાં જે કમાંગરી ચિત્રો છે તેમાં બીભત્સ રસ ક્યાંયે દર્શાવાયો નથી. યુદ્ધ પ્રદર્શન રાવણના કપાયેલ હાથ છે. પણ તેમાં ક્યાંયે લોહી દેખાડ્યું નથી. એના મુગટમાં ગધેડાનું માથું મૂકી રાવણને વિવેકહીન અંકિત કરી હાસ્યરસ પણ દર્શાવાયો છે. તેવી જ રીતે હિન્દુઓનાં લગ્ન પ્રસંગે ઘરનાં મુખ્ય પ્રવેશદ્વારની બંને બાજુએ હાથી અને સિંહ દોરવાની ખાસ પ્રથા હતી જે કમાંગરો દ્વારા બનાવવામાં આવતી હતી.

આ ચિત્રો મુખ્યત્વે દીવાનખંડમાં પણ ખાસ જોવા મળતાં. આ કમાંગરો ચિત્ર બનાવવાના રંગ કુદરતી પથ્થરોમાંથી મેળવી પથ્થરોને ખલમાં ઘૂંટીને પાવડર બનાવતા ને એ રંગોનો ઉપયોગ કરતાં.

હાલ કમાંગરોની કચ્છમાં નહિવત સંખ્યા છે અને કમાંગરી ચિત્રો પણ ઓછા બનાવે છે. ■

## કચ્છી કાવ્ય

# રેચાંણ

*હલ ભાઈબંધ, અજ રેચાણ કરીયૂં,*
*સુખ-દુખજી બ ગાલિયું કરીયૂં,*
*કચ્છડો પાંજો મિઠો મુલક,*
*વતાઈયા ઈનજી થોડી ઝલક.*
*રાજાશાહીજી હિ આય ગાલ*
*કેડા હોઆ તેંની કચ્છડેજા હાલ*
*પંજ કોરી જો રૂપિયો હો,*
*સોંઘારત જો જમાનૂ હો,*
*સસ્તાઈ તે ડિં બોરી હુઈ,*
*ચલણજી કિંમત ગચ વડી હુઈ,*
*ઢીંગલે - ઢબૂસે ખીસો ભરાય,*
*મુલકમેં કચ્છજો નાંણો વખણાય,*
*ત્રાંભિયો, ડોકડો, ઢીંગલો ને ઢબૂ,*
*પાયલે આધીયેજી, બોલમ-બોલ,*
*ચાંધીજી કોરી, ચાંધીજો પાંચીયો,*
*સજે મહિને, જો ઘર કર હલાય,*
*સોન ને ચાંધી સોંઘા હોઆ,*
*કાંસે ને ત્રાંભેજા, ઠામણાં હોઆ,*
*જુવારજી માની ને છાયજી તાંસરી,*
*ગરીભ-ગુરભે જો પેટ ભરાય,*
*નોકરશાહીજી કરીયાં ગાલ,*
*રૂભાભસે હલધો હો હવાલધાર,*
*ધ્રુ જો ગામ મેં ડંકો વજે,*
*ખેડુતાં ધ્રુ સેં ભારી ધિરજે,*
*પંધરે કોરીયેજો પગારદાર,*
*તાલુકે સજ્જેજો વહીવટદાર,*
*અઢઈ કોરીમેં રાશન પુરો,*
*સજે મહિને જે અચિંધો હો,*
*નિંઢે વરગજો નિંઢો માડૂ,*
*સોયલો પૂરો ને સુખી હો,*
*અઠ ઢિંગલે મેં મેડીબંધ મકાન,*
*અમલધાર કે મિલધોં હો,*
*નાંણેજી કિંમત બોરી હુઈ,*
*ફાલતુ ખર્ચેજો ના ન હો,*
*નિંઢે વરગજો ગરીબ ખેડૂ,*
*રાત ડીં મજુરી કરંધો હો,*
*ખેતરમેં ઉગેલ, અધોઅધ અનાજ,*
*રાજભોગ મેં ડઈ ડીંધો હો,*
*ખેડૂ જી હાલત હુઈ કંગાલ,*
*થિગડે વારી ઈજાર પેરધોં હો,*
*મિરીખાની ને માધરપાટ,*
*નિંઢે ખેડૂ જો પેરવેસ હો,*
*જાપાની બોસકી અધિયે ગજ,*
*હિ અમીર-ઉમરાવજો પેરવેસ હો,*
*બાજરે જો રોટલો, ડુંગરી જો ડડો,*
*ગરીભ-ગુરભેં જો ખોરાક હો,*
*વીજડી બતી સોંણે જેડી,*
*ચિમની-ફાનસ જો જમાનો હો,*
*નગરસભા જે ફાનસ નીચે,*
*નિશાડીઓ લેસન કરધો હો,*
*મોજશોખ જા કિં સાધન મિલે ના,*
*થારી વાજે જો જમાનો હો,*
*ટપાલ પુજાયલાય હલકારો ગામમેં,*
*પગે પગે ધોડું કઢીંધો હો,*
*રેલગાડી ક મોટરગાડીજી*
*ગાલ કયણી, હુઈ કમાલજી ગાલ,*
*હિકડે ગામ મંજા, બે ગામ પુજણો,*
*ઢગે - ગડેજો વેવાર હો,*
*હિકડે ગામથી બે ગામ પુજે મેં,*
*ડિ સજો નિકરી વેંધો હો,*
*રાત થીયે ને નાકાબંધી,*
*ધરવાજો બંધ થઈ વેંધો હો,*
*કચ્છ જે રાજા જો ખિતાભ કેડો,*
*મહારાજા ધિરાજ મીરઝામહારાવ શ્રી,*
*નોંધારે જા આધાર, ગૌ બ્રાહ્મણ પ્રતિપાલ,*
*સવાઈ બહાદુર, રાજરાજેશ્રી,*
*એડો વડો ખિતાભ લગધો હો,*
*સપ ભજીવ્યા, લીસોટા રઈવ્યા,*
*આવઈ આઝાદી, કચ્છી સુખી થ્યા,*
*રાજાશાહી જા થોડા હિ હાલ,*
*“અલ્પ” જી કલમશે લખ્યા અઈન યાર,*
*આશાપુરા ખેર કરે, ડુઆ કરીયાં મનસેં,*
*ધુનિયામેં કચ્છડે જો, થિયે જય જયકાર.*

*મુકુંદ મહેતા ‘અલ્પ’ - આદિપુર, કચ્છ*

કચ્છી સાહિત્ય

# ગ્રામ્યમાતાના વાત્સલ્યનું ઉપનિષદ

• કેશુભાઈ દેસાઈ •

લેખક થવા માટે શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલ હોવું ફરજિયાત નથી. ઉત્તમ સર્જકો શિક્ષણેતર સમુદાયોમાંથી પણ મળતા રહ્યા છે. પન્નાલાલ પટેલનું ઉદાહરણ આપણી નજર સામે છે. વાર્તાક્ષેત્રે અવિસ્મરણીય પ્રદાન કરનારા કચ્છી માડુ ડૉ. જયંત ખત્રીથી લઈ આ લખનાર સુધીના દાખલા ટાંકી શકાય. વળી લેખક બહુશ્રુત જ હોય તે પણ જરૂરી નથી. એની સંવેદનશીલતા જ સૌથી મોટી અસ્ક્યામત ગણાય. હિંમતનગરમાં વસી જઈ અનેકવિધ વેપારધંધા સાથે સંકળાયેલા કચ્છી પાટીદાર હંસરાજ સાંખલા પાસે મોટા ગજાના સર્જકની સંવેદનશીલતા છે. તેઓ સાહિત્યની દુનિયામાં શરમાળ નવોઢાની જેમ ડોકિયું કરી રહ્યા છે ત્યારે એમની આ પહેલી જ નવલકથા ગુજરાતી સાહિત્યમાં ભાષાશૈલી અને લોકબોલીના સફળ વિનિયોગ જેવા મુદ્દે જુદી જ ભાત ઊપસાવે છે. હંસરાજ સાંખલા વેપારી કરતાં વધારે ધરતીખેડુ જ લાગે. પરિવારને ખભે ઊંચકી આર્થિક સધ્ધરતાનાં શિખરો પર પહોંચાડનારા આ અદના માનવી પાસે જીવન જીવવાની આગવી ફિલસૂફી છે. એમણે નામશેષ બની ગયેલી સંયુક્ત પરિવાર જીવન પદ્ધતિનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડીને ભારતીય સંસ્કૃતિનો એકવીસમી સદીમાં પણ મહિમા વધાર્યો છે.

પ્રસ્તુત નવલકથાનું કથાબીજ લેખકને પોતાના જ સમાજમાં બની ગયેલી સત્યઘટનામાંથી સાંપડ્યું છે. બે-એક વરસ અગાઉ એમણે 'ઓગન' શિર્ષક હેઠળ કેટલાંક સંસ્મરણો પ્રકાશિત કર્યાં ત્યારે એમણે આ કથાબીજ એમના મનમાં રમતું હોવાની વાત કરી હતી. મેં એમને જેવી આવડે એવી તળપદી ભાષામાં એ કથા લખી નાખીને બતાવવા કહ્યું હતું. એમણે એ કથાનકને શરૂઆતમાં ટૂંકી વાર્તાના સ્વરૂપમાં ઢાળવા પ્રયાસ કર્યો, પરંતુ મને એમાં વિશિષ્ટ જાનપદી નવલકથાની સંભાવના વરતાતાં મેં એ જ 'વાર્તા' ને 'નવલકથા' સ્વરૂપે વિકસાવવાનું સૂચન કર્યું. હંસરાજભાઈ માટે નવલકથા એ મોટી હરણફાળ હતી. પરંતુ મને પેલા જાંબવંતની જેમ આ હનુમાનની અંતર્નિહિત ક્ષમતાનો તાગ મળી ગયો હતો. એમના પ્રેરણામૂર્તિ પૂ. ડૉ. ગૌરાંગશરણ દેવાચાર્યે પણ મારી વાતમાં સૂર પુરાવ્યો એથી એ પ્રોત્સાહિત થયા. શરમાળ પ્રકૃતિના હોઈ એક એક શબ્દ વિચારી વિચારીને લખવા લાગ્યા. એમણે જે પાત્રોને નજરોનજર જોયાં હતાં, એમને એ જ સ્વરૂપે ચીતરવામાં ઝાઝી તકલીફ ન પડી. તળપદની કચ્છી પાટીદારોની બોલીમાં જ આખી કૃતિ સંઘેડાઉતાર રચાતી ચાલી. ત્યાં સુધી કે લેખક તરીકે પોતે જે વર્ણન-વિવરણ કરવાનું આવ્યું એમાં પણ કચ્છી પાટીદાર લોકબોલીનું જ વ્યાકરણ ખપમાં લીધું. આથી તો કૃતિ ઊલટાની વધુ સંતર્પક બની. શુદ્ધ ગુજરાતી વાંચવા ટેવાયેલા શિષ્ટ વાચકોને એક નવી, તળ ધરતીની સોડમ ધરાવતી વાનગી ઉપલબ્ધ થઈ. અત્યાર સુધી આવા સભાન પ્રયોગોમાં સાબરકાંઠાના જ વતની અને મુંબઈમાં સ્થાયી થયેલા નાટ્યવિદ્ સર્જક અમૃત બારોટે દિવંગત પત્નીની સ્મૃતિમાં લખેલી અદ્ભુત નવલકથા 'વડમામી' નું ઉદાહરણ સ્મૃતિવગું છે. અમૃત બારોટ તો નીવડેલા કળાકર્મી છે. હંસરાજ સાંખલા પાસે એવો નહોતો કોઈ અનુભવ કે નહોતું એમને માર્ગદર્શન આપે એવું કોઈ કળાક્ષેત્રી વ્યક્તિત્વ. એમણે જે કંઈ કર્યું તે જાતે જ કર્યું છે. એ બધું સાવ સ્વાભાવિક ઘટનાની જેમ ઘટી ગયું છે. જગતની યાદગાર પ્રશિષ્ટ કૃતિઓ આવી સહજ ઘટના સ્વરૂપે જ મળી છે.

હંસરાજ સાંખલાની આ કૃતિ જીવનનું તાદશ નિરૂપણ કરતી દસ્તાવેજી કૃતિ છે. ગુજરાતીની જાનપદી નવલકથાઓમાં એના અવતરણથી એક નવું મોરપિચ્છ ઉમેરાયું છે. એમાં કચ્છી કડવા પાટીદાર સમાજનાં સુખદુઃખ, હરખશોક અને રૂઢ પરંપરાઓ વચ્ચે પીસાતાં નરનારીનું હૃદયંગમ બલકે હૃદયદ્રાવક ચિત્ર મળે છે. અત્યાર સુધી આપણા સાહિત્યમાં સાવ જ અજાણ્યાં રહેલાં આ વિશિષ્ટ ધરતીનાં છોરુંને હંસરાજ સાંખલાએ પ્રકૃતિદત્ત પ્રતિભાના બળે કલમબદ્ધ કરીને એક નવા જ પ્રદેશ અને પરિવેશને રમતો મૂક્યો છે. પ્રમાણમાં નાનું છતાં અતિશય મૂલ્યવાન એવું આ પ્રદાન ગુજરાતી સાહિત્યમાં યાદગાર ઉમેરણ લેખાશે.

લેખકે રતન નામની એક ઝુઝારુ કચ્છી પાટીદાર મહિલાના જીવતર અને જણતરની કથા આલેખી છે. શરૂઆત રતનની જેની સાથે સગાઈ થયેલી એ મુરતિયાના અકાળે થયેલ મરણની ઘટનાથી થાય છે. રતન માંડ પંદરેક વરસની છે. ખાધેપીધે સુખી કુટુંબમાં સંબંધ કર્યો પણ કુદરતને મંજૂર નહોતો. એ આઘાતમાંથી ઊગરવા મથતા વડીલો માટે હવે દીકરી માટે સારું ઘર અને વર ગોતવાનું કામ અઘરું બની ગયું, કારણ કે એ જમાનામાં મોટા ભાગનાં છોકરાંના સંબંધ નાનપણમાં જ - લેખકની ભાષામાં 'ઘોડિયામાં હૂતાં હોય ને થઈ જતા.' છ મહિનાની શોધખોળ પછી પણ મેળ ન બેઠો એટલે રતનના કાકા વિચારે છે : આપણા સમાજની ઘણીબધી દીકરીયું ગુજરાતમાં ઊંઝા બાજુ દીધીયું હે. તો જો સારું સુખી ઘર ને છોકરો ભરાભર હોય તો શું વાંધો?

કચ્છી પાટીદાર સમાજ આજીવિકાની શોધમાં વહાલું વતન છોડી દૂર-દૂર જ્યાં

સરખાં વરસાદપાણી હોય એવા 'ગુજરાત' ના અંતરિયાળ વિસ્તારોમાં ફેલાયો છે. પરંતુ કચ્છી પાટીદાર એની દીકરીને બને ત્યાં સુધી કચ્છ બહાર આપવાનું પસંદ નથી કરતો. રતનને ઊંઝા તરફ આપવાની એના કાકાની દરખાસ્તનો ગામના ડાહ્યા વડીલો વિરોધ કરે છે : 'આવું વિચારાતું હશે નારણ? જો રતનની જગ્યાએ તારી દીકરી હોય તો તું ગુજરાત દે?'

આમ શરૂથી જ પ્રાદેશિક અસ્મિતાની ધજા ફરકાવતી કથા સહજ ગતિએ આગળ વધે છે. એક દિવસ ઓચિંતી જ રતનના માસા બાપાની ટપાલ આવે છે. લેખકનું વર્ણન જુઓ :

કાકાએ સાંજે કંડેલના લાલ અજવાસમાં જીવામાને અને બધાંને વાંચી સંભળાવી. છોકરાની વાત હતી એટલે રતનના કાન ચોસા (સાવધાન) થયા. એ ઓસરીના પેલે છેડે મજૂસ પાસે બેઠી હતી. છતાં કનોરો (સાંભળવા માટે ધ્યાન) દઈને સાંભળવા લાગી.

'માસીને માલમ થાય કે છોકરાવાળાનું ઘર ઊભું હે પણ છોકરો ભરાભર હે. છોકરાનાં માબાપ નેનકડેથી ગુજરી ગ્યાં હે. છોકરો એના મોટા બાપા ને મોટી મા કને મોટો થ્યો હે. એની વાડી નથી પણ ખેતર-બેતર હશે. જો તમને જચે તો આપડી બાઈ દુઃખી નીં થાય. છોકરો કલકત્તે એના ફુઆ કને કામ શીખેર્યો. ફુઓ એને ઠેવરો કરી દેનારા હે, એવી વાત હે-ને પાંચ ચોપડી જેવું ભણેલો હે.'

રતને તરત જલારામબાપાને મનોમન પ્રાર્થના કરી. 'હે જલાબાપા, ગમે તેમ કરીને આ ગોઠવાઈ જાય એવું કરજો. નૈ તો મને ગુજરાતનાં ઝાડવાં જોવાં પડશે.'

જલારામબાપાએ રતનની પ્રાર્થના સાંભળી હોય એમ કચ્છમાં રહેતાં છોકરાની મોટીમાને હથવારા હાથે રતનના કાકાએ હોપારી મોકલી દીધી. સગપણ નક્કી થઈ ગયું ને વરહાળે (ચોમાસે) બારેથી બધા આવશે તૈયેં ગોળટીલું (ચાંદલો) કરીશું.

આ જ ધારામાં આખી વારતા વહેતી રહે છે, ક્યાંય ખોડંગાયા વગર. આ સહજ ધારાપ્રવાહ એની અસલી લોકબોલીને લીધે સમસ્ત પરિવેશને આબેહૂબ પ્રત્યક્ષ કરે છે એટલું જ નહીં - એમાં કચ્છી પાટીદાર સમાજનો અને એનાં રતનથી લઈ એના માથે પડેલા પતિ મણિલાલ કે રતનની સગી તથા ઓરમાન દીકરી જ્યોતિ તથા જ્યોતિકાનો બલકે મરઘાંમા અને નાનબાઈ જેવાં ગૌણ પાત્રોનો પણ અસલી મિજાજ પ્રગટતો રહે છે.

લેખકે આ નવલકથા લખતી વખતે અને પ્રૂફ લેવલે મને સતત પૂછ્યા કર્યું છે : આમાં મેં તો અમારી પટેલોની ભાષા જ વાપરી છે. એને શિષ્ટ સાહિત્યવાળા સ્વીકારશે ખરા? મેં એમને એ જ ભાષા જાળવી રાખવા પ્રોત્સાહિત કર્યા, જેથી કચ્છની ધરતીની કેસર કેરી જેવી સોડમ અળપાય નહીં. નવલકથાના બીજા જ પ્રકરણનું શીર્ષક છે : 'સખીઓ સાથે લગ્ન પહેલાંની ર્યાણ' આ 'ર્યાણ' શબ્દ સ્વાભાવિક રીતે જ ગુજરાતી વાચક માટે અપિરિચત લાગે. પણ લેખક કૌંસમાં એનો પર્યાય મૂકીને વાચકની મુશ્કેલી હળવી કરી દે છે. ર્યાણ (ગોઠડી). આમ લગભગ સરેરાશ વાચક માટે કથાની ભાષા થોડા પ્રયત્ને જ સમજાઈ જાય એવો ઉપક્રમ રચાયો છે. - એ સમય અને સમાજની અભણ દીકરીઓનાં સગપણ તો ખૂબ કાચી વયે થઈ જતાં પણ પછી મુગ્ધવયની બાળાઓ વચ્ચે ક્યારેય નહીં જોયેલા 'માંટુડા' વિશે રમણીય વાર્તાલાપ થયા કરતો. લેખકની જીવંત રજૂઆતનો નમૂનો જુઓ :

એના જેવી જ ઘણી ઓળખીતી છોરીયું કને પૂછા કરી પણ પાંચમાંથી એકનો પણ માંટુડો બારેથી આવ્યો જ ન'તો. તો પછી મેળામાં ક્યાંથી મળે? ત્યાં રતનની ફઈજીની દીકરી હેંજાબાઈ મળી. એણે કહ્યું, 'અમારા મણોભાઈ તાં આઠમથી બે-ત્રણ દી વેલા આવશે. વેલા આવે તો કાળા થૈ જાય, એટલા હારુ. ન કાં મારી ધોળી ભોજાઈનાં પાંહામાં (બાજુમાં) શોભશેય નહીં.' કહી એણે રતનના ગાલે ચૂંટણી ભરી. એ જતી રહી.

★

"વાતુડી, કાંક બોલ તાં ખરી. આમ તો વાતુંમાં વારોય ન દે ને જમાઈની (માટુંડાની) વાત આવે તૈયેં જેણે (જાણે) તેલમાં માખ પડી. "XXX' તેં ભલેને જમાઈ ન જોયા હોય. મેં જોયા હે. શેકાવી શેકાવીનેય તને લોટરી લગાડી હે તારા જલાબાપાએ."

'તોય તમારા જેવાં વાડીવાળાં થોડાં હે. હે તો મજૂરિયાં જ ને?' સોહાગરાતનું સંયત વર્ણન જુઓ :

મણિલાલે વાતની શરૂઆત કરી. શરૂમાં રતન માથાના ઈશારાથી હા-ના કહેતી હતી. પછી ટૂંકા જવાબથી કામ ચાલ્યું ને પછી તો બીક અને શરમ મટતી ગઈ. અજાણ્યા તોય મણિલાલ એનું પોતાનું માહણ હતું ને?

★

હું તો શરમાઉં પણ ભાઈમણ થઈને ઈ શરમાય ઈ કેવું? હું થોડું હામેથી કહું. XXX સાંજ વહેલી પડી જતી. તેથી રાત પણ ધજ મોટી થતી'તી. છતાંય દરરોજ દી આથમે રતનને થતું : રોજ પછાડના સૂરજદાદો પોતાની હલંગ ધીમે કાં કરી નાખેર્યો? એને સાંજનો સૂરજ ઉતાવળ વગરનો, ટાઢાં ઠીબડાં જેવો લાગતો. એ ઘડી ઘડી સૂરજ સામે જોતી ને થતું - ક્યારે સાંજ પડે ને અંધારું થાય ને અમે મલીયે ને...

લેખક સૂક્ષ્મ સંવેદનશીલતા અને તીક્ષ્ણ નિરીક્ષણ ક્ષમતાનો પાને પાને પરચો આપતા રહે છે. સમાજસુધારક તરીકે પણ હંસરાજ સાંખલાની મૂઠી ઊંચેરી પ્રતિષ્ઠા છે. હકીકતમાં એમનું પ્રારંભિક લેખન તો સમાજની પ્રસ્થાપિત કુરૂઢિઓ વિરુદ્ધ ઊંડી સમજદારી સાથેના વિદ્રોહની જ સીધી-સપાટ રજૂઆત હતી. એ પહેલી વાર મળ્યા હિંમતનગરની ભાગોળે શબ્દપૂઠ સ્થાપીને બેઠેલા ગૌરાંગશરણ દેવાચાર્યની નિશ્રામાં. એ વખતે સમાજસુધારા વિશેનાં લખાણોની વાત કરેલી ત્યારે મેં એમને સંસ્મરણાત્મક નિબંધો લખવાનું સૂચન કરેલું. 'કુલટા' શિર્ષક હેઠળ

હંસરાજભાઈએ લખેલી આ વાર્તાની મૂળ સ્ક્રીપ્ટ હજી મારી પાસે સચવાયેલી છે. એને મઠારીને નવલકથા સ્વરૂપમાં ઢાળવાનો એમનો પુરુષાર્થ ખરે જ પ્રશંસનીય છે.

રતનને નાનબાઈ ‘સરખી’ લાજ કાઢવાની સલાહ આપે છે.

‘થોડી હરખી લાજ કાઢતી હો તો?’

‘કોની?’

‘મારા બનેવીની.’

ધણીની તે વળી લાજ કેવી? પણ ગામડામાં તો કાઢવી પડે. નાનબાઈ કહે છે : ‘રાતનું તને જેમ કરવું હોય એમ કરજે ને, આગળિયો દૈને. પછી કોઈ આડું નીં આવે. બાકી દીનું માહણ વાતું કરે એવું ન કરતી. આ ગામડું હે. નખત્રાણા જેવું શહેર થોડું હે.’

લેખક સમાજસુધારાના પ્રખર હિમાયતી હોઈ લાજ વિશે વિસ્તારથી વિવેચન કરે છે : ‘ડોસીયું કેતીયું - બેલોડિયાંના બે ભાઈ હોય તોય નાનાની વહુને મોટાની લાજ કાઢવી પડે. શાસ્તર એમ કેર્યા.’

રતન મણિલાલને કલકત્તા જવા દેવા નથી માગતી. ‘બારે નૈં જાઉં તો આપે ખાશું શું?’ એવા સવાલના જવાબમાં રતન કહે છે : ઈયાં જ કામ કરોને. તમે ક્યાંક વરહોંદી ભરજો ને હું છૂટક મજૂરીએ જઈશ. હોખદોખમાં ચાર આંખું ભેળિયું તો ખરીયું.

ફુઆ મણિલાલનું રીતસર શોષણ જ કરે છે એ સમજી ગયેલી રતન વહેવારુ દલીલ કરે છે : બીજે કામ કરત તો ફુઓ દેર્યા એના કરતાં પગાર તાં વધારે મળત. ફુઆ કરતાં ડબલ પગાર દેવાનું ઓલ્યા વીરજી પટેલવાળા તમને નો’ના કે’તા?’

પરંતુ મણિલાલ શરમાળ માણસ છે. એને ફુઆને છોડીને બીજે કામ કરતાં અપરાધબોધ લાગે છે. જો કે આખરે રતનની શંકા સાચી પડે છે.

રતનને ઘરસંસાર કેવો મીઠો લાગે છે એનું લેખક એક જ લસરકે હૃદયસોંસરવું ચિત્ર ખેંચે છે. મણિલાલ ‘સાતમ’ કરવા નહીં આવે એવી મજાકને ગંભીરતાથી લઈ એ નાનબાઈ આગળ રાવ નાખે છે :

‘બાઈ, આ વળી કેવું - ઈ હાતમ કરવાય ના આવે! આ આપડો અવતાર કેવો?’

‘કાં એમ કો’રી?’

‘તો શું કૌં? એમ તાં મારા બાપને ઘરે હું શું ખોટી હતી? મારા બાપને ઘેર ખાવાનું તો ઘણુંય હતું. તોય મને પૌણાવી કાં?’

આવા માર્મિક સંવાદો અને હૃદયસ્પર્શી પ્રસંગોની હારમાળા આખી નવલકથામાં ગૂંથાતી ચાલે છે. વાચકને એ નજર સામે ભજવાઈ રહ્યા હોય એવું મહેસૂસ ન થાય તો જ નવાઈ. લેખક પાસે આ કથા હૃદયવગી છે. જે સગી નજરે જોયું છે ને સરવા કાને સાંભળ્યું છે - એ જ એમણે નિખાલસતાપૂર્વક કાગળ પર ઉતાર્યું છે. તેથી રતન અને મણિલાલની સંસારકથા આટલી ટકોરાબંધ બની આવી છે. ગોવર્ધનરામની ગુણસુંદરી જેવી જ રતન ઘરરખ્ખુ ગૃહિણી છે. ગોવર્ધનરામની ગૃહિણી ભદ્ર વર્ગના વૈભવ વચ્ચે ઘરસંસારની ખાટીમીઠી માણે છે. હંસરાજ સાંખલાની રતન માટે એના અભાવો જ વૈભવ બની રહે છે. માંદા ધણીની સારવાર માટે એ કેવાં કેવાં જોખમો ખેડે છે! પોતે ગ્રામીણ પરંપરાનો પુરસ્કાર કરનારી અભણ સ્ત્રી. મણિલાલને ટીબી હોય તો દવા કર્યા છતાં મટ્યો કેમ નહીં? એને લાગે છે કે ‘જરૂર તમને કાંઈ આડીઅવળી હશે ને કાં કોક તમારા ભેગું કામ કરતું હશે એણે વેર વાળવા કાંક કાળું-ધોળું કર્યું હશે.’

અને પછી મણિલાલની નાઉપરવટ જઈ એ ભૂવાજતિના ચક્કરમાં પડી જાય છે. ગામડિયાં અબુધ લોકને આ અષ્ટઘંટ ભૂવા-ભોપા કેવા કેવા નુસખા બતાવે છે, કઈ હદે બીવડાવી મૂકી એમનાં ખીસાં કાતરી લે છે - એનું ચોટદાર ચિત્રણ કાળજું કંપાવી દે છે. ખાટલે પડેલા મણિલાલને વહેલામાં વહેલી તકે બેઠો કરવાની નેમ સાથે ઝઝૂમતી ગ્રામ્યામાં પતિવ્રતા ભારતીય નારીની ઝલક વરતાય છે. પૈસેટકે ઘસાઈ ગયેલ હોઈ વળતી સાતમે ગામડે આવેલ કમાઉ નાતીલા એને મદદરૂપ થવા ઉત્સુક છે. મણિલાલે તો એમની મદદ કદાચ મૂંગે મોંએ સ્વીકારી લીધી હોત પણ સ્વમાની રતનને શરમ આવે છે : ‘બાપા, અમે થોડી મજૂરી વધારે કરશું પણ ધર્માદાનું નીં ખાઈએ.’ આખરે મરઘામાં એને સમજાવે છે : ‘લઈ લ્યો વઉ. સમાજ માબાપ કે’વાય. સગવડ થયે પાછા આપવાની સરતે એ પૈસા સ્વીકારે છે. આવી ટેકીલી રતન ધણીને ટીબી જેવી જીવલેણ બીમારીમાંથી સાજો કરવા ઊંચા જીવે ‘રોજ સવારે ત્રણ ગાઉ ચાલીને જોગમૈયાનાં દર્શન કરવા જતી ને એ બહાને એક ડબરિયામાં કપડામાં વીંટાળી તાજું ઈંડું લઈ આવતી.’ ગામલોક એને સતી સાવિત્રી ગણવા લાગે છે. શુદ્ધ શાકાહારી અને જીવ હિંસામાં નહીં માનનારી રતન એના બીમાર ધણી ખાતર કંઈ પણ કરવા તૈયાર છે. મણિલાલ સાજો થઈ કલકત્તા કમાવા પાછો ફરે છે. ફુઓ એનું શોષણ કરે છે તે વાતની પ્રતીતિ થતાં એ ઝઘડો કરીને જુદો પડે છે. દરમિયાન એને ચોથી

**Corporate Office :**
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com • www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવાણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

**HD FIRE PROTECT PVT. LTD.**
Protecting What Matters Most to You

દીકરી અવતર્યાના સમાચાર મળતાં એ સાવ જ નાસીપાસ થઈ જાય છે. ફુઆના જ બંગાળી મિત્ર શાહા શેઠની સો મિલમાં કટર તરીકે જોડાયો હોઈ સંસ્કારનું આવરણ હટી જાય છે. એ દારૂની લતે ચડે છે અને પરસ્ત્રીગમનની તક મળતાં ચાર દીકરીઓની મા એવી પતિવ્રતા પત્નીને ભૂલી જાય છે. બિચારી રતન હાથમજૂરી કરીને એનું અને બાળકોનું માંડ ભરણપોષણ કરે છે.

લેખક એમની તળપદી બાનીમાં બદલાયેલા મણિલાલનું સ્વરૂપ વર્ણવતાં લખે છે :

મણિલાલ ઉપર નાનપણમાં એના બાપનું દબાણ ન'તું. તે મરઘામાંના વધુ પડતા ચાગથી એ થોડો ફેરચાકલ થઈ ગયો હતો. એનું ફેરચાકલપણું ફુઆ પાસે કંટ્રોલમાં હતું પણ હવે ફુઆનું દબાણ ઘટતાં એ ફરીથી છૂટ થઈ ગયો. તેથી ફરી પાછો એ ફેરચાકલ થતો ગયો.

શિષ્ટ ગુજરાતી વાચક માટે અઘરા પડે એવા શબ્દો, પરંતુ કચ્છી પાટીદાર સમાજની વાસ્તવિક છબી એની નરવાઈ-ગરવાઈ સાથે એક જ લસરકામાં કેવી ઊપસી આવે છે! ભાષાની જે અંતર્નિહિત તાકાત છે એ લોકબોલીમાં જ સચવાયેલી છે. હંસરાજ સાંખલાએ અજાણતાં જ આ જગતસત્ય પાને પાને પ્રગટાવી ગુજરાતી ભાષાના આ ખૂણે કણસતા શબ્દભંડોળને સર્વસુલભ કરાવી આપણને ન્યાલ કરી દીધા છે. લોકબોલી સાથે પરંપરાગત લોકમાન્યતાઓનો પણ અહીં અંબાર ખડકાયો છે. એક જ ઉદાહરણ પૂરતું થઈ રહેશે. ફુઆને ત્યાં કામ કરતો મણિલાલની બીજી ફુઈનો દીકરો કાંતિ એને મળવા આવે છે અને કહે છે :

"ભાઈ, મને અષાઢી બીજ કચ્છમાં કરવાનો વિચાર હે. હુરધન બાપાના ડોભ (ઉત્સવ) માથે પોંચી જવું હે."

મણિલાલ કચ્છ જવાની આનાકાની કરે છે ત્યારે કાંતિ સમસમી ઊઠે છે :

'હાલતું હશે? બાર મહિનામાં એક વાર તો જવું જ ખપે! મારી ભાભી ત્યાં વાટ જોઈ બેઠાં હે મણાભાઈ, ત્યાં આંગણાના લીમડા માથે કાગડો બોલે કે તરત તમને બારે જોવા નીકળેર્યા.'

આ સહજ ભાષા, એના તળપદની આગવી છટા સાથે આપણને પહેલી જ વાર કચ્છથી દૂર વસીને સતત કચ્છીયતની મૂક આરાધના કરતા રહેતા એક અદના 'સૉ-મિલધારક' પાટીદાર પાસેથી સાંપડે છે. મહદંશે સત્યઘટનામાં કલ્પનાનું આછુંપાતળું રસાયણ ઉમેરી લખાયેલી કથાનાં નાયક અને નાયિકા બેઉ પ્રત્યે અપાર અનુકંપા અનુભવતો વાચક બેઉની ભૂલોને માનવસહજ અને નિયતિ નિર્મિત સ્ખલન સમજી ઉદારતાપૂર્વક ક્ષમ્ય જ ગણશે. બલકે એમની એ ભૂલોને કારણે સ્તો આખી કથા આટલી સંતર્પક બની છે. સૌંદર્યશાસ્ત્રીઓએ જેનો મહિમા ગાયો છે અને ભવભૂતિએ જેને રસરાજ ગણી ઉપાસ્યો છે તે 'કરુણ' કોઈ પણ પ્રકારની ચતુરાઈ કે વેવલાઈ વગર અહીં સ્વાભાવિક રીતે આલેખાયો છે. કલકત્તામાં કટર તરીકેની નોકરી દરમિયાન મણિલાલ સુભાષ અને મંજુ જેવાં નવાં પાત્રોના પરિચયમાં આવે છે. ચાર-ચાર છોકરીઓનો બાપ મણિલાલ મંજુની માતૃત્વભૂખ ભાંગવા એની સાથે યૌન સંબંધો સ્થાપી બેસે છે. દારૂની લતે ચડેલા સુભાષને એનો અણસાર પણ ન આવે એમ એના જ ઘરમાં મણિલાલનો નવો ઘરસંસાર શરૂ થઈ જાય છે. મણિલાલ પતિવ્રતા પત્ની અને વ્યભિચારિણી મંજુ વચ્ચે એવા સંજોગોમાં મુકાયેલા કોઈ પણ પુરુષની જેમ કેવી સમાધાનકારી શરખામણી કરે છે!

'...આમ તો બધી બાઈમણુયે એમ જ વર્ત્યું ખપે. ન કો તો એવું હતું - આયો માલ નાખો વખારમાં. ને એની હામે ઈયાં મંજુ ભેગી કેવી મજા આવેરી? થાપર્યું જિંદગી ઈયાંજ કાઢી નાખું. ઉતાં કાંય બાઈમણ કેવાય? રતનની થોડી વધી ગયેલી કોથ (પેટ), લચી પડેલાં પયોધર. જ્યારે મંજુ તો નછોરી સ્ત્રી હતી. તેની પાતળી કમર, ચુસ્ત સ્તન. તેની આકર્ષક ફિગર. સાથે દારૂના સંગને લઈને મણિલાલ મંજુની પાછળ ગાંડો થવા લાગ્યો. અને મંજુ મણિલાલની પાછળ.'

ત્યાં મણિલાલ જલસા કરે છે અને અહીં રતનના જીવને પૂછ્યે ખબર છે કે કેટલી વીસુંએ સો થાય છે! એક સાંધતાં તેર તૂટે તેવી સ્થિતિમાં રતનને કાકા પાસેથી છૂપી મદદ મેળવવામાં કે નાનબાઈ પાસેથી અનાજ સ્વીકારવામાં ભારે અપરાધબોધ મહેસૂસ થાય છે. એનો ધણી આઠ મહિનાથી પાઈ પણ મોકલતો નથી. આવા કપરા સંજોગોમાં આ ચાર છોકરીઓની મા 'છોરીયુંને આછીપાતળી રાબ પાવા હારુ વ્હેલી હવારના અંધારામાં દર્શન કરવાના બહાને મંદિરે ગૈ ને કોય ન દેખે એમ મંદિરના ઓટેથી માહણે પંખી હારુ નાખેલા ચણ' વાળીને લઈ આવે છે. કેવી કરુણતા! પરંતુ કરુણતાની પરાકાષ્ઠા તો પેટનાં જણ્યાં ખાતર એ દુકાનદાર જગાને વશ થાય છે તે પ્રસંગમાં વરતાય છે : જગો મને પૂછવા મંડ્યો : તમને હાચાહાચ મજા નથી આવતી ભાભી?

'જગાભાઈ, મજાની વાત ક્યાં કરોર્યા? આ તો મારી મજબુરી હે એટલે આવી હોં...તમને ખબર નથી-મારી દીકરીયુંને બે દી થ્યા હું પેટપૂરતો લૂખો રોટલોય નથી દઈ હકી. એના પેટની ભૂખ મટાડવા હારુ આવી હઉં. મારી જ્યોતિને કામે ન લગાડવી પડે ને એ આગળ ભણી હકે એના હારુ આવી હઉં. હવે તમે તક્કડ (ઝટ) કરો.'

જગો કહે છે : ઉવાં મારો ભાઈ તાં બંગાળી બાઈમણ ભેગો રોજ મજા કરેર્યો પછી તમને મજા કરવામાં શું વાંધો?... આયાં તૈયે તક્કડ (ઉતાવળ) કાં કરોર્યા ભાભી?

રતનનો જવાબ સાંભળીને પથ્થરદિલ માનવીની આંખ પણ આંસુ ખેરવશે

'જગાભાઈ, તમે ભૂલોર્યા. આ તમારી રતનભાભી નથી આવી. ભૂખી દીકરીયુંનું પેટ ભરવા એક લાચાર મા આવી હે. તમને ખબર નથી પણ આજ મારા ઘરમાં ધાનનો એક પણ દાણો ન'તો એનો રસ્તો કાઢવા આવી હૌં.'

પોતાની વિશ્વાસુ બહેનપણી નાનબાઈ આગળ એ પોતાના સ્ખલનની નિખાલસ કબૂલાત કરે છે :

બાઈ, હું ખરેખર એનો રસ્તો કાઢવા જ ગી'તી. મારી છોરીયું ને આખો દી છાય જેવી આછી રાબ પીતાં હું ન જોઈ હકી, એટલે આ પગલું ભરવા હું લાચાર થૈ ગી. XXX હું હારી ગી બાઈ, હું નેઠ હારી ગી. તને આ વાત કીયા મોઢે કૌં? મને શરમ થતી'તી.

પોતાને પેટ પેલા દુકાનવાળાનું બીજ પાંગરી રહ્યું છે. પોતે પાપ કર્યું છે પણ પેટનાં જણ્યાંના પેટ ખાતર કર્યું છે. ઝેર ઘોળીને મરવાનું મન થાય છે પણ પાછળ એની ચાર-ચાર દીકરીઓનું કોણ? નાનબાઈ એને આશ્વાસન આપે છે. મણિલાલને પણ સમજાવી દે છે. લટકામાં ચાર બહેનો પાછળ ભઈલો જન્મે છે, પરંતુ એને કોઈ મણિલાલનો દીકરો ગણવા તૈયાર નથી. દરેક પરિવારમાં ક્યાંક ને ક્યાંક મંથરા હોય જ છે. 'મરઘાંમાની નાની વહુ લીલા આગલ્યા જનમની વેરી થઈ. બહારવટે ચડી ગઈ.' લેખકે ઢાંકપિછોડો કરવા માગતાં શાણાં સ્વજનોને એક જ સ્ત્રીની અદેખાઈને કારણે પારોઠનાં પગલાં ભરતાં બતાવ્યાં છે. સમાજમાં આવું બનતું રહ્યું છે. રતનની દુખતી રગ લીલા જાણે છે અને એનો છડેચોક પ્રચાર કરીને એના છૂટાછેડા કરાવીને જંપે છે. મરઘાંમા જેવું ગૌણ પાત્ર એના ઠાવકા શાણપણથી કેવું ઝળકી ઊઠે છે! એ દુખિયારી રતનવહુને ચોવટિયાઓના સકંજામાંથી બચાવવા જે દલીલો કરે છે તે કચ્છી પટલાણીની પરિપક્વ સમજણની પરાકાષ્ઠા દર્શાવે છે. એ ધરાર સંભળાવી દે છે : હું બાઈમણ હૌં. બાઈમણની આવી વાતની પીડા બાઈમણ જ હમજી હકે. ઈ તમને શું ખબર પડે ચોવટિયાઓને. એનાથી કોંક કારણસર કદાચ ભૂલ થઈ હશે તો આપણે પણ બધાં માહણ હૈયે. આપડામાંથી કેટલાંયની ગાંડું ગુવાળીયું હે ઈ તાં કાં પોતે ને કાં ભગવાન જાણે.

આટલી કડક રજૂઆત છતાં જ્ઞાતિનું પંચ રતનને માફ કરવા તૈયાર નથી. મણિલાલ શરૂમાં ઉદાર વલણ દાખવતો લાગેલો પણ ઘરને નાતબહાર મૂકવાની વાત સાંભળી એનાય હાંજા ગગડી ગયા. ન્યાય પણ કેવો! વહુ એના પિયરિયાંને સોંપાઈ ગઈ અને ધાવણા બાળક સહિત ચારે દીકરીઓ સાસરીમાં મૂકી, માથે કાળી ટીલી સાથે રતનને એનો ઘરસંસાર છોડવો પડ્યો. એક માતાની વેદના લેખકે કેટલી વશેકાઈથી વ્યક્ત કરી છે! મા બધું છોડવા તૈયાર છે, બધી સજા ભોગવવા સહમત છે, પણ એને પેટનાં જણ્યાંને છોડવાં પડે છે તે સહન નથી થતું. એણે પાંચ પૈકી ફક્ત બે બાળકો પોતાની સાથે લઈ જવા દેવાની વિનંતી કરી હતી તે પણ ફગાવી દેવાઈ. ધાવણા લાલિયાને ધવરાવતાં એ વિચારે છે : એક બાજુ એમ કેર્યા કે આ ગગો એનો નથી. તો એને કાં દીધો? મને કાં નથી દેતા? બે ભાઈબોન મને દીધાં હોત તો હું એના આધારે જીવી હકત. હું કેના આધારે જીવીશ? ને કેના હારુ જીવીશ?

આવી કકળતી આંતરડી લઈ નીકળેલી રતનને તાબડતોબ ઠામ બેસાડાય છે ત્યાં પણ એની ભીતર ધબકતી માતા કશીય અપેક્ષા વિના નર્યું વાત્સલ્ય જ વરસાવતી રહે છે. નવા ઘર અને વર સાથે ગોઠવાતાં થોડું અણસોરું તો લાગે છતાં એ આગલાં પરણેતરની દીકરીને 'બેટા' કહી લાડથી સંબોધી એનું દિલ જીતી લે છે. જ્યારે એની પેટની જણીએ તો પરંપરાગત ખાનદાનીના ખોટા ખ્યાલોથી દોરવાઈ જઈ બાળકો ખાતર જાત વેચવા તૈયાર થયેલી મજબૂર માતાનો પક્ષ લેવાને બદલે એને કુલટા કહી તમાચો વીંઝ્યો હતો! કેવી વિડંબના!

પરંતુ અહીંથી જ કથાનો ઉત્તરાર્ધ શરૂ થાય છે. નવું ઘર શહેરમાં છે. સુખ સાયબીવાળું છે. પોતાનાં જણ્યાંને સાથે નહીં લાવી શકેલી માને ભર્યોભાદર્યો તૈયાર ઘરસંસાર અને પરિવાર મળી જાય છે. શરૂ શરૂમાં અતડાં રહેતાં ઓરમાન બાળકો નવી માનો અઢળક પ્રેમ પામી સંતોષ અનુભવે છે. એમાંય જ્યોતિકાને તો નવી મા સ્વરૂપે જશોદામૈયા મળી હોય એટલો રાજીપો છે. યોગાનુયોગ રતનની પહેલા ખોળાની દીકરીનું નામ પણ જ્યોતિ હતું, એટલે એ આ ઓરમાન દીકરીમાં પેટની જણીનો જ ચહેરો નિહાળતી રહે છે. જ્યોતિકા કૉલેજકન્યા છે. રતન તદ્દન અભણ છતાં અનુભવે ઘડાયેલી પરિપક્વ માતા છે. એ એની ઓરમાન દીકરી માટે માતા ઉપરાંત ફ્રેન્ડ, ફિલોસૉફર અને ગાઈડ બની રહે છે.

કચ્છી પાટીદાર સમાજ કચ્છ ઉપરાંત આજીવિકાર્થે આખા દેશમાં પથરાયેલો છે. લેખકે સમાજના જુદાજુદા પાંચડાનો અછડતો ઉલ્લેખ કર્યો છે. રતન ઘરગરણું કરીને જ્યાં ગઈ છે તે એનાં પિયરિયાં અને સાસરિયાં કરતાં જુદા પાંચડાનાં લોક છે. એમને એકમેક સાથે ખાસ કશી ઓળખાણ કે સામાજિક સંબંધો પણ નથી. નવા ઘરવાળાની મા જીવતી હતી એટલે એને પુનર્લગ્ન કરવાનું મન નહોતું, પરંતુ માને પાછળથી અચાનક કેન્સરની ગાંઠનું નિદાન થતાં શામજી માટે બીજું લગ્ન કરવું જરૂરી બની ગયું. વચેટિયા મનજીબાપાએ રતન માટે આ સુખી ઘર શોધી આપ્યું એથી રતનને ભૌતિક સુખસુવિધા પાર વગરની બલકે એની કલ્પના બહારની મળી ગઈ. પણ એનું માનું હૈયું તો પેટનાં જણ્યાં ખાતર

સ્થાપના : ૧૯૮૪
કે. કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

વલવલતું જ રહ્યું. એણે પોતાની સાથે નિયતિએ કરેલા અન્યાયની રજેરજ બાબત નવા ધણીને જણાવી દીધી. જ્યોતિકા એની દુખતી રગ નથી જાણતી અને પૂછીને એની 'જશોદામા' ને વધુ દુઃખી કરવા પણ નથી માગતી. પણ એનાં લગ્ન વખતે રતનને પોતાની દીકરી સાંભરી આવે છે, એથી એ મંગળપ્રસંગે બેહોશ થઈ જાય છે. જ્યોતિકાને સગી દીકરી જેટલાં જ લાડ કરતી હોવા છતાં એને પેટની જણી જ્યોતિ કે જેણે લીલા જેવી ઈર્ષાળુ બાઈની ચડવણીની પોતાને 'કુલટા' કહી અપમાનિત કરી હતી - એ ભૂલી ભુલાતી નથી. એને બીજાં બાળકોની પણ ચિંતા સતાવ્યા કરે છે. પોતાના નવા ઘરસંસારમાં સંસ્કારી સ્ત્રી તરીકે પોંખાતી હોવા છતાં એને પેલું કલંક સતત ડંખ્યા કરે છે. જુદા પાંચડામાં પુનર્લગ્ન કરીને આવી હોવાથી એ વાત એના ધણી સિવાય બીજું કોઈ જાણતું નથી છતાં એને સતત એ મુદ્દે ફડક રહ્યા કરે છે.

નવલકથાના ઉત્તરાર્ધમાં કથાપ્રવાહ થોડો મંદ પડી જાય છે અને લેખક પર સમાજ સુધારક હાવી થઈ જતો વરતાય છે. નવાં પાત્રો અને નવા પરિવેશમાં રતનનો રોલ અલબત્ત, માતાનો જ રહે છે, પરંતુ 'છોરાંવછોઈ' માતા એના ભૂતકાળના ભાર તળે કણસતી રહે છે.

અહીં એને બધી વાતે સુખ છે. નથી કોઈ ખાવાપીવાની મુશ્કેલી, નથી પરિવારનાં ઓરમાન સંતાનો તરફથી કશી ફરિયાદ. ઉંમરમાં દસેક વરસ મોટા બીજવરથી લઈ ઓરમાન દીકરાઓની વહુઓ સાથે સુમેળ છે. બલકે એક વેરાન થવાના આરે આવેલો ભર્યોભાદર્યો પરિવાર રતનના આવવાથી નવપલ્લવિત થઈ ગયો છે. પણ એનો ભૂતકાળ એને નળની પાછળ કળજુગ પડ્યો હોય એમ પજવતો રહે છે. જ્યોતિકાના લગ્ન વખતે બબ્બે મોસાળ તરફથી મામેરાં આવ્યાં છે. રતનના માવતર તરફથી એના પરિવારના મોભી નારણકાકા આવ્યા છે. એમને કુમકુમતિલક કરતાં રતનને ચક્કર આવી જાય છે. લેખક પાસે માનવીય સંવેદનાનો ઊંડો અનુભવ છે. આવા સંજોગોમાં આવું જ થાય.

જ્યોતિકાને તો એણે પેટની જણી જ્યોતિ કરતાં વધુ લાડ લડાવ્યાં હતાં, છતાં એની જ લગ્નવિધિ ટાણે એ અસ્વસ્થ થઈ ગઈ. પારૂકાકીને એ કહે છે : એમ મને કાંય થ્યું નથી. મને થોડું ઓલી છોરીયું - ને જૂનું યાદ આવી ગ્યું.

નવા ઠેકાણે રાજપાટ જેવી જાહોજલાલી છે પણ પેલું 'પેટ' તે થોડું વીસરે તેય રતન જેવી વહાલપના માંડવા જેવી માને? જ્યોતિકા તો રતનને કોઈ એની ઓરમાન મા તરીકે ઓળખાવે તે પણ સહી નથી શકતી. પણ એની વહાલસોઈ જશોદામા ઉદાસ રહ્યા કરતી હતી એનું ખરું કારણ તો જ્યોતિકા પણ ક્યાં જાણતી હતી? લેખક રતનના ભીતરમાં ભભૂકતા દાવાનળને મલાવી મલાવીને રજૂ કરતા રહે છે. રતનનું આ મનોગત જુઓ :

જે ભૂલનું પરિણામ ગગો હતો, તે ગગો એને સ્વીકાર્ય હે તો એ ગગાને જન્મ દેનારી અને સંતાનોના પ્રેમ માટે તડપતી માનો આવડો બધો વિરોધ શા માટે? આવી બાઈમણ ગામમાં રે ઈ ગામનું કલંક કહેવાય. તો ઈ ભૂલ કરાવનાર જગાને કંઈ ઠપકોય નીં. એનો વિરોધે નીં ને દંડે નીં? ભૂલના પરિણામરૂપ ગગો આપી દેવો હતો ને! એ ન આપ્યો. ઈયાં બોનુંને ભાઈ ખપતો'તો ને!

તો એક માને પોતાના કાળજાના કટકા જેવાં બાળકો નીં ખપતાં હોય?

એ ન્યાય કરવાવાળાએ એક માના હૃદયની વેદના કેમ ન વાંચી? રતનના મુખે લેખક પોતે બોલતા હોય એવું જરૂર લાગે. પરંતુ આ લેખક મૂળભૂત સ્વરૂપે તો સમાજસુધારક જ છે. એમના કચ્છી પાટીદાર સમાજની દુખતી રગ પર આંગળી મૂકીને એમણે સમાજમાં રતન જેવી ભલીભોળી સ્ત્રીઓ પર થતા જુલમ સામે લાલબત્તી ધરી છે. રતનના હૈયે એનાથી વિખૂટાં પડેલાં 'છોરાં' ને મળવાની ઝંખના-તાલાવેલી વર્ષો પછી પણ આગની જેમ ભભૂકતી રહી છે : 'લાગેર્યું મારા હૈયાની ઈ આગ હવે સોનપરીમાં જ ઠરશે.' સોનપરી એટલે સ્મશાન.

લેખક અહીં જ કથાના કરુણાંતનો સંકેત આપી દે છે. રતનને એનાં છોકરાંનાં મોઢાં જોવાની એક તક મળતાં મળતાં રહી જાય છે. આ ઘણો જ કરુણ પ્રસંગ છે. 'હુરધનબાપા' ની માનતાના બહાને પંદરેક દિવસ માટે કચ્છના પ્રવાસે આવેલ પરિવારની માતા રતન એના પતિ શામજીની રજા માગે છે : આટલે આવ્યાં હૈયેં તૈયેં નાનબાઈ કને છોરાંના હાલહવાલ જાણી આવું. બિચારાં મા વગર હુખીદુખી કેમ હે - ઈયે જાણી આવું ને ગામમાં હોય તો મોંય જોઈ આવું. કેટલાં વર થઈ ગ્યાં. બૌ હાંભરેયાં...

રતનના હૈયાની આરત સમજવાને બદલે ધણી તો એના પર સીધો જ આક્ષેપ કરે છે : છોરાંનાં મોં તાં ઠીક પણ એમ કે ને - ઓલ્યાનું મોં જોવું હે. હું હમજુંર્યો - તને છોરાં નીં પણ ઈ હાંભરેર્યો!

આથી વધુ ચોટ બીજી કઈ હોઈ શકે? બાકી રહી ગયું હોય એમ એ શિખામણ આપતાં ઉમેરે છે : આવડું બધું થૈ ગ્યું પછીયે હજી તું એને ભૂલતી નથી. તું તાં હવે હધ કરોરી. તારો તો જોલમ હે. હવે તું નેનકડી નથી. ગેઢી થઈ ગેઢી. તોય હજી તને ઈ બધું હાંભરેર્યું. એના નજીક આયાં એટલે તને ચળ ઊપડી. એના કરતાં બેહી જવું'તું ને એના ઘરમાં.

રતનના જીવતરની આ કરુણિકા (ટ્રેજેડી), અંતે એની દીકરી જ્યોતિનો માંહ્યલો ઊઘડે છે અને તે એને શોધતી શોધતી એના ઘરે પહોંચે છે ત્યાં જુદી રીતે સમાપ્ત થાય છે. જ્યોતિ તો મૂએલી માનું મોઢું જોઈ રડી શકે છે, પણ રતન હવે આ દુનિયામાં ક્યાં રહી હતી કે પેટની જણીને બાથમાં લઈ દિલ હળવું કરી શકે?

કથાનકમાં ઓરમાન દીકરી જ્યોતિકાનું પાત્ર મૂઠીઊંચેરું સર્જીને લેખકે ઓરમાન માતાનાં અધૂરાં અરમાન પૂરાં કરાવવાની યોજના ઘડી હોય એમ લાગે. પરંતુ નિયતિને એટલું પણ ક્યાં મંજૂર હતું?

પતિના ઠપકા પછી હતાશા (ડિપ્રેશન) માં સરી પડેલી રતનનો આ

વલવલાટ વાંચનારના હૈયે પણ ઉઝરડા પાડી દે એવો છે : એને આપઘાત કરવો છે, પણ એથી તો ઊલટાની સમાજને વધુ એક કલંક લગાવવાની તક મળી જશે. 'લોકવાણીની બીકમાં હું જીવી તો ન હકી અને હવે શાંતિથી મરવું હે તૈંયે ઈજ લોકોની વાતુંની બીકમાં હું મારી રીતે મરી પણ નથી હકતી.'

ધણીએ કહેલાં આકરાં વેણ પુત્રવધુ શારદાએ સાંભળ્યાં હતાં. લેખક મનોવિજ્ઞાનના જાણતલ છે. કદાચ એકલપંડે ઠપકો સાંભળી લીધો હોત તો રતન આટલી હદે હતાશ ન થઈ હોત. પરંતુ આટલાં વર્ષો લગી ગુપ્ત રાખેલું રહસ્ય વહેમીલા પતિએ ક્રૂરતાપૂર્વક વહુની હાજરીમાં જ ખુલ્લું કરીને રતનની લાગણીને એવી ઠેસ પહોંચાડી હતી કે એને જીવતર ઝેર ન થાય તો જ નવાઈ. આ કારી ઘા ખમી શકે એવું એનું કાઠું જ નહોતું. આખરે એ ભાંગી જ પડી, તે એ હદે કે દીકરી જ્યોતિકાએ દોડી આવીને એને સંભાળી લેવાનો પ્રયાસ કર્યો છતાં એમાંથી એ પૂરેપૂરી રીતે બહાર ન જ આવી શકી. જ્યોતિકાએ એની જશોદામાની આંખોમાંથી દદડતાં આંસુ અટકાવવા મનગમતી મીઠાઈ નહીં ખાવાનું વ્રત રાખ્યું. એના પિતાને પણ તે કેવા લબડધક્કે લે છે : 'હવેથી તમારી કોઈ વાતથી મારી માને ખોટું લાગશે કે એની આંખમાં આંસુ આવશે તો બાપુજી, હું તમારા ઘરનો ત્યાગ કરીશ. આટલામાં હમજી જજો!'

હંસરાજ સાંખલા પાસે પરિસ્થિતિ અને પાત્રોનું આલેખન કરવાની અદ્ભુત કળા છે. આ કળા એમણે યુનિવર્સિટીઓમાંથી નથી શીખી, એ એમની ઊંડી નિરીક્ષણશક્તિ અને માનવી માત્રને અત્યંત સંવેદનશીલ થઈ ઓળખવાની મથામણની ફળશ્રુતિ છે. એમની પાસે જે કંઈ છે તે પોતીકું છે. આ આખી કથામાં આપણને લેખકે કશું પણ બહારથી ઉધાર લીધું હોય એવું નહીં લાગે. એમની શૈલી પણ પૂર્વપણે મૌલિક છે. એના પર ફલાણા કે ઢીંકણા પૂર્વસૂરિનો લેશમાત્ર ઓછાયો નથી. જાનપદી સૃષ્ટિના સર્જક તરીકે એ કચ્છની ધીંગી કલમો કરતાં સાબરકાંઠાના પન્નાલાલથી વધારે નજીકના લાગે. જોકે અત્યાર લગી તદ્દન 'અનટચ્ડ' અસ્પૃશ્ય રહેલા કચ્છી પાટીદાર સમાજના તળપદા વાસ્તવને પહેલી જ વાર આટલી સશક્ત રીતે કથાબદ્ધ કરીને એમણે પોતાનો અલગ જ પાટલો માંડ્યો છે. પહેલી જ નવલકથાથી એ ગુજરાતી કથાસાહિત્યમાં આગવી ઓળખ ઊભી કરે છે. મોટી ઉંમરે કલમ ઉપાડનારા કચ્છીમાડુ પાસે સર્જકતાનાં ખૂબ થોડાં વર્ષો બચ્યાં છે અને ખજાનો ઘણો મોટો છે. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આવનારાં વર્ષોમાં એમની સર્જકતાનો મબલક મોલ લણી લેવા એમને સાજાનરવા રાખે. પહેલી જ નવલકથાથી એમણે ઊંચી અપેક્ષાઓ જગાડી છે. મને યાદ આવે છે મારી પહેલી નવલ 'વન વનનાં પારેવાં' ભગવતીકુમાર શર્માએ 'ગુજરાત મિત્ર' નું આખું પાનું ભરીને એની સમીક્ષા કરતો લેખ કરેલો. એનું શિર્ષક બાંધ્યું હતું : 'મોટી અપેક્ષાઓ જગાડતી માંસલ જાનપદી નવલકથા.'

આવી સંઘેડાઉતાર જાનપદી નવલનો પ્રારંભ અને અંત મરણ પ્રસંગથી થાય છે. આરંભ જેનું મોં પણ નહોતું જોયું અને ઘરડેરાંએ એની સાથે બાળવયે જ સગાઈ કરી દીધી હતી તેવા મુરતિયાના મરણના માઠા સમાચારથી થાય છે. નવલકથાનો અંત નાયિકા રતનના મૃત્યુથી થાય છે. નિયતિ પણ કેટલી ક્રૂર છે! પેટની જણી જ્યોતિને એકાદ વાર શાંતિથી મળવા માગતી મા આખી જિંદગી વલવલતી રહી. એના નવા ઘરસંસારની ઓરમાન દીકરી જ્યોતિકા એને બરાબર સમજી શકી, પરંતુ પોતાનાં પેટનાં જણ્યાં સાથે એ મેળાપ કરાવી શકે તે પહેલાં એના શ્વાસ પૂરા થઈ ગયા. બનવાજોગ કે માને મળવા દોડી આવતી દીકરી જ્યોતિ એનું ઘર શોધતી શોધતી સોસાયટીના નાકે પહોંચે ત્યાં જ એને કોઈના મરણના ભણકારા સંભળાય અને આખરે એ મૂએલી માતાનો જ ચહેરો જોઈ શકે - એને પોતાની અણસમજમાં કરાયેલ માતાના અપમાનનો પસ્તાવો કરવાની પણ તક ન મળે - એવી કથાગૂંથણી કોઈને તાલમેલિયા કે ફિલ્મશાઈ લાગે. પરંતુ મરણથી શરૂ થયેલી વાર્તા મરણ સાથે જ સમાપ્ત થાય, એમાં કર્તાની કળાસૂઝ પણ વરતાવી જોઈએ! જેવી જોનારની દૃષ્ટિ!

મને તો એક મુગ્ધવાચક તરીકે આ કૃતિ વાંચતાં એવી જ સુખાનુભૂતિ થઈ જેવી ક્યારેક કનૈયાલાલ મુનશીની 'પૃથ્વી વલ્લભ' અને પન્નાલાલની 'ફકીરો' અથવા મડિયાની 'વ્યાજનો વારસ' તથા મુન્શી પ્રેમચંદની 'નિર્મલા' કે 'સેવાસદન' વાંચતાં થઈ હતી. હું વિવેચક નથી, નવલકથાકાર જરૂર છું. મારી પંગતમાં મોટી વયે નવલકથાકાર બનેલા સહૃદય લોકધર્મી સર્જકનો પાટલો મંડાતો જોઈ મન કળાયેલ મોર બની ગયું છે. મને ખાતરી છે કે હંસરાજ સાંખલા પાસેથી હજી ઘણું વધારે કથાસાહિત્ય સાંપડવાનું છે. આ તો હજી પાશેરામાં પહેલી પૂણી છે. છતાં પુત્રનાં લક્ષણ પારણામાં ન્યાયે પહેલી જ કૃતિમાં એમણે જે સજ્જતા અને પાકટતા દર્શાવી છે તે જોતાં એમની પાસે મોટી આશાઓ રાખવાનો આપણને અધિકાર પણ છે.

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ ૧૩૨*
*સેક્ટર ૧૯, ગાંધીનગર-૩૮૨૦૨૧.*
*મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨*

With Best Compliments From

**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

કચ્છી કથા

# મંઢો સોનંગ

• સ્વામી સચ્ચિદાનંદ •

ચારણકોમ અતિપ્રાચીન અને ઐતિહાસિક છે. તેણે રાજા તો નથી પકવ્યા પણ કવિઓ પકવ્યા છે. કવિઓ રાજા કરતાં પણ વધુ અમર થયા છે. ત્યારે લગભગ પ્રત્યેક પ્રતાપી રાજાનો કોઈ ને કોઈ રાજકવિ રહેતો. આ કવિ અથવા કવિઓ તત્કાલીન ઇતિહાસનું કવિતામાં આલેખન કરતા રહેતા. જોકે તેમાં ભારે અતિશયોક્તિ રહેતી તોપણ તેમાં ઇતિહાસનાં તત્ત્વો પણ રહેતાં. જે કવિઓ રાજકવિઓ ન થઈ શકતા તેઓ આજીવિકા માટે વિચરણ કરતા રહેતા. રાજા-મહારાજાના અને દરબારોના દરબારમાં ફરી-ફરીને પ્રશંસાભરી કવિતાઓ સંભળાવીને યાચકવૃત્તિથી આજીવિકા ચલાવતા રહેતા. મોટા ભાગે ચારણો રાજ્યાશ્રિત જીવન જીવતા. તેમાં કેટલાક યોદ્ધા અને વીર પુરુષો પણ થતા. તેમની ચારણિયાણીઓ દેવીનો અવતાર ગણાતી. લોકો તેમને આઈ કહીને પૂજ્યભાવ વ્યક્ત કરતા. આઈઓ કેટલીક વાર સત્ય અને ન્યાયને ખાતર પોતાની કુરબાની પણ આપી દેતી. આમ જુઓ તો ચારણોનો ઇતિહાસ માત્ર યાચનાવૃત્તિનો જ નથી, કુરબાનીઓનો પણ છે.

જૂનાગઢના ચુડાસમા રાજાના દરબારમાં ગગડ નામનો ચારણ રહે. તેની પત્નીને પોતાની ભાભી સાથે ભારે સ્નેહ. પુરુષો મિત્રો વિના રહી શકે, પણ સ્ત્રીઓ બહેનપણીઓ વિના ન રહી શકે. ઘણીવાર આ બહેનપણીઓ મોટી ઘટનાઓ સર્જી મૂકે - સારીયે ખરી અને ખોટીયે ખરી. ગગડની પત્નીને ગર્ભ રહ્યો. પુરુષને કદી સગર્ભાવસ્થાનો અનુભવ થતો નથી, પણ સ્ત્રીજીવનના બધા અનુભવોમાં સૌથી વધુ મહત્ત્વનો અનુભવ સગર્ભાવસ્થાનો હોય છે. સ્ત્રીનું સ્ત્રીત્વ ત્રિમુખી હોય છે : (૧) કન્યામુખી, (૨) પત્નીમુખી અને (૩) માતૃમુખી. તેનાં આ ત્રણે રૂપ તેને જુદાજુદા અનુભવો કરાવે છે. સ્ત્રીને કન્યા તરીકેનો જે અનુભવ થાય છે તે પુરુષને કુમાર તરીકે નથી થતો. કોડભરી કન્યા હોય, કોડભર્યો કુમાર ન હોય; અને કોડની માળાઓ ગૂંથવાનો અનુભવ પણ બહુ જ મહત્ત્વનો હોય છે. જેણે કદી કોડ સેવ્યા જ નથી તેનામાં પૂર્ણ કન્યાત્વનો વિકાસ થયો જ નથી હોતો. કોડ વિનાની કન્યા અધિકારી થઈ શકે, નેતા કે મંત્રી થઈ શકે, ઘણુંઘણું થઈ શકે, પણ મહાન પત્ની ન થઈ શકે. કોડભરી કન્યાને કોડ પૂરનારો પતિ જોઈએ. જેને કોડ જ ન હોય તેને જીવવા માટે સાથીની જરૂર પડે, પતિની નહીં. પતિ અને સાથી એક નથી. સાથી કરતાં પતિનો વિસ્તાર ઘણો મોટો છે. જેમ જેમ પતિનો વિસ્તાર મોટો થતો જાય તેમતેમ પત્નીનો વિસ્તાર પણ મોટો થતો જાય. પતિ પત્નીને મહાન બનાવે છે. બંને જ્યારે એકબીજાનાં પૂરેપૂરાં પૂરક થઈ જાય ત્યારે દાંપત્યસિદ્ધિ થાય છે. આ દાંપત્યસિદ્ધિ જ પત્નીપણાની સફળ પરાકાષ્ઠા કહેવાય, કારણ કે દાંપત્ય પત્ની જમાવતી હોય છે, પતિ નહીં. પૂરી જવાબદારીભર્યું જીવન જીવતી પત્નીને પત્નીપણાની ધન્યતાનો અનુભવ થાય છે.

એ જ પત્ની જ્યારે સગર્ભાવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે તેને ત્રીજો અનુભવ થાય છે. પત્નીપણું હવે માતાપણામાં રૂપાંતરિત થઈ રહ્યું હોય છે. હવે તેનું મન બાહ્ય પદાર્થો કરતાં પેટમાં ઊછરતા ગર્ભમાં વધુ રહે છે. પોતાની અંદર એક બીજા જીવનો અનુભવ વધતો જાય છે. હવે કોડનું કેન્દ્ર પતિમાંથી ખસે છે ને પેટના ગર્ભ તરફ વળે છે. બાળક વિશેની કલ્પનાઓ થયા જ કરે છે. તેમાંથી બાળકોડ જાગે છે. પહેલાં પતિકોડ હતા, હવે બાળકોડ થવા લાગે છે. જે સ્ત્રીના જીવનમાં કશા કોડ જ નથી હોતા તે મોટા ભાગે લાગણીશૂન્ય બની જતી હોય છે. કોડમાં જીવવું એ પણ એક જીવન છે. કોડહીન વ્યક્તિ કદાચ વીતરાગ તો હોય, પણ તે જીવનનું હાસ્ય ખોઈ બેઠી હોય, ઊતરેલા ડાચાવાળી તે શુષ્ક જીવન જીવતી હોય. કોડમાં હસવુંયે છે અને રડવું પણ છે. હસવાનું અને રડવાનું હોય જ નહીં તો જીવન ક્યાં રહ્યું?

યોગાનુયોગ ગગડ ચારણની પત્નીની સાથે જ તેની ભાભી પણ સગર્ભા થઈ. બંને નણંદ-ભાભીની ખૂબ દોસ્તી જામી. બંનેને પોતપોતાના બાળકના કોડ ઊભરાવા લાગ્યા. પ્રેમસંબંધ માત્ર વ્યક્તિ સુધી જ સીમિત ન રહેતાં વંશ-પરંપરામાં પણ ઊતરતો રહે તેવી પણ એક શુભ ભાવના થતી હોય છે.

પ્રસૂતિના દિવસો નજીક આવ્યા. બંને બાળકમય બની ગઈ હતી. એક દિવસ બંનેએ પોતપોતાના પેટ ઉપર હાથ ફેરવતાં-ફેરવતાં એકબીજીને વચન આપ્યું કે જો એકને દીકરો અને બીજીને દીકરી આવે તો પરસ્પરમાં લગ્ન કરવાં નક્કી? હા, નક્કી! હા-હા, નક્કી! લે તાલી!!!

અને થયું પણ એવું જ ગગડ-પત્નીને એક અત્યંત રૂપાળી બાળકી જન્મી અને ભાભીને ત્યાં છોકરો જન્મ્યો, પણ હાથપગ વિનાનો, ઠૂંઠો, વિકલાંગ, બેડોળ, કદરૂપો. હવે શું કરવું? રૂપ જીવનનું ઐશ્વર્ય છે, તો બેડોળપણું જીવનનો અભિશાપ છે. અત્યંત બેડોળ અને ઘૃણા ઊપજે એવા બાળકને જોઈને માતાને ભારે આઘાત લાગ્યો. રૂપાળા બાળકના કોડ તે તો ભાંગીને ભુક્કો થઈ ગયા. તરત જ નવજાત લોચા જેવા વિકલાંગ બાળકને ટોપલામાં નાખીને દાસીને ઉકરડામાં દાટવા માટે મોકલી દીધો. કેટલાંક અભિશાપી બાળકો જન્મતાં જ દુ:ખોનો પહાડ લઈને જન્મતાં

હોય છે, તો કેટલાંક ભાગ્યશાળી બાળકો જન્મતાં જ સુખોનો સાગર લઈને જન્મતાં હોય છે.

દાસી ટોપલામાં વિકલાંગ બાળકને લઈને ગામબહારના ઉકરડે પહોંચી અને બાળકને દાટવા માટે ખાડો ખોદવા લાગી. પણ યોગાનુયોગ તે જ સમયે, જેની વેરે તેનાં લગ્ન થવાનાં હતાં તે કન્યાનો પિતા ત્યાંથી નીકળ્યો. તેણે દાસીને ધમકાવી, બધી સત્ય હકીકત જાણી લીધી અને ટોપલો પાછો ઉપડાવી બાળકની માતા પાસે આવ્યો અને આવું નહીં કરવા સમજાવી, બાળકને ઉછેરવાની સલાહ આપી. માતા પણ હૃદયથી વિલાપ કરતી હતી. ગમે તેવું તોય પોતાનું બાળક હતું, તેનો ત્યાગ અને તેને જીવતાં દાટી દેવાનું તેને જરાય ગમતું ન હતું, પણ પરિસ્થિતિવશ તેને આવો નિર્ણય લેવો પડ્યો હતો. સમર્થ વ્યક્તિ પણ પરિસ્થિતિથી લાચાર થઈ જતી હોય છે, તો આ તો બિચારી સ્ત્રી હતી. શું કરે? જીવવા માટે ઘણીવાર ન કરવાનું પણ કરવું પડતું હોય છે. આને જીવનની લાચારી કહેવાય. શ્રીરામ જેવા રામને પણ આવી લાચારી આવી હતી!

બાળક મોટો થવા લાગ્યો. તેનું નામ સોનંગ રાખવામાં આવ્યું. પણ અભિશાપ કદી એકલો નથી હોતો. તે મોટા પરિવાર સાથે ચારે તરફથી આવતો હોય છે. સોનંગ હજી કિશોર-અવસ્થાએ પણ પહોંચ્યો ન હતો ત્યાં તેનાં માતા પિતા બંને ગુજરી ગયાં. બાળક અનાથ થઈ ગયો. વિકલાંગતા સાથે અનાથાવસ્થા કેટલી દુઃખદાયી હોઈ શકે તેની તો કોઈ કલ્પના પણ કરી શકે નહીં. હાથ-પગ ન હોવાથી તે ઘસડાઈ-ઘસડાઈને ચાલતો. તે તેના મામા (અને સસરા પણ) ને ત્યાં રહેતો. મામા તેને ઢોરાંની દેખરેખ રાખવા ચરિયાણમાં મોકલતા. મામાએ તેને બે કાખઘોડીઓ લાવી આપી હતી તેના આધારે તે ઠચૂકઠચૂક ચાલતો.

બીજી તરફ મામાની કન્યા પણ પંદરેક વર્ષની થઈ. તે તો હતી રૂપરૂપનો અંબાર! જોતાં જ રહી જવાય તેવું તેનું રૂપ અને ખીલતી જુવાની. સ્ત્રીની જુવાની તેના વક્ષઃસ્થળથી પ્રગટ થાય છે, પુરુષની જુવાની દાઢી-મૂછથી પ્રગટે છે. ઘણીવાર તો જુવાની વિનાની પણ દાઢી-મૂછ આવતી હોય છે. આવી દાઢી-મૂછ માત્ર ઉંમરની પ્રતીક બનતી હોય છે, જુવાનીની નહીં. રૂપયૌવનથી મલકાતી ચારણકન્યાને તેને સહેલીઓ અને ગામનાં છોકરાં ‘મંઢાની વહુ’ કહીને ચીઢવતાં. બાળલગ્નોથી તો હજારો કજોડાં થતાં, પણ આ તો ગર્ભલગ્ન કહેવાય. આવાં કજોડાંની તો વાત જ શી કરવી?

‘મંઢાની વહુ’ તરીકે રોજની ચિડવણીથી ચારણકન્યા ત્રાસી ગઈ. તેણે પોતાની માતાને કહ્યું : “આ મંઢાને ઘરમાંથી દૂર કર, નહીં તો હું કટારી ખાઈને મરી જઈશ!” નવાઈ તો જુઓ....એક છોકરો મંઢાપણાથી ત્રાસ ભોગવી રહ્યો છે, તો બીજી તરફ ગર્ભલગ્નથી કન્યા પણ મંઢાની વહુના લોકાપવાદથી ત્રાસ ભોગવી રહી છે. મંઢો તો મંઢો હતો જ, પણ રૂપાળી કન્યાને સેંકડો રૂપાળા જુવાનો પામવા તલસી રહ્યા હતાં, ત્યાં “મંઢાની વહુ” ની કાળી છાપ ત્રાસ આપી રહી હતી. સ્ત્રીને સૌથી મોટું સુખ પતિગૌરવનું હોય છે. ગૌરવ વિનાનો પતિ સ્ત્રીનું માથું ઊંચું રાખી શકતો નથી. તેમાં પણ મંઢાપણાના કલંકથી ત્રાસી ગયેલી ચારણકન્યા મંઢાને ઘરમાંથી ધકેલી દેવા તૈયાર થઈ ગઈ. કન્યાના પિતાએ સોનંગને હાથેપગે ઘરબહાર કાઢી મૂક્યો. હવે ક્યાં જવું? ત્યારે અનાથાશ્રમો કે વિકલાંગગૃહો ન હતાં. આવી બધી માનવતાવાદી સંસ્થાઓ પશ્ચિમના લોકો લાવ્યા. ખાસ કરીને ખ્રિસ્તી ધર્મના પાદરીઓએ આ પ્રવૃત્તિ કરી અને કરી રહ્યા છે. આપણી પાસે ભવ્યાતિભવ્ય સોનામઢ્યાં મંદિરો હતાં, ભવ્ય મઠો હતા, છપ્પનભોગ અને રત્નજડિત મુગટો હતા, પણ અનાથાશ્રમો ક્યાં હતા?

સોનંગ કાખઘોડીના ટેકેટેકે દૂર જંગલમાં શારદામાતાનું મંદિર હતું ત્યાં પહોંચી ગયો. કશું ખાધા-પીધા વિના તે મંદિરમાં તપશ્ચર્યા કરવા લાગ્યો. ત્રણ દિવસ પછી પણ કાંઈ અનુભવ ન થવાથી તે નજીકના સમુદ્રમાં કાખઘોડીના સહારે આગળ ને આગળ વધવા લાગ્યો. આત્મહત્યા સિવાય હવે બીજો કોઈ રસ્તો જ ક્યાં હતો? એવામાં એક પ્રચંડ મોજું આવ્યું અને તેને છેક કિનારે ફેંકી દીધો. તે સમજી ગયો કે મોત પણ કપરા કાળમાં સાથ આપવા તૈયાર નથી. જેણે જીવનમાં કદી કપરો કાળ જોયો જ નથી તેણે જીવન જોયું જ નથી.

સોનંગ ચારણ ઘણો સમય સમુદ્રકિનારે બેભાન જેવી દશામાં પડ્યો રહ્યો. તેને અનુભવ થયો કે જાણે શારદામાતા તેને કહી રહ્યાં છે : “મરે છે શા માટે? તું શરીરથી મંઢો છે, પણ બુદ્ધિથી મંઢો નથી. શરીરના અભિશાપની સાથે બુદ્ધિનો આશીર્વાદ પણ તને મળેલો છે. જે મળ્યું છે તેનો ઉપયોગ કર, આ દેશ છોડી દે અને કોઈ કદરદાન રાજાને શોધી કાઢ. જા, કારબેલાના સપડ ચોટાણી પાસે જા.”

જીવનમાં કેટલીક વાર ઈશ્વરીય પ્રેરણા મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. ઈશ્વરનો અનુભવ ચઢતી કળામાં નથી થતો, કપરા કાળમાં જ થતો હોય છે.

સોનંગ કારબેલાના રાજા સપડ ચોટાણી પાસે પહોંચ્યો. હવે તો તેનામાં કવિત્વ પણ ખીલી ઊઠ્યું હતું. તેણે દુહા રચી-રચીને સપડને સંભળાવ્યા. રાજાને આશ્ચર્ય થયું કે આ મંઢો તો મોટો કવિ લાગે છે. રાજાએ કવિઓનો સંગ્રહ કરવો જોઈએ. કવિઓ રાજાને યશસ્વી બનાવીને અમર કરતા હોય છે. કવિ વિનાનો રાજા મહાન હોય તોપણ તેની મહાનતા રાજાની સાથે જ મરી જતી હોય છે. મહાનતાને પણ અમર થવા મહાન કવિ જોઈએ. વાલ્મીકિ ન હોત તો મહાન રામ મહાન ન થાત.

રાજા સપડે સોનંગનો ખૂબ આદરસત્કાર કર્યો. અંધારા પછી જેમ અજવાળું આવે તેમ વિપત્તિ પછી કોઈકોઈ વાર સંપત્તિ પણ આવતી હોય છે. હવે

સોનંગનો જયજયકાર થવા લાગ્યો. ચારણ કવિને રાજા મળે તો બીજું શું જોઈએ?

થોડા દિવસ સપડના ત્યાં રહીને સોનંગે રાજાને વાત કરી કે મારી સગાઈ રાજથળીના પોતાના મામા ચારણને ત્યાં થઈ છે. મારી વિકલાંગતા અને દરિદ્રતાથી મામા-મામીએ મને કાઢી મૂક્યો હતો. હવે દરિદ્રતા તો દૂર થઈ છે, એટલે મામાને મળીને સગાઈ નક્કી કરી આવું.

સોનંગ ભારે ઐશ્વર્યની સાથે ઠાઠમાઠથી પાલખીમાં રાજથળી જવા વિદાય થયો. તેનો મામો તેના ઐશ્વર્યથી તો પ્રભાવિત થયો, પણ તેની વિકલાંગતા હતી તેવી ને તેવી હતી તેથી પોતાની કન્યા પરણાવવા ઈચ્છતો નહોતો, પણ વચનમાંથી ફરી શકાય તેમ ન હોવાથી તેણે એવી આકરી શરત મૂકી કે જે કદી પૂરી જ ન કરી શકાય : "જો મારી કન્યાને પરણવું હોય તો એકસો કેવરી ઘોડીઓ લાવીને પછી જ અહીં આવજો." કેવરી ઘોડી એક મળવી કઠિન હોય ત્યાં એકસો ક્યાંથી મળે? પ્રતિજ્ઞામાંથી પલટી મારવી હોય તો કેટલાક લુચ્ચા લોકો એવાંએવાં બહાનાં અને શરતો મૂકતા હોય છે. પ્રતિજ્ઞા પૂરી કરાવવા દબાણ ન કરી શકાય.

સોનંગ વીલે મોઢે પાછો ફર્યો, પણ ચઢતી દશા અને સાહ્યબી જોઈને તેની ન્યાતવાળા ચારણો બહુ પ્રભાવિત થયેલા. તે બધા તેને વળાવવા પાછળ પાછળ છેક ભાગોળ સુધી આવ્યા. સોનંગ પાલખીમાં બેઠો હતો. પેલો ઉકરડો આવ્યો જ્યાં તેને દાટી દેવાનો હતો તે ખાડો જોયો. તે ખાડા પાસે જઈને તે બોલ્યો :

***તરછોડે જેં કે તજ્યો, માઈત્રે મારે,***
***કુમોતે મોત હિતે, લિખ્યો કેર ટારે?***
***સપડ સણગારે, ચારણ ડોલી ચાડેઆ.***

જે માતા-પિતાએ જન્મતાં જ મને અહીં કમોતે મારવા-દાટવા મોકલ્યો હતો તે જ ખાડા આગળથી હું હવે રાજપાલખી ઉપર ચઢીને જઈ રહ્યો છું. વાહ રે વિધિ!

એક દિવસ આ જ ગામમાંથી નિરાધાર-તિરસ્કૃત થઈને સોનંગ વિદાય થયો હતો તે જ ગામમાંથી હવે ઐશ્વર્યના કારણે આખું ગામ તેને વિદાય કરવા ઊમટ્યું છે. વાહ રે વિધાતા!

ચાલતાં-ચાલતાં જામ ઓઢા જખરાણીનું રાજ્ય આવ્યું. નોતગામમાં જામને ખબર પડી કે કવિ સોનંગ અહીં મારી ભાગોળેથી જઈ રહ્યો છે. તે તરત જ આડો ફરી વળ્યો. પ્રસિદ્ધિનું પણ એક સુખ હોય છે. પૂજતાને લોકો વધુ પૂજે, ટોળેટોળાં ઊભરાય અને ડૂબતાને લોકો વધુ ડુબાડે, પથરા મારે. લોકોની આવી ટોળાવૃત્તિ હોય છે. હવે સોનંગ રાજા-મહારાજાઓમાં પ્રસિદ્ધ કવિ હતો. અતિ આગ્રહ કરીને જામ નોતિયાર તેને પોતાને દરબાર લઈ ગયો. કેટલીક વાર કવિઓ પોતાની કદર કરાવવા રાજા-મહારાજાઓ પાસે જતા હોય છે, તો કેટલીક વાર રાજા-મહારાજાઓ કદરને પાત્ર કવિને સામેથી બોલાવતા હોય છે. કવિ-કલાકાર અને સંગીતકાર રાજદરબારમાં તો કદર પામે, પણ કદી ધનાઢ્ય શેઠિયાને ત્યાં કદર ન પામે - ભલે ને ગમે તેટલું ગળું ફાડે કે મહાકાવ્ય રચે. બિચારા શેઠિયાનો એ વિષય નહીં. જ્યાં પ્રત્યેક વસ્તુનો ભાવતાલ થતો હોય ત્યાં કદરની આશા ન રખાય - હા, કડદો કરાય, પણ તે પણ શેઠિયાને ગરજ હોય ત્યારે.

સોનંગ ચારણ ઓઢા જામને ત્યાં રોકાઈ ગયો, પણ તેથી સપડને આઘાત લાગ્યો : મારો કવિ બીજાનો થઈ જાય તે કેમ ચાલે! સપડ દાતારે સોનંગને તેડી લાવવા મંડળી મોકલી, પણ ઓઢો જામ રજા જ ન આપે - જવા જ ન દે. બહુ રકઝક ચાલી, પણ સોનંગ ચારણ એકનો બે ન થયો. જેણે પ્રથમ સહાય કરીને વ્યક્તિત્વને ઊંચક્યું હોય તેને પાછળથી મોટી સહાય કરનારો મળે તો પણ છોડાય નહીં અને ભૂલાય નહીં. સોનંગે પાલખી ઉપડાવી દીધી. હજી તો પાલખી માંડ દસ ડગલાં ગઈ હશે ત્યાં ઓઢા જામને એવો હાર્ટ એટેક આવ્યો કે તરત જ ત્યાં ને ત્યાં ઢળી પડ્યો. અત્યંત લાગણીશીલ માણસો હૃદયના આઘાતને સહી શકતા નથી. લાગણીહીન માણસોને કદી આઘાત લાગતો જ નથી. સોનંગ પાછો ફર્યો. તેને પસ્તાવો થયો : મેં ઓઢાની લાગણી ન દુભવી હોત તો સારું થાત. પણ હવે શું થાય? હા, હવે જ ખરું થાય. સોનંગ ચારણે ઓઢા જામની બાજુમાં જ પોતાની ચિતા ખડકાવી અને ઓઢાની સાથે જ જીવતા બળી મરવાનો નિશ્ચય કર્યો, પણ મરતાં પહેલાં સપડ દાતારને જોઈ લેવાની ઈચ્છાથી તે કારાબોલા ગયો.

તેના જતાં પહેલાં સોનંગના સરદારો અને સાથીદારો ત્યાં પહોંચી ગયા હતા. તેમણે ઓઢા જામ અને સોનંગની બધી વાત કરી. સોનંગ હવે દુનિયામાં નથી રહ્યો તેવું જાણીને સપડને પણ આઘાત લાગ્યો અને તે પણ તે જ ક્ષણે મૃત્યુ પામ્યો. તેને અગ્નિદાહ દેવા માટે આખું નગર ઊભરાયું હતું. પોતાના નિમિત્તે બે-બે દાતારો મૃત્યુ પામ્યા તેથી સોનંગને પણ ભારે આઘાત લાગ્યો. તેણે અહીં પણ સપડની બાજુમાં જ પોતાની ચિતા ખડકાવી અને તેની ઉપર ચઢી બેઠો. તેને લોકોએ બહુ રોક્યો પણ તે રોકાયો નહીં. તેથી સપડના રાજકુમાર ચોટાએ પોતાને માટે ત્રીજી ચિતા ખડકાવી અને કહ્યું કે હું પણ જીવતો બળી મરીશ. જો ચોટા બળી મરે તો રાજવંશ સમાપ્ત થઈ જાય. ભારે હાહાકાર થઈ જાય. રાજવંશનો નાશ કરવા જેવું કોઈ મહાપાપ નથી. બાવળોને બાળવાથી ફરી ઊગી નીકળે, આંબો ફરી ન ઊગે. આંબાનું જતન કરાય. અંતે સોનંગ ચારણ ચિતા નીચે ઊતર્યો, પછી ચોટો પણ ઊતર્યો. ઓઢા જામ અને સપડના અગ્નિસંસ્કાર થઈ ગયા. વાત પૂરી થઈ.

ના-ના, વાત હજી બાકી છે. પેલી સગાઈવાળી કન્યાનું શું? શું તેને બીજા હાથમાં જવા દેવાય? ના-ના! તો સો કેવરી ઘોડીઓ લાવવી ક્યાંથી?

સપડ દાતારની બધી અંતિમ ક્રિયાઓ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૫ ઉપર)**

ધર્મ

# પર્યુષણ પર્વની લાક્ષણિકતા

• વલ્લભજી હીરજી શાહ 'કેવલ' •

પ્રત્યેક ધાર્મિક પર્વનું પ્રયોજન આત્મામાં વિતરાગ ભાવની વૃદ્ધિ કરવાનું હોય છે. પર્યુષણ પર્વ વિશેષપણે આત્મગુણોની આરાધના સાથે સંબંધ રાખે છે. તેથી આ પર્વ સત્ય, સંયમ અને સાધનાનું પર્વ છે.

અનાદિકાળથી પ્રત્યેક આત્મા, આત્મામાં જ ઉત્પન્ન, આત્માના જ વિકારો – ક્રોધ, માન, માયા, લોભ, અસત્ય, અસંયમને કારણે જ દુઃખી અને અશાંત થઈ રહ્યો છે. દુઃખ દૂર કરવાનો એકમાત્ર ઉપાય આત્મ આરાધના છે. આત્મ સ્વભઆવને ઓળખી, તેની જ શ્રદ્ધા કરી, એમાં જ જામી જવાથી અતિન્દ્રિય આનંદ અને સાચી શાંતિની પ્રાપ્તિ થાય છે. વસ્તુતઃ ચારિત્ર એ જ સાક્ષાત ધર્મ છે. સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન તો ચારિત્રરૂપ વૃક્ષનાં મૂળ છે. ધર્મ તો મિથ્યાત્વ અને કષાયના અભાવનું નામ છે. ધર્મ તો વસ્તુના સ્વભાવને કહે છે. તેથી તે સદ્ભાવ સ્વરૂપ જ છે.

જ્ઞાન, એ આત્મવસ્તુનો સ્વભાવ છે. તેથી તે ધર્મ છે. અજ્ઞાન આત્માનો વિભાવ છે. એ જ પ્રમાણે ક્ષમા, આત્માનો સ્વભાવ છે. તેથી તે ધર્મ છે. આત્માના વિભાવ પરિણમનને ક્રોધ કહેવામાં આવે છે. એ પ્રમાણે જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન, ક્ષમાનો અભાવ તે ક્રોધ, માર્દવનો અભાવ તે માન, આર્જવનો અભાવ તે માયાચાર, શૌચનો અભાવ તે લોભ. વિશ્વમાં જે કાંઈ અનિષ્ટ નજરે પડે છે તે સર્વ ક્રોધાદિ વિકારોનું જ પરિણામ છે. જ્ઞાનાનંદ સ્વભાવી આત્માની અરૂચિ અનંતાનુબંધી ક્રોધ છે. આત્માનો અનુભવ ક્ષમાની પ્રાપ્તિનો વાસ્તવિક ઉપાય છે. ક્ષમા એક અકષાય સ્વરૂપ છે.

માન અને દીનતા બંને માર્દવના વિરોધી ભાવો છે. માર્દવની પ્રાપ્તિ માટે દેહ સાથેની એકત્વબુદ્ધિ તોડવી પડશે. દેહમાં એકત્વબુદ્ધિ મિથ્યાત્વના કારણે થાય છે. મિથ્યાત્વનો અભાવ આત્મદર્શન દ્વારા થાય છે.

મન-વચન-કાયાની એકતારૂપ આર્જવ છે અને એ ત્રણેની વિરૂપતા જ માયા કષાય છે, માયાચાર છે. જેવો આત્માનો સ્વભાવ છે, તેને તેવો જ જાણવો, તેવો જ માનવો અને તેમાં જ તન્મય બની પરિણમી જવું એ જ વિતરાગી સરળતા છે. એ જ આર્જવ છે.

પાંચેય ઈન્દ્રિયોના વિષયોની તેમજ માન કષાયની પૂર્તિનો લોભ એ જ લોભ છે. આત્મ સ્વભાવને ઢાંકી દેનાર શૌચ વિરોધી લોભ કષાય જ્યારે તીવ્ર સ્વરૂપમાં હોય છે ત્યારે અન્ય કષાયોને પણ દબાવી દે છે. કષાયોમાંથી સૌથી છેવટ સુધી રહેવાવાળો લોભ કષાય છે. આત્માને અપવિત્ર કરવાવાળા મોહ-રાગ-દ્વેષને દૂર કરવા માટે પોતાને જાણો, પોતાને ઓળખો અને પોતમાં જ સમાઈ જાઓ.

સત્ય એટલે સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન સહિત વીતરાગભાવ. જ્યાં સુધી આત્મવસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજે નહીં ત્યાં સુધી સત્યની ઉત્પત્તિ જ સંભવિત નથી. સાચું યથાર્થ જાણવું અને માનવું એ જ સત્ય પ્રાપ્ત કરવારૂપ છે. આત્મા સત્યને પ્રાપ્ત કરી રાગદ્વેષનો અભાવ કરીને વીતરાગરૂપ પરિણતિ પ્રાપ્ત થવી એ સત્યધર્મ છે. અસત્ય કાં તો વાણીમાં હોય છે વા જ્ઞાનમાં. વસ્તુમાં નહીં. આવશ્યક્તા આપણા જ્ઞાન અને વાણીને વસ્તુ-સ્વરૂપને અનુરૂપ બનાવવાની છે. સત્ય બોલવા માટે સત્ય જાણવું જરૂરી છે. સત્ય જાણવું, શ્રદ્ધવું અને સત્યના આશ્રયથી ઉત્પન્ન વીતરાગ પરિણતિરૂપ સત્ય પ્રાપ્ત કરવો એ જરૂરી છે.

સંયમ બે પ્રકારના હોય છે : (૧) પ્રાણી સંયમ, (૨) ઈન્દ્રિય સંયમ. છકાયના જીવોનો ઘાસ અને ઘાતના ભાવોના ત્યાગને પ્રાણીસંયમ અને પંચેન્દ્રિયો તથા મનના વિષયોના ત્યાગને ઈન્દ્રિય સંયમ કહે છે. સમ્યગ્ દર્શનપૂર્વક આત્માના આશ્રયે ઉત્પન્ન થતી અનંતાનુબંધી ત્રણ વા બે કષાયોના અભાવમાં પ્રગટ વીતરાગ પરિણતિરૂપ સંયમ જ્યારે અંતમાં પ્રગટ થાય છે ત્યારે તે જીવની બાહ્ય પરિણતિ પણ પંચેન્દ્રિયોના વિષયો અને હિંસાદિ પાપોના સર્વદેશ વા એકદેશ ત્યાગરૂપ નિયમથી હોય છે. વિષયોમાં ફસાવવામાં નિમિત્ત હોવાથી ઈન્દ્રિયો સંયમમાં બાધક છે, સાધક નહીં. પરજ્ઞેયનો લોભી આ આત્મા સ્વજ્ઞેયને ભૂલી ગયો છે. બાહ્ય પદાર્થોને જાણવાની વ્યગ્રતામાં અંતરમાં અવલોકવાની ફુરસદ જ એને નથી. બીજું, ઈન્દ્રિયોના માધ્યમ દ્વારા જેટલું પણ જાણવામાં આવે છે તે સઘળું પુદ્ગલ સંબંધી જ હોય છે. આ જ કારણે ઈન્દ્રિય જ્ઞાન આત્મજ્ઞાનના સાધક નહીં, બાધક જ છે.

સર્વ વસ્તુઓ પ્રતિ જ્યારે આપણને ઉપેક્ષાભાવ હોય ત્યારે એ સાચો ત્યાગ ગણાય. ત્યાગ કરીને આ જીવ આંકિચન્ય ધર્મનો ધારક બની જાય છે. સારભૂત આત્મસ્વભાવને પ્રાપ્ત કરી લે છે. જ્ઞાનાનંદ સ્વભાવી આત્માના આશ્રયે મોહ, રાગ દ્વેષથી નિવૃત્ત થવું, એમને છોડવા એ જ આંકિચન્ય છે. પરમાં એકત્વ બુદ્ધિ અને લીનતાનો અભાવ એ આંકિચન્ય છે. પરિગ્રહ સૌથી મોટું પાપ છે. આકિંચન્ય સૌથી મોટો ધર્મ છે. રાગ-દ્વેષ-મોહાદિ ભાવોની ઉત્પત્તિ જ હિંસા છે અને એ ભાવોની ઉત્પત્તિ ન થવી એ જ અહિંસા છે.

ઈચ્છાનો નિરોધ કરી સ્વરૂપ - સ્વભાવની સ્થિરતાને તપ કહેવામાં આવે છે. સ્વરૂપમાં વિશ્રાંતિરૂપ ચૈતન્યનું પ્રતપન

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૪ ઉપર)**

# પર્યુષણા મહાપર્વનું હૃદય છે, પરસ્પર ક્ષમાપના

• નૌતમભાઈ વકીલ •

પરસ્પર ક્ષમાપના, એ પર્યુષણા પર્વનું અતિ મહત્ત્વનું કર્તવ્ય છે. પોતાના અપરાધોની ક્ષમા માંગવાની છે, એટલું જ નહીં, બીજાના અપરાધોને માત્ર ભૂલી જવાના નથી, પણ માફ કરવાના છે. સંવત્સરીની પહેલાં વેર વિરોધનો, ક્ષમાના આદાન પ્રદાનથી અંત લાવવાનો છે. પોતાના આત્માને શાંત - ઉપશાંત કરવાનો છે. આત્માની શાંતિ, તે જ સાચું સુખ છે.

આત્માને અશાંત બનાવવામાં મુખ્યત્વે કષાયો જ ભાગ ભજવે છે. જો કષાયો પાતળા પાડી શકીએ તો આ મનુષ્યભવને સફળ બનાવી શકીએ. આ માટે કષાયોની ભયંકરતા સમજવી જોઈએ. આજે મારે મુખ્યત્વે ક્રોધની ભયંકરતા સમજાવવી છે.

આપણે દુનિયાભરની માહિતી જાણવા પ્રયત્ન કરીએ છીએ પરંતુ આપણને વારંવાર ક્રોધ શા માટે આવે છે, આવો ક્રોધ કેટલો ખતરનાક છે, અને આવા ક્રોધથી આપણે કેવી રીતે છુટવું તેની ચિંતા આપણે કરતાં નથી. આપણે સાપથી ગભરાઈએ છીએ પણ ક્રોધથી ગભરાતા નથી. અને આપણે કરેલા ક્રોધને સહજતાથી સ્વીકારી લઈએ છીએ. પણ ક્રોધ, એ કેટલો ભયંકર છે તે સમજીએ.

ક્રોધ આવે ત્યારે માણસ ન બોલવાનું બોલી બેસે છે, ન કરવાનું કરી બેસે છે. ક્યારેક તો ક્રોધના આવેશમાં સામા માણસની હત્યા પણ કરી બેસે છે અને ક્યારેક પોતાની જાતની હત્યા એટલે કે આત્મહત્યા પણ કરી બેસે છે કારણકે ક્રોધમાં પોતે શું કર્યું તેની ખબર જ પડતી નથી. ક્રોધના ફળ કડવા છે. ક્રોધ હળાહળ ઝેરથી પણ ખતરનાક છે.

આધ્યાત્મિક રીતે ક્રોધને, આત્માની હાનિ કરનારો કહ્યો છે. પરંતુ શારીરિક રીતે જોઈએ તો પણ ક્રોધના કારણે સ્ટ્રેસ થાય છે અને ક્યારેક ક્રોધના આવેશમાં માણસને હાર્ટ ઍટેક આવી જાય છે. ક્રોધ આવે ત્યારે આંખો લાલઘૂમ થઈ જાય છે, ચહેરો તંગ થઈ જાય છે, શ્વાસ ખૂબ જોરથી ચાલે છે. ક્રોધમાં બોલે તો જાણે શબ્દો બંદૂકની ગોળીની જેમ નીકળે છે. શરીર ધ્રુજવા લાગે છે, શબ્દો કઠોર બની જાય છે, ભવા ચઢી જાય છે, દાંત ભીંસાવા લાગે છે. આમ ક્રોધમાં પહેલા પોતે સગડીની જેમ તપે છે અને પછી બીજાને તપાવે છે. આવી ક્રોધની બાહ્ય પરિસ્થિતિ છે. જ્યારે આંતરિક રીતે પણ ક્રોધમાં માણસ વિવેકહીન બની જાય છે, સદ્ભાવના ગાયબ થઈ જાય છે અને અંદર પણ ઉગ્રતા આવી જાય છે.

આવો ક્રોધ કરીને કદાચ સામાને ચૂપ કરી પણ શકાય, પણ જો સામાને પોતાનો બનાવવો હોય તો ક્ષમા અને પ્રેમથી જ બનાવી શકાય. આમ છતાં ઘર-ઘરમાં પતિ-પત્ની વચ્ચે, મા-બાપ સંતાનો વચ્ચે, સગાસંબંધીઓ વચ્ચે આપણે ક્રોધ - ગુસ્સો કરીને આપણા નજદીકના સંબંધોમાં પણ સ્નેહ અને પ્રેમને નષ્ટ કરીએ છીએ.

આવા ક્રોધને કાબૂમાં લેવા માટે તેની દવા છે, ક્ષમા. ક્ષમા આપવાથી ક્રોધ પર કાબૂ આવે છે પરંતુ આજકાલ પોતાની ભૂલની કબુલાત જ કરવી નથી, તેમાં પોતાનો અહંકાર નડે છે અને હું જ સાચો એવી જીદ રાખે છે. માટે ક્ષમા આપવી ગમતી નથી. અને તેથી જ બંને પક્ષે ગુસ્સો વધતો જાય છે. માટે અહંકાર છોડી ક્ષમા આપવી. કારણકે ક્ષમા આપવી એ વીરતા છે, મહાનતા છે, લઘુતા નથી. બંને પક્ષે શાંત થવા માટે ક્ષમા, એ અણમોલ ઔષધ છે. ક્રોધમાં માણસને સાચું દેખાતું નથી જ્યારે ક્ષમામાં સ્પષ્ટ દેખાય છે. ક્રોધમાં ટૂંકી દૃષ્ટિ છે, ક્ષમામાં દીર્ઘદૃષ્ટિ છે. ક્રોધ કે ગુસ્સો કરીને ગુમાવવાનું જ છે જ્યારે ક્ષમા આપીને મેળવવાનું છે.

માનો કે કોઈ વ્યક્તિએ આપણું અપમાન કર્યું તો તેના ઉપર ગુસ્સો કરવાને બદલે એવું વિચારો કે ભૂતકાળમાં મેં પણ તેનું અપમાન કર્યું હશે માટે આજે તેણે મારું અપમાન કર્યું. આમ કર્મના સિદ્ધાંતોમાં શ્રદ્ધા રાખીએ તો ગુસ્સો ટાળી શકાય.

શાંત રહેવાથી શરીર નિર્મળ, સ્વચ્છ અને સુંદર બને છે. આપણો ચહેરો કદરૂપો ન દેખાવા દેવો હોય તો મૌન રહો - ગુસ્સો ટાળો. સામેથી ક્રોધના સંજોગો ઊભા કરે તો મૌન રહો અને સંયમ ન રહે તો ચંપલ પહેરીને તે સ્થળ છોડી દો. એટલે કે બહાર નીકળી જાઓ.

આમ ક્રોધ છોડવાનો પ્રયત્ન કરો. મોટેભાગે આ આપણા હાથની વાત છે. આમ, ગુસ્સા ઉપર કાબૂ રાખવાથી આપણું તથા આપણી આજુબાજુના લોકોનું જીવન સુગંધમય બની જશે.

આવો, પર્યુષણ પર્વને આપણે આ રીતે વધાવીએ. ■

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL GROUP
**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents

## શ્રદ્ધાંજલી : પ.પૂ. પ્રમુખ સ્વામીના દેહવિલય પ્રસંગે

# વચનામૃતના અંશો

• ભગવાન શ્રી સ્વામિનારાયણ •

### શ્રી સારંગપુરના વચનામૃતમ્

### વચનામૃત ૧ : મન જીત્યાનું, કૂતરાના ગલુડિયાનું

સંવત્ ૧૮૭૭ ના શ્રાવણ વદી ૫ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો, જે 'જિતં જગત્ કેન મને હિ યેન' એ શ્લોકમાં એમ કહ્યું છે જે 'જેણે પોતાનું મન જીત્યું તેણે સર્વ જગત જીત્યું' તે મન જીત્યું કેમ જણાય?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેમાંથી જ્યારે ઇન્દ્રિયો પાછી હઠે અને કોઈ વિષય પામવાની ઇચ્છા રહે નહિ, ત્યારે સર્વે ઇન્દ્રિયો વશ થાય છે. અને જ્યારે ઇન્દ્રિયો વિષયનો સ્પર્શ જ ન કરે ત્યારે મન પણ ઇન્દ્રિયો લગણ આવે નહિ અને હૈયામાં ને હૈયામાં રહે. એવી રીતે જેને પંચવિષયનો ત્યાગ અતિ દ્રઢપણે કરીને થયો, ત્યારે તેનું મન જીત્યું જાણવું. અને જો વિષય ઉપર કાંઈ પ્રીતિ હોય તો મન જીત્યું હોય તો પણ જીત્યું ન જાણવું.''

પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''વિષયની નિવૃત્તિ થયાનું કારણ તે વૈરાગ્ય છે કે પરમેશ્વરને વિષે પ્રીતિ છે?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''એક તો વિષયની નિવૃત્તિનું કારણ આત્મનિષ્ઠા છે અને બીજું માહાત્મ્યે સહિત જે ભગવાનનું જ્ઞાન તે છે. તેમાં આત્મનિષ્ઠા તો એવી રીતની જોઈએ જે, 'હું ચૈતન્ય છું ને દેહ જડ છે, અને હું શુદ્ધ છું ને દેહ નરકરૂપ છે, અને હું અવિનાશી છું ને દેહ નાશવંત છે, અને હું આનંદરૂપ છું ને દેહ દુઃખરૂપ છે.' એવી રીતે જ્યારે દેહ થકી પોતાના આત્માને સર્વ પ્રકારે અતિશય વિલક્ષણ સમજે ત્યારે દેહને પોતાનું રૂપ માનીને વિષયમાં પ્રીતિ કરે જ નહિ. એવી રીતે આત્મજ્ઞાને કરીને વિષયની નિવૃત્તિ થાય છે. અને ભગવાનનો મહિમા એમ વિચારે જે, 'હું આત્મા છું અને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે. અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ તથા બ્રહ્મપુર તથા અનંતકોટિ બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક દેવ એ સર્વેના સ્વામી જે શ્રી પુરુષોત્તમ ભગવાન તે મને પ્રત્યક્ષ મળ્યા છે અને તે મારા આત્માને વિષે પણ અખંડ વિરાજમાન છે. અને તે ભગવાનનું જે એક નિમેષમાત્રનુ દર્શન તે ઉપર અનંતકોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાખી દેઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ. અને જે ભગવાનનું અક્ષરધામ છે, તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે, એવા જે ભગવાન તે મને પ્રકટ મળ્યા છે. તેને મૂકીને નરકના કુંડ જેવાં જે વિષયનાં સુખ તેને હું શું ઈચ્છું? અને વિષયસુખ તો કેવળ દુઃખરૂપ જ છે.' એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણવે કરીને વિષયની નિવૃત્તિ થાય છે.

અને એવી રીતે જે આત્મજ્ઞાન અને પરમાત્માનું જ્ઞાન તેમાંથી જે વૈરાગ્ય પ્રકટે તે વૈરાગ્યે કરીને સર્વ વિષયસુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય છે. અને જેણે એવી રીતે સમજીને વિષયસુખનો ત્યાગ કર્યો, તેને પાછી વિષયમાં પ્રીતિ થાય જ નહીં અને એનું જ મન જીતાણું કહેવાય. અને એવી સમજણ વિના ઝાઝું હેત જણાતું હોય, પણ જ્યારે કોઈક સારા વિષયની પ્રાપ્તિ થાય ત્યારે ભગવાનને પડ્યા મૂકીને વિષયમાં પ્રીતિ કરે અથવા પુત્રકલત્રાદિકને વિષે પ્રીતિ કરે અથવા રોગાદિક સંબંધી પીડા થાય અથવા પંચવિષયનું સુખ હોય તે મટી જાય, ત્યારે ભગવાનને વિષે પ્રીતિ રહે નહિ અને વિકળ જેવો થઈ જાય. અને જેમ કૂતરાનું ગલુડિયું હોય તે પણ નાનું હોય ત્યારે સારું દીસે તેમ એવાની ભક્તિ પ્રથમ સારી દીસે પણ અંતે શોભે નહિ''

॥ ઈતિ વચનામૃતમ્ ॥૧॥ ॥૭૯॥

### વચનામૃત ૨ : ભગવાનની મૂર્તિમાં હેત થયાનું

સંવત્ ૧૮૭૭ ના શ્રાવણ વદી ૬ છઠને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરી ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી ને શ્વેત પછેડી ઓઢી હતી તથા શ્વેત ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજ મુનિ પ્રત્યે બોલ્યા જે, ''માંહોમાંહી પ્રશ્ન ઉત્તર કરો.'' પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિમાં અતિશય હેત કયે પ્રકારે થાય?' પછી તે પ્રશ્નનો ઉત્તર મુનિએ માહોમાંહી કરવા માંડ્યો, પણ થયો નહિ. પછી શ્રીજી મહારાજે તેનો ઉત્તર કરવા માંડ્યો જે, ''સ્નેહ તો રૂપે કરીને પણ થાય છે તથા કામે કરીને પણ થાય છે તથા લોભે કરીને પણ થાય છે તથા સ્વાર્થે કરીને

પણ થાય છે તથા ગુણે કરીને પણ થાય છે. તેમાં રૂપે કરીને જે સ્નેહ થાય છે તે તો જ્યારે તેના દેહમાં પિત્ત નીસરે અથવા કોઢ નીસરે ત્યારે સ્નેહ થયો હોય તે નાશ પામે છે તેમજ લોભ, કામ અને સ્વાર્થે કરીને જે હેત થયું હોય તે પણ અંતે નાશ પામે છે. અને જે ગુણે કરીને સ્નેહ થયો હોય તે તો અંતે રહે છે.'' ત્યારે શ્રીજી મહારાજ પ્રત્યે સોમલો ખાચર બોલ્યા જે, ''એ તે ગુણ ક્યા? ઉપરલા કે માંહિલા?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''ઉપરલે ગુણે શું થાય? એ તો વચને કરીને, દેહે કરીને અને મને કરીને જે ગુણ હોય અને તે ગુણે કરીને જે હેત થયું હોય તે નથી નાશ પામતું. અને તમે પૂછો છો તે ભક્તને ભગવાન ઉપર સ્નેહ થાય એમ જ કેવળ પૂછો છો? કે ભક્તને ભગવાન ઉપર સ્નેહ થાય એમ પણ પૂછો છો?'' ત્યારે સ્વયંપ્રકાશાનંદ સ્વામી બોલ્યા જે, ''એ બેયને પૂછીએ છીએ.''

પછી શ્રીજી મહારાજે તેની વિસ્તારે કરીને વાર્તા કરવા માંડી જે, ''વચને કરીને તો કોઈ જીવ-પ્રાણીમાત્રને દુઃખવવા નહિ. અને પરમેશ્વર સાથે અથવા મોટા સંત સાથે પ્રશ્ન ઉત્તર કરતા હોઈએ અને તેમાં પરસ્પર વાદવિવાદ થતો હોય અને તેમાં પોતે જીતીએ એમ જણાય તો પણ જે મોટાથી નાનો હોય તેને મોટાને સમીપે નમી દેવું; અને આપણાં કરતાં મોટા સંત હોય તે સભામાં પ્રશ્ન-ઉત્તરે કરીને ભૂંઠા પડે એમ કરવું નહિ. મોટા સંત આગળ અને પરમેશ્વર આગળ તો જરૂર હારી જવું અને પરમેશ્વર તથા મોટા સંત તે પોતાને કોઈ વચન યોગ્ય કહે અથવા અયોગ્ય કહે ત્યારે તે વચનને તત્કાળ સ્નેહે સહિત માનવું. તેમાં યોગ્ય વચન હોય તેમાં તો આશંકા થાય નહિ પણ કોઈ અયોગ્ય વચન કહ્યું હોય અને તેમાં આશંકા થાય એવું હોય તો પણ તે સમાને વિષે ના પાડવી નહિ, એ તો હા જ પાડવી અને એમ કહેવું જે, 'હે મહારાજ! જેમ તમે કહેશો તેમ હું કરીશ.' અને તે વચન પોતાને મનાય નહિ એવું હોય તો પરમેશ્વર તથા મોટા સંત તેની મરજી હોય તો તેમને હાથ જોડીને ભક્તિએ સહિત એમ કહેવું જે, 'હે મહારાજ! તમે જે વચન કહ્યું તે તો ઠીક છે પણ આટલી ને તેમાં આસંકા થાય છે.' એ પ્રકારનું દીન થઈને વચન કહેવું. અને જો પરમેશ્વરની મરજી ન હોય, તો તેમને સમીપે રહેતા હોય જે મોટા સંત તથા હરિભક્ત તેમને આગળ કહેવું જે, 'આવી રીતે પરમેશ્વરે વચન કહ્યું છે, તે તો મને માન્યામાં આવતું નથી.' પછી તેનું મોટા સંત સમાધાન કરે તથા પરમેશ્વર આગળ કહીને એ વચનનું સમાધાન કરાવે, પણ પરમેશ્વરે વચન અયોગ્ય કે યોગ્ય કહ્યું હોય તે સમે ના પાડવી નહિ. એવી રીતની યુક્તિએ મોટાના વચનને પાછું ઠેલવું, પણ કહ્યું ને તત્કાળ ના પાડવી નહિ, એવી રીતે તો વચનને ગુણે કરીને વર્તવું. પછી તે ભક્તના ઉપર પરમેશ્વર તથા મોટા સંત તેને સ્નેહ થાય છે અને તે ભક્તને પણ ભગવાનને વિષે દ્રઢ સ્નેહ થાય છે.

હવે દેહને ગુણે કેમ વર્તવું? તો પોતાના દેહમાં જો કાંઈ ઉન્મત્તપણું નિર્બળ કરી નાખવું. પછી તેને દેખીને તેના દેહની મોટા સંત અથવા પરમેશ્વર ખબર રખાવે તો ભલે, પણ પોતાને જાણે દેહનું જતન કરવું નહિ તથા દેહે કરીને ભગવાનની અને ભગવાનના ભક્તની ટેલ ચાકરી કરવી. એવી રીતે જ્યારે એ દેહને ગુણે કરીને વર્તે, ત્યારે તેને દેખીને તેને ઉપર પરમેશ્વરને ને મોટા સંત તેને સ્નેહ થાય છે અને એ ભક્તને પણ ભગવાનને વિષે પ્રીતિ થાય છે.

હવે મનને ગુણે જેમ વર્તવું તેની રીત કહીએ છીએ જે, પરમેશ્વરના જ્યારે દર્શન કરવાં ત્યારે મન સહિત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં. અને પરમેશ્વરના દર્શન કરતો હોય ને ત્યાં કોઈ મનુષ્ય આવ્યું અથવા શ્વાન આવ્યું કે બીજું કોઈ પશુપક્ષી આવ્યું ત્યારે પરમેશ્વરના દર્શનમાંથી વૃત્તિ તોડીને આડીઅવળી, ઊંચીનીચી દૃષ્ટિ કરીને તેનાં પણ ભેળા દર્શન કરતો જાય, પછી એવી ફાટેલ દૃષ્ટિવાળાને પરમેશ્વર કે મોટા સંત દેખીને રાજી થતા નથી. અને એ દર્શન કરે છે તે કેવાં કરે છે, તો જેમ અન્ય મનુષ્ય કરે છે તેમ તે પણ કરે છે. અને એવી લૌકિક દૃષ્ટિવાળો તે જેમ ખિલખોડી બોલે છે તે ભેળે પૂંછડું ઊંચું કરે છે તેવો જાણવો. શા સારું જે પરમેશ્વર ભેળે બીજાં દર્શન કરે છે. અને એવાં લૌકિક દર્શન જ્યારે એ કરવા માંડે ત્યારે જેવો પ્રથમ સારો હોય તેવો રહે નહિ અને તે દિવસે દિવસે ઊતરતો જાય.

તે માટે પરમેશ્વરનાં દર્શન કરતાં કરતાં આડીઅવળી દૃષ્ટિ કરવી નહિ. પરમેશ્વરનાં દર્શન તો પ્રથમ પહેલે નવીન થયાં હોય ને તે સમયને વિષે જેવું અંતરમાં અલૌકિકપણું હોય તેવું ને તેવું મનમાં અલૌકિકપણું રહેતું જાય ને એક દૃષ્ટિએ કરીને મૂર્તિને જોતે જવું અને દૃષ્ટિ પલટીને અંતરમાં તેવી ને તેવી તે મૂર્તિને ઉતારવી. જેમ ધર્મપુરમાં કુશળકુંવરબાઈ હતાં તે અમારાં દર્શન કરતાં જતાં હતાં અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં, તેમ દર્શન તો મને યુક્ત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં પણ જેમ બીજા દર્શન કરે છે તેમ ન કરવાં.

અને જો પરમેશ્વરનાં દર્શન ભેળે બીજાં દર્શન મનુષ્યનાં કે કૂતરાં દેખાય અને અને તે અન્ય પદાર્થ પણ ભેળે દેખાય. તે માટે પરમેશ્વરનાં દર્શન તો એક દૃષ્ટિએ કરવાં પણ ચપળ દૃષ્ટિએ ન કરવાં. અને પરમેશ્વરનાં દર્શન દૃષ્ટિને નિયમમાં રાખીને કરે છે, તેને એ દર્શન નવીનનાં નવીન રહે છે અને પરમેશ્વરે જે જે વચન કહ્યાં હોય તે પણ તેને નવીનનાં નવીન રહે છે. અને લૌકિક બાહ્યદૃષ્ટિએ કરી દર્શન કર્યા હોય તેને પરમેશ્વરનાં દર્શન તથા વચન એ સર્વે જૂનાં થઈ જાય છે. તે રોજ દર્શન કર્યા કરે પણ એવાને તો જેમ ન થયા હોય તેવાને તેવા રહે છે. તે જ્યારે ભજનમાં બેસે ત્યારે તેનું મન સ્થિર રહે નહિ. બહુધારાએ યુક્ત થાય અને પરમેશ્વરને ધારે ત્યારે તે ભેળે બીજાં દર્શન જે જે કર્યા છે તે પણ વગર ધાર્યા આવીને હૈયામાં સ્ફુરે છે. તે માટે દર્શન તો એક પરમેશ્વરનાં જ કરવાં. અને એમ જે દર્શન કરે છે, તેનું મન ભજન-સ્મરણ કરતે એક પરમેશ્વરમાં જ રહે છે, પણ તેની બહુધારા નથી

રહેતી એક રહે છે. અને જે ચપળ દષ્ટિએ દર્શન કરે છે, તેને હું જાણું છું અને જેનાં દૃષ્ટિ ને મન નિયમમાં હોય એવા જે મોટા સંત તે પણ જાણે જે, 'આ તો લૌકિક દર્શન કરે છે.' પછી તે લૌકિક દર્શનનો કરનારો આ સમાગમમાંથી દિવસે દિવસે ઊતરતો જાય છે. અને જેમ કોઈક કામી પુરુષ હોય તેની રૂપવંતી સ્ત્રીમાં એક મને કરીને દૃષ્ટિ પ્રોવાણી હોય તે સમે વચમાં કોઈક પશુપક્ષી આવે જાય કે બોલે પણ તેની તેને ખબર રહે નહિ; એવી રીતે એકાગ્ર દૃષ્ટિએ કરીને પરમેશ્વરમાં જોડાવું, પણ લૌકિક દર્શન ન કરવા.''

ત્યારે નિર્વિકારાનંદ સ્વામીએ આશંકા કરી જે, ''હે મહારાજ! અમારે તો દેશદેશમાં મનુષ્ય આગળ વાર્તા કરવી પડે તેણે કરીને મનનું એકાગ્રપણું રહેતું નથી.'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''મનુષ્ય આગળ વાર્તા કરવી તેની તો અમે આજ્ઞા આપી છે, પણ અહીં મૂર્તિનાં દર્શન મેલીને બીજાં દર્શન કરવાં એવી કયે દિવસ અમે આજ્ઞા આપી છે?'' એમ કહીને વળી વાર્તા કરવા લાગ્યા જે, ''પ્રથમ જ્યારે મૂર્તિનાં દર્શન થાય છે ત્યારે એને કેવું અલૌકિકપણું રહે છે! તેવું ને તેવું અલૌકિકપણું તો તો રહે જો મને સહિત દૃષ્ટિ પરમેશ્વરમાં રાખે. એવી રીતે મનને ગુણે કરીને વર્તે ત્યારે તે ભક્તની ઉપર નિત્ય પ્રત્યે ભગવાનને નવીન ને નવીન હેત રહે છે. અને તે ભક્તને પણ ભગવાનને વિષે નિત્ય પ્રત્યે નવીન ને નવીન હેત રહે છે.

અને વળી નેત્ર ને શ્રોત્ર એ બેને તો વિશેષે કરીને નિયમમાં રાખવાં. તે શા સારું? જે જ્યાં ત્યાં ગ્રામ્યવાર્તા થતી હોય ને તેને શ્રોત્રની વૃત્તિ દ્વારે તણાઈ જઈને સાંભળીએ, તો તે સર્વ ગ્રામ્ય શબ્દ ભજનમાં બેસે ત્યારે સાંભરી આવે છે; અને ફાટેલ નેત્રની વૃત્તિએ કરીને જે જે રૂપ જોયું હોય તે સર્વે ભજન કરતાં સાંભરી આવે છે. તે સારું એ બે ઈન્દ્રિયોને તો અતિશય નિયમમાં રાખવાં. અને નેત્રની ને શ્રોત્રની વૃત્તિ જ્યારે મૂર્તિનાં દર્શન કરતાં હોઈએ ને મૂર્તિને મેલીને અન્યમાં તણાય તો તેને એમ ઉપદેશ દેવો જે, 'હે મૂર્ખ! તું ભગવાનની મૂર્તિ વિના અન્ય રૂપને જુવે છે કે પરમેશ્વરની વાર્તા વિના અન્ય વાર્તાને સાંભળે છે તેમાં તને શું પ્રાપ્ત થશે? અને હજી તને સિદ્ધદશા તો આવી નથી જે જેવું ચિંતવ્યું તેવું તને તત્કાળ મળે શા સારું? જે હજી તો તું સાધક છો. માટે જે વિષયને તું ચિંતવીશ તે વિષય મળશે નહિ અને ઠાલા વલખાં કરીને પરમેશ્વરને શા વાસ્તે મેલી દે છે? અને કાંઈક જો તને અલ્પ વિષય મળશે તો તેના પાપમાં યમપુરીનો માર ખાતી ખાતી અંત નહિ આવે.' એવી રીતે નેત્રને અને શ્રોત્રને ઉપદેશ દેવો.

અને વળી એમ કહેવું જે, 'જ્યારે તું ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈશ તો તેમાંથી તું સિદ્ધદશાને પામીશ. પછી તું જે જે બ્રહ્માંડમાં વાર્તા થાય છે તેને સહેજે સાંભળીશ અને બ્રહ્મા, વિષ્ણુ અને શિવના જેવાં રૂપને ઇચ્છીશ તો તેવા રૂપને પામીશ; અને લક્ષ્મી કે રાધિકા જેવો ભક્ત થવા ઇચ્છીશ તો તેવો થઈશ. અને ભગવાનનું ભજન કરતા કરતા સિદ્ધદશાને દેહ છતે પામ્યા તો દેહ પડ્યા પછી શબ્દને પણ સાંભળી સાંભળીને મરી જઈશ તો તેણે કરીને બુદ્ધિ તો અતિશય ભ્રષ્ટ થઈ જશે પણ તેમાંથી કાંઈ પ્રાપ્તિ નહિ થાય.' એવી રીતે નેત્રને અને શ્રોત્રને ઉપદેશ દઈને એક ભગવાનની મૂર્તિમાં જ રાખવાં. અને એવી રીતે જે વર્તે તેને ભગવાનની મૂર્તિમાં દિવસે દિવસે અધિક સ્નેહ થાય છે અને તે ભક્ત ઉપર પરમેશ્વરને ને મોટા સાધુને સ્નેહ હોય તેથી પણ દિવસે દિવસે વધતો જાય છે.''

**॥ઇતિ વચનામૃતમ્ ॥૨॥**

## વચનામૃત ૩ : શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કારનું

સંવત્ ૧૮૭૭ ના શ્રાવણ વદી ૭ સાતમને દિવસ સાંજને સમે શ્રીજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તકે બાંધી હતી ને કાળા છેડાનો ખેસ ઓઢ્યો હતો ને ધોળો ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, ''હે મહારાજ! એક ભક્ત તો નાના પ્રકારની પૂજાસામગ્રી લઈને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે અને એક ભક્ત તો નાના પ્રકારના માનસિક ઉપચારે કરીને ભગવાનની માનસી પૂજા કરે છે, એ બે ભક્તમાં શ્રેષ્ઠ તે કોણ છે?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જો ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્‌ગદ કંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે. અને પ્રેમે કરીને રોમાંચિત ગાત્ર અને ગદ્‌ગદ્ કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે, તોય ન્યૂન છે અને માનસી પૂજા કરે છે તોય ન્યૂન છે.'' પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરતો હોય અથવા માનસી પૂજા કરતો હોય તે ભક્ત કયે લક્ષણે કરીને ઓળખાય?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેને ભગવાનની પૂજા-સેવાને વિષે તથા કથાવાર્તા, કીર્તનને વિષે અતિશય શ્રદ્ધા હોય તથા ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજતો હોય ને એ બે વાનાં દિવસે દિવસે નવા ને નવા જ રહેતા હોય, પણ ક્યારેય ગૌણ ન પડે, જેમ મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રદ્ધાને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે, પણ ગૌણ પડ્યું નથી; એ બે લક્ષણે કરીને તે ભક્તને ઓળખવો. અને એવી રીતે માહાત્મ્ય ને શ્રદ્ધા વિનાના સર્વે યાદવ શ્રીકૃષ્ણ ભગવાન ભેળા જ રહેતા અને જેમ બીજા રાજાની સેવાચાકરી કરે તેમ સેવાચાકરી કરતા તો પણ તેનું કોઈ નામ જાણતું નથી અને તે ભક્ત પણ કહેવાયા નથી. અને ઉદ્ધવજી જો શ્રીકૃષ્ણ ભગવાનની શ્રદ્ધા માહાત્મ્યે સહિત સેવાચાકરી કરતા તો તે પરમ ભાગવત કહેવાયા અને તેની શાસ્ત્રમાં તથા લોકમાં અતિશય પ્રસિદ્ધિ છે.''

પછી નિર્વિકારાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ! શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કાર તે કેને કહેવાય?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "શ્રોત્રે કરીને વાર્તા સાંભળવી તેને શ્રવણ કહીએ. અને જે વાર્તા શ્રવણ કરી હોય તે વાર્તાનો મને કરી વિચાર કરીને જેટલી વાર્તા ત્યાગ કર્યા યોગ્ય હોય તેટલીનો ત્યાગ કરે અને જેટલી વાર્તા ગ્રહણ કર્યા યોગ્ય હોય તેટલીનું ગ્રહણ કરે તેને મનન કહીએ. અને જે વાર્તા નિશ્ચય કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને રાતદિવસ સંભારવાનો જે અધ્યાસ રાખવો તેને નિદિધ્યાસ કરીએ. અને તે વાર્તા જેવી હોય તેવી ને તેવી જ ચિંતવન કર્યા વિના પણ સર્વે મૂર્તિમાનની પેઠે ઈદમ્ સાંભરી આવે તેને સાક્ષાત્કાર કહીએ. અને જો એવી રીતે આત્માનાં સ્વરૂપનું શ્રવણાદિક કર્યું હોય તો આત્મસ્વરૂપનો એવી રીતે સાક્ષાત્કાર થાય. અને જો ભગવાનનો એવો સાક્ષાત્કાર થાય છે, પણ મનન ને નિદિધ્યાસ એ બે કર્યા વિના કેવળ શ્રવણે કરીને સાક્ષાત્કાર થતો નથી. અને જો ભગવાનનાં સ્વરૂપનું દર્શન કરીને તેનું મનન અને નિદિધ્યાસ તે ન કર્યા હોય, તો લાખ વર્ષ સુધી દર્શન કરે તો પણ તે સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય; અને તે દર્શન તો કેવળ શ્રવણમાત્ર સરખું કહેવાય. અને જેણે ભગવાનનાં અંગેઅંગનું દર્શન કરીને પછી તે અંગેઅંગનું મનન ને નિદિધ્યાસ તે કર્યો હશે, તો તે અંગ આજે સહેજે સાંભરી આવતું હશે અને જે અંગનું દર્શનમાત્ર જ થયું હશે તો તે અંગને સંભારતો હશે તો પણ નહિ સાંભરતું હોય.

અને કેટલાક હરિભક્ત કહે છે જે, 'અમે તો મહારાજની મૂર્તિને ધ્યાનમાં બેસીને ઘણાય સંભારીએ છીએ તો પણ એકે અંગ ધાર્યામાં નથી આવતું, તો સમગ્ર મૂર્તિ તો ક્યાંથી આવે?' તેનું પણ એ જ કારણ છે જે ભગવાનની મૂર્તિનાં દર્શનમાત્ર કરે છે, પણ મનન ને નિદિધ્યાસ નથી કરતો, માટે કેમ ધાર્યામાં આવે? કાં જે, જે માયિક પદાર્થ છે તે પણ કેવળ દૃષ્ટિમાત્રે દેખ્યું હોય ને કેવળ શ્રવણમાત્રે સાંભળ્યું હોય અને તેને જો મનમાં સંભારી ન રાખ્યું હોય તો તે વીસરી જાય છે, તો જે અમાયિક ને દિવ્ય એવું જે ભગવાનનું સ્વરૂપ તે તો મનન ને નિદિધ્યાસ કર્યા વિના ક્યાંથી સાંભરે? માટે ભગવાનનું દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે, તો તેનો સાક્ષાત્કાર થાય, નહિ તો આખી ઉંમર દર્શનશ્રવણ કરે તો પણ સાક્ષાત્કાર થાય નહિ."

**॥ઇતિ વચનામૃતમ્ ॥૩॥ ॥૮૧॥**

## વચનામૃત ૪ : આત્મા-અનાત્માના વિવેકનું

સંવત્ ૧૮૭૭ ના શ્રાવણ વદી ૮ અષ્ટમીને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા ને મસ્તકે શ્વેત હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ! આત્મા-અનાત્માની ચોખી જે વિક્તિ તે કેમ સમજવી? જે સમજવે કરીને આત્મા-અનાત્મા એક સમજાય જ નહિ." પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "એક શ્લોકે કરીને અથવા બે શ્લોકે કરીને અથવા પાંચ શ્લોકે કરીને અથવા સો શ્લોકે કરીને અથવા હજાર શ્લોકે કરીને જે ચોખું સમજાય તે ઠીક છે; જે સમજાણા કેડે આત્મા-અનાત્માના એકપણાનો લોચો જ રહે નહિ અને ચોખું સમજાઈ જાય તે જ સમજણ સુખદાયી થાય છે અને ગોબરી સમજણ સુખદાયી થતી નથી. માટે એમ ચોખું સમજે જે, 'હું આત્મા તે મારા જેવો ગુણ દેહને વિષે એકેય આવતો નથી અને જડ, દુઃખ અને મિથ્યારૂપ જે દેહ તેના જે ગુણ તે હું ચૈતન્ય તે મારે વિષે એકેય આવતો નથી.' એવી વિક્તિ સમજીને ને અત્યંત નિર્વાસનિક થઈને ચૈતન્યરૂપ થકો પુરુષોત્તમ ભગવાનનું ચિંતવન કરે એવો જે જડચૈતન્યનો વિવેક તેને દ્રઢ વિવેક જાણવો. અને ઘડીક પોતાને આત્મારૂપ માને અને ઘડીક દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એને ગોબરો જાણવો, માટે એના અંતરમાં સુખ ન આવે. જેમ સુંદર અમૃત સરખું અન્ન હોય ને તેમાં થોડુંક ઝેર નાખ્યું હોય તો તે અન્ન સુખદાયી ન થાય, સામું દુઃખદાયી થાય છે, તેમ આઠે પહોર આત્માનો વિચાર કરીને એક ઘડી પોતાને દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એટલે એનો સર્વે વિચાર ધૂળમાં મળી જાય છે; માટે અત્યંત નિર્વાસનિક થવાય એવો ચોખો આત્મવિચાર કરવો.

અને કોઈકને એવો સંશય થાય જે, 'અત્યંત નિર્વાસનિહ નહિ થઈએ ને કાચા ને કાચા મરી જઈશું તો શા હવાલ થશે?' તો એવો વિચાર ભગવાનના ભક્તને કરવો નહિ અને એમ સમજવું જે, 'મરશે તો દેહ મરશે પણ હું તો આત્મા છું અને અજર-અમર છું માટે હું ટાળતાં ટાળતાં જો કાંઈક થોડી ઘણી વાસના રહી ગઈ તો જેવાં મોક્ષધર્મમાં નરક કહ્યાં છે તેવાં નરકની પ્રાપ્તિ થશે. તે નરકની વિગતિ, જે ભગવાનનો ભક્ત હોય તેને કાંઈ જગતની વાસના રહે તેને ઇન્દ્રાદિક દેવતાના જે લોક તેની પ્રાપ્તિ થાય ને તે લોકને વિષે જઈને અપચ્છરાઓ તથા વિમાન તથા મણિમય મહોલ એ આદિક જે વૈભવ તે સર્વે પરમેશ્વરના ધામની આગળ નરક જેવાં છે તેને ભોગવે છે, પણ વિમુખ જીવની પેઠે યમપુરીમાં જાય નહિ અને ચોરાશીમાં પણ જાય નહિ, માટે જો સવાસનિક ભગવાનના ભક્ત હશો તો પણ ઘણું થશે તો દેવતા થવું પડશે ને દેવતામાંથી પડશો તો મનુષ્ય થશો ને મનુષ્ય થઈને વળી પાછી ભગવાનની ભક્તિ કરીને ને નિર્વાસનિક થઈને અંત્યે ભગવાનના ધામને પામશો; પણ વિમુખ જીવની પેઠે નરક ચોરાશીને નહિ ભોગવો, એવું જાણીને ભગવાનનો ભક્ત હોય તેને વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહિ ને આનંદમાં ભગવાનનું ભજન કર્યા કરવું અને વાસના ટાળ્યાના ઉપાયમાં રહેવું અને ભગવાન ને ભગવાનના સંતના વચનમાં દ્રઢ વિશ્વાસ રાખવો."

**॥ ઇતિ વાચનામૃતમ્ ॥૪॥ ॥૮૨॥**

## વચનામૃત ૫ : અન્વય-વ્યતિરેકનું

સંવત્ ૧૮૭૭ ના શ્રાવણ વદી ૯ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "વાસનાની નિવૃત્તિ થયાનો એવો શો જબરો ઉપાય છે જે એક ઉપાયને વિષે સર્વે સાધન આવી જાય?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેને શ્રદ્ધા તથા હરિ અને હરિજનનાં વચનને વિષે વિશ્વાસ તથા ભગવાનને વિષે પ્રીતિ તથા ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય એ ચાર વાનાં જેના હૃદયમાં હોય તેની વાસના નિવૃત્ત થઈ જાય છે. તેમાં પણ જો એક માહાત્મ્ય અતિશય દ્રઢ હોય અને શ્રદ્ધા તથા વિશ્વાસ તથા પ્રીતિ એ ત્રણ દૂબળાં હોય તો પણ મહાબળવાન થાય છે અને માહાત્મ્ય વિનાની ભક્તિ જો ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે. જેમ દસ-બાર વર્ષની કન્યા હોય ને તેને ક્ષયરોગ થાય, પછી તે કન્યા યુવાન થયા મોર જ મરી જાય પણ યુવાન થાય નહિ, તેમ જેને માહાત્મ્ય વિનાની ભક્તિ હોય તે પણ પરિપક્વ થતી થતી, નાશ થઈ જાય છે. અને જેના હૃદયમાં માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તો બીજા કલ્યાણકારી ગુણ ન હોય તો પણ તેના હૃદયમાં સર્વે આવે છે. અને જો માહાત્મ્યે સહિત ભક્તિ જેના હૃદયમાં છે તોય પણ નહિ જેવા જ છે, કેમ જે અંતે નાશ પામી જશે. માટે એક માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત્ત થઈ જાય અને કલ્યાણકારી જે ગુણ તે સર્વે આવીને હૃદયને વિષે નિવાસ કરીને રહે. તે માટે માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે."

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "જીવ અન્વયપણે કેમ છે ને વ્યતિરેકપણે કેમ છે? અને ઈશ્વર અન્વયપણે કેમ છે ને વ્યતિરેકપણે કેમ છે? અક્ષર અન્વ્યપણે કેમ છે ને વ્યતિરેકપણે કેમ છે? અને પુરુષોત્તમ ભગવાનને અન્વયપણે કેમ જાણવા ને વ્યતિરેકપણે કેમ જાણવા? અને પુરુષોત્તમ ભગવાનને અન્વયપણે કેમ જાણવા ને વ્યતિરેકપણે કેમ જાણવા?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જન્મ મરણનું ભોક્તા એવું જે જીવનું સ્વરૂપ તે અન્વય જાણવું અને અછેદ્ય, અભેદ્ય, અવિનાશી એવું જે જીવનું સ્વરૂપ તે વ્યતિરેક જાણવું. અને વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ શરીરમાં એકરસપણે વર્તે એ ઈશ્વરનું અન્વય સ્વરૂપ જાણવું અને પિંડબ્રહ્માંડથી પર સચ્ચિદાનંદપણે કરીને જે નિરૂપણ કર્યું છે તે ઈશ્વરનું વ્યતિરેક સ્વરૂપ જાણવું. અને પ્રકૃતિપુરુષ જે પ્રેરક તે અક્ષરનું અન્વય સ્વરૂપ નથી, એક પુરુષોત્તમ ભગવાન જ રહે છે એ અક્ષરનું વ્યતિરેક સ્વરૂપ છે. અને બદ્ધ જીવ તથા મુક્ત જીવ એ બેનાં હૃદયમાં સાક્ષીરૂપ થકા રહ્યા છે અને બદ્ધપણું ને મુક્તપણું જેને અડતું નથી, તેમજ ઈશ્વરના ને અક્ષરના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે અને તે તે ઉપાધિ થકી રહિત છે એ પુરુષોત્તમનું અન્વય સ્વરૂપ છે અને જીવ, ઈશ્વર ને અક્ષર તે થકી પર જે અક્ષરાતીત સ્વરૂપ એ પુરુષોત્તમનું વ્યતિરેક સ્વરૂપ જાણવું. એવી રીતે અન્વય વ્યતિરેકપણું છે."

પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "ભગવાનનાં દર્શનનો જે મહિમા તથા ભગવાનનાં નામસ્મરણનો જે મહિમા તથા ભગવાનના સ્પર્શનો જે મહિમા તે ભગવાનના ભક્તને અર્થે છે કે સર્વે જીવને સારું છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "દાર્શનાદિકનો તો ભેદ જુદો જ છે તે કહીએ તે સાંભળો જે, જ્યારે એ દર્શનનો કરનારો ભગવાનનાં દર્શન કરે છે ત્યારે એનું મન છે તે દૃષ્ટિ દ્વારે આવીને તે સહિત દૃષ્ટિ જો દર્શન કરે તો તે દર્શન એવું થાય છે, જે વિસારે તોય પણ વીસરે નહિ. એવી રીતે મને સહવર્તમાન ત્વચા સ્પર્શ કરે તો તે સ્પર્શ પણ વીસરે નહિ. જેમ ગોપાંગનાઓનાં ભગવાન પ્રત્યે ભાગવતમાં વચન છે જે, 'હે ભગવન્! જે દિવસથી તમારાં ચરણનો સ્પર્શ થયો છે તે દિવસ થકી તમ વિના જે જે સંસારનાં સુખ છે તે અમને વિષ જેવાં લાગે છે.' એવી રીતે સર્વે જ્ઞાનઈન્દ્રિયે કરીને મને સહવર્તમાન જે દર્શન-સ્પર્શ-શ્રવણાદિક થાય છે તે કોઈ કાળે વીસરી જતાં નથી. જેમ અજ્ઞાની જીવ હોય તેણે મને સહવર્તમાન જે પાંચ જ્ઞાનઈન્દ્રિયો તેણે કરીને જે જે વિષય ભોગવ્યા હોય તે વિસારે તો પણ વીસરે નહિ, એવી રીતે ભગવાનનું પણ મને સહવર્તમાન જે દર્શનાદિક કરે છે, તેને જ દર્શનાદિક જાણવું. અને બીજાને તો દર્શન થયું છે તોય પણ ન થયા જેવું છે, કાં જે, જે સમે એણે દર્શન એને કાં તો એક દિવસમાં વીસરી જશે અથવા પાંચ દિવસમાં અથવા પચાસ દિવસમાં અથવા પાંચ વર્ષમાં જરૂર વીસરી જશે. પણ અંતે રહેશે નહિ. માટે જે માહાત્મ્ય જાણીને અતિશય પ્રીતિએ કરીને મને સહિત દૃષ્ટિ આદિક જ્ઞાનઈન્દ્રિયે કરીને દર્શન-સ્પર્શાદિક કરે છે તેને જ તેમનું ફળ છે. અને બીજાને તો જે પરમેશ્વરનાં દર્શનાદિક થાય છે તેનું બીજબળ થાય છે અને યથાર્થ મહિમા તો જે મને સહવર્તમાન દર્શનાદિક કરે છે તેને અર્થે છે."

॥ઇતિ વચ. ॥૫॥

## વચનામૃત ૬ : એક અવસ્થામાં બબે અવસ્થાનું, ચાર પ્રકારની વાણીનું

સંવત્ ૧૮૭૭ના શ્રાવણ વદી ૧૦ દસમીને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "એકએક

અવસ્થાને વિષે બીજી બે બે અવસ્થાઓ કેમ રહી છે?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "આ જીવાત્મા જે તે 'જેને વિષે રહીને વિષયભોગને ભોગવે છે' તેને અવસ્થા કહીએ. તે અવસ્થા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ પ્રકારની છે. તેમાં જે જાગ્રત અવસ્થા છે તે વૈરાજપુરુષની જે સ્થિતિઅવસ્થા તેનું કાર્ય છે ને સત્ત્વગુણાત્મક છે ને નેત્ર સ્થાનકને વિષે રહી છે. એવી જે જાગ્રત અવસ્થા તેને વિષે વિશ્વભિમાની નામે જે આ જીવાત્મા તે જે તે સ્થૂળ દેહના અભિમાને સહિત થકો દસ ઈન્દ્રિયો ને ચાર અંતઃકરણે કરીને વિવેક સહિત યથાર્થપણે પોતાનાં પૂર્વ કર્મને અનુસારે બાહ્ય શબ્દાદિક પંચવિષયના ભોગને ભોગવે છે, તેને સત્ત્વગુણપ્રધાન એવી જાગ્રત અવસ્થા કહીએ. અને એ જાગ્રતને વિષે જો એ જીવાત્મા ભ્રાંતિએ કરીને યથાર્થપણે બાહ્ય વિષય ભોગને ભોગવે છે તો તેને જાગ્રતને વિષે સ્વપ્ન કહીએ અને એ જીવાત્મા જે તે જાગ્રતને વિષે શોક તથા શ્રમાદિકે કરીને વિવેકે રહિત થકો જો બાહ્ય વિષય ભોગને ભોગવે છે, તો તેને જાગ્રતને વિષે સુષુપ્તિ કહીએ.

અને જે સ્વપ્ન અવસ્થા છે તે હિરણ્યગર્ભની જે ઉત્પત્તિ અવસ્થા તેનું કાર્ય છે ને રજોગુણાત્મક છે ને કંઠ સ્થાનકને વિષે રહી છે એવી જે સ્વપ્ન અવસ્થા, તેને વિષે તૈજસાભિમાની નામે જે જીવાત્મા તે સૂક્ષ્મ દેહના અભિમાને સહિત રહ્યો થકો ઈન્દ્રિયો અંતઃકરણે કરીને પૂર્વકર્મને અનુસારે સુખદુઃખરૂપ વાસનામય ભોગને ભોગવે છે, તેને રજોગુણપ્રધાન સ્વપ્ન અવસ્થા કહીએ. અને એ સ્વપ્નને વિષે એ જીવાત્મા જે તે જ્યારે જાગ્રતની પેઠે જ વિવેકે કરીને જાણતો થકો વાસનામય ભોગને ભોગવે છે ત્યારે તેને સ્વપ્નને વિષે જાગ્રત અવસ્થા કહીએ. અને એ સ્વપ્નને વિષે જણાણા જે વાસનામય ભોગ તેમને એ જીવાત્મા જે તે ભોગવતો થકો પણ જો જડપણે કરીને ન જાણે તો તેને સ્વપ્નને વિષે સુષુપ્તિ કહીએ.

અને જે સુષુપ્તિ અવસ્થા છે તે ઈશ્વરની જે પ્રલય અવસ્થા તેનું કાર્ય છે ને તમોગુણાત્મક છે ને હૃદય સ્થાનકને વિષે રહી છે, એવી જે સુષુપ્તિ અવસ્થા તે જ્યારે એ જીવને આવે છે ત્યારે ઈન્દ્રિયો અંતઃકરણની જે વૃત્તિઓ તથા વિષયભોગની વાસના તથા જ્ઞાતાપણું ને કર્તાપણું એ સર્વે કારણ દેહને વિષે લીન થઈ જાય છે. અને તે કારણ દેહનો અભિમાની જે પ્રાજ્ઞ નામે જીવાત્મા તેનું પ્રધાનપુરુષરૂપ સગુણબ્રહ્મના સુખલેશને વિષે અતિશય લીનપણું થઈ જાય છે તેને તમોગુણપ્રધાન સુષુપ્તિ અવસ્થા કહીએ. અને એ સુષુપ્તિને વિષે કર્મસંસ્કારે કરીને કર્તાવૃત્તિનું જે ઉત્પન્ન થવું તેને સુષુપ્તિને વિષે સ્વપ્ન કહીએ. અને જાગ્રત ને સ્વપ્નને વિષે જે પીડા તેના તાપ થકી વળી તે સુષુપ્તિના સુખને વિષે પ્રવેશ કરતી જે કર્તાવૃત્તિ તેના પ્રતિલોમપણાનું જે જ્ઞાન તેને સુષુપ્તિને વિષે જાગ્રત કહીએ. એવી રીતે એક એક અવસ્થાને વિષે બીજી બે બે અવસ્થાઓ રહી છે. અને એ જે અવસ્થાના ભેદ તેનું જે જ્ઞાન તે જીવાત્માને જે વાતે થાય છે અને વળી તે તે અવસ્થાને વિષે એ જીવને કર્માનુસારે જે ફળના પમાડનારા છે તેને તુર્યપદ કહે છે, અંતર્યામી કહે છે, દૃષ્ટા કહે છે, બ્રહ્મ કહે છે.

પછી વળી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "પરા, પશ્યંતી, મધ્યમા અને વખરી એ જે ચાર વાણી તેને કેમ સમજવી?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "એ વાર્તા તો બહુ મોટી છે ને અતિશય સૂક્ષ્મ છે અને શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધને વિષે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધજી પ્રત્યે કહી છે તેને સંક્ષેપે કરીને કહીએ તે સાંભળો જે, પ્રથમ ઉત્પત્તિકાળને વિષે પુરુષોત્તમ ભગવાન જે તે વૈરાજપુરુષના મસ્તકને વિષે રહ્યું જે સહસ્રદળનું કમળ તેને વિષે પ્રવેશ કરીને અક્ષરબ્રહ્માત્મક એવો જે નાદ તેને કરતા હવા. પછી તે નાદ જે તે સુષુમ્ણા માર્ગે કરીને તે વિરાટપુરુષના નાભિકંદ પ્રત્યે વ્યાપીને મહાપ્રાણે સહિત થકો ત્યાંથી ઊંચો વૃદ્ધિને પામતો હવો તેણે કરીને તે વિરાટપુરુષનું જે નાભિપદ્મ તે અધોમુખ હતું તે ઊર્ધ્વમુખ થતું હવું. એવી રીતે તે વિરાટપુરુષના નાભિકંદના વિષે જે નાદ થયો તેને પરાવાણી કહીએ અને તે પરાવાણી જે તે વેદની ઉત્પત્તિને અર્થે પોતે ભગવાને બીજરૂપે કરીને પ્રકાશી છે ને તેજના પ્રવાહરૂપ છે ને અર્ધમાત્રારૂપ છે. પછી તે પરાવાણી જે તે ત્યાં થકી તે વિરાટનાં હૃદયાકાશને પામીને પશ્યંતી નામે થતી હવી ને ત્યાં થકી કંઠદેશને પામીને મધ્યમા નામે થતી હવી ને ત્યાંથી તે વિરાટના મુખને પામીને વૈખરી સંજ્ઞાને પામતી હવી અને અકાર, ઉકાર ને મકાર એ ત્રણ વર્ણરૂપે થઈને પ્રણવરૂપે થતી હવી ને પછી બાવન અક્ષરરૂપે થઈને ચાર વેદરૂપે થતી હવી. એવી રીતે વિરાટપુરુષને વિષે પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર વાણી સમજવી.

હવે આ જીવના દેહને વિષે પણ ચાર વાણી કહીએ તે સાંભળો જે, એના એ પુરુષોત્તમ ભગવાન તે જીવને વિષે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે ને એ જીવની જે ત્રણ અવસ્થા તેને વિષે સ્વતંત્ર થકા અનુસ્યૂત છે એવા જે ભગવાન તે જ જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે અવતાર ધારે છે, ત્યારે એ જીવ જેતે તે ભગવાનના સ્વરૂપનું જે ધામ, ગુણ અને ઐશ્વર્ય તેનું વિવેક કરી દેખાડે તથા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ તેના ભેદને પૃથક્ક પૃથક્ક કહી દેખાડે એવી જે વાણી તેને પરાવાણી કહીએ. અને જે માયિક પદાર્થ તથા વિષય તેમને વિવેકે સહિત યથાર્થપણે કહી દેખાડે તેને વૈખરી વાણી કહીએ. અને પદાર્થને ને વિષયને ભ્રાંતિએ સહિત અયથાર્થપણે કહી દેખાડે તેને મધ્યમા વાણી કહીએ. અને એ પદાર્થને વિષયને અંધધંધ સરખું કહી દેખાડે ને કાંઈ સમજ્યામાં ન આવે તેને પશ્યંતી વાણી કહીએ. એવી રીતે જીવની જાગ્રત અવસ્થાને વિષે એ ચાર વાણીનું રૂપ સમજ્યામાં આવે છે અને સ્વપ્ન ને સુષુપ્તિને વિષે તો કોઈક સમાધિવાળાને એ ચાર વાણીનાં રૂપ સમજ્યામાં આવે પણ બીજાને સમજ્યામાં આવતાં નથી."

**॥ ઇતિ વચનામૃતમ્ ॥૬॥ ॥૮૪॥**

# જીવદયા માટે ઇસ્લામનો ઉપદેશ અને આદેશ

• કબીર સી. લાલાણી •

પવિત્ર કુરાન જેટલું જ મહત્ત્વ ધરાવતા પયગંબર હઝરત મુહંમદ સલ્લાહો અલયહે વસલ્લમ (સ.અ.વ.) ના મુબારક કથનોને હદીસે નબવી કહેવામાં આવે છે. હદીસને હુઝૂરે અનવર (સ.અ.વ.) ના આચરણો, વ્યવહાર, સુકૃત્યોને કહેવામાં આવે છે. જ્યારે કુરાન કરીમ એ અલ્લાહની વાણી છે અને તે હુઝૂર (સ.અ.વ.) પર લગભગ ત્રેવીસ વર્ષના સમયગાળા દરમિયાન કટકે કટકે નાઝિલ થઈ છે. કુરાને મજીદ તેમ જ હદીસ શરીફમાં જીવદયા અંગે અનેક આદેશ ઉપદેશ, હિદાયત ફરમાવવામાં આવ્યા છે. આપણે આ લેખમાં જીવદયા વિશેના હદીસે નબવીના થોડા કથનોને જોઈએ.

★ એક વખત દયાના સાગર, વિશ્વકૃપાનિધિ, હુઝૂરે અનવર સહાબી (સાથી, સંગાથી) ઓને ફરમાવ્યું - 'એક માણસ રસ્તા પર જઈ રહ્યો હતો. તેને સખ્ત તરસ લાગી. તેણે એક કૂવો જોયો. કૂવામાં ઉતરીને તેણે પાણી પીધું. પછી તે બહાર આવ્યો, ત્યારે તેણે એક શ્વાન (કૂતરો) જોયો, જેની જીભ સખ્ત તરસને લીધે બહાર આવી ગઈ હતી. આ માણસને શ્વાનની તરસનો ખ્યાલ આવી ગયો. તે ફરીથી કૂવામાં ઉતર્યો અને પોતાનાં મોજાં પલાળીને મોઢામાં બે હોઠો વચ્ચે મૂક્યાં. બંને હાથથી ચઢીને તે ઉપર આવ્યો તે મોજામાંથી તરસ્યા શ્વાનને તેણે પાણી પીવડાવ્યું. અલ્લાહ તઆલાએ તેની આ દયાભાવના જોઈને તેને બક્ષી દીધો.' તે વખતે બેઠેલા સહાબા (સાથીદારો) એ અરજ ગુજારી પ્રશ્ન કર્યો - 'યા અલ્લાહના રસૂલ (સ.અ.વ.)! શું આ ચાર પગાં પ્રાણીઓમાં અમારે માટે પુણ્ય રાખ્યું છે?' હુઝૂરે ફરમાવ્યું 'પ્રત્યેક જીવંત પ્રાણીમાં તમારા માટે બદલો છે' (અર્થાત્ પુણ્ય, સવાબ છે.)

★ અરબ લોકોમાં અજ્ઞાનકાળમાં ઘણા જુલ્મી રિવાજો હતા. નવાબીએ કરીમ (સ.અ.વ.) તેવા ક્રૂર રિવાજોને બંધ કરાવી દીધા. ઊંટના ગળામાં ભારે પટ્ટો (જેને અરબી ભાષામાં 'કિલાદા' કહેવામાં આવ છે.) લગાવવાનો અરબસ્તાનમાં રિવાજ હતો. આપ હુઝૂરે તે રિવાજ બંધ કરાવ્યો અને ફરમાવ્યું કે આ પટ્ટાથી એક પ્રાણીને વિના કારણે કષ્ટ સહેવું પડે છે.

★ રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવ્યું - 'જાનવરોની પૂંછડીનાં બાલ અને ગરદનના બાલ કાપવા નહીં.' આપે સમજાવ્યું કે 'પૂંછડી એ તો જાનવરની પીંછી છે, જેનાથી તે તેના શરીર પરના જીવ-જંતુને ઉડાડે છે અને ગરદનના બાલ (જેને અરબલોકો 'અયાલ' કહે છે.) તો જાનવર માટે 'લીહાફ' (બખ્તર) છે.'

★ અરબ દેશમાં અજ્ઞાન કાળમાં, જાનવરને બાંધી દઈ, તેના પર તીરંદાજી કરવામાં આવતી હતી. આ નિર્દય પ્રથાને હઝૂરે કરીમ (સ.અ.વ.) બંધ કરવાનો હુકમ ફરમાવ્યો.

★ એક પ્રવાસમાં હુઝૂરના સહાબાઓએ એક પક્ષીનાં બે બચ્ચાં પકડી લીધાં. આપે જોયું કે તે બચ્ચાની મા આંટાફેરા મારીને ચિચિયારી કરી રહી છે. આપ રસુલ્લાહે હુકમ ફરમાવ્યો કે - 'આ પક્ષીના બચ્ચાં તેને પાછા આપી દો.'

★ એક સહાબી હઝરત ઉસ્માન બીન હબ્બાને એક માંકડને પકડીને આગમાં નાખી દીધો. હુઝૂરે ફરમાવ્યું - આગનો માલિક અલ્લાહ છે. તેના સિવાય બીજો કોઈ આગની સજા કરી શકે નહીં.' ■

## પર્યુષણ પર્વની લાક્ષણિકતા

(અનુસંધાન : પાના નં.-૨૬ ઉપરથી ચાલુ)

થવું, દેદીપ્યમાન થવું તે તપ છે. સમ્યગ્ દર્શન થયા પછી અકષાય સ્વભાવના જોરે આહારની ઈચ્છા તૂટી સ્વરૂપમાં સ્થિરતા થાય તે તપ છે. અંદર જ્યાં આવી સ્થિતિ હોય ત્યાં વચ્ચે અશુભમાં ન જવા માટે, અનશન વિ. બાર પ્રકારના શુભ ભાવને તપ કહેલ છે, તે ઉપચારથી છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે રોટલા છોડવા તે તપશ્ચર્યા નથી, પણ સ્વભાવમાં રમણતા થતાં રોટલા સહજ છૂટી જાય તે તપ છે. અને અંતરની લીનતામાં જે આનંદ તે તપશ્ચર્યાનું ફળ છે.

વિશેષ મહત્ત્વપૂર્ણ અને અધિક ધ્યાન દેવા યોગ્ય વાત આ છે કે ક્ષમાયાચના અને ક્ષમાદાન એ બંને વૃત્તિ હૃદયને હળવું કરનારી ઉદાત્ત વૃત્તિ છે. વેરભાવને મટાડી પરમશાંતિ આપવાવાળી છે. આપણે સ્વયંને પણ ક્ષમા કરીને પોતામાં જ રમણ કરી, લીન થઇ ઠરી જઈએ અને અનંત શાંતિનો સાગર એવા નિજ શુદ્ધાત્મ તત્ત્વમાં નિમગ્ન થઈ અનંત આનંદમાં લીન થઈએ.

*"ખામેમિ સર્વ જીવા, સર્વે જીવા ખમન્તુ મે,*
*મિત્તીમે સર્વભૂએસુ, વૈરં મઝમ્ કેણ વિ."*

સર્વ જીવોને હું ક્ષમા કરું છું, સર્વ જીવો મને ક્ષમા કરો. સર્વ જીવો સાથે મારે મૈત્રીભાવ રહો, કોઈથી પણ વેરભાવ ન હો. શાંતિ! શાંતિ! શાંતિ!

*એ-૬૦૧, 'સમૃદ્ધિ'*
*માર્વે રોડ, મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪.*

# તીર્થ — હિમાલયની દેવભૂમિનું પવિત્ર સ્થાન બદરીનાથ

• ભૂપેન્દ્ર શાહ •

ઉત્તરખંડની પુણ્યભૂમિમાં કેવાં કેવાં સુંદર સ્થાનો છે. તેમાં બદરીનાથ હિમાલયની દેવભૂમિનું પવિત્ર સ્થાન છે. અલકનંદાના પવિત્ર કિનારે બદરીનાથ તીર્થ ૩૧૧૦ મીટરની ઊંચાઈએ આવેલું છે. આદ્યગુરુ શંકરાચાર્ય દ્વારા પ્રસ્થાપિત ચારધામ પૈકીનું પાવનધામ બદરીનાથ અર્થાત્ જ્યોતિર્મઠ છે. જેમ શિવજી સદાય કાશીમાં રહે છે તેમ ભગવાન વિષ્ણુ સદાય સાક્ષાત્ બદરીનાથમાં બિરાજમાન છે.

હિંદુ સંસ્કૃતિનો મૂળ આધાર ચાર વેદ : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ છે. ત્યારબાદ હિંદુ સંસ્કૃતિ ચાર વર્ણોમાં વહેંચાયેલી છે. જે બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય અને શુદ્ર ત્યાર પછી માનવજીવન ચાર આશ્રમોમાં વિભાજિત થયેલું છે.

આ આશ્રમો ક્રમશઃ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ છે. દિશાઓ પણ ચાર છે : પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ. આ ચાર દિશાઓના ચાર ખૂણા આવેલા છે : ઈશાન અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય. ચાર દિશાઓમાં હિંદુ સંસ્કૃતિના મુખ્ય ચારધામ આવેલાં છે. જે અનુસાર પૂર્વમાં જગન્નાથજી, પશ્ચિમમાં દ્વારિકા, ઉત્તરમાં બદરીનાથ અને દક્ષિણમાં રામેશ્વરમ.

આમાં પ્રતિસ્થાપિત દેવતાઓ ચાર વેદના સ્વરૂપે છે. જેમ કે પૂર્વમાં જગન્નાથજી અથર્વવેદ, પશ્ચિમમાં દ્વારિકાધીશ સામવેદ, ઉત્તરમાં ભગવાન બદરીનાથ યજુર્વેદ અને દક્ષિણમાં રામેશ્વર ઋગ્વેદના પ્રતીક છે. એટલા માટે તીર્થ અનેક છે પરંતુ ધામ ચાર જ છે.

પૌરાણિક કથાનુસાર ભગવાન વિષ્ણુ ધ્યાનયોગમાં લીન થવાથી ચિંતાતુર લક્ષ્મીજીએ તાપ, શીતલહેરો તથા હિમવર્ષાથી તેમનું રક્ષણ કરવા બદરીવૃક્ષ એટલે બોરડીનું વૃક્ષ બનીને વિશાળ છાયામાં તેમને સુરક્ષિત કરી લીધા. સમય જતાં આ વૃક્ષમાંથી રસ ઝરતાં ભગવાન વિષ્ણુ ધ્યાનભગ્ન થયા. નેત્ર સમક્ષ સ્વયં લક્ષ્મીજીને બદરીવૃક્ષ બની છાયા પાથરતાં નિહાળી અતિ ભાવવિભોર બની ગયા અને વરદાન દેતાં કહ્યું કે, આ સમગ્ર ક્ષેત્રમાં તમારી પૂજા થશે. તમારું નામ પણ મારી સાથે જોડાઈને બદરી નારાયણ અર્થાત્ બદરી (લક્ષ્મીજી) નાથ (નારાયણ). તેથી જ આ ક્ષેત્ર બદરીનાથ તરીકે પ્રસિદ્ધ છે.

બદરીનાથની યાત્રાના ચિરપરિચિત, સર્વસુલભ પથ પરથી પસાર થતા યાત્રિકોને જુદા જુદા તીર્થો અને સુંદર સ્થાનોનાં દર્શનનું સૌભાગ્ય સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થતું હોય છે. ચારે બાજુ અનુપમ કુદરતી સૌંદર્ય તથા હિમાલયની તપોભૂમિ જાણે પૃથ્વી પર સ્વર્ગ ઊતરી આવ્યું હોય! બદરી નારાયણની જમણી બાજુ ગણપતિ તથા યક્ષરાજ કુબેરજી તથા ડાબી તરફ નારાયણ, મધ્યમાં નારદજી અને ગરુડજીની પાસે ઉદ્ધવજી અને લક્ષ્મીજીની મોહક મૂર્તિઓ છે. સાથે સાથે પંચબદરીનું મહત્ત્વ પણ છે. બદરીનાથ મંદિર પાસે જ તપ્તકુંડ આવેલ છે. જ્યાં ગરમ પાણીમાં સ્નાન કરી મંદિરમાં સેવાપૂજા માટે જઈ શકાય છે. તપ્તકુંડમાં સ્નાન કરવાથી પાપોનો નાશ થાય છે.

અતિશય ઠંડી તથા હિમવર્ષાને લીધે મંદિર લગભગ છ મહિના બંધ રહે છે. તે દરમિયાન આશરે ૨૮ કિ.મી. નીચે આવેલા જ્યોતિર્મઠ કે જોષીમઠમાં પૂજા થાય છે. મે મહિનાની ૧૫મી તારીખની આસપાસ બદરીનાથનું મંદિર ઊઘડે છે અને દિવાળી પછી બરફ પડવાથી બંધ થાય છે. દર વરસે આશરે ૭૦ થી ૮૦ હજાર યાત્રિકો એનાં દર્શને આવે છે. ઋષિકેશથી બદરીનાથ ૩૧૫ કિ.મી.ના અંતરે આવેલું છે. રસ્તામાં દેવપ્રયાગનું સુંદર તીર્થસ્થાન આવેલું છે.

### • કેવી રીતે જવાય?

ઋષિકેશથી બદરીનાથનો યાત્રામાર્ગ શરૂ થાય છે. ઋષિકેશથી જોશીમઠ થઈ બદરીનાથ સુધી મોટરમાર્ગ છે. ઘણા યાત્રિકો જોશીમઠથી પગપાળા પણ યાત્રા કરે છે. ઘણા યાત્રિકો ઘોડા ઉપર બેસીને પણ યાત્રા કરે છે. આખા રસ્તે નાની-મોટી ધર્મશાળાઓ ભાવે છે. ■

## મંઢો સોનંગ

(અનુસંધાન : પાના નં.-૨૫ ઉપરથી ચાલુ)

પૂરી થયા પછી ચોટાકુમાર રાજગાદીએ બેઠો. આ વખતે તેણે બ્રાહ્મણ-ચારણો વગેરેને ઘણાં દાન આપ્યાં. જમાડવાનો અને દાન આપવાનો પણ કોઈ વાર સમય આવતો હોય છે. આ સમયે જે કાયર થઈને કશું કર્યા વિના બેસી રહે તે જીવનની તક ચૂક્યો કહેવાય. ચોટાએ સોનંગને દાન માગવા કહ્યું. તેણે સો કેવરી ઘોડીઓ માગી. ચોટાની અશ્વશાળામાં સવાસો કેવરી ઘોડીઓ હતી. તેણે તરત જ સવાસો ઘોડીઓ સોનંગને દાનમાં આપી દીધી. ચોટાની ઉદારતાથી સોનંગનું કામ થઈ ગયું.

સવાસો ઘોડીઓ લઈને સોનંગ દડમજલ કરતો પોતાના ગામ રાજથળી આવી પહોંચ્યો. હવે સસરાને વચન પાળ્યા વિના છૂટકો ન હતો. આખું ગામ મંઢા સોનંગ તરફ થઈ ગયું. પણ પેલી રૂપાળી કન્યાનું શું? કન્યાઓનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ અને વ્યક્તિત્વ નથી હોતું. તેઓ તો દોરે ત્યાં જાય. તે પણ હવે લગ્ન માટે તૈયાર થઈ ગઈ. મંઢા સોનંગનાં લગ્ન ધામધૂમથી થઈ ગયાં. જીવનભર તેણે સપડ દાતાર અને ઓઢા જામનાં કવિતો રચીને તેમના ગુણ ગાયા. ■

સંસ્કૃતિ

# ઇતિહાસી ઘટનાઓ અને સતર્કતા

• ડૉ. રસેશ જમીનદાર •

## ઈતિહાસી કલાકૃતિઓનું ચોરી કૌભાંડ

માનવસ્વભાવ મરણાંતે બદલાશે કે કેમ તે શાશ્વત પ્રશ્ન છે. મહાભારત કાળના સમયથી આજ પર્યંત 'સ્વભાવે વર્તે છે પ્રાણી' ની પરંપરા અક્ષુણ્ણ રહી છે. માનવની માનસિકતા ઝડપથી અને સદ્ય ધનવાન થવાની છે. કામચોરીમાં એ પાવરધો થતો જાય છે. દિલચોરી વિશે કશું જ કહેવું અઘરું છું. રાતોરાત કરોડપતિ થવાની હોંશમાં ગમે તેવાં કામ કરતાં માનવસ્વભાવ અચકાતો નથી. સ્વજનપ્રેમને કારણે મહાભારત કાળથી-કહો કે યુગથી - અદ્યાપિ આપણને પ્રસંગોપાત ધૃતરાષ્ટ્ર ગાંધારી-દુર્યોધન-શકુનિ જેવાં પાત્ર વારંવાર આપણને અથડાતાં રહે છે. ચોરીકૌભાંડ પણ એક શાશ્વતી માહોલ છે. આપણે આંતરરાષ્ટ્રીય શબ્દથી પોંખીએ તો એ વૃત્તિ દાણચોરીની છે. દાણચોરી હોય ત્યાં નીતિમત્તા ગેરહાજર કે ઘેરહાજર રહે છે. નાણાંની ભરમારથી પરિવારજનો ખુશ રહે છે પણ એ નાણાં ના સ્રોત પરત્વે તેઓ આંખમિંચામણાં કરે છે. એમને સહુને ટપટપ સાથે કામ છે, કારણ કે કર્મ સાથે કોઈ નિસ્બત નથી. નાણાંની હેરાફેરીના માહોલમાં સંસ્કાર કે સંસ્કૃતિને કેટલું નુકસાન થશે કે ઈતિહાસી ઘટના-પ્રસંગ-બનાવને આથી શું નુકસાન થશે એની દાણચોરોને કશી પરવા હોતી નથી. ક્યારેક કોઈ કારણવશાત્ દાણચોરી પકડાય છે અને દાણચોરો સપડાય છે પણ રાજકારણના દોરીસંચારથી બધું થાળે પડી જાય છે. જાહેર માધ્યમોના થોડા ઉધામા પરપોટાની જેમ પાછા શાશ્વત થઈ જાય છે. આ પરત્વે બંધ બેસતી પાઘડી કોઈને પણ પહેરવાની છૂટ છે.

આટલી ભૂમિકા એ સબબ લખાઈ કે હમણાં ૨૦૧૬ ના જૂનના પૂર્વાર્ધમાં આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીના પ્રયાસથી ૨૦૦ લાખેણી કલાકૃતિઓ આપણને પરત પ્રાપ્ત થઈ અને રાષ્ટ્રના વિરાસતી વૈભવને સમૃદ્ધિ હાથ વગી થઈ. આપણા દેશમાંથી ઘણાં વર્ષ પૂર્વે આ કલાકૃતિઓ દાણચોરી મારફતે વિદેશમાં, કહો કે અમેરિકામાં પગ કરી ગઈ હતી. બધી કલાકૃતિનો સ્વયંનો અનોખો ઈતિહાસ છે. અહીં આપણે કેવળ ચારનો વિશેષ નિર્દેશ કરીશું. જે કલાકૃતિઓ અમેરિકાએ ઔદાર્યપૂર્ણ રીતે આપણને પરત કરી તે પણ સાધુવાદને પ્રાપ્ત છે. આ બધી મૂર્તિઓ આપણા દેશનાં દેવાલયોમાંથી ચોરાઈ હતી. અમેરિકા પાસે આ બધી વૈભવી વિરાસત કેવી રીતે પહોંચી તે જાણવું રહ્યું.

ત્યાં 'ઓપરેશન હિડન ચાઈલ્ડ' ની એક કાનૂની પ્રક્રિયા છે જે અંતર્ગત આમાંની ઘણીખરી અમેરિકાની વિરાસતવિદોએ હાથ કરી હતી. 'હોમલેન્ડ સિક્યુરિટી ઈન્વેસ્ટિગેશન' ના કર્મશીલને બાતમી મળી કે સાત ખોખાં ભરેલી અલભ્ય-દુર્લભ એવી કલાકૃતિઓ એક દરિયાઈ જહાજથી 'માર્બલ ગાર્ડન ટેબલ સેટ્સ' ના નામે આવી રહી છે. તપાસ અધિકારીએ ગતિશીલ થઈને આ ખોખાં કબજે કર્યા જે સુભાષ કપૂર નામના માણસે આયાત કર્યા હતાં. આ માણસ અમેરિકામાં આર્ટલ ડિલર તરીકે કાર્યરત હતો. હોમલેન્ડ સિક્યુરિટી ઈન્વેસ્ટિગેશન તરફથી આ માણસના આયાતી કારભાર ઉપર નજર રખાઈ હતી. સદ્ભાગ્યે સુભાષ કપૂર નામનો આ દાણચોર આપણા દેશમાં સળિયા પાછળ હવા ખાઈ રહ્યો છે. તેના ઉપર અદાલતી કાર્યવાહી થશે. ભારત ઉપરાંત અન્ય દેશોમાંથી ઈતિહાસી મૂર્તિઓ ચોરવાનો આરોપ છે. (સૌજન્ય : દિવ્ય ભાસ્કર, ૮-૬-૨૦૧૬)

૨૦૦ જેટલી જે મૂર્તિઓ અમેરિકાએ આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સૌજન્યતાથી પરત કરી તેમાં પાંચ કલાકૃતિઓની માહિતી અહીં પ્રસ્તુત છે.

તમિલનાડુના એક મંદિરમાંથી, આશરે હજાર વર્ષ પુરાણી ગણેશજીની મૂર્તિની ચોરી થઈ હતી. આ મૂર્તિ કાંસામાંથી નિર્માણ પામેલી છે. બીજી ધ્યાનાર્હ કલાકૃતિ છે સંત મણિકાવી ચાવકરની જે પણ તમિલનાડુના સિવાન મંદિરમાંથી ચોરાઈ હતી. આ મૂર્તિની અંદાજિત કિંમત દસ કરોડ હોવાનું કહેવાયું છે. તમિલનાડુમાંથી ચોરાયેલી વધુ એક કલાકૃતિ છે પાર્વતીજીની. આ મૂર્તિ ચોલા રાજવંશના સત્તાકાળમાં નિર્માણ પામી હતી. આશરે બારમી સદીની આ મૂર્તિ તાંબું તેમ જ મિશ્ર ધાતુમાંથી તૈયાર થઈ હતી. બાહુબલીની ઊભી મૂર્તિ ૧૪મી સદીની છે અને પિત્તળમાંથી એની રચના કરાઈ આ મૂર્તિ કર્ણાટકના મંદિરમાંથી ચોરાઈ હતી. લાલ ખરતા પથ્થરમાંથી તૈયાર થયેલી ૧૨મી સદીની આ મૂર્તિ પુરુષદેવની છે, જે મધ્યપ્રદેશના ખજૂરાહોના મંદિર સંકુલમાંથી ચોરાઈ હતી.

## • વધતી દરિયાઈ સપાટી અને ઇતિહાસી સ્થળો :

વિજ્ઞાનની મદદથી અને શોધકાર્યથી માનવજાત કુદરતી પ્રક્રિયા ઉપર ગમે તેટલો કાબૂ અંકે કરે તો પણ કુદરતની પ્રકૃતિની લીલા આગળ માનવ પુરુષાર્થ વામણો જ રહેવાનો. જાણીતી કહેવત છે કે 'માનવ મથામણ કુદરતની કરામત' આગળ કોઈ વિશાતની નથી. માણસ ધારે છે કંઈ જુદું અને ઈશ્વર વિચારે છે કંઈ અલગ. આવી

દહેશત હમણાં વિજ્ઞાનીઓએ, વિરાસતી કર્મીઓએ, સ્થપતિઓએ અને શાણા કર્મશીલોએ વ્યક્ત કરી છે. એપ્રિલ ૨૦૧૬ના બીજા સપ્તાહ દરમિયાન આ બધા તજજ્ઞો Rhode Island ના New Portમાં ચર્ચાવિચારણા સારુ એકત્રિત થયા હતા. ચર્ચાનો મુખ્ય મુદ્દો હતો દરિયાની વધતી જતી સપાટીથી વિરાસતી વૈભવી સ્થળોને થનાર નુકસાનને કેવી રીતે પહોંચી વળવું અને ઈતિહાસી સ્થળોને સુરક્ષા બક્ષવી. વિજ્ઞાનીઓનું અનુમાન છે કે ઈસવીસન ૨૧૦૦ સુધીમાં દરિયાઈ પાણીનું લેવલ થોડાક ઈંચથી થોડાક ફૂટ સુધી વધવાની શક્યતા છે. પરિણામે દરિયાકાંઠે સ્થિત ઈતિહાસી સ્મારકો-શહેરો-સ્થળો નુકસાનના-વિનાશના પરિઘમાં આવી શકે છે. ઈતિકૃતિવિદો, પુરાવિદો, સ્થાપત્યવિદો, પર્યાવરણવિદો, વિજ્ઞાનીઓ આવનાર પડકારનો સામનો કરવા વિચારી રહ્યા છે. ન્યૂ પોર્ટ રેસ્ટોરેશન ફાઉન્ડેશનના કર્મશીલ Margot Nishimura પ્રસ્તુત મિટિંગના નિમંત્રક હતા. 'યુનિયન ઑફ કન્સન્ર્ડ સાયન્ટિસ્ટ્સ' ના કર્મશીલ Adam Marlcham ના જણાવ્યા મુજબ વધારે ભયસ્થાનો ઉત્તર અમેરિકાના પૂર્વકાંઠે આવેલાં છે જ્યાં વિશ્વ સમસ્તમાં દરિયાઈ સપાટી વધવાનું પરિમાણ સવિશેષ છે.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ આવાં ભયસ્થળ છે : લંડનનું ટાવર, ઈટલીનું વેનિસ, ફ્રાન્સમાં Mont Saint-Michel, અલજીરિયાનું Kasbah, કેનેડાનું Old Quebec, ક્યૂબાનું Old Harana, ઈટલી સ્થિત પોમ્પેઈનાં પુરાવસ્તુ સ્થળો અને યુનિશિયાનું કાર્થેજ.

આ ઉપરાંત અમેરિકાનાં ઈતિહાસી સ્થળોમાં સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી ઈતિહાસી બૉસ્ટન શહેર, અન્નાપોલિસ, જેમ્સ ટાઉન અને હવાઈ.

સ્ટેચ્યૂ ઓફ લિબર્ટી ન્યૂયોર્ક બંદર ઉપર સ્થિત છે. અહીં આવેલો ઍલિસ ટાપુ પણ પ્રવાસીઓને આકર્ષે છે. ૨૦૧૨માં મોટા વંટોળને કારણે સ્ટેચ્યૂ ઓફ લિબર્ટીના છેક નીચેનો ભાગ રેતીથી ઢંકાઈ ગયો હતો. ઍલિસ ટાપુની પણ આવી દશા થઈ હતી. ફ્રાન્સના લોકોએ ૧૮૮૬માં અમેરિકાને આ સ્વાતંત્ર્યની દેવીની પ્રતિભા ભેટ આપી હતી. પણ ભારે વાવાઝોડાને કારણે પ્રતિમા આઠ મહિના માટે પ્રવાસીઓ માટે બંધ રખાઈ હતી. નેશનલ પાર્ક સર્વિસના એક અહેવાલ મુજબ આશરે ૧.૫૧ બિલિયન ડોલરની આ પ્રતિમા દરિયાઈ સપાટીના વધવાથી જોખમી સ્તર ઉપર છે.

બૉસ્ટન એક ઈતિહાસી નગરી છે. આ નગરીનો ઘણો મોટો ભાગ પાણીની સમાંતર છે. દરિયાની પાણીની વધતી સપાટીથી આ શહેર પણ જોખમી સ્તરે ઊભું છે, ખાસ કરીને Faneuil હોલ, બજાર ઈમારત વગેરે.

અન્નાપોલિસ એ મેરીલૅન્ડનું મુખ્ય શહેર છે, રાજધાની છે અને અમેરિકી દેશની ૧૮મી સદીમાં નિર્માણ પામેલી ઈંટેરી ઈમારતોથી વિશેષ સુખ્યાત છે. ક્રાન્તિયુદ્ધ પછીના સમયગાળામાં બૉસ્ટન અમેરિકાનું મુખ્ય શહેર હતું.

જેમ્સટાઉન ૧૬૦૭માં નિર્માણ પામ્યું હતું. ઉત્તર અમેરિકામાં અંગ્રેજ કોલોનીનું આ કાયમી સ્થાન હતું. આ શહેરની મોટા ભાગની જમીન દરિયાઈ સપાટીથી ફક્ત ૩ ફૂટથી પણ ઓછી ઊંચાઈ ઉપર હોવાથી એ જોખમી નગર છે.

હવાઈ પણ અમેરિકાનું પ્રવાસીઓ વાસ્તેનું સ્વર્ગીય શહેર છે. વધતી જતી દરિયાઈ સપાટીથી અહીંના પુરાણાં સ્થળ ભયજનક જણાય છે; ખાસ કરીને પુરાણાં માછલી તળાવો જે રાષ્ટ્રીય ઈતિહાસી સ્થાન Pu'ukohola Heiau પાસે છે.

સરવાળે કુદરતની લીલા આગળ માનવબુદ્ધિ અને વિજ્ઞાની શોધકાર્ય વામણાં પુરવાર થાય છે તેના થોડા નમૂના. ભારતે પણ આ બાબતે સતર્ક થવાની જરૂર છે.

## વર્ષાગાન

*– કાકાસાહેબ કાલેલકર*

ગરમીની ઋતુ ભૂમિમાતાની તપશ્ચર્યા છે. જમીન ફાટે ત્યાં સુધી પૃથ્વી ગરમી વેઠવાની તપશ્ચર્યા કરે છે અને આકાશ પાસે જીવનદાનની પ્રાર્થના કરે છે. વૈદિક ઋષિઓએ આકાશને 'પિતા' અને પૃથ્વીને 'માતા' કહી છે. પૃથ્વીની તપશ્ચર્યા જોઇને આકાશપિતાનું મન પીગળે છે અને તે એને કૃતાર્થ કરે છે. પૃથ્વી બાલતૃણોથી સળવળી ઊઠેછે. ઊધઈને પાંખો ફૂટે છે અને બીજે દિવસે સવાર થતાં પહેલાં બધી મરી જાય છે. જમીન પર વિખરાયેલી એમની પાંખો જોઈને મને કુરુક્ષેત્ર યાદ આવે છે. મખમલાં જીવડાં જમીનમાંથી પેદા થઇ પોતાની લાલ રંગની બેવડી શોભા દેખાડીને લુપ્ત થઈ જાય છે. તેની સાથે મને તેમની જીવનશ્રદ્ધા વિશે કૌતુક થાય છે. ફૂલોની વિવિધતાને લજાવનાર પતંગિયાંની પાંખો જોઈને હું પ્રકૃતિ પાસે કલાની દીક્ષા લઉં છું. પ્રેમાળ લતાઓ જમીન પર વિચરવા લાગી, ઝાડ પર ચડવા લાગી અને કૂવાને તળિયે જવા લાગી કે મારું મન પણ તેમના જેવું કોમળ અને પ્રેમાર્દ બની જાય છે. એટલા માટે વરસાદમાં જેવી બાહ્યસૃષ્ટિમાં જીવનસમૃધ્ધિ દેખાય છે, તેવી હૃદયસમૃધ્ધિ મને પણ મળે છે અને વરસાદ ઓછો થતાં આકાશ સ્વચ્છ થાય ત્યાં સુધી મને એક પ્રકારની જીવનસિદ્ધિનો પણ લાભ મળે છે.

આજ કારણે મારે વર્ષાઋતુ બધી ઋતુઓમાં ઉત્તમ ઋતુ છે. આ ચાર મહિનામાં આકાશના દેવો ભલે સૂઈ જતા હશે, મારું હૃદય તો સતર્ક થઇને જીવે છે, જાગે છે અને આ ચાર મહિનાઓ સાથે હું તન્મય થઈ જાઉં છું. મધુરેણ સમપયેત – ને ન્યાયે વસંતઋતુનું છેવટે વર્ણન કરવા કાલિદાસે 'ઋતુસંહાર' પ્રારંભ ગ્રીષ્મઋતુથી કર્યો. હું જો 'ઋતુભ્યઃ'ની દીક્ષા લઉં અને મારી જીવનનિષ્ઠા વ્યક્ત કરવા માંડું તો વર્ષાઋતુથી એક પ્રકારથી પ્રારંભ કરીને બીજી રીતે વર્ષાઋતુથી જ સમાપ્તિ કરું.

***સૌજન્ય : "સંપર્ક"***

વાર્તા

# સાગવાનનું હૈયું

• 'સુકાની' •

ઈ.સ. ૧૯૪૪ની સાલ. ભયંકર બીજા મહાયુદ્ધનાં ચાર વર્ષ વીતી ગયાં હતાં. એ ચારેય વર્ષમાં દુનિયા-સારીની જહાજાત નષ્યપ્રાય બની ગઈ હતી. માલ અને માણસ, લાવલશ્કર અને સરંજામ, એ બધું સારવા જોઈતાં વહાણો અને આગબોટોની અગાગ તંગી ફેલાઈ રહી હતી. એ તંગીને પહોંચી વળવામાં દરિયાવરદી તમામ દેશોના વાડિયાઓની કસોટી થઈ રહી હતી. ઠેરઠેર નવા પઠાણો મંડાઈ રહ્યાં હતાં. એક ક્લાઈડ (સ્કૉટલાંડની નદી)ના વાડાઓમાંથી જ દર અઠવાડિયે સો આશરે જહાજો બંધાઈને કે સમારાઈને બહાર પડતાં હતાં. અમેરિકામાં હેન્રી કયઝરે તો મયદાનવી કરી દેખાડી હતી ને દર ચાર દિવસે અક્કેક જંગી જહાજ તરતું મેલવા માંડ્યું હતું! આવી અજબ વિશ્વકમાઈમાં હીણભાગી એક આપણું હિંદુસ્તાન જ રહી ગયું. અહીં તો વહાણો બાંધવાની જ ગોયા મનાઈ કરવામાં આવી. લડાઈના હંગામનો લાભ ઉઠાવી ભારતવાસીઓ જહાજ બાંધવાના જબ્બર વાડાઓ જો પગભર કરી લે તો ભાવિમાં ટેમ્સ અને વૅઅર, હમ્બર અને ટાઈન અને ટીઝ અને ક્લાઈડનાં વાડિયાઓની રોજંદારીને આંચ આવી જાય, એ બીકે એ ઉદ્યોગને ભારતની કંઠારે તો જન્મતાં જ દાટી દેવામાં આવ્યો; છતાં ભારતીય પાણીમાં જહાજોની તંગી તો હતી જ. આગબોટો ગોતી મળે એમ નો'તું; એટલે દેશી વહાણો - અફસરી ઈબાદતનાં આ 'કંન્ટ્રી ક્રાફ્ટ' (એટલે કે 'ગામઠી વહાણો') — કંઈક જીવતાં થવા માંડ્યાં.

સૂરજ આડે અંધારા ઊતરી પડે ત્યારે દીવેલનાં કોડિયાં ઝગમગી ઊઠે તેમ આપણા કંઠારી પાણીમાં દંગી કોટિયા અને ધાઉ બતેલાનાં ઝુંડ ઝબૂકી રહ્યાં. લડાઈ પહેલાં સરપણાં ખાતે પણ માંડ ખપે એવાં વહાણો લાખોનો અસબાબ સારતાં થઈ ગયાં. સુવાણ તરી શકે એ તમામ ઠીઠાં, 'વહાણ'માં ખપી ગયાં. સાથેસાથે નવાં વહાણો મંડાવાં લાગ્યાં. ખુદ શાહી આરમાર જૂનાં-નવાં વહાણો ખરીદવા લાગી. ભંડકમાં સંચાઓ બેસાડી, એક-બે તોપો ચડાવી, વાંઢારકાઠીએ અસ્મારી ઝંડો ચડાવી, જાપાનીઓની જળવાટ ઉપર ધાઉ બતેલાની બરકંદાઝી ગીસત જાંબૂડી મારવા નીકળી પડી. એ વેળા ક્યાંક પચ્છમ કંઠારના નામચીન વાડિયાઓ ને ગજધરેનું ખમીર પણ ઝળકી ઊઠ્યું ને ક્યાંક ક્યાંક એમની કુનેહ ને કામિયાબીને દીપાવે એવાં ઉમદા વહાણો પણ તૈયાર થયાં. એવા એક તોખમી વહાણની આ અદ્‌ભુત ને સાચ્ચી અખાણી છે.

'ગૌરી પસા' એનું નામ. એના બંધાવનાર ગોધુશેઠ. એની બંધામણીમાં ગોધુશેઠે પોતાની ઘણીખરી મૂડી ખર્ચી નાખી. ઊંચામાં ઊંચું સાગ, સારામાં સારા ગજધર, મોંમાગ્યા દામે મૂલવેલા વાડિયા ને રાતદિવસની પંડની મહેનત. વહાણ ઉપર કઠેરા ચડી રહ્યા ત્યારે ઘડીભર જોનારની નજર થંભી જાય એવું વહાણ ખડું થયું.

ધોળે દિવસે તણખા ઉડાડતી લોખંડી નાળ નીચે ભારવટિયા વિખેરતું 'ગૌરી પસા' જ્યારે નવી નાળની પાનેલી છાતી ઉપર ઝોક લઈ ડોલવા લાગ્યું ત્યારે ગોધુશેઠે કોઈ ન જુએ તેમ ખેસથી આંખો લૂછી લીધી. ગજા ઉપરાંતની મૂડી વટાવીને બંધાવેલા એ વહાણ ભેગું એનું જ નહિ, પણ એના મા-વિહોણા એકના એક સંતાન ગૌરીનું પણ કિસ્મત તરતું મૂકાયું હતું. આમ તો ચાર પેઢીનો વેપાર હતો પણ સમાને બળે મેડી ઘસાઈ ગઈ હતી. લડાઈના સંજોગોનો ફાયદો હાંસલ કરવા વહાણવટું અજમાવવા હિંમત કરી. ટેવ્યા કરતાં બહુ વધારે મૂડી સલવાઈ ગઈ. હવે તો 'ગૌરી પસા' તારે કે 'ગૌરી પસા' ડુબાડે એવું થઈ રહ્યું.

અષાડી ચંદરે નવા વર્ષનાં ચોઘડિયાં વાગ્યાં ત્યારે અરજણ નાખવો શીખ લેવા પેઢીએ આવ્યો. ગોધુશેઠે પોતાને હાથે એને ગરભસૂતરુની પાઘ બાંધી. ગૌરીએ એને કપાળે કંકુનો ચાંદલો કર્યો. મુનીમે નવાંનક્કોર પાંચ પાંચિયાં અને સાકરનો પડો તથા શ્રીફળ નાખવાના હાથમાં મૂક્યાં. અરજણ જવા ઊભો થયો એટલે ગોધુશેઠે હળવેથી કહ્યું :

'અરજણ નાખવા, ફતેહ કરી ઝટઝટ પાછા આવજો. તમને ફક્ત વહાણ જ નથી સોંપ્યું, આ મારી સાત પેઢીની શાખ અને આ ગૌરીનું ભાવિ...'

ગોધુશેઠનો અવાજ ભારે થઈ ગયો. વધુ બોલવાની જરૂર પણ ન હતી. ચતુર નાખવો સમજી ગયો.

'ગોધુશેઠ, તું જુકાં જરાય મુંજાસ માં. તારો એ પેલપેલો વા'ણ છે પણ અમે તો ઈકોતેર પેઢીના નાખવા છિયે, શેઠિયા! અમે ઈમાન ચૂકિયે તો અમને ધરિયાલાલ પૂછે. તારો ત્રાંભિયો ખોટો નઈ કરિયે. આ નાંઢી અમારે પણ નિયાણી છે. એનાં કિસમતે ભરકત કરી આવસું ને ચૈતર ઊતરે પાછા નારમાં ભૂટકી રે'સું.'

આટલું કહી અરજણે નાળિયેર ને પડો ભેઠમાં ખોસ્યાં અને ગૌરીના હાથમાં એક પાંચિયું મૂકતોક ને બહાર પડ્યો.

તે દહાડે મોડી રાત સુધી ખારવી પરજમાં રાસરંગ જામ્યા. સાંજે ગોળભાતની દેગ ચડી હતી. પછી તો દારૂનાં ઘડિયાંઓ ઊથલ્યાં. નશામાં ભાન ભૂલેલી ખારવણોને બેફામ સૂતી મૂકી અરજણ અને એના સાથીદાર જવાનો સરી ગયા. ગોઝારાં સપનાંએ ઝબકી ઊઠેલી ખારવણો હાંફળી-ફાંફળી કાંઠે દોડી. પહોંચી ત્યારે તો 'ગૌરી પસા'ના શિરોટા પણ વિલાઈ ગયા હતા.

કરાંચીના ઘાસ બંદરે લંગર નાખી

અરજણે વહાણ-દલાલને ખબાર કર્યા. સાંજ પહેલાં તો પાંચ-સાત દલાલો અરજણની પૂછા કરતા આવ્યા. એ પણ વખત હતો, જ્યારે ખરાધર ને ખોરી બગીચો કરતાં નાખવાનાં પગરખાં ફાટતાં તોય કોઈ ઊભું ન રાખતું. આખરે નૂર બંધાય તે પણ એવું કે દલાલી, સુખડી, ધરમાદા, પાઘડી, છેડો - ઝલામણી, ધરણી, ખલાસ અને પેટિયું — બધી એકસામટી બાદબાકી કરતાં વહાણધણીને ભાગે વિમાસણ જ રહેતી. ઈમાનદારી રાખે તો નાખવો ભીખ માગે. જે નૂરમાં ખૂએ ઇ વામણીમાં કમાઇ લે તો વળી આખરના ચાર મહિના રોટલો પામે. પણ લડાઈએ સમો ઉલટાવી દીધો હતો. 'ગૌરી પસા'નો પહેલો ગોસ બસરાનો બંધાણો. પાંચસો ખાંડીની ભરતી અને બાવીસ રૂપિયે ખાંડી! ઉપરાંત દલાલે ખાનગીમાં પોણાસો ચાની પેટી ચડાવી, જેના બમણા નૂર ઉપરાંત નાખવાને મીઠાઇના પાંચસો રોકડા આપ્યા! અરજણ તો રાજીરાજી થઈ ગયો. ભાંગીતૂટી બોલીમાં ગોધુશેઠને બધા ખબર કર્યા. મીઠાઇના પાંચસો પણ શેઠને નામે જમા કરાવ્યા અને બસરાને રસ્તે પડ્યો.

બસરાથી વળતાં ખરાજાત, ખજૂર ને માછલાં ઉપાડ્યાં, ઉપરાંત પચાસ છડિયા લીધા. આસુ મહિને ફરી કરાંચીમાં લંગર નાખ્યું. થોડા દહાડા પછી બલુચિસ્તાનનો બાજરો ભરી મારમગોવા ઊપડ્યો. કારવારથી સાગવાન લઈ મુંબઈ પહોંચાડ્યાં. ત્યાંથી 'ઝારિયા' ભરી ભાવનગર ઉતાર્યા. ત્યાંથી રૂ લઈ મુંબઈ આવ્યો ને ફરી મુંબઈથી મીઠું લઇ મારમગોવા પહોંચ્યો. ખર્ચ, દલાલી - બધું બાદ કરતાં વહાણની ત્રીસ વસા કિંમત એક જ મોસમમાં જમા કરાવી દીધી.

પણ હવે મોસમ બહુ થોડી બાકી રહી હતી; છતાં જ્યારે મારમગોવાથી કોલ્હાપુરી ગોળના આઠ હજાર રવા કોલંબો પહોંચાડવાના છે એ ખબર સાંભળ્યા ત્યારે અરજણ લોભાઇ ગયો. સમે વાવડે કોલંબો પહોંચી જવાની એની હિંમત હતી. પછી કદાચ કોલંબોમાં જ આખી આખર તવાઇ જવું પડે તો વાંધો નહિ. અરજણે સાથીઓ પાસે વાત કરી. ગોધુશેઠે શીખ દેતી વખતે કહ્યું હતું તે બધું માંડીને કહી સંભળાવ્યું. જો કોલંબોમાં તવાઇ રહેવું પડે તો બીજા બાર મહિના ઘર ભેગા ન થવાય. પણ દરિયાનું ઈમાન જ્યાં ચેતે છે ત્યાં ખારવણોનાં આંસુ એની આંચથી બળી જાય છે. સાગરની જવાંમર્દીની ગાથા — એ તો ખારવણોના મૂંગા વલોપાતમાં શમી જાય છે.

સદાશિવગઢને વાંઢાર રાખી 'ગૌરી પસા'એ મોરો આથમણો ફેરવ્યો. મોડેરા ગાભિસ્તાનીનું પડખાતું તાણ ખોળવા અરજણે વહાણને દરજ્જે ચડાવ્યું. સુકાન ફરતાં કલમી, ચૂસી અને વડાશઢ કમાન વાળી ગયા. ધોરિયા ઉપર ત્રણ ત્રણ કાતરા અધ્ધર થઈ ગયા. ટોંક ઉપરના ચોરસા ત્રાંસા તંગ થઈ ગયા. નાખવાનો મનસૂબો જાણે સમજી ગયું હોય તેમ 'ગૌરી પસા' કારદીવની દખણાદી નાળ નોંધતું સડસડાટ વહેવા લાગ્યું. દિવસ આખો વાવડો નરમ ન પડ્યો. ભાણ બૂડ્યે નખવાએ એક જવાનને પિંજરે ચડાવ્યો અને આથમતા સૂરજની જમણી કોરે મોરો થોડોક દબાવ્યો.

વહાણને દિશ ઝલાવી વેરસી ભાભાને વીણો સોંપતાં નાખવાએ કહ્યું :

'વેરસી, એક વાર સબાસતરિયો વાંચાં કીધો કે ઠેઠ કભરૂતી સુધી ધામણગોસ ન્યારી લેજે. મા આશા પર જુકાં આવી સખણી તાણ દીધે રાખસે તો છ ડી માં કોલમ્ભો ને પછી ઝટઝટ માલ ભગાવીને વેલી આવે નાર!'

'રંગ તો કે આ વા'ણને, નાખવા!' કરસન માલમે કહ્યું, 'આઠઆઠ મહિના વીતી ગ્યા પણ તેલનો ટીપો તો માગે! જીન્નાર નીચે કડાનું તો નામ નથી. એનું નામ સાગવાન, નાખવા! અન્ધરથી જાણે નર્યું રૂગાન નીતરે છે!'

'ઇ તો ભધનમાં તાકાદ ખપે, માલમ! બાકી કલફાતે હાલે ઇ વા'ણ ન ચોવાય.'

સુકાન પરથી વેરસી ડોસાએ મત આપ્યો અને નાખવો કે માલમ કંઈ બોલે તે પહેલાં આગળ ચલાવ્યું :

'ગિયે વરસે નો'તો હું બે પૂરમાં લફી પડ્યો? તિંયે દીઠું મું તો વા'ણ જ વા'ણ પ્યા ભંધાતા જાય માપલા ને નવાત ને લવાણા ને ભાટિયા ને ખોજા - જુકો ઊઠે ઇ ભાંધે બસ વા'ણ! ને સાગ કે ભુડધ કોઈ ન જોય. આંભો, ગૂંધી, જાંભુ, બધા પાટિયા - ખપાટિયામાં ખીલા ઠોકતા જાય ને ખોખા ભનાવતા જાય. પછી વરી એક ડી મોટા ટોપલા ને બાંડા સૂંથણા ચડાવીને વડાવડા સાભલોક જોવા આવે. રંગરૂગાન તો હેડો કે બંગલી ન્યારી લ્યો, બસ! સાભલોક તો ન જોય પઠાણ કે ન જોય ખુવો. ધલાલું કે 'ઓરરાટ?' તો સાભ કે' કે 'ઓરરાટ!' ને વા'ણું વેચાતા લઈ જાય. આંઉ ત ધંગ થેઈ ગ્યો.'

'ઇ તો એમ જ હાલે, ભાભા!' માલમે કહ્યું. 'સાભલોક વા'ણમાં સું સમજે? ટોપલા ને સૂંથણા પેર્યે કાંઈ વા'ણ થોડા જ પરખાય! ધલાલ હરામી હોય તો ભલભલા ઠગાઈ જાય. વેરસી, ઇ તો ભરામણ ફૂટલ હોય તો જ ડોસી ઘરઘે ને?'

વેરસીએ ઝીણી આંખે કરસન સામે જોયું. માલમની વાતમાં એને વ્યંગ લાગ્યો. વેરસીભાભા તાજેતરમાં જ એક આધેડ ખારવણ સાથે ઘરઘ્યા હતા. ઊંચા ટોંક ઉપર નજર તાકી રહેલા કરસન માલમના ચહેરા પર એટલી બધી ઠાવકાઇ દેખાતી હતી કે ડોસાએ ઝઘડો કરવાનો વિચાર માંડી વાળ્યો.

'એડા ઠીઠામાં ચડે ઇ નાખવાઉંના ભોગ લાગે ને! વા'ણ બંધાવનાર ને બાંધનાર ભેઈમાની કરે તો બચાડા નાખવાઉ જાય વામણી ખાતે ને ધીરે ખારવણું રે વલવલતી.'

'ઇ તો જેવા આપણા કિસમત ચાચા! વા'ણ ગમે તેવો ઠીઠો હોય, જુકાં ખારવો પોતાનો ઈમાન સંભારે તો કંઈયેય કજા ન પૂગે.'

'લે વરી, માલમ તો વડો પીરનો પુતર નીકર્યો! ઈમાન તો બધે સરખો. ધરિયા ઉપર ખારવા ઈમાન રાખે ને ધરતી ઉપર વાણિયો ઈમાન રાખે તંઈયે વા'ણ હાલે, માલમ!'

'આપણે લાંબી વાત ન જાણિયેં, આપણે તો આપણી વાત જાણિયેં. આપણે ઈમાન છોડિયેં તો પૂછવાવારો જો આ ધરિયાલાલ બેઠો.'

'હા, ભા! ઈ તો બેઠો છે તંઈયે તો જુસાં ભીખ ભેરા થ્યા છિયેં ને? નાખવો ભધમાસી કરે તો ભીખ માંગે ને વાણિયો ભધમાસ થાય તો મેડિયું બાંધે. તેં હજુ ધુનિયાં નથી દીઠી, માલમ!'

'તો જનમવો'તો વાણિયાને પેટે, ભાભા!'

જવાબ ન મળતાં માલમ આડો ઊતરી પડ્યો.

હવે નાખવાએ વાત પતાવવા કહ્યું,

'વેરસીભા! સાચ્ચા ઈમાન બે. એક ઈમાન આપણો ને બ્યો ઈમાન વા'ણનો. આપણે બીજો ન સમજિયેં. ઈ તો રાખે એનો ઈમાન ને પાળે એનો ધરમ.'

'ઈ તો ભરાભર.' વેરસીએ કહ્યું, "જુસાં, હી 'ગૌરી પસા' જેડો ઈમાનદાર વા'ણ મું સજી જમારમાં નથી દીઠો. વા'ણ તો બિસિયાર દીઠા, નાખવા! તડા જુરીને મરી જાઈયેં તોય જસ ન ડે ને આગલે વાવડે પાછર હાલે એવા સલેમાની ખચ્ચર જ જમાર સાજી દીઠા છે. સુખાણ જાલે તો સઢ લફે, ને સઢ વધે તો પઠાણ પેટ મૂકી દે! જરા આંખ ભીંચી તો તો સીધો કડે જઈને જ ભખડાય. પણ હી વા'ણની વાત જ જુદી છે. હું ને તું ખૂટલ ભનિયે નાં, માલમ, તોય આ 'ગૌરી પસા' પીંઢોપીંઢ ભંધર કરે એવો છે. એને સુખાણે તો નિયાણીનો હાથ છે, નાખવા!"

સીસમના વીણા ઉપર કાળા લાગતા ભાભાના હાથને 'નિયાણીનો હાથ' સાંભળી માલમ ખડખડાટ હસી પડ્યો. ભાભો એને કંઈ ટોકવા જાય ત્યાં તો ઉપરથી પિંજરિયાનો સાદ આવ્યો :

'સુકા... આ... ન હો...ઓ... શિયા... આ...ર! વા... આયાં... ખબરદા... આ...આ...ર!'

નાખવાએ દૂરબીન ઊંચી કરી અને પિંજરિયાના લંબાવેલા હાથની ચીંધણી ઉપર નજર ઠેરવી. અંધારાતી સાંજે પણ સાફ દેખાતી ભેખડિયા મોજાની ધાર દૂર ડાબે પડખે લંબાઈ રહી હતી. કારબેટ અને સેબોસ્સ્રાસની નાળ ઢૂંકડાઈ રહી હતી.

'તારા મોઢામાં ગોળ, ભાભા!' નાખવાએ દૂરબીન નીચી કરતાં કહ્યું, 'સુખાણે તો ખરેખર નિયાણીનો હાથ છે. આજે તો બરાબર ચૌદકોસી કરી. હુકમ આશાપરાનો, તો છ ડીએ લંકા પોગી જાસું.'

અહીંથી કબરૂતીના બેટ સુધી ઊંડાં પાણીની આડોઆડ સેંકડો નાનામોટા બેટબેટડાની જાળ પાથરી પડી છે. જ્યાં ત્યાં ધડા, ચર, ડાંડા અને ખડકો વેરવિખેર પડ્યા છે. ભેખડિયાળી ધારોના તો હારડા જ લાગી જાય છે, છતાં જમીનની લગોલગ અતાગ ઊંડાણ મળી રહે છે. આ તે લક્કદીવની બેટપરંપરા. ત્યાંના રહેવાસી માછીમાર અને ખારવાઓ સિવાય એ પાણીમાં કોઈ વહાણ નથી નાખતું. બારાતુ વહાણખેડૂ તો ત્યા જવલ્લે જ ફરકે છે. લારના પટ ઉપર ઘમસાણ મચાવનાર તુફાનોનાં અહીં કોતર છે. એ તુફાનોમાંનાં ઘણાખરાં લક્કદીવના વિસ્તારમાંથી બહાર પડે છે અને પાછાં એ વિસ્તારમાં શમી જાય છે. દરિયાઈ ખમીર ઉપર મુસ્તાક એવા પચ્છમ ધરાના નાખવાઓ અહીંની જળવાટના મિસ્કીન છે. અહીં વાવડો હંમેશાં એકધારો ફૂંકાય છે માટે જ એ નાખવાઓ આ વાટ વાપરે છે.

અરજણે થોડીવારે વહાણ દખણાદું કર્યું. બબ્બે પિંજરિયાની રાતભરની ચોકી બેસાડી. સુકાન ઉપર માલમ અને વેરસી ભેળો પોતે પાળીએ ચડ્યો. પહેલો પહોર બદલાતાં વાવડો જોરથી ઊપડ્યો. માલમને સુકાન સોંપી નાખવાએ ચોપાસ નજર કરી તસતસતા કત જોયા. તંબૂરાના તાર જેવા ખેંચાયેલા ધામણ-રસ્સા જોયા. ફીણફીણ થતા શિરોટો જોયો અને વહાણને ઉદ્દેશીને બોલ્યો,

'છભાસ મારા પે! હાણે વીસકોસી ન કર તો મારા બાપના સમ છે તુંને!'

એક પછી એક છીછરી ધાર ઢૂંકડાતાં 'ગૌરી પસા' બિરદાયેલા માતંગ પેઠે ડોલતું, આડિયા લોઢ ઉપર ભેરવઝોક ખાતું, પવનની છક્કી સામે થનગનતું ઝડપથી આગળ વધવા માંડ્યું. કાબેલ હાથે વીણો રમવા લાગ્યો. ગજથી દોર્યો હોય એવા સીધા શિરોટામાં તારાઓ ઝગમગતા હતા.

સવાર ઊગ્યે નીલી જાજમ ઉપર રૂપેરી ચાદર બિછાવી હોય એવો પરવાળિયો ચર નજરે પડ્યો. 'ગૌરી પસા'એ ખરેખર વીસકોસી કરી દેખાડી. સાંજે કબરૂતીના બારામાં લંગર નાખ્યું ત્યારે વાવડો પડી ગયો હતો. આકાશમાં પીળી ઝાંય દેખાઈ રહી હતી. બધા નાખવાઓ વારંવાર આથમતા સૂરજ આડે ચડેલા વરાળિયા પડદા સામે જોવા લાગ્યા. પરંતુ એ કશાની એમને બીક ન હતી. અરજણ નાખવાની કાબેલિયતમાં બધાને નિસ્સીમ શ્રદ્ધા હતી. વહાણ ઉપર બબ્બે જણા જાગતા રહે એવો બંદોબસ્ત કરી બધા કિનારે ઊતર્યા. કબરૂતીનો શાહબંદર મામધ મરક્કાર અરજણનો પુરાણો દોસ્ત હતો. નાખવાએ એને ઘેર રાતવાસો કર્યો. મરક્કારે ચાર દિવસ રોકાઈ જવાનો આગ્રહ કર્યો પણ એ મંજૂર ન રાખ્યો. માલદીવ પાસે તુફાનના વાવડ હતા.

બીજે દહાડે 'ગૌરી પાસા'એ કોલંબોની સોંત પકડી. સાંજ સુધી કશો ભો ન દેખાણો પણ રાતના ઉકળાટ ઊપડ્યો. વાવડો પડી ગયો. બીજી સવારે ગંજાવર આલાત વળગણીએ લટકાવેલાં લૂગડાં પેઠે લફી રહી. દરિયા ઉપર તેલ ઢાળ્યું હોય એવી નિશ્ચલતા વ્યાપી ગઈ. આકાશ ભૂખરું બની ગયું. સાંજ પડતાં તો આભ જેવડી ઉઘાડી છત છતાં છાતીપૂર હવા પણ ન રહી. ચોપાસથી ભયંકર મૂંઝારો વધવા માંડ્યો. સૂરજ આથમતાં ગરમી ઘટવાને બદલે વધવા માંડી. આમ ફરી એક રાત અને એક દિવસ વીતી ગયાં. કબરૂતી મૂક્યે ત્રણ દિવસ વહી ગયા હતા પણ 'ગૌરી પસા' હજુ મારગે નો'તું પડ્યું. ચોથા દિવસની સવાર રાત જેવી જ ઊગી. આકાશમાં જાણે સીસું પથરાઈ

ગયું. પાણીમાં જાણે માછલાં પણ થંભી ગયાં. શઢ ગાભાના તો ક્યારેય કારસા કરી લીધા હતા.

નાખવાએ પરબાણ આરિયા કરાવ્યાં. બબ્બે વાવડા ફગાવ્યા અને દરેકને ત્રીસત્રીસ વામ સંગર આપી. દરેકેદરેક છૂટી ચીજને ઠીકઠાક સંપેટી રાખી અને દખણાદી કોરે નજરા રાખતા સહુ સીવણસામણમાં લાગી ગયા.

તે દહાડે સાંજ પડી ત્યારે સૂરજ દેખાણો ન દેખાણો અને કાળોખાં ઊમટી પડ્યાં. અક્કેય તારો ન ઊગ્યો. નાખવાએ તરિયા લોલી ફગાવવાનો હુકમ કર્યો. વીણો બેય પાસાંથી સતાણ બાંધી મૂક્યો. પછી બધાને ભેગા કરી કહ્યું,

'સજો ડી ધરિયાએ ઊંધી તાણ મારી છે, બચા! હવે મધરાત માંડ નીકરસે. પછી માથો નીચે મૂકવા વારો નહિ આવે. છ-છ જણા વારા કરી થોડી નીંદર કરી લ્યો.'

અરજણનું કહેવું સાંભળી સહુ આગલે ફાલકે જઇ બેસી રહ્યા. ફક્ત વેરસી ડોસાએ સુકાન પાસે જ લંબાવી દીધું ને તુરત જ એનું ઘારણ ચાલુ થયું.

પણ પહેલી ચેતવણી વેરસીભાભાએ જ આપી. સફાળો ઊભો થઈ એ કંઈ બોલવા જાય ત્યાં તો દક્ષિણમાંથી ભીષણ ગર્જના ધસી આવતી સંભળાઈ. એ અંધારામાં પણ મેલાં લીલાં પાણીની ગોયા નક્કર દીવાલો હોય એમ એક રાક્ષસી મોજું ધસતું દેખાયું. કરસન અને વેરસી વીણો બથાવી પડ્યા. બીજાઓ હાથમાં કુહાડી લઈ ડોલ આલાત સમાલી ઊભા થઇ ગયા. અરજણ નાખવો મોરા તરફ દોડી પહોંચ્યો.

કાલ-પવનની ઠોકરે પાણીનો જાણે ડુંગર ધસી આવ્યો અને તોફાને ચડેલા, પાછલે પગે ઊભા થતા મસ્તાની ઘોડા પેઠે 'ગૌરી પસા'એ મોરો ઊંચક્યો! પળવારમાં તો મોરો ઊભો થઈ ગયો, જાણે ધબૂસા ઉપર વહાણ ઊંધી ગુલામટી ખાશે કે શું, એમ થઈ રહ્યું. નાખવો બે હાથે લેટણને બથાવી લટકી રહ્યો. બબ્બે પાવડા અને તરિયા લોલી જો ઢાળ ઉપર મોરો ન પકડે અને જો મોરો ઉથામણી ખાય તો તો એને ઊઠવા જ વારો ન આવે. આખરે જે બાણ ઉપર મોરો ઊલળ્યો એણે જ હવે વાંઢાર ઉલાણ્યું. હવે જાણે મોરા ઉપર ઊંધે માથે વહાણ ઘૂમરી ખાવા લાગ્યું. પહોળા વાંઢાર ઉપર વહાણે બદન ઝાલ્યું હતું પણ તીખા મોરા ઉપર ઝલાય એમ ન હતું. અને એ પળે કડેડાટ કરતાં મોટો ખુવો અને ગુસી એકસામટાં તૂટી પડ્યાં. બે ખુવા તૂટવાથી હલકું બનેલું 'ગૌરી પસા' આડી પછાડ ખાઈ નીચે પડ્યું. મોટા બાણ પૂઠે એક પછી એક બેસુમાર મોજાંઓ ધસવા લાગ્યાં હતાં પણ પાવડા ને લોલીના વજનથી વહાણે દરેક લોઢ ઉપર ઉલાળ લઇ પઠાણ પકડી રાખ્યું. નાખવાએ જેમતેમ ભંડકામાં પહોંચી કંદીલ ચેતાવ્યું અને બહાર આવ્યો. વેરસીના બેય હાથ ખડી ગયા હતા પણ સિત્તેર વર્ષનો એ જવાન બે ગૂડા વચ્ચે વીણો દબાવી ઊભો હતો. માલમનાં લમણાંમાંથી લોહીની ધાર વહ્યે જતી હતી. બે નાખવાના પગમાં કુહાડીના ઘા પડ્યા હતા. એક નાખવો ભાંગેલા ખુવાની આલાતમાં ફસી પડ્યો હતો. બાકીના બધાને કંઈ ને કંઈ ઈજા પહોંચી હતી.

જેનાથી હાલીચાલી શકાય એ બધા બીજાઓની માવજતમાં લાગી ગયા. બે જણા મોરા ઉપર સંગર સંભાળતા ઊભા. તોફાન વધતું જ જતું હતું. વહાણ ઝોક લઈલઈને પછાડ ઉપર પછાડ ખાતું જતું હતું. કાળા મુડધનું પઠાણ અને પાકા સાગનો ઘાસિયો બેસાડનાર વાડિયાઓની ઈમાનદારી ઉપર એ ચૌદ જીવ ટકી રહ્યા હતા. સવાર પહેલાં વાવડો જરા નરમ પડ્યો અને ભળભાંખળું થતા 'ગૌરી પસા'ની સારવાર શરૂ થઈ. ભાંગેલા ખુવાના ઠૂંઠા ઉપરથી આલાત કાપી નાખી. આખા વહાણમાં ઠેરઠેર વેરાયેલો ભંગાર ફેંકી દીધો. ચાર ચાર જણ વારાફરતી ડંકી ચલાવવા લાગ્યા. આખો દહાડો આમ જ ચાલ્યું. રોટલા ઘડી ખાવા જેટલી નિરાંત પણ મળે એમ નો'તું. મોડેમોડે નાખવાએ ભરતીમાંથી ખારા પાણીમાં નીતરતો ગોળ બધાંને વાંટ્યો. ચોવીસ કલાક ડંકીથી ઉલેચવા છતાં વહાણમાં પાણી આસ્તેઆસ્તે વધ્યે જ જતું હતું. કબરૂની મૂક્યે સાત દિ' થવા આવ્યા. છેલ્લા ચાર દિવસ કોઈ બેસવા પામ્યું ન હતું.

આઠમી સવારે પવન અને પાણી પાછાં વાજમાં આવતાં દેખાયાં એટલે નાખવાએ કલમી ઉપર સઢ ચડાવ્યો. તુફાન શમતાં સાથે વાવડો પણ શમી ગયો હતો. વીસકોસી તો વાતવાતમાં બજાવનાર 'ગૌરી પસા' અધકોસીમાં જ મજબૂર બની ગયું. સબબ કે એના બદનમાં પણ જીવલેણ ઘા પડ્યા હતા અને દર ઘડીએ જખમ ઊંડા થતા જતા હતા. પૂરી ભરતીનો માલ હતો, ઉપરાંત સાંધામાંથી પાણી ઝર્યું જતું હતું. હવે તો લાલ સુધી ડૂબી ગયું હતું. સામે મોજે મોરો ઊંચો કરવાની તાકાત પણ નો'તી રહી.

વહાણ હલકું કરવા ગોળ વામી દેવાનો અખતરો પણ નાખવાએ કરી જોયો. પણ ગોળ પીગળતાં સાંધામાં કલફાત પેઠે ચોંટી રહ્યો હતો અને હજુ સલામત બચવાની અરજણને ઉમેદ રહી ગઈ હતી. આમ બીજા ચાર દિવસ નીકળી ગયા. ડંકી ચલાવી ચલાવી બધાનાં બાવડાં સૂજી ગયાં હતાં. નાળિયામાં ગોળનો રગડો ભરાવાથી પાણી ખેંચાવાને બદલે ડંકી જ અટકી જવા આવી હતી. હિંમત હારી અરજણે કલમી ઉપર મોટું પરબાણ દોઢું બંધાવ્યું અને એ ઊંચાઈએ આફતનો વાવટો ચડાવ્યો.

એને બીજા ત્રણ દિ' વીતી ગયા. વા'ણ તો ગળાબૂડ આવી ગયું. એ હાલતમાં સઢની તાણ નકામી થઈ ગઈ. આખરે કિસ્તી તૈયાર કરવાનો અરજણે હુકમ કર્યો. ભારે હૈયે સૌએ કિસ્તીમાં ખાધાખોરાકી ને પાણીનાં પીપ મૂક્યાં. હવે ક્યારે ઝોક લઈ 'ગૌરી પસા' ગરક થઇ જશે એ કહેવું મુશ્કેલ હતું. છતાં છેલ્લી ઘડી સુધી એની જોડે રહેવાના નાખવાના મૂંગા નિરધાર ભેળો સૌનો અણબોલ્યો સાથ હતો.

બીજી સવારે આખરની ઘડી આવી પહોંચી. નાનાંનાનાં મોજાં પણ સથા ઉપરથી

આરપાર નીકળવા મંડ્યાં. ભારે હૈયે કિસ્તી તરતી મૂકી બધા અંદર ઊતર્યા. નાખવો ઘડીભર કઠેડાનું ઠૂંઠું ઝાલી ઊભો રહ્યો. એની નજર ચોતરફ ફરી રહી હતી. એ નજરમાં ભૂત અને વર્તમાન રમી રહ્યા હતા. ગોધુશેઠની હોંસ, અષાઢી ચંદરની સવારે આપેલી શીખ, પોતે આપેલું આશ્વાસન — બધું એને તાજું થયું. કિસ્તીમાં ઊતરતાં એનો પગ ભારે થઈ રહ્યો પૂતળા પેઠે એણે જાણે 'ગૌરી પસા'ની અંત્યેષ્ઠિ કરવા માંડી. સુખાણ પાસે રાળ અને લોબાનનો ધૂપ સળગાવ્યો. વાવટા-કાઠીએ સૂરજ-ચંદરરનો ઝંડો ચડાવ્યો ને ફરી એકવાર પાણીથી છલકાતા ભંડકમાં ઊતર્યો. ભંડકમાં એ શા માટે ઊતર્યો એની એને પણ ગમ ન હતી, પણ હવે બહાર ન નીકળવું એવો એને વિચાર થઈ આવ્યો!

ત્યાં ઓચિંતા કિસ્તીમાંથી અવાજો આવ્યા — આશાના, જીવનના, હિંમતના! દૂર ક્ષિતિજ ઉપર ધુમાડાની આછી રેખા તરી આવતી હતી!

★

બીજે દિવસે બપોર પહેલાં વલંદા આગબોટ 'સ્ટાનવાક' કોલંબોમાં ફૂડધે સોડ પડી. એમાંથી ડાચાં બેસી ગયેલાં અને અધમૂઆ લાગતા 'ગૌરી પસા'ના ચૌદ નાખવાઓનો પોલીસે કબજો લીધો. બીજા દેશોમાં જ્યારે વહાણધણીને અને આમપ્રજાને પોતાના નાખવા જીવતે લાખના ને મૂએ સવા લાખના લાગે છે ત્યારે હજુ હિન્દુસ્તાનના હીંગતોળુ વહાણધણીઓ અને દરિયાપરજથી તમામ બેજાણ પ્રજામાં આ સાગરસાવજો જીવતે કોડીના અને મૂએ ફૂટી બદામના પણ નથી લાગતા! જાણે મોટા ગુનેગાર હોય તેમ ચૌદે જણને ચોકીમાં પૂર્યા. બે દહાડા સતામણી કરી. કંઈ પામવા જેવું ન લાગતાં છોડી મૂક્યા. અરજણે એક કચ્છી વેપારીની પેઢીએ જઇ ગોધુશેઠને તાર કરાવ્યો, નોટરી પબ્લિક પાસે જઇ બયાન લખાવ્યું.

ગોધુશેઠ તાર વાંચી ગળી ગયા. એના તારના જવાબમાં મુંબઈની નામાંકિત વીમાની પેઢીએ જવાબ વાળ્યો કે 'વીસમી મેને દિવસે પૉલિસી રદ થઈ હોવાથી કશો દાવો મંજૂર કરતા નથી.'

ગોધુશેઠની ચાર પેઢીની શાખ જોખમાઈ ગઈ. ગોધુશેઠ ધંધે વેપારી, પણ જાણે છે પોકેણા બ્રાહ્મણ. એવી ન્યાતમાં માંડ માંડ કૉલેજમાં ભણતો જમાઇ ઠરાવ્યો હતો. એના વેવાઈએ વિવાહ વર્ષો કરી થોડુંક ઉપાર્જન કરેલું. પરંતુ ગોધુશેઠની એક જ દીકરી સાથે પોતાના છોકરાનાં લગ્ન થાય એવા ભાવિ વારસાની લાલચ હતી. ગોધુશેઠ નબળા પડતાં વેવિશાળ ફોક કરવાનો એણે કાગળ લખી નાખ્યો! આપણા કૉલેજમાં શીખતા જવાનોનું માયકાંગલું માનસ તો જાહેર જ છે, એટલે ગોધુશેઠે ભાવિ જમાઇને પરબારા લખેલા કાગળની મિન્નતગુજારીનો કંઈ જ જવાબ ન આવ્યો.

★

'સ્ટાનવાક' નાખવાઓને બચાવી રવાના થઇ ત્યારબાદ 'ગૌરી પસા' કલાકો સુધી ત્યાં જ પડ્યું રહ્યું. એક વાર જોનારની નજર લાગી જાય એવું એનું બદન આજે સાંધેસાંધાની ફાટફાટથી પીડાઈ રહ્યું હતું. એનું બાંધનાર જાતવંત વાડિયા હતા. કાળા મુડધનું પઠાણ, જિન્નાર સુધી કાચું મલબારી સાગ, ઉપર પાક્કું સાગ; એવા સાગવાન ગોતીગોતીને મૂક્યાં હતાં કે એમની દૂરંદેશીએ વહાણ આવી જફામાં પણ આટલું ટકી શક્યું. કાચું સાગ ફૂલવા આવ્યું હતું. એના સાંધામાં ગોળ જામી ગયો. અંદર પાણી આવતું બંધ પડ્યું હતું. છતાં આ પહેલાં આવેલા પાણીનો બોજો બદન ભારે બનાવી રહ્યો હતો.

'સ્ટાનવાક'ના નીકળી જવા પછી ત્રણ દહાડા વહાણ તાણ ભેગું આમતેમ ફર્યા કર્યું. એના કોલ ઉપરના લખાણ મુજબ 'ગૌરી પસા' બસ્સો પંચાવન ટનનું વહાણ હતું. આજે એમાં બીજો એટલો તો માલનો બોજો હતો જ, ઉપરાંત સોએક ટન તો પાણી ભરાયું હતું. છતાં એનો નકશો દોરનાર ગજધર એવો બાહોશ હતો કે એ વધારે પડતા બોજા છતાં ને કઠેડાબૂડ હાલતમાં પણ 'ગૌરી પસા' મોત સાથે જંગ ખેલી રહ્યું હતું!

આમ ત્રણ રાત નીકળી ગઈ. ચોથી રાતે મધરાત પછી ઓચિંતા દરિયાએ તાણ ફેરવી. આછી, ધીમી પણ સભર તાણ ઉતરાદી ઊપડી. સાથે વાવડાએ પણ દિશા ફેરવી અને કલમીના શઢમાં ગતિ આવી. વીણાસૂના સુખાણે આમતેમ બેચાર હેરિયાં કર્યાં પણ આ આખર જામવાની આગાહી આપતાં મીઠી મસ્તીએ ચડેલાં પવનપાણીની ધક્કામુક્કી આગળ એનું કશું ફાવે તેમ ન હતું. આખી રાત એકધારો પવન વહેતો રહ્યો. જખમાયેલા બદનને સંભાળતું - સંભાળતું 'ગૌરી પસા' કલમીના શઢને ટેકે ધીરાંધીરાં ડબ ભરતું વધવા માંડ્યું.

અલબત્ત, આ તો જીવન બુઝાવા પહેલાંની ઝાંખી ચમક હતી. મોરો ફરતાં જાણે જુગ વીતી ગયા. એટલામાં તો એના બદનમાં અસહ્ય વેદનાઓ સટાંકી ગઈ. મોરો ફરી રહેતાં કંઈ કરાર વળ્યો, ત્યાં નાનકડાં દેખાતા મોજાં પણ એના ઉપર ફરી વળવા લાગ્યા. હવે વધારે બોજો સહન કરવાનું બને એવું રહ્યું જ ન હતું, પણ ઘડી-બે-ઘડી મોજાઓ ફરી વળ્યાં છતાં સથા ઉપર જ રેલાતાં રહ્યાં. અંદર જવા ન પામ્યાં. ગોળની ચીકાશે સથા ઉપર સંગીન કલફાત કરી દીધી હતી. અરધા ભાનમાં, અરધી બેહોશીમાં, અણુએ અણુ યાતનાથી ચિત્કાર કરી ઊઠે એવી વેદનામાં પવન-પાણીના હડસેલાએ આગળ ને આગળ લંગડાતું 'ગૌરી પસા' ઉતરાદું વધવા માંડ્યું.

આમ, કલાક કે ઘડી કે દિવસ કે રાતની તો એને ક્યાંથી ગમ રહે? એની આંખ અને કાન જેવો એ અરજણ નાખવો, એ કરસન માલમ, એ વેરસીભાભો અને બીજા સાવજ જેવા જવાનો હવે રહ્યા નો'તા. સામે ઊલળી-ઊલળીને આવતાં મોજાં ઉપર આબાદ પરમીલ ઉડાવનાર સુખાણી એના તૂતક ઉપર નો'તો રહ્યો. એ તો અસહાય ધકેલાતું હતું. નાનકડી રોકે પણ એનું પરમીલ ઠોકરાઇને થંભી

જતું હતું. અંદરના બોજાએ એને એકએક ડગલું ઉપાડતાં પણ વસમું લાગતું હતું. બેલગામ વીંઝાતું સુખાણ એને તમ્મર ખવડાવી રહ્યું હતું. વચમાં વળી પવન જરા ધીરો પડે ત્યારે કંઈક વેદના ઓછી થતી. પણ આ તો જામેલી આખરનો પવન! એ આરામ શેનો લે? ઉપર કાળા મેઘ ઘેરાતા જાય, નીચે પાણી ડહોળાતાં જાય અને પવન એકધારો પડખું ફેરવ્યા વગર ફૂંકાયે જાય. એમાં આરામ પણ ક્યાંથી મળે? 'ગૌરી પસા'ના જાતવંત સાગવાન કચડકચડ બોલતાં જાય અને એક્કેએક પાટિયું હમણાં જ છૂટું થઈ તૂટી પડશે એવું અમળાઈ જાય. પણ વાડિયાઓની ઈમાનદારીથી માત્ર પાછું સાંધો સમાલી લે... અને એ રીતે 'ગૌરી પસા'એ બેતાલીસ રાત માથે કરી!

તેતાલીસમી રાતે ઓચિંતા પઠાણને ધક્કો પડ્યો. નાળની ઠેસ જાણે ઘાસિયો ઉખેડી નાખશે એમ ધમધમી ઊઠી. આખું વહાણ હચમચી ગયું. એ ધક્કાથી કલમી ખુવો બટકી ગયો. એમાં પહેલેથી તડ તો પડી જ હતી. કલમીના પડવા સાથે એ એકનો એક સઢ 'ગૌરી પસા'ના બદન ઉપર ગોઝારા કફન પેઠે પથરાઈ ગયો.

★

કબરૂતીનો શાહબંદર મામધ મરક્કાર સવારના પહોરમાં ફળિયામાં ખાટ નાખી હુક્કો ગગડાવતો બેઠો હતો. ત્યાં બંદરનો કર્ણમ્ મુન્નુસ્વામી ખબર આપવા આવ્યો :

'બારાની નાળની પડખેના રેતાળ ચર ઉપર એક વહાણ રાતનાં લાધી ગયેલું દેખાય છે! એક્કેય ખુવો નથી, એક્કેય માણસ નથી દેખાતું. વહાણના દીદાર ઉપરથી બિલકુલ લાસ ગયેલું જણાય છે!'

મામધ મહક્કારે હુક્કાની નાળ હાથમાં પકડી આંખ મટમટાવી.

શાહબંદરની મુરાદ વગર કહ્યે સમજી જનાર મુન્સામીએ તુરત ખાતરી આપી કે બંદરબોટમાં પૉર્ટ પોલિસ રવાના થઇ ગઈ છે અને કોઈને પણ એ વહાણ ઉપર જતાં રોકવાનો બંદોબસ્ત થઈ ગયો છે.

ઘડી પછી જ્યારે પોલિસના સબઈન્સ્પેક્ટરે શાહબંદરને 'રીપોર્ટ' આપ્યો ત્યારે એના મોંમાંથી આહ નીકળી પડી. 'ગૌરી પસા' કબરૂતીમાં આ હાલતે આવે છે, તો એના દોસ્ત અરજણ નાખવાનું અને વહાણમાંનાં બીજાં તમામ માણસોનું શું થયું? બપોરના ચાર પહેલાં કદી ઘર બહાર ન પડનાર શાહબંદર જાતે તપાસ કરવા 'ગિગ'માં રવાના થયો. 'ગૌરી પસા'ના ખૂણેખૂણે ફરી વળ્યો. દરેકેદરેક હાલ બારીકથી તપાસી જોયો. ભંડકમાં જોયું તો કમાન, નકશા, કોલ, સતમી વગેરે કંઈ ન હતાં. મરક્કાર જાતે દરિયાસારંગ હતો. એને અટકળ કરતાં વાર ન લાગી. જરૂર તુફાનમાં તૂટી પડેલા અને ડૂબવા આવેલા વહાણ ઉપરથી નાખવાઓ ઊતરી પડ્યા દેખાય છે. કિસ્તીની ગેરહાજરી પણ એ જ દેખાડે છે. કિનારે આવી એણે કોલંબો પોર્ટ ઑફિસને તાર કર્યો.

અરજણ અને એના સાથીદારોને વતન પાછા ફરવાનો ગોધુશેઠે કાગળ લખ્યો હતો અને કોલંબોના એક કચ્છી વેપારી ઉપર પૈસાનો બંદોબસ્ત કરવા પણ લખાણ મોકલ્યું હતું. 'ગૌરી પસા'ના જવાથી ગોધુશેઠ ઉપર જે જફા પડી હતી તેનો અરજણને પાકો ખ્યાલ હતો. કોલંબોથી વતન પહોંચતા જમીનરસ્તે કૈં નહિ તો માણસ દીઠ ૩૫-૪૦ રૂપિયા પડે. ગોધુશેઠ પર એ બોજો નાખવાની એની ઈચ્છા ન હતા. આખર ઊતર્યે કોઈ વતન ફરતા વહાણ ઉપર નોકરી લેવા ધારી ત્યાં સુધી બધા કોલંબોના ધક્કા પર મજૂરીએ ચડી ગયા હતા. ત્યાં એક દહાડો એને પૉર્ટ ઑફિસરે બોલાવ્યો ને કબરૂતીના શાહબંદરે કરેલો તાર દેખાડ્યો અને એ દરિયાપરજના મિસ્કીન અંગ્રેજ બચ્ચાએ એ ચીંથરેહાલ નાખવા સાથે હાથ મિલાવી એને મુબારકબાદી આપી.

અરજણે પૉર્ટ ઑફિસ છોડી ત્યારે એના પગ હવામાં અધ્ધર ઊડતા હતા. જુદેજુદે ધક્કે મજૂરી કરતા બધા નાખવાઓને ભેગા કરી એણે આ અદ્‌ભુત વાવડ સંભળાવ્યા. પછી ઓળખીતા વેપારીને ત્યાં જઇ ગોધુશેઠને તાર કરાવ્યો. પછી નાળિયેર લઇ દરિયાલાલને શેષ ચડાવી.

હવે તાજજુબીથી અવાક્ બનેલા વેરસીભાભાની જબાન ઊઘડી : 'હું તો પે'લેથી જ કે'તો તો માલમ, કે જુસાં આપણે ખૂટલ ભનસું પણ ઉ 'ગૌરી પસા' પીંઢેપીંઢ ભંધર કરે એવો જાતવંત છે.'

'પણ આપણે ક્યાં ખૂટલ બન્યા વરી?' કરસને વાંધો લેતાં કહ્યું.

'ખૂટલ તો સાતવાર! આપણે જુસાં હૈયામાં ધરપત રાખી હોત તો ભરાભર કોલંભો આવી પહોંચત. સજાસારા વા'ણને છોડી દીધો તો ખૂટલ નંઇ તો બીજો સું?'

આ જૂની જિકર ફરી સાંભળવાથી ખુશ થયેલા અરજણે વાત વાળતાં કહ્યું, 'ખરો ભાભા, ખરો આપણે આપણી હિંમત હાર્યા પણ ઇ સાગના વા'ણને હૈયે સાચી ધરપત કે જઇને બંદરે ઊભો!'

'મું તો પે'લેથી જ કહ્યો'તો કે એને સુખાણે નિયાણીનો હાથ છે. જુકાં તી વગર ડેઢ ડેઢ મહિને આખરના ધરિયા વટાવીને કોઈ વા'ણ ભંધર કરે ભલા?' ભાભાએ બીજો મુદ્દો મૂક્યો.

'ખરો ચાચા! તું ચય સે મિડે ખરો.' માલમે હાર કબૂલી લીધી. ■

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# સાકરચંદનાં ત્રણ કેળાં

• ડૉ. સતીશ પટેલ •

મારા લેખનકક્ષની બારી સામે આવી ઊભેલી લારીમાંથી સાકરચંદ આજે પણ ત્રણ કેળાં ખરીદે છે! મારી ગણતરીમાં ભૂલ ન થતી હોય તો આજે આ ઘટનાએ સદી પૂરી કરી!

"એ કેળાં...આં...આવી ગ્યાઆંઆં...કેળાં...આં..." લલકારતો લારીવાળો આવે-ન-આવે ત્યાં તો સાકરચંદ હડી કાઢતા આવી પહોંચે. લારીવાળો ઝૂમખામાંથી એક પછી એક ત્રણ કેળાંને ચાંદલો કરતો હોય એમ આંગળીનું ટેરવું અડકાડી એક...બે...ત્રણ ગણી, કેળાંનું ઝૂમખું બાજુમાં મૂકે, સાકરચંદ પૈસા ચૂકવે અને ઝૂમખું ઉપાડી ચાલતી પડકે. આ ક્રિયા એટલી ચૂપચાપ અને નાટકીય ઢબે થાય કે કોઈ શેરીનાટકનું દૃશ્ય ભજવાતું હોય એવું અનુભવાય. હવે તો સાકરચંદ દ્વારા ત્રણ કેળાં ખરીદાવાની આ રોજિંદી ઘટના મારી ચિત્તભૂમિમાં વાર્તાબીજરૂપે રોપાઈ ગઈ છે.

"કંઈક દમ છે આ વિષયમાં. લખ, હવે લખ!' આવું કહી કોઈ મને વારંવાર ધક્કા મારી ચાનક ચડાવી રહ્યું હતું. 'લખીશ, ભૈ, લખીશ. સમય આવવા દ્યો!' એવું બહાનું બતાવી હું વાતને ઠેલ્યા કરતો હતો, પણ સાકરચંદ નિયમિત ત્રણ કેળાં ખરીદી વિષયવસ્તુને જીવંત રાખતા હતા!

આજે મને એવું લાગતું હતું કે હવે લાંબું નહીં ખેંચાય, લખવું જ પડશે. કોંટો ફૂટવાનો સમય થઈ ગયો છે...નહીં લખું તો ધરબાયેલું બીજ અંદર ને અંદર બાબડી જશે એમ સમજી મેં કલમ પકડી અને સાકરચંદના ઓરડે જઈ પહોંચ્યો.

"ઓહો! તમે? સૂરજ આથમણે ઊગ્યો કે શું?" સાકરચંદનું ઘર મારા ઘરની પશ્ચિમે હતું. "ધનભાગ્ય! પધારો-પધારો!" કહેતાં તેમણે મને બેસાડવા ખુરશી પર હાથ થપથપાવી ધૂળ ઉડાડી અને પછી ધોતિયાના છેડાથી લૂછી યજમાનગીરી કરી : "બિરાજો, લેખક-મહાશય!"

"તમારાં કેળાં મને અહીં ખેંચી લાવ્યાં છે!" બેસતાં જ મેં વિષયપ્રવેશ કર્યો.

"કેળાં!"

"હા, ત્રણ કેળાં!" મેં ત્રણ આંગળીઓથી ત્રણના આંકની મુદ્રા કરી. મર્યાદાભંગ થતો હતો તોપણ મારી નજર આમતેમ કેળાં શોધવા ભટકવા લાગી, પણ કેળાં નજરે ન ચડ્યાં.

"લે! એમાં શું? કેળાં ખાવા આવ્યા છો એમ કહો ને! ખાવ...ખાવ તમતમારે ત્રણેત્રણ કેળાં ખાવ. તમારાથી વધીને કેળાં?"

"હું કેળાં ખાવાની વાત નથી કરતો, સાકરચંદજી!"

"તો?"

"તમારાં ત્રણ કેળાંએ મને વાર્તા લખવા ઉશ્કેર્યો છે, એટલે આવ્યો છું કાગળ-પેન લઈને, વાર્તા લખવા."

"કેળાંની વાર્તા? તમે લેખકો પણ દૂધમાંથી પોરા કાઢો!" કહેતાં તેઓ પલંગની ધાર પર બેઠા. પછી વાત માંડીને કહેવા માગતા હોય એમ કથાકારની અદાથી પલંગ પર પલાંઠી વાળી, ધોતિયું સંકોર્યું અને બોલ્યા : "શું લખવું છે, ક્યો?"

"તમારા દ્વારા ત્રણ કેળાંની નિયમિત થતી ખરીદી પાછળ છુપાયેલી રહસ્યકથાને કંડારી મારે વાર્તાકૃતિ સર્જવી છે."

"તમે પણ શું! આવી મજાક?"

"ના-ના, આ મજાક નથી. કોઈ માણસ એકધારા સો-સો દિવસ સુધી કેળાં ખરીદે! બે નહીં, ચાર નહીં અને ત્રણ જ! વળી તે પણ ઘડિયાળના ટકોરે! પાછું મૂંગામૂંગા, સાકરચંદજી! આ માત્ર સ્થૂળ ઘટના ન કહેવાય. કલમના કસબીઓને હાથમાં કલમ પકડવા વિવશ કરે એવી કથાવસ્તુ છે આ!" મેં સાકરચંદના શબ્દોનું સ્વાગત કરવા શબ્દોની જાજમ પાથરી કલમ સાબદી કરી.

"લખો...ત્યારે...મારાથી તમને નિરાશ થોડા કરાય! લખો...હું સાકરચંદ. એક પત્ની, ત્રણ કંધોતર, ત્રણ-ત્રણ પુત્રવધૂઓ, તોપણ વાંઝિયો!"

મારી કલમ એક શબ્દ પણ ચાલી નહીં. લાગ્યું, તેમણે ખોટી શરૂઆત કરી. અવળા ગણેશ બેસાડ્યા. કેળાંની વાત કોરાણે મૂકી અંગત ઇતિહાસ ઉખેડ્યો! મારો આશય એમનું જીવનચરિત્ર આલેખવાનો હરગીજ ન હતો. જીવનચરિત્રને વિવેચકો વાર્તાની આસપાસ ઢૂંકવા પણ નથી દેતા એ હું ન જાણું?

અનાયાસ મારી નજર ઓરડાના દૂરના અગ્નિ ખૂણામાં, પાણિયારા પર પડેલાં ત્રણ કેળાંના ઝૂમખા પર પડી. મને લખવા પ્રેરનાર આ જ કેળાં! બ્રહ્મા, વિષ્ણુ, મહેશ! અહોભાવપૂર્વક મેં ટીકીટીકીને કેળાંનાં દર્શન કર્યાં. ઘાટીલી કાયા પર છૂંદણાં છૂંદાવીને આવ્યાં હોય એવાં ટીપકીવાળાં હતાં. વાહ! સાકરચંદની ખરીદકળાને દાદ દેવી પડે. કેળાં ખાવાં તો ટીપકીવાળાં જ - આવું આત્મજ્ઞાન એમને વારંવાર ખરીદીના અનુભવ દ્વારા પ્રાપ્ત થયું હશે એવો વિચાર પણ આવ્યો. એમ જ હોય ને! ચાર ચોપડી ભણેલ માણસ પણ એકસો વખત કેળાં ખરીદે તો એ પણ કેળાંની રગેરગથી માહિતગાર થઈ જાય. આ તો સાકરચંદ!

કેળાં પર ચોંટેલ મારી નજરને ઉખેડવા સાકરચંદે પલાંઠી છોડી, નીચે ઊતર્યા અને કેળાં પાસે ગયા અને પાણી ગાળવાનું ગળણું

ઉઠાવી કેળાં ઉપર ઢાંકી દેતા બોલ્યા : "કેળાંની વાત આપણે પછી ઉખેડશું...હમણાં ભલે એ અકબંધ હોય. તમે પહેલાં સાકરચંદની કરમકઠણાઈ લખો." તેઓ પલંગ પર પૂર્વવત્ ગોઠવાયા અને બોલ્યા : "બપોરટાણે મારે ભોજન કરવાનું ન હોય, ભોગ આરોગવાનો હોય."

"ભોગ!" મારી નજર સાકરચંદના શરીરનું વિહંગાવલોકન કરવા લાગી. મન વિચારવા લાગ્યું : આ દેહમાં ભોગ ખાધાનાં કોઈ એંધાણ તો દેખાતાં નથી! બેતાળાંવાળો માણસ ચશ્માં વગર પણ કહી આપે કે આ માણસ ભૂખ ચાવીને ભૂખ ભાંગતો આવ્યો છે!

"ઘરનાં સભ્યો ભોજન કરી પોતપોતાના શયનખંડમાં ચાલ્યાં જાય પછી હું રસોડામાં પગલાં પાડું." તેમણે વાતને બે ડગલાં આગળ ચલાવી અને વળી શું સૂઝ્યું હશે તે અધવચ્ચે પડતી મૂકી પૂછ્યું : "તમે લીલ પરણાવાતા જોયા છે?"

"લીલ?"

"હા, લીલ. લીલ પરણાવનારાઓ ગામના પાદરે જાય. પદકાળું અને ભોગ મૂકીને પીઠ ફેરવી ચાલતી પકડે. પછી કોઈ પાછું વળી ન જુએ. બધાની પીઠ દેખાય એટલે મૃતાત્મા આવે અને ભોગ આરોગે...જોયું છે ને આ બધું?" તેમણે વાંકા વળી મારી આંખોમાં પ્રશ્ન પરોવ્યો.

મેં કહ્યું : "સાંભળ્યું છે, જોવાનું બાકી છે."

"મળશે, એવો મોકો પણ મળશે. હંઅ...તો મારાં સ્વજનો ઓડકાર ખાઈ, પીઠ ફેરવી પોતપોતાના માળામાં જતાં રહે એટલે હું રસોડામાં ચૂપચાપ પેસું, લીલની જેમ જ."

મને લાગ્યું કે સાકરચંદ આજે મારી ખીચડી નહીં પાકવા દે, રસોડામાંથી બહાર જ નહીં આવે. નક્કી ભૂખ્યા લાગે છે. કુતૂહલવશ મેં તેમના પેટ તરફ જોયું. પેટ ખાલી હતું. સાહિત્યકારો કહેતા આવ્યા છે, માણસનું પેટ ભરેલું હોય એ પણ એક ઘટના ગણાય. અહીં ઘટનાનો લોપ થતો હતો. પેટ ગોખલા જેવું અંતર્ગોળ લાગતું હતું. ગોખલાને મઢ્યો હોય એમ ઝભ્ભો પેટની ચામડી સાથે ચીપકી ગયો હતો.

"લખવું છે કે પછી કાલ ઉપર રાખવું છે?" પૂછી તેમણે મને જાગ્રત કરી કાગળ પર ઉતાર્યો.

"લખવું જ છે, પણ આ કેળાંની વાત..."

"કેળાંની વાત પણ આવશે, ધરપત રાખો." કહેતાં તેમણે રહસ્યને અકબંધ રાખ્યું. કેળાંની ત્રિપુટી ગળણું, ઓઢી, ટૂંટિયું વાળી સૂતી હતી.

"મારી આ બીજી વારની ઘરવાળી એટલે બીજી ભાત જ! ઇન્દ્રાણીનો અવતાર જ જોઈ લો!" સાકરચંદ વાર્તાની માંડણી કરતા જ ન હતા. એમણે ભૂત મૂકીને પલીત પકડ્યું! "દીકરા જણતી ગઈ અને વેંતવેંત ઊંચી થાતી ગઈ. પછી તો...વઢકણી વહુએ દીકરા જણ્યા...સાંભળી છે ને આ કહેવત? તમારે લેખકોએ તો કહેવતો કલમના ટેરવે રાખવી જોઈએ, શબ્દોને શણગારવા કામ લાગે. તો હંઅ...મારી આ ભારાડી ઘરવાળી દીકરા જણતી ગઈ અને પોતાનો ચોકો રચતી ગઈ અને તગેડી મૂક્યો મને કૂંડાળાની બહાર. હું થઈ ગયો ઠણઠણ ગોપાલ."

સાકરચંદના આજના દીદાર ભલે ઠણઠણ ગોપાલ જેવા જ હતા, પણ એમની ત્રીજી પેઢીએ વહાણ ચાલતાં હતાં એવું મારા દાદાની સાંભરણમાં હતું. મારા દાદા સાકરચંદને બાઘડો કરી બિવડાવતા, એવું ખુદ સાકરચંદે મને કહ્યું હતું. સાકરચંદ બચપણથી જ ફોસી, એવું મારા દાદાનું તારણ હતું.

"આપણે ક્યાં પૂગ્યા હતા?" એમણે પૂછ્યું.

"ઠણઠણ ગોપાલ." મેં અંતના શબ્દોથી સાકરચંદને અનુસંધાન આપ્યું. કહેવાની ઇચ્છા તો થઈ આવી હતી કે આપણે હજી શરૂઆત જ ક્યાં કરી છે? તમે અખાડા જ કાઢ્યા છે.

પણ હું મોઢું ખોલું ત્યાર પહેલાં એ બોલ્યા : "હા, દીકરા! બધા બાયડીના ચાકર! ભૂલી ગયા કે બાપ પણ આ ઘરમાં ગુડાણો છે. કાંકરામાં ગણી કાઢી નાખ્યો મારા વાલીડાઓએ મને!'

હવે એવું લાગતું હતું કે આ ગાય પારહો નહીં મૂકે. વાર્તાદોહન માટેનું બોઘરણું ખાલી જ રહેશે. સાકરચંદ ઘર ઊઠી કરવામાંથી ઊંચા આવતા ન હતા, સ્વૈરવિહાર કરતા હતા. ત્રણ કેળાંના વિષય ઉપર ઉતરાણ જ કરતા ન હતા. વંઠેલ વહુની માફક કુટુંબની ઉઘાડી કરવા બેઠા હતા. વાર્તા આકારિત થતી ન હતી. મન કહેતું હતું કે કહી દે : સાકરચંદભાઈજી! ઝાઝી વાતે ગાડાં ભરાય. હવે આગળ વધો આગળ. તમારી કુટુંબકથાનું રસપાન કરવા આપણે બીજો પ્રોગ્રામ ગોઠવીશું. અત્યારે તો તમે મને એ કહો કે મારા લેખનકક્ષની બારીની સામેની લારીમાંથી તમે નિયમિત ત્રણ કેળાં ખરીદો છો, એનું શું? માત્ર આટલી પાંખી ઘટના પર ગૂંથણી કરો. તમે તો માંડીને એકડે એકથી વાત કરો છો. નવડે તગડે ત્રાણુંથી ઉપાડો.

પણ આવું કાંઈ મેં તેમને કીધું નહીં. શો ફાયદો? મેં તેમને ક્યારેય વાંચતા જોયા ન હતા, તો પછી એમને ટૂંકી વાર્તાનાં મંડાણ ક્યાંથી થાય, એ વિશેનું જ્ઞાન કેમ કરી હોય?

"પછી?" નાછૂટકે મેં વાર્તાનો દોર તેમના હાથમાં આપ્યો.

"તમે ક્યારેય કૂતરું પાળ્યું છે?" તેમણે ફરી વાર્તાને કાવો માર્યો, પરંતુ દોર તો પોતાના હાથમાં જ રાખ્યો.

"ના, કૂતરું તો અમારી સાત પેઢીમાંય કોઈએ પાળ્યું હોય એવું સાંભળ્યું નથી."

"તો તમને નહીં સમજાય, રહેવા દ્યો." વાતનું માંડવણ કરતા હોય એમ તેમણે હાથ અને માથું નકારમાં ધુણાવ્યાં.

"આ કૂતરાનું વળી શું છે?" મેં વિષયને જીવંત રાખવા કૂતરાને બટકું નીર્યું.

"પાળેલું કૂતરું એક વખત કુટુંબનું હેવાયું થઈ જાય પછી તમે એને તગેડી ન શકો. મારીમારીને લંગડું કરી મેલો તો પણ એ તમારો ઉંબરો ન છાંડે...હું પણ ક્યાં

જાઉં?'' કહેતાં તેમણે નિસાસો નાખ્યો અને ફરી બોલ્યા : ''બધાં એયય...રસોડામાં બેસી જમતાં જાય અને વાતોના તડાકા માર્યે જાય. હું બારીમાંથી ટગરટગર રગ્યા કરું. પછી બધાં ઓડકાર ખાઈ ચાલ્યાં જાય એટલે લીલ પરણાવવા જેવું...''

એમની આ પુનરુક્તિથી કંટાળી મને એવું લાગ્યું કે વાર્તાને બ્રેક આપી વળાંક આપવો પડશે, તો જ ગાડી પાટા ઉપર ચડશે. આવા ઈરાદાથી મેં કાગળ અને કલમ ભોંય પર મૂકી તેમને ભાવપૂર્વક કહ્યું : ''તમે કેળાં ખાઈ લો, સાકરચંદજી! પછી આપણે આગળ વધીશું.''

''કેળાં! કેળાં એમ વેડફી ન નખાય. આપણે આગળ જ હંકારીએ.'' કહેતાં તેમણે ભૂખી નજરે કેળાં તરફ જોયું અને ગળા નીચે પરાણે થૂંક ઉતાર્યું.

''તમે ઘરના વડીલ. આ લોકો તમને સાથે જમવા ન બેસાડે?'' મારાથી પૂછાઈ ગયું. ભૂલથી વાર્તાને એ જ દિશામાં ઠેલો મરાઈ ગયો.

''ઊંહું....મારો ખોરાક ઝાઝો અને હું નકામો. ધરમાંથી ઊતરી ગયેલ બળદ જેવો.'' બોલતાં-બોલતાં એમની આંખો ટપકવા લાગી.

મને એવું અનુભવાયું કે હવે વાતમાંથી વાર્તા ટપકે છે! સાકરચંદ જેવા સાકરચંદ પલપલિયાં પાડે! એમના જેવા મીઠા માણસ આમ ખારાં આંસુ વહેવડાવે! એ આંસુઓ દ્વારા વાતમાં અનુભૂતિ તત્ત્વ ઉમેરાઈ વાર્તા સર્જાઈ રહી હતી. આ જ તો વાર્તા! સાકરચંદ હવે વાર્તાનાયક તરીકે પ્રગટી રહ્યા હતા અને એમની જીવનકથા સંઘેડા પર ચડી સાહિત્યકૃતિનું કલેવર ધારણ કરી રહી હતી.

આવું વિચારતાં મેં કલમ અને કાગળ નીચે મૂક્યાં, ઊભો થયો અને માટલામાંથી પાણી ભરી લાવી તેમને આપ્યું. તેઓ પાણી અને આંસુ પી ગયા. હું બે ઘડી ચૂપ બેઠો. પછી સૂઝ્યું એટલે સૂચન કર્યું : ''તમે કેળાં ખાઈ લો, સારું લાગશે.''

''ના-ના, કેળાં અત્યારે કાંઈ ખવાતાં હશે? હજુ બધાંને જમવાનું બાકી છે... ઉતાવળ ન કરાય. ન કરે નારાયણ ને...''

મારું મન ફરી કેળામાં પરોવાયું. સાકરચંદ કેળાં ક્યારે ખાતા હશે એવો પેટાપ્રશ્ન ઊઠ્યો. શું ઈષ્ટદેવને પ્રસાદ ધર્યા બાદ જ શેષ લેતા હશે? મારાથી અનાયાસ કેળાં તરફ જોવાઈ ગયું. છોકરાં દાદીમા પાસેથી સૂતાં-સૂતાં વાર્તા સાંભળતાં હોય એમ કેળાં વાર્તાલાપ સાંભળતાં હતાં.

અચાનક સાકરચંદ ઊઠ્યાં, કેળાં પાસે ગયા અને મારી નજરથી કેળાંને બચાવતા હોય એમ મારી અને કેળાં વચ્ચે ઊભા રહ્યા. પછી મારા આશ્ચર્ય વચ્ચે કેળાં ઉઠાવી મારી સામે ધરી બોલ્યા : ''લો, તમે જ ખાવ.''

''ના-ના, મને નહીં ફાવે...ભૂખ નથી. તમારાં કેળાં મારાથી ન ખવાય.'' મેં માથું ધુણાવ્યું.

''અરે, લ્યો-લ્યો...મારા સમ!'' કહેતાં તેમણે ઝૂમખું મારા હાથમાં જ પકડાવી દીધું.

''તમે સમ આપી મને મુસીબતમાં મૂક્યો. તમારું માન રાખવા એક લઉં છું બસ.'' કહેતાં મેં એક કેળું તોડ્યું, ખાધું. આ કેળું ખાસ હતું! સાકરચંદે કરેલી ખરીદક્રિયાની સદીનું યાદગાર કેળું!

એમણે મને આગ્રહ કરી બીજું કેળું પણ છાલ ઉતારી આપ્યું અને તે કેળાની છાલ મારી નજર ચૂકવવાનો પ્રયત્ન કરી ગળણા નીચે સરકાવી દીધી. હું ના...ના...ના...કરતાં બીજું કેળું પણ ખાઈ ગયો! તેમણે છાલ ઉતારી જ નાખી હતી જો! ખાવું પડ્યું.

હવે ત્રણમાંથી માત્ર એક કેળું બચ્યું હતું. ઘટના હવે સંકોચાઈને માત્ર એક તૃતીયાંશ જેટલી બચી હતી. બે-તૃતીયાંશ ઘટનાનું તિરોધાન થઈ ગયું હતું!

''હવે કરો આ કેળાંની વાત, એટલે આપણે વાર્તાપ્રવેશ કરીએ.'' કહેતાં મેં પલાંઠી વાળી કાગળ-પેન હાથમાં લીધાં અને એકાગ્રતા સાધી.

''હવે કહી જ નાખું. તમારાથી શું છુપાવવાનું?' કહેતાં સાકરચંદે ગળે થૂંક ઉતારી તૈયારી કરી.

''એ બધાં જમી-પરવારી ઊઠી જાય એટલે હું પિતૃઓની જેમ રસોડામાં દાખલ થાઉં અને ત્યાં જે કાંઈ ઓગઠ વધ્યું હોય તે ઝાપટી જાઉં. કહેવત છે ને, બેઠું ખાય એ એઠું ખાય...રોટલી અને શાક બંને વધ્યાં હોય તો તે દિવસે છપ્પન ભોગ આરોગ્યાનો સંતોષ લઉં અને ફક્ત રોટલી જ બચી હોય અને ... શાકનાં તપેલાં ખાલી હોય તો...''

''તો?'' મારી કલમ આગળના શબ્દો ઝીલવા અટકી અને કાન સરવા થયા.

''તો કાઠું પડે. કોરી રોટલી કઈ રીતે ગળે ઊતરે? સાપે છછૂંદર ગળ્યા જેવું થાય. એટલે આ કેળાં સાથે રોટલી વીંટી ખાઉં. કોળિયો જરા લીસો બને. અને...'' સાકરચંદના ગળે શબ્દોનો ડચૂરો વળતો હોય એમ ઘૂંટાવા લાગ્યા. મારા ગળે પણ કાંચકી બાઝી રહી હતી. ગળામાં મૂંઝવણ અનુભવાતી હતી.

''અને રોટલી કે શાક કાંઈ પણ ન વધ્યું હોય તો?'' આ પ્રશ્ન હું મહામહેનતે પૂછી શક્યો.

''તો...ટીપકીવાળાં કેળાંની પોચી છાલ પણ મીઠી લાગે...'' કહેતાં સાકરચંદે ઠૂઠવો મૂક્યો.

મારી આંખો પણ ક્યાં કોરી હતી?

મેં દિલાસો આપતાં કહ્યું : ''સાકરચંદજી! ક્ષમા કરજો, મેં તમારા દુખતા ઘા ખોતર્યા છે! પણ તમે હવે કાળજું કઠણ કરી મને એ કહો કે તમે હંમેશાં ત્રણ જ કેળાં કેમ ખરીદો છો?'' વાર્તાને અંત ભણી દોરી જવાની લાલચ હું રોકી ન શક્યો એટલે મેં પૂછી જ નાખ્યું.

તેમણે આંખો લૂછી અને ગળગળા થઈ બોલ્યા : ''પહેલી ઘરવાળીની કૂખે જન્મેલ, મારે પરણાવેલી ત્રણ દીકરીઓ છે... કેળાં ખાઉં ત્યારે એક પછી એક એમ ત્રણે દીકરી મોઢામાં કોળિયો મૂકતી હોય એવું આશ્વાસન અનુભવું છું, એટલે ત્રણ દીકરીનાં નામનાં ત્રણ કેળાં ખરીદું છું.''

પછી તો વાર્તા પણ રડતી હતી!

# ચાવીચક્ર પરિક્રમા કથા

• સ્વાતિ મેઢ •

કળિયુગના આધુનિક યુગમાં એક સમયે એક મહાનગરના એક ધનિક નિવાસ ક્ષેત્રમાં એક સન્નારી વસતા હતા. નામ એમનું હતું સલીલાબહેન.

સમય વીતતો ગયો અને સલીલાબહેને આયુષ્યના પંચાવન વર્ષ પૂરા કર્યા. થોડા દિવસ પછી એમની વર્ષગાંઠ આવતી હતી. જેને આધુનિક યુગમાં હેપ્પી બર્થ ડે કહેવામાં આવે છે. એમના પતિશ્રી અને સંતાનોને મન થયું, 'આપણે મમ્મીની વર્ષગાંઠ ઉજવીએ.' પાર્ટી વગરની બર્થડે ઉજવણી એટલે પતંગ વિનાની ઉતરાણ, દેશ ભક્તિના ગીતો વિનાની પંદરમી ઓગસ્ટ, ફ્રેન્ડશીપ બેલ્ટ વિનાનો ફ્રેન્ડશીપ ડે! એવો ડે આવે તોય શું, ન આવે તોય શું?

આથી જ મમ્મીના બર્થડેને હોવાની સાર્થકતા આપવા છોકરાઓએ પાર્ટીની તૈયારીઓ શરૂ કરી. સલીલાબહેન કહે, 'આ ઉંમરે હવે આ બધું કેવું લાગે?'

સલીલાબહેનના પતિશ્રીએ 'ઓ મેરી જોહરા જબીં...' કે એવું કશું ગાયા વિના પણ એમના વખાણ કર્યા. સલીલાબહેન મલકાયા અને એ સંમત થયા પાર્ટી કરવા. એમણે નવી સાડી લીધી. મેચિંગ બ્લાઉઝ સીવડાવ્યો, મેચિંગ ફેશન જ્વેલરી ખરીદી, વાળ સેટ કરાવ્યા, રંગાવ્યા. આમંત્રિતોની યાદી, ભોજનની વાનગીઓ, શોભા શણગારની તૈયારીઓ બધું ઘરના બધાએ સાથે મળીને કર્યું. સલીલાબહેનની વર્ષગાંઠ ઉજવાઈ. સૌએ સાથે મળીને 'હેપ્પી બર્થ ડે ટુ યુ' ગાયું. ભેટો અપાઈ, અભિનંદન અપાયા, રીટર્ન ભેટો અપાઈ અને રંગેચંગે બધું સંપન્ન થયું.

પાર્ટી પૂરી થઈ. ઘરના સભ્યો બધા ભેટો ખોલીને જોવા બેઠા. વિવેચનો થયા, વખાણો થયા, મોં મલક્યાં અને મચકોડાયાં ય ખરાં. સલીલાબહેનને એમના રમીલાભાભીએ આપેલું પાર્સલ ખૂલ્યું. એમાંથી નીકળ્યું ચાવીઓ લટકાવવાનું મોટું, ગોળાકાર પાટિયું. એલ્યુમિનિયમનું ચળકતું પતરું, એમાં નકશીકામ. વચ્ચે બે મોર સામસામે ઊભેલા. પણ શી ખબર કેમ એકબીજાથી રીસાયા હોય એમ ડોક ઊંધી ફેરવીને પોતપોતાની કળા જોતા ઊભેલા! પાટિયા પર કડીઓ હતી ચાવીઓ ટીંગાડવાની. સરસ દેખાય. ડ્રોઈંગરૂમની શોભા વધારે એવું કલાત્મક ચાવી પાટિયું ઉર્ફે કીબોર્ડ. સલીલાબહેને પાટિયું હાથમાં લીધું, ઉપરથી નીચે તરફ નીરખ્યું, પાછળ ફેરવ્યું, સહેજ મલક્યાં અને પાટિયું પાછું પેકેટમાં ગોઠવી દીધું.

તો મિત્રો, સલીલાબહેન મલક્યા કેમ? તો કે, એટલે કે એમણે જોયું કે એ પાટિયાની પાછળ એને દીવાલ પર ટીંગાડવાની કડી નહોતી. નીકળી ગયેલી અને એ કડી ઠોક્યાના ઝીણાં નિશાન પાટિયા પર મોજૂદ હતા. સલીલાબહેનના ભાભીએ આપેલી આ ભેટ હતી. ભાભી તરફથી 'આવી' ભેટો છેલ્લા ચાળીસેક વરસથી એમને મળતી રહેલી. અને ભાભી મોટા એટલે સલીલાબહેને વિવેકથી એ ભેટો સ્વિકારી લીધેલી. પાછળથી ય લડાઈ નહોતી કરી.

આમેય તે સલીલાબહેનને દીવાલ પર ચાવીઓ લટકાવવાનું ગમતું નહોતું. મોટો ફ્લેટ લીધો ત્યારે ફર્નિચર કરાવતી વખતેજ ઘરની દીવાલો પર છત અને જમીનથી ઊંચાઈ-નીચાઈ, સેન્ટર, બેલેન્સ, હાર્મની, સિમેટ્રી વગેરે વગેરે જોઈને ઘડિયાળો, કેલેન્ડરો, ચિત્રો, ચાકળા ગોઠવવા મિસ્ત્રી પાસે જ ખીલીઓ લગાડાવેલી. એ પછી નવી ચીજો માટે જોગવાઈ ન હતી. વળી શોભાની ચીજો પર ધૂળ ઉડાડવાનું કામ રોજ ઉઠીને કોણ કરે? એ ય ખરુંને?

ટૂંકમાં, આ કડી વિનાનું ચાવી પાટિયું અર્થાત્ કી-બોર્ડ સલીલાબહેનને જરાય ખપતું ન હતું. એમણે એને કબાટના ઉપલા ખાનામાં ચડાવી દીધું. ભલે પડ્યું.

થોડા દિવસ થયા અને સલીલાબહેનને એમના માસીજીના છોકરાની વહુના છોકરાની બર્થડે પાર્ટીમાં જવાનું થયું. તે ય સાવ છેલ્લી ઘડીએ. અત્યારમાં છોકરા માટે કંઈ નવું લેવા કોણ જાય? સલીલાબહેને તો પેલું ચાવીપાટિયું કબાટમાંથી કાઢ્યું. ઘસીને લૂછ્યું. એના પર રંગીન કાગળ વીંટાળ્યો અને આપી દીધું માસીજીના છોકરાની વહુ શીતલને.

શીતલે ચાવી પાટિયું જોયું. 'જો ને લોકો કેવી વસ્તુ આપે છે!' એ બબડી. આમેય તે એની પાસે ચાવીઓ લટકાવવાના બે પાટિયા હતા. એટલે એણે એ રાખી મૂક્યું. કબાટના ઉપલા ખાનામાં, ભલે પડ્યું.

કહ્યું છે કે દુનિયામાં બધા પોતપોતાનું નસીબ લઈને આવે છે. આ વાત મનુષ્યો માટે જેટલી સાચી છે એટલી જ વસ્તુઓ માટે પણ છે. ચાવી પાટિયાનું પોતાનું નસીબ હતું. એના નસીબમાં દીવાલે ટીંગાવાનું નહોતું કે નહોતું એક ઠેકાણે કબાટના ઉપલા ખાનામાં પડ્યા રહેવાનું.

એક દિવસ શીતલે શયનખંડના કબાટના ઉપલા ખાનામાંથી ચાવી પાટિયું બહાર કાઢ્યું. ઘસીને લૂછ્યું. એના પર નવેસરથી નવો રંગીન કાગળ લગાડ્યો અને આપી દીધું એની નણંદ સેજલની દેરાણીની બર્થડેની પાર્ટીમાં ભેટ, 'શુભેચ્છાઓ સાથે...'

સેજલની દેરાણી યુ.એસ.થી આવેલી. પાર્ટી તો એણે બધાને સાથે મળાય એટલે ગોઠવેલી. એ આવું પાટિયું કઈ રતે

સાથે લઈ જાય? એણે સેજલને કહ્યું, ‘ભાભી, તમે જ આ રાખી લો.’ ભાભી એટલે કે સેજલ વટવાળી. એ કંઈ દેરાણીએ આપેલી વસ્તુ વાપરે? ત્યાંનું પરફ્યુમ હોય તો વળી ઠીક છે. પણ આવું પાટિયું? એણે ચાવી પાટિયું લઈ તો લીધું પણ સાથે કહીયે દીધું, ટોળમાં સ્તો ‘હાસ્તો, તમારે તો બીજું કેટલું ય લઈ જવાનું હોય (અર્થાત્ અથાણાં, છૂંદા, ચકરી-મઠિયાના લોટો વગેરે) આનું વજન... ને ચાવી પાટિયું લઈને મૂકી દીધું કબાટના ઉપલા ખાને, ભલે પડ્યું.

ચાવી પાટિયાનો સ્થિરતાનો યોગ આવે પણ થોડા વખત માટે. છેલ્લા આઠેક મહિના દરમિયાન એનો સલીલાબહેનના ઘર સહિત ત્રણ ઘરે પ્રવાસ થયો. સેજલને ઘેર બે-ત્રણ મહિના નીકળ્યા. એક દિવસ સેજલની ટીનએજ દીકરી દોડતી ઘરમાં આવીને બોલી, ‘મમ્મી, જલ્દી કંઈ વસ્તુ સજેસ્ટ કરને. મારી ફ્રેન્ડ નેહાની મોટી સિસ્ટરના મેરેજમાં કંઈ ગીફ્ટ આપવાની છે.’ સેજલબેનના મગજમાં ઝબકારો થયો. કબાટ ખૂલ્યું. ઉપલે ખાનેથી ચાવી પાટિયું ઉતર્યું, ઘસાયું, લૂછાયું. એને નવેસરથી રંગીન કાગળ લાગ્યો અને એ પહોંચ્યું નેહાની મોટી સિસ્ટર ચૈતાલીને સાસરે.

ચૈતાલીનું સાસરું પૈસાદાર, સંયુક્ત કુટુંબ. સાસુએ પ્રેમથી ચૈતાલી માટે એક ઓરડો તૈયાર કરાવડાવેલો. નવું ફર્નિચર મૂકાવડાવેલું. પથારીની પાસે જ નાનકડું ટેબલ હતું. એમાં જ એક નાજુક નકશીકામ કરેલું ચાવીઓ મૂકવાનું કી-બોર્ડ હતું. એવી જ કલાત્મક કડીઓ સાથેનું કી-બોર્ડ. ચૈતાલીના સાસરાના બંગલામાં ક્યાંય સલીલાબહેનના ઘેરથી, ખરું કહીએ તો એમના ભાભીના ઘેરથી પ્રવાસે નીકળેલા ગોળાકાર ચાવી પાટિયા માટે જગ્યા ન હતી. બધી ભેટો ચૈતાલીના સાસુએ જોઈ, વખાણી. (બહુ સારો સ્વભાવ હોં...) એમણે કહ્યું, ‘આવી ઘણી વસ્તુઓ આવી જાય. આપણે રાખી મૂકવાની. કોઈવાર કોઈને ભેટ આપવા કામ લાગે. આ કી-સ્ટેન્ડ સરસ છે.’ એમણે એ પાટિયાને ફેરવીને જોયું ય નહીં.

ચૈતાલીના સાસરાના બંગલાના એક કબાટમાં ઉપલા ખાને ચાવી પાટિયાને નવું રહેઠાણ મળ્યું. ભલે પડ્યું.

ચૈતાલી મોટે ઘેર પરણેલી. વ્યવહારોમાં જવાનું બહુ થાય. ભેટોની આપ-લે થયા કરે. કબાટનું ઉપલું ખાનું રાખેલું જ એના માટે. ભેટમાં આવેલી ચીજોને સાચવીને રાખવા માટે. જરૂર પડે ત્યારે જે ઠીક લાગે તે ભેટમાં આપી દેવાનું. એકવાર ચૈતાલીને એના સસરાના ભાગીદારના ભત્રીજીના વિવાહ થયાની પાર્ટીમાં જવાનું થયું. ભેટ આપવા માટે સુંદર વસ્તુઓની શોધ ચાલી અને હાથમાં આવ્યું પેલું કી-બોર્ડ. શું થાય? એ નસીબમાં પ્રવાસયોગ લઈને જ આવેલું તે! ઘસાઈ, લૂછાઈ, નવા રંગીન કાગળમાં લપેટાઈને શુભેચ્છા - આશિર્વાદ સાથે કી-બોર્ડ ઉર્ફે ચાવી પાટિયું આગળ વધ્યું, એક નવા ઘરે. ચૈતાલીના સસરાના ભાગીદારની ભત્રીજી પાસે. એ ભત્રીજી તો હજી કૉલેજમાં ભણતી હતી. એને ભેટમાં કીચેઈન મળે તો ગમે, ફન્કી જ્વેલરી મળે તો ગમે. આવું પાટિયું એને શા કામનું? એણે એની મમ્મીને કહ્યું, ‘મમ્મી, તું રાખ. એનું તારે જે કરવું હોય તે કરજે.’

મમ્મી કહે, ‘તારા રૂમની દીવાલ પર રાખને.’

કૉલેજના છેલ્લા વર્ષમાં ભણતી યુવતીના રૂમની દીવાલ પર શોભે તો રણવીરસિંહ, પ્રિયંગા ચોપરા, શાહીદ કપૂર, સોનમના ફોટા શોભે. આવું ચાવી પાટિયું તે કંઈ શોભતું હશે?

હીહીહી... મમ્મી ય તે...!

આ ભત્રીજીની મમ્મી એટલે કે મધુરીબહેનનું એક કિટ્ટી ગ્રુપ હતું. એકવાર એ ગ્રુપના એક મેમ્બરના ઘેર જવાનું થયું. એ મેમ્બર વકીલના વહુ હતા. એમણે નવો ફ્લેટ લીધેલો એની હાઉસ વોર્મિંગ પાર્ટી હતી. વકીલનાં વહુ વટ બહુ મારે ‘મારા એ તો બોમ્બે યુનિવર્સિટીના એલ.એલ.બી. છે’ કહીને. મધુરીબહેનને બહુ ખીજ ચડે. એમનુંય પિયર બોમ્બે હતું. ને એ ય બોમ્બેની કૉલેજમાં ભણેલા. બી.એ. થયેલા કે નહીં એ તો આટલે વર્ષે કોણ પૂછે? ‘એવી એને માટે પૈસા ખર્ચીને નવી વસ્તુ કોણ લાવે?’ કહીને એમણે કબાટના ઉપલા ખાનામાંથી ચાવીપાટિયું બહાર કાઢ્યું. પાટિયા પરનું પતરું હવે ઝાંખું લાગતું હતું. રિસાઇને મોં ફેરવીને ઊભેલા મોરનો ભૂરો રંગ પહેલા જેવો ચમકતો ન હતો. મધુરીબહેને પાટિયું ઘસી, લૂછીને સાફ કર્યું. સાફ કરતી વખતે એમનું ધ્યાન ગયું કે પાટિયામાં પાછળ કડી નહોતી. ‘નીકળી ગઈ હશે. ચાલે એ તો...’ એમ મન મનાવીને એમણે એના પર રંગીન ચમકતો કાગળ વિંટાળ્યો. એના પર ‘નવા ઘરમાં સુખી રહો’ એવું અંગ્રેજીમાં લખેલું કાર્ડ ચોંટાડ્યું અને ખૂબ હસતા મોઢે વકીલના વહુના હાથમાં પકડાવી દીધું. હાશ, કબાટમાં જગ્યા થઈ!

મિત્રો, પ્રવાસયોગ સાથે નિર્માયેલા આ ગોળાકાર ચાવી પાટિયા અર્થાત્ ચાવીચક્રએ બિલાડીના બચ્ચાંની જેમ છ ઘર બદલ્યા. કદાચ સાતમે ઘેર ઠરીઠામ થશે. વકીલના વહુને ચાવીચક્ર ગમ્યું. પણ આપેલું કોણે? મધુરીબહેને. મધુરીબહેનને જો વકીલના વહુ નહોતા ગમતાં તો વકીલના વહુય ક્યાં એમના પર હેત વરસાવતા'તા? ચાવીચક્ર દીવાલે લટકતું હોય તો રોજ ઉઠીને મધુરીબહેન યાદ આવે. ‘એવી એ ને રોજ કોણ યાદ કરે?’ વકીલના વહુએ વિચાર્યું. એમના નવા જ બનેલા કબાટના ઉપલા ખાને એ મૂકી દીધું. ભલે પડ્યું.

ને મિત્રો, આ પ્રવાસયોગ તે કેવો પ્રવાસયોગ? વકીલનાં વહુ સલીલાબહેનના ભાભીના જૂના પડોશી બહેનપણી પણ ખરા. ભાભીએ એમના લગ્નની પિસ્તાળીસમી વર્ષગાંઠ ઉજવવાનું નક્કી કર્યું. મૂળ કારણ તો એ કે વહેવારોમાં અત્યાર સુધી જે આપ્યું હોય તે વેળાસર પાછું આવી જાય. આ ઉંમરે હવે તબિયતનો શો ભરોસો? પણ કારણ આપ્યું, ‘બધાએ બહુ કહ્યું એટલે.’ ભાભીએ વકીલનાં વહુનેય બોલાવેલાં. વકીલનાં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૮ ઉપર)**

# ઝંઝાવાત

• બાબુલાલ ગોર •

કાળી ડિબાંગ રાત્રિ હતી. ભયભીત લોકોના હૃદયમાં જાણે સોપો પડી ગયો હતો. સર્વના મનમાં ક્યાંક નાસી જવાના વિચારો ઘોળાતા હતા પણ સમુદ્રની અસીમ જળરાશિ પાર કરવી શી રીતે એ વિષમ કોયડાએ સૌના મોઢા પરથી નૂર હરી લીધું હતું!

પરંતુ...એ ત્રણે તાલેવંત આસામીઓએ તો પોતાની અસ્ક્યામત અને જાનમાલની સુરક્ષા માટે નાસી છૂટવાની પહેલેથી જ સુવિધા કરી રાખી હતી.

૧૯૬૧ની ૧૯મી ડિસેમ્બરનો એ દિવસ એટલે ભારતીય ઇતિહાસનો અમર દિવસ. એ દિવસે ભારતીય સૈન્ય ગોવામાં પ્રવેશી ચૂક્યું હતું ત્યારે ગોવાના સૌથી વધુ તાલેવંત એ ત્રણે આસામીઓ ફેડ્રીકો, બોસાર્ડ અને મુસો સહકુટુંબ પોતાની જાનમાલની સલામતી તેમજ પોતાની અસ્ક્યામત બચાવવા ખાતર પૂર્વ નિર્ધારિત યોજના પ્રમાણે કિનારા પર આવી પહોંચ્યા. સારોય કિનારો ભયભીત લોકટોળાથી ભરચક હતો! સ્ફુનરમાં ચડી બેઠેલા લોકોને મહા પરાણે ઉતાર્યા બાદ તેઓ સર્વ સ્ફુનરમાં ચઢી બેઠા અને મુસાના દિકરા ઈસ્માઈલે જેટી સાથે બાંધેલું દોરડું કાપી નાખ્યું. તે સાથે જ સમુદ્રની અફાટ જળરાશી પર સ્ફુનર વિહરવા લાગી...

...પણ આશ્ચર્ય...! એકાએક તિમિર ગળતો સર્ચલાઈટનો તેજ ઝબકારો પળ બે પળ સ્ફુનરની ચોતરફ થયો! ને જાણે આફતનાં એંધાણ કળી ગયો હોય તેમ સુકાની બનવા ઉત્સુક ઈસ્માઈલે સૂચિત નજરે ફેડ્રિકો તરફ જોયું, જે નજરમાં સ્ફુનર કઈ દિશા તરફ હંકારવી એ પૃચ્છા વરતાઈ રહી હતી. અને બીજી જ ક્ષણે પશ્ચિમ દિશાનું સૂચન થતાં સ્ફુનર ઝડપી ગતિએ વિહરવા લાગી. ત્રણેય આસામીઓ ઉપર ડેક પર બેઠા છે. તેમના કુટુંબીઓ નીચે ભંડકિયામાં. દિલમાં ઝંખના ભરી છે સહીસલામત મોઝામ્બિક પહોંચવાની!

ગજબ સાહસ! એક નાનકડી સ્ફુનર, લાંબું સાગર ખેડાણ ને વળી સાગર અને વહાણવટાના કાર્યથી અજ્ઞાત એવા આ માનવીઓ દ્વારા!

ગોવાના દરિયાની હદ હજુ ઓળંગાઈ નહોતી. મશીનગન માંથી ગોળીઓ છૂટવાના છુટપુટ અવાજો હજી સંભળાઈ રહ્યા હતા...છતાં પણ પોતાને હવે ઉપર ડેક પર જવામાં કશો ય ભય નથી એમ માની ફેડ્રીકોની પત્ની હેલેના પોતાની બે પુત્રીઓ સાથે ડેક પર ગઈ એ જોઈ ફેડ્રીકો તરત જ ગર્જી ઉઠ્યો, "નીચે જાવ...નીચે જાવ..." એ ગર્જના સાંભળી હેલેના નીચે ભંડકિયામાં જવા ઊતરવા લાગી...ત્યાં જ જાણે એ અવાજ-ગર્જના સાંભળી દૂરના કિનારા પરથી મશીનગનમાંથી છૂટેલી ગોળીઓ પૈકી એક ગોળીએ સનન...કરતી આવીને ભંડકિયામાં જઈ રહેલ હેલેનાની મોટી પુત્રી ગ્રેસીએલાના ઉદરને નિશાન બનાવ્યું! તે સાથે જ ગ્રેસીએલા માના ખોળામાં ઢળી પડી. ભાન વિહોણી ગ્રેસીએલાને પોતાના ખોળામાં લઈ હેલેના જોરશોરથી આક્રંદ કરવા લાગી. એ કારમી ચીસ અને કરુણ આક્રંદ સાંભળી નીચે ભંડકિયામાં દોડી આવેલો ફેડ્રીકો એ દૃશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગયો! ગોળી વાગવાથી થયેલા ઘાવને બોસાર્ડની પત્ની સાફ કરી રહી હતી. તે મૂઢ મૂક બની નીરખી રહ્યો હતો. ત્યાંજ તેની પત્ની કહેવા લાગી "મારી પ્યારી ગ્રેસીએલા ખાતર...મારી પ્યારી પુત્રીનો જાન બચાવવા ખાતર ચાલો આપણે પાછા વળીએ...! ચાલો આપણે હોસ્પિટલ પહોંચીએ!"

રૂંવાડાં ઊભાં કરતો આ આર્તનાદ સાંભળી ફેડ્રીકો ઘણો જ દુઃખી થયો. પણ થાય શું? તે નિશ્ચિત સમજી ચૂક્યો હતો કે આવી અંધાધૂંધીમાં પાછા વળવું એ છઠ્ઠીનાં ધાવણ મોઢે આવવા સમાન કપરું કાર્ય હતું!

પણ હેલેના એક માતા હતી...! તે વિચારમગ્ન ફેડ્રીકોને સજ્જડ વળગી રહી અને પાગલની જેમ લવલવી રહી... તમે... તમે મારી... ગ્રેસીએલાને તો... મરવા... દેવા જ... માગો છો...!

આર્તનાદ ભરપૂર આ એકેક શબ્દથી ફેડ્રીકોનું હૃદય જાણે દુઃખથી વલોવાઈ રહ્યું પણ ભીષણ ઝંઝાવાત સાથે બાથ ભીડાઈ હતી ત્યારે બલભર મુકાબલો એ જ એક ઉપાય હતો અને વધુ વિચારવા માટે સમય પણ ક્યાં હતો? ઉપર ઈસ્માઈલને મદદ કરવાની પણ અનિવાર્ય જરૂર હતી. એક વત્સલ પિતા માટે આ ઘણો જ કપરો સંજોગ હતો. પણ વ્યથા ભોગવ્યા સિવાય અન્ય કોઈ ઉપાય ક્યાં જતો? "સમય સમય બલવાન!" ફેડ્રીકો મુસાની પત્ની મરીયમને સારસંભાળ રાખવાની ભલામણ કરી ઈસ્માઈલને મદદ કરવા ઉપર પહોંચ્યો. એ કાળ ભેંકાર રાત્રી વીતી અને સવાર પડી ત્યારે ગ્રેસીએલાની લાશની દફનક્રિયા હલકારા મારતા મહેરામણમાં થઈ ચૂકી હતી! બિચારો ફેડ્રીકો પોતાની વહાલસોઈ પુત્રીને હવે ક્યારે પણ હસતી કૂદતી જોઈ શકવાનો નહોતો. અને હેલેના માટે તો આ આઘાત કારી ઘા સમાન બન્યો. તેણીએ તો એ આર્તનાદ અને આક્રંદ ચાલુ જ રાખ્યાં. તેની સ્થિતિ છેક પાગલ જેવી બની ગઈ. અને પુત્રીના વિયોગમાં ઝૂરતી એ હતભાગી નારીએ દરિયામાં પડતું મૂકી જળ સમાધિ લઈ જાણે નિજ પુત્રી સાથે કાયમને માટે ઐક્ય સાધી લીધું!

બિચારો ફેડ્રીકો પોતાની જિંદગીમાં એકાએક બનેલ આ દુર્ઘટનાથી એવો તો

ખિન્ન ને પરેશાન બની ગયો કે તેની ઊંઘ પણ હરામ થઈ ગઈ. વ્યથાપૂર્ણ હૃદયથી ગોવા છોડવા માટે તે અફસોસ કરી રહ્યો. પોતાની અઢળક ધનરાશિ અને સોનાને સલામત બનાવવા જતાં ગુમાવેલી વહાલસોઈ પત્ની અને લાડલી કન્યાની વેદનાએ તેને અજંપો જગાવ્યો. તે અભિભૂત માનવી હવે સલામત સ્થળે પહોંચી પોતાની એક પુત્રીને ઉછેરી શાંતિથી જીવવા ઝંખી રહ્યો!

પણ આફતની નાગચૂડમાં સપડાયેલા આ માનવીઓ પર આફતનાં ઘેરાં વાદળ ઉમટ્યાં...! પવન જોરજોરથી ફૂંકાવા લાગ્યો. અત્યાર સુધી સાગરનાં જળ જે શાંત હતાં તેણે તોફાની માતરિશ્વાના સહયોગથી ચક્રવાતી સ્વરૂપ ધારણ કર્યું...! પવનનો એક જબ્બર સપાટો...એક પ્રચંડ મોજું...ને તે સાથે જ અનર્ગળ નીરમાં બિંદુ સમાન સ્કુનર એક પડખે ખાંગી થઈ! બ્રિજ પર રહેલો મુસાનો દીકરો ઈસ્માઈલ સમુદ્રમાં ફેંકાઈ ગયો! કાળો કેર વર્તી ગયો! ઈસ્માઈલને બચાવવા તરત જ "લાઈફ બેલ્ટ" ફેંકાયા. સૂક્ષ્માતિસૂક્ષ્મ શોધ કરાઈ પણ બધુંય વ્યર્થ! નિરાશા જ સાંપડી! જાણે કે "સમુદ્ર ફેન" તેને ગળી ગયું!

આંખની કીકી જેવા એકના એક દૂધમલિયા પુત્રની આ ગમખ્વાર અકસ્માતજન્ય અકળ ઘટનાથી મુસો વિવશ અને કિંકર્તવ્યમૂઢ બની ગયો ને ગાંડોતૂર બની દરિયામાં કૂદી પડવા તૈયાર થયો પણ તેના સાથીઓ તેની એ નેમ કળી ગયા ને તેને બાથમાં લઈ તેમ કરતાં અટકાવ્યો. પણ પુત્રવિયોગના અઘાતે જાણે કે મુસાનું સઘળું શાણપણ હરાઈ ગયું હોય તેમ તે સાથીઓના પાશમાંથી છટકી દરિયામાં કૂદવા ઝનૂની બની ગયો પણ સચેત સાક્ષીઓએ તેને મજબૂત દોરાથી મુશ્કેટાટ બંધનગ્રસ્ત બનાવ્યો!

મુસાને બાંધ્યો તે સાથે જ તોફાનને પણ કુદરતી બંધન આવ્યું! દરિયાનાં ભમ્મરિયા જળ હવે શાંત બની ગયાં અને સ્કુનરને યોગ્ય સંતુલનથી નિર્ધારિત પ્રવાસ દિશા પ્રતિ આગળ આગળ જવા માટે મદદરૂપ થઈ રહ્યાં. હવે આ દુખિયા જીવોને કાંઈક ધરપત થઈ અને નવજીવનની આશા બંધાણી. તેઓ મનોમન પ્રભુને વંદી રહ્યા.

અને એક સવારે જ્યારે બાળ રવિ પોતાનાં કુમળાં કિરણો અવની પર રેલાવી રહ્યો હતો ત્યારે જેની સ્થિતિ ખરેખર દયાજનક બની ગઈ હતી એવા મુસો, બોસાર્ડ ને ફેડ્રીકો પોતાના શેષ બચેલા સ્વજનો સાથે અરબી સમુદ્ર પાર કરી આફ્રિકા પેમ્બા ટાપુ પર પહોંચી ગયા છતાં પણ એ દહેશત તેઓને જાણે સતાવી રહી કે, રખેને કોઈ આફતની ઝડી વરસશે!

પેમ્બા ટાપુ પર થોડો સમય આરામ કરવા માટે રોકાયા બાદ આ હતભાગી દુખિયા જીવો મોઝામ્બિક જવા રવાના થયા ત્યારે ખરા બપોરનો તપ્ત સૂર્ય પોતાની અગન જવાળાઓ ઓકી રહ્યો.

*૬૫, ભાનુશાળી નગર,*
*કર્મભૂમિ એપાર્ટમેન્ટ સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૨૩૧૮૬૧*


**JETHABHAI DOONGARSHI TRANSPORT CO.**

**J. D. LOGISTICS**



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

# ભૂખ

• હરિશ્ચંદ્ર •

ગામડાં-ગામમાં ખાવાનાંયે સાંસા થઈ પડેલાં. તેથી મારો બાપ ગામ છોડી નસીબ અજમાવવા શહેરમાં જતો રહેલો. ત્યાં કાંઈક ઠેકાણું પડતા અમનેય લઈ જશે, એમ કહીને ગયેલો. પરંતુ ગયો તે ગયો, ત્યારબાદ તેના કોઈ ખબર નહીં. અમે કોને પૂછીએ અને ક્યાં ખબર કાઢીએ?

હું તે વખતે નવ વરસનો. મા બિચારી મહેનત - મજૂરી કરી અમારા બેનું ગુજરાન ચલાવતી. ખેતીની મજૂરી મળે, તે કરતી. તેય રોજ મળે નહીં. ત્યારે કોઈનું દળણું દળી આપે કે નાનું-મોટું ઘરકામ કરી આપે. માંડ અમે બે કોળિયા ભેળા થઈએ. વચ્ચે એકાદ-બે ટંક પાણી પીને કાઢી નાખવાનોયે વારો આવે.

આમાં અષાઢ માસ બહુ ભારે જાય. મજૂરોને ખેતરમાં ક્યાંય કામ ન મળે. મૂશળધાર વરસાદ વરસતો હોય. બહાર ક્યાંય જવાય નહીં. આવે વખતે અમે મા-દીકરો બંને ઘણી વાર ઘરમાં ભૂખ્યાં જ બેસી રહેતાં. આવો એક દિવસ મને જિંદગીભર યાદ રહી ગયો છે.

વરસાદની હેલી થયેલી. ચાર-પાંચ દિવસથી વરસાદ એકધારો પડી ગયેલો. ચારેકોર બધું જળબંબાકાર! ઘરમાંથી બહાર નીકળાય નહીં. બહાર વાતાવરણ ઠંડુગાર, પણ પેટમાં અંદર લ્હાય બળે. ઘરમાં એક દાણો નહીં બચેલો. બે ટંક સાવ એમને એમ કાઢેલા. હું માની સોડમાં બેઠો અનારાધાર વરસતા વરસાદને જોઈ રહ્યો હતો.

મારા મનમાં એકાએક વિચાર આવ્યો, અને મેં માને કહ્યું ‘મા, આકાશમાંથી આટલું પાણી પડે છે, એના કરતાં અનાજના દાણા વરસતા હોત તો કેવું સારું!’

ભૂખથી મ્લાન થઈ ગયેલા માના ચહેરા પર મારી આવી અજબ કલ્પનાથી બે ઘડી તો ઉજાસ આવી ગયો. પણ ફરી પાછું નિરાશાનું વાદળ છવાઈ ગયું : ‘દાણો પકવવા તો કાળી મજૂરી કરવી પડે છે!’

સાંજ પડી ગઈ હતી. થોડીવાર અમે મૂંગા-મૂંગા બેઠાં રહ્યાં. મારા પેટમાં ચૂંક ઊઠતી હતી. મેં ધીમા સાદે માને પૂછ્યું, ‘સાંજે ચૂલો પેટાવીશ, એમ કહેલું ને!’

‘ચૂલો પેટાવીને કરું શું?’

‘મા, કાંઈને કાંઈ કર ને!’

‘બેટા, ઘરમાં એક દાણો નથી. મને હતું, ક્યાંકથી માગી-ભીખીને લાવીશ. પણ હવે જાઉં તો બધા મોં મચકોડે છે! અને આવા વરસાદમાં બહાર નીકળાય પણ કેમ?’

‘મા, નથી રહેવાતું. પેટમાં આગ બળે છે.’

માએ મને છાતી સરસો લીધો અને એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. એનાં એ આંસુથી મારી ભૂખની આગ બુઝાઈ ગઈ.

રાતે મા મને સોડમાં લઈ સૂતી. ભૂખ્યાં પેટે બેઉને ક્યાંય સુધી ઊંઘ આવી નહીં. એકાએક મેં પૂછ્યું, ‘મા, તને ખબર છે. નાનુની દાદી બહુ બીમાર છે. કહે છે કે આજ મરે-કાલ મરે!’

માને નવાઈ લાગી. બોલી, ‘બેટા, તને અત્યારે એ ડોસી ક્યાંથી યાદ આવી?’

હું કાંઈ બોલ્યો નહીં. મનમાં આવેલું તે બોલાય કે નહીં, મને ખબર નહીં. મા મને થાબડતી રહી.

ગયા મહિને એક બીજી ડોસી મરી ગયેલી. તેનું બારમું કરેલું. આખા ગામને જમાડેલું. કેવું પેટ ભરીને ખાવા મળેલું. રોજ જ આમ કોઈનું બારમું થાય, તો કેવું સારું! આ નાનુની ડોસી પણ મરી જાય, તો ફરી બારમું થાય.

પણ તે મરશે, તો તુરત કાંઈ થોડું બારમું થવાનું? બારમું તો બાર દિવસ પછી થાય. ત્યાં સુધી શું કરશે? ખાધા વિના એટલા દિવસ તું કાઢવાનો ખરો?

હું ગમે તેમ જીવી જઈશ. પણ આજ રાતે એ ડોસી મરી જ જવી જોઈએ. મેં હાથમાં કુહાડી લીધી અને પહોંચ્યો નાનુને ઘેર. ડોસી પથારીમાં પડી કણસતી હતી. મને જોઈ થરથરવા લાગી. ‘કોણ છે તું?’

‘હું યમનો દૂત! આવ્યો છું તારો પ્રાણ લેવા.’

‘નહીં, નહીં, મહિનામાં મારા પોતરાનાં લગ્ન છે. તે જોઈને મારે જવું છે.’

‘એવાં લગ્ન-બગ્નની રાહ ન જોવાય. યમનું તેડું પાછું ન ઠેલાય.’ અને મેં કુહાડી ઉગામી પણ તેવામાં એક વિચાર આવતાં મેં કુહાડી પાછી મૂકીને ડોસીને કહ્યું, ‘તારી પાછળ ગામ આખાને જમાડવાનું તારા દીકરાને કહીને જા! લે, આ કાગળ, તેમાં લખી દે.’

ડોસીએ ધ્રૂજતે હાથે લખ્યું. અને પછી કરગરવા લાગી. ‘મારા પ્રાણ ન લઈશ...મારા પ્રાણ ન લઈશ.’ પરંતુ તે તરફ કશું ધ્યાન ન આપતાં મેં કુહાડી ફટકારી. ડોસીના રામ રમી ગયા. હું નાચવા લાગ્યો : ‘હા...હા...હા... ડોસી મરી...ડોસી મરી... મેં તેનો જીવ લીધો...’

મારી માએ મને ઢંઢોળીને જગાડ્યો. ‘બેટા, બેટા! શું થાય છે તને? જો...જો... હું તારી પાસે જ છું.’

મને કાંઈ સમજાયું નહીં. આંખો ચોળતો-ચોળતો હું બેઠો થયો. મને કાંઈ ભાન નહોતું. હું માની સોડમાં તેને વળગીને ફરી સૂઈ ગયો. મા મારા વાંસે-માથે મમતાભર્યો હાથ ફેરવતી રહી.

*(શ્રી શશીકાંત તાસગાવકરની મરાઠી વાર્તાને આધારે)*

# ઘર વિનાની મા

• ઇલા કે. શાહ •

મુંબઈની એક હૉસ્પિટલનો જનરલ વોર્ડ, તેમાં નીમાબહેનને દાખલ કરેલા.

નીમાબહેનને જોતાં જ એક ભિખારણનું દૃશ્ય ખડું થઈ જાય. ફાટેલો, મેલો, ગંદો ગાઉન એ એમનો પહેરવેશ. માથાના વાળ છૂટા અને તેમાંથી 'જૂ' ની લાઈનો ગળા પર, કપાળ પર દેખાય. શરીરમાંથી દુર્ગંધ આવે, બે હાથે માથું ખંજવાળતાં નીમાબહેન પલંગ પર બેઠાં હતાં. પરદેશ રહેતા દીકરાઓએ પોતાની 'મા' ને તરછોડીને આવી કફોડી હાલત કરી હતી.

નીમાબહેનનાં નણંદ (ગામની દીકરી) સરલાબેનને સમાચાર મળ્યા કે તરત દોડી આવ્યાં. તેઓ આણંદ જિલ્લાના એક શહેરમાં રહેતાં હતાં. હોસ્પિટલમાં પ્રવેશ કરી વોર્ડમાં આવ્યાં ને પૂછપરછ કરતાં પહેલાં નજર ફેરવી પણ ક્યાંય ભાભી ન દેખાયાં. પછી નર્સને પૂછ્યું તો બેફિકરાઈથી કહ્યું : 'પેલી ભિખારણ જેવી દેખાય છે ને તે પલંગ પાસે જાવ.''

''અરર! આ મારી ભાભી! કેવી હાલત છે તારી! દીકરાઓએ તને આ કક્ષાએ પહોંચાડી? મેં તો તને ન ઓળખી.'' નીમાબેનને ઉપર વર્ણવી છે તેવી પરિસ્થિતિમાં જોતાં જ સરલાબેનથી સહજ પૂછાઈ ગયું. તેમનું મગજ ચકરાવો લેવા લાગ્યું.

''એય, તું ઊભી શું રહી છે? મને કશુંક ખાવાનું આપ. મને ખંજવાળ આવે છે તો કાંઈક કર.'' ભૂખથી ત્રસ્ત થયેલ નીમાબેનને પોતે શું બોલતાં હતાં તેનુંય ભાન નહોતું. આ મોટાં નણંદ હતાં. નીમા નાનાભાઈની વાઈફ હોવાથી તુંકારાથી બોલાવાય.

નર્સને ખાવાનું આપવા માટે પૂછ્યું તો કહે : 'બહુ ખાય તો પેટ બગડે, પછી કોણ કરે? ઘેરથી દાખલ કર્યા બાદ કોઈ આવતું નથી. વૃદ્ધાશ્રમવાળાને જવાબદારી સોંપી છે પણ અમે શું કરીએ?'

સરલાબેન ખાવાનું લઈ આવ્યાં ને ખવડાવ્યું. પછી તેમના મનમાં સરસ વિચાર આવ્યો. તે નર્સને મોટી નોટ પકડાવીને કહ્યું : આ મારાં ભાભી છે તેની આજે વર્ષગાંઠ છે તે મારે ઊજવવી છે. હું તમને શેમ્પુ, સાબુ, કપડાં લાવી આપવા સોંપું છું. તમે નવડાવીને સરસ તૈયાર કરો. તમે સ્નાન કરાવશો ને ત્યાં સુધી હું કેક, આઈસ્ક્રીમ, નાસ્તો લઈ આવું છું. આપણે આખા વોર્ડમાં વહેંચીશું. જાવ જલ્દી કરો. સરલાબેને નર્સ પાસે જ સ્નાનની સામગ્રી મંગાવી અને પોતે નાસ્તો વગેરે લેવા માટે ગયાં. તે પહેલાં નીમાબહેનને કહ્યું હતું કે,

''ભાભી, આજે તો તારી વર્ષગાંઠ છે. તું નાહી-ધોઈ સરસ તૈયાર થઈ જા, આપણે બધાને આઈસ્ક્રીમ આપીશું, ગમશે ને?''

પછી તે કાંઈ પણ બોલ્યા વગર નહાવા માટે બાથરૂમ તરફ ગયાં. સરલાબેન બધો ઓર્ડર આપીને આવી ગયાં.

નીમાબેનનું મુખ હવે સહેજ ઓળખાય તેવું થયું. થોડીવારમાં કેક આવી ગઈ. બધાંને તેમની આસપાસ ભેગાં કર્યા. ''હેપ્પી બર્થ-ડે'' કહી તાળીઓથી વધાવ્યાં, ને સૌને આઈસ્ક્રીમ-નાસ્તો આપ્યો.

નીમાબહેને ખૂબ ઝડપથી બધું ખાધું. જાણે કેટલાય દિવસની ભૂખી ન હોય! તેના મુખ પર થોડો આનંદ વર્તાયો. સરલાબેનને સંતોષ થયો.

હવે સરલાબેને ધીમે રહી પૂછ્યું : તેં મને ઓળખી ખરી? તારે ત્યાં હું અગિયાર વર્ષ અભ્યાસ કરવા માટે રહેલી. ફઈબા હવે નથી ને મારા ભાઈ પણ નથી, પણ તું તારા દીકરા-વહુ સાથે અમેરિકા ગઈ હતી ને?''

''મને તમારી બહુ મોડેથી ઓળખાણ પડી. બહેન હું બીમાર નથી, પણ મારા દિયર-દેરાણીએ મને રાખવી પડે તેથી વૃદ્ધાશ્રમમાં મોકલી, ને તેઓએ મારી ઈચ્છા ન હોવા છતાં અહીં ધકેલી. હું શું કરું? મારા કુપુત્રોને તો સંભારશો જ નહિ. મને વારંવાર ઈન્ડિયા મોકલવા ધક્કા માર્યા છે.'' નીમાબેનને જે યાદ આવ્યું તે કહેવા માંડ્યાં.

''ત્યાંની સિટીઝનશિપ કરી હોત તો સારું થાત. તો તને રાખી શકત, આવી રીતે પાછી ન મોકલત.'' સરલાબેને કહ્યું.

''મને છ મહિના રાખવા તૈયાર નહોતા, તો કાયમ શું રાખે? બંને દીકરાઓએ તેમના બાળકોનું બેબીસિટીંગ કરવું હતું ત્યાં સુધી રાખી. પણ પ્રેમથી નહીં. રસોઈ કરવાની, ઘરનું કામ કરવાનું, બાળકો સાચવવાના ને એમના મહેણાં-ટોણાં સાંભળી કંપતે હૈયે રહેવાનું.

Aristo™
STAINLESS STEEL
Mfrs. of Aristo Brand Stainless Steel Utensils
ARISTO PLUS
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

નોકરાણી કરતાંય બદતર કહેવાય તેવું જીવન હતું.'' નીમાબેને ઉભરો ઠાલવ્યો.

વહુઓ સુસંસ્કારના પાણી પીધા વગર આવી હશે, પણ પુત્રો તો પોતાની મા ના પ્રેમને સમજી શકે ને? વહુની ઉપરવટ થઈને 'મા' ને ખુશ ન રાખી શકે? તારાં દિયર-દેરાણીની સાથે નહોતું ફાવતું?'' સરલાબેને પૂછ્યું.

''આ જમાનામાં પૈસા છે ત્યાં પ્રેમ છે. તમારા ભાઈ ગયા. પણ મારી કશી જ વ્યવસ્થા નહોતી કરી. દીકરા મને તરછોડે, તો પછી વહુની તો આશા જ શી રાખવાની? વારંવાર અહીં પાછી મોકલે ને દિયર ત્યાં મોકલે, છેવટે વૃદ્ધાશ્રમમાં મને મોકલી દીધી. હું ખૂબ દુઃખી થઈ. મારી ખબર પૂછનાર કે ધ્યાન રાખનાર કોણ? જરા તબિયત બગડી કે અહીં લાવી દીધી. બહેન, મને કશું જ થયું નથી. બસ, મને અહીંથી છોડાવો.'' નીમાબેને બોલી કાઢ્યું.

'હા, તું ચિંતા ન કર, તને મારા ઘેર લઈ જઈશ અને ખૂબ પ્રેમથી રાખીશ હોં... લે થોડો જ્યુસ પી લે, બિસ્કીટ ખાઈ લે.'' એમ કહી સરલાબેને સાંત્વન આપ્યું.

''દીકરાઓને આ વાતની ખબર છે ખરી?'' સરલાબેને પૂછ્યું.

''તેમને કહીને શું કરવાનું? કહી દીધું છે કે હોસ્પિટલમાં પડી રહેવા દો. છેલ્લી ઘડીએ જણાવજો. સમય મળશે તો આવીશું નહિ તો બધું પતાવી દેજો. મારે ઘેર એક દીકરી હોત ને તો સારું થાત. હું ઘર વગરની મા છું. મારું કોણ? હું બીમાર નથી મને ઘેર લઈ જાઓ.'' ને તે મોટેથી રડવા માંડ્યા.

દીકરા જ્યારે ''મા'' ને તરછોડે ને ત્યારે તેનો ઘા એની 'મા' જ જીરવી શકે. મા-બાપને જ્યારે દીકરી સાસરે જાય ત્યારે દુઃખ થાય અને દીકરો તરછોડે ને ઘર છોડવાનું કહે ત્યારે દુઃખી થાય. નીમાબહેનને લાગેલો આ કારમો ઘા કેમ કરી રુઝાય?

પણ સરલાબેને તેમનાં દિયર-દેરાણી, દીકરાઓથી સંમતિ મેળવી લીધી. ના તો શા માટે કહે? ડૉક્ટરની રજાની મંજૂરી મેળવી લીધી, ગાડી નક્કી કરી. બીજા દિવસે તેમની સાથે લઈ જવાની વ્યવસ્થા થઈ ગઈ. નીમાબેને જલ્દી જ અહીંથી છૂટવા જણાવ્યું.

પણ ઈશ્વરની ઈચ્છા જ બળવાન છે. આપણું ધાર્યું કશું જ થતું નથી. સરલાબેને નીમાબહેનને લઈ જવાની બધી જ તૈયારી કરી પણ તેડું ઈશ્વરના દરબારમાંથી આવ્યું. આ નર્કાગારમાંથી તો છૂટ્યાં બિચારાં – પણ સરલાબેનને તેમના ભાભી માટે કશું ન કરી શક્યાનો અફસોસ થયો. ત્યારબાદ તેમને વૃદ્ધાશ્રમ બનાવવાની એક અદ્‌ભુત પ્રેરણા મળી. ઠાકોરજીએ તેમને નિમિત્ત પણ બનાવ્યાં અને આણંદ જિલ્લાના એક શહેરમાં વૃદ્ધાશ્રમનું નિર્માણ પણ થયું. સરલાબેન તેની મુલાકાત લે છે ત્યારે તેની ભાભી જેવી કોઈ બહેન નથી ને! તેમ શોધવા મથે છે.

''મા-બાપનો સુંવાળો સથવારો કદી છોડશો નહિ, તેમના ચરણોમાં પ્રભુનો વાસ છે.'' ■



પૂ. કુમારી ચંદ્રાબેન નેગાંધી

॥ ૐ ગુરૂદેવાય નમઃ ॥

માઉન્ટ આબુવાળા પૂજ્ય ગુરૂદેવ ભગવાન ૧૦૦૮ શ્રી વિજય શાંતિસૂરીશ્વરજીની કૃપા પાત્ર, અનન્ય ભક્ત, ગુરૂકૃપાથી અગમ્ય શક્તિ પ્રાપ્ત કરેલ. પૂ. કુમારી ચંદ્રાબેન નેગાંધી તા. ૨૦-૦૭-૨૦૧૬ને બુધવારના રોજ સમાધિપૂર્વક મોક્ષગામી થયા તે નિમિત્તે ગુરૂભક્તો, સ્નેહીજનો, મિત્રો તેમજ કુટુંબ પરિવારના સદસ્યો દ્વારા ફોનથી, પત્ર દ્વારા તેમજ ભક્તિ સંગીતના કાર્યક્રમમાં હાજરી આપી દિલાસો તેમજ લાગણી દર્શાવી તે બદલ રૂબરૂ તેમજ પત્ર તથા ફોનથી સંપર્ક કરી શક્યા નથી તો અત્રે શ્રી શાંતિ દેવ સેવા સમિતિના પ્રમુખ શ્રી શામજીભાઈ ઝવેરી, માતુશ્રી બાયાબાઈ ઝવેરી પરિવાર તેમજ સ્વ. લીલાબેન પદમશી નેગાંધી પરિવારના સભ્યો સૌનો આભાર વ્યક્ત કરે છે.

**પૂ. ગુરૂદેવ ભગવાનના નિર્વાણ દિવસ ભાદરવા વદ-૧૦ ને રવિવાર તા. ૨૫-૦૯-૨૦૧૬ના ભક્તિ હોલ, મરીન લાઈન્સ, મુંબઈ મધ્યે પૂજા ભક્તિના કાર્યક્રમનું આયોજન કરેલ છે.**

***શ્રી શામજીભાઈ ભવાનજી ઝવેરી***
***પ્રમુખ, શ્રી શાંતિદેવ સેવા સમિતિ - મુંબઈ***

**પંચગની હવાફેર**
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવાફેર કરવા પધારો.
શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

# આચરણ એ જ સાચી મિત્રતા

● રસિક મહેતા (પારેખ) ●

આમ તો હરિદ્વાર હું ઘણી વાર ગયો છું, પણ આ વાત કરું છું હું સને ૧૯૯૫ આસપાસ ગયેલ ત્યારની. હું, મારી માતા, મારી પત્ની અને મારા પુત્ર એમ બધાં સાથે અમારા વાહનમાં ગયેલ. અમે ઉતારો ઋષિકેશમાં સ્વામી દયાનંદજીના આશ્રમમાં રાખેલ. અમારો પ્રોગ્રામ ચારધામ યાત્રા કરવાનો હતો. ત્યાં જવા માટે અમે ત્યાંની લોકલ ટેક્સી ભાડે કરી, કેમ કે અમારા ડ્રાઈવર પાસે પહાડી વિસ્તારમાં ગાડી ચલાવવાનું લાઈસન્સ ન હોય, એ સ્વાભાવિક છે. અમારી ગાડી આશ્રમમાં રાખી, અમારા બીજા એક મિત્ર, જે મુંબઈથી આવેલ, તેમની અને અમારી એમ બે ટેક્સી સાથે અમે બંને કુટુંબ ચારધામ યાત્રા માટે રવાના થયાં. સામાન્ય રીતે આ યાત્રા, રસ્તામાં કોઈ વિઘ્ન ન આવે તો પાંચ દિવસમાં પૂર્ણ થઈ જતી હોય છે. જોગાનુજોગ અમે પૂનમના દિવસે જ ગંગોત્રી પહોંચ્યાં. ખુશનુમા વાતાવરણ, આજુબાજુ બધે બરફ અને બરફ સિવાય કંઈ નહીં. અમારી બધાંની સહમતિ હોવાથી ગંગોત્રીમાં રાત રોકાવાનું નક્કી કરી, ત્યાંના ગેસ્ટહાઉસમાં રોકાઈ ગયાં. અહીંના રોકાણ દરમિયાન મકરંદ દવેની નીચેની ઉક્તિ

*"માનવ ભાળી અમથું અમથું*
*આપણું ફૂટે વહાલ*
*નોટ ને સિક્કા નાખ નદીમાં*
*ધૂળિયે મારગ ચાલ!'*

જેણે પોતાના જીવન વ્યવહારમાં સ્વાભાવિક રીતે વણી લીધેલ હશે એવા એક અભણ છતાં જીવનના હિસાબના ગણતરમાં પાકા નેપાળી ગુરખા સાથેનો મારો યાદગાર અનુભવ આજે પણ માનસપટ પર જેમનો તેમ અંકાયેલ છે. અહીં, ગેસ્ટહાઉસ બહાર, દૂર, નીચાણવાળા ભાગમાં આ નેપાળી-ગુરખાનો નાના ધાબા જેવો ચા-પાણી અને અન્ય પરચૂરણ સામાન્ય ચીજવસ્તુનો છાપરાનો સ્ટોલ હતો.

અમે બે ટેક્સીમાં ડ્રાઈવર સહિત કુલ નવ જણાં હતાં. ત્યાં આવનાર બધાં આ ધાબામાં ચા-પાણી નાસ્તો વગેરે કરે. અમે પણ ત્યાં જ ગયાં અને ચા-પાણી, બિસ્કિટ કે અન્ય પરચૂરણ જેને જે જોઈએ તે વસ્તુ મંગાવી આરામથી નાસ્તો-પાણી કર્યા. ત્યારબાદ ત્યાંથી નીકળતી વખતે હિસાબ માગી પૈસા આપવાની વાત કરી તો તે કહે, 'હજુ રોકાવાના છો ને, હિસાબ ભેગો જ કરજો. જાઓ ત્યારે એકસાથે જ પૈસા આપજો.' ત્યારબાદ અમે પણ ત્યાંથી નીકળી ગયાં, એવા વિશ્વાસ સાથે કે હવે નોંધ અને હિસાબ બધું તે જ રાખશે. આ રીતે ત્યાંના બે-ત્રણ ટંકના રોકાણ દરમિયાન તેને ત્યાંથી જરૂર પ્રમાણે ચીજવસ્તુ લીધેલ અને જ્યારે ત્યાંથી રવાના થવા નીકળ્યાં ત્યારે અમે તેની પાસે હિસાબ સમજવા ગયાં અને 'હિસાબ કેટલો થયો?' એમ પૂછતાં અમારા આશ્ચર્ય વચ્ચે તેણે જે જવાબ આપ્યો તે શબ્દોએ મને વિચાર કરતો કરી મૂક્યો.

તે સીધા-સાદા, અભણ નેપાળીએ કહ્યું : 'સાહેબ! અહીં હિસાબ જ કોણ રાખે છે? હું તો જિંદગીનો હિસાબ રાખું, ધંધાનો હિસાબ રાખે ઉપરવાળો. તમારા હિસાબે જે યોગ્ય લાગે તે આપી દો, એ જ હિસાબ.' મને નવાઈ લાગી અને મેં પૂછ્યું, 'આ કેવું? આમ કાંઈ ધંધો થાય?' તો કહે, 'સાહેબ, અહીં ધંધો કરવા આવ્યું છે જ કોણ? ઈશ્વરનું સાંનિધ્ય, યાત્રાળુઓની સેવા અને કુટુંબનું ભરણપોષણ થાય એટલું રળી ખાવાનું, તેટલું મળી રહે એટલે પત્યું.' સ્વાભાવિક રીતે મારા વ્યાપારી સ્વભાવગત પૂછાઈ ગયું : 'કોઈ હિસાબ ચૂકવ્યા વગર જ ચાલ્યું જાય તો?' ત્યારે તેમનો જવાબ સાંભળવા જેવો હતો. એ કહે, 'સાહેબ, એમ કોઈ કરે? અહીં તો બધાં પાપ ધોવા અને પુણ્ય કમાવા આવે છે. તેઓ કાંઈ પાપનાં પોટલાં થોડાં બાંધે? અને કદાચ ક્યારેક એવું થઈ પણ જાય તો હું એમ સમજું કે મેં પુણ્ય કર્યું.'

કેવું સીધુંસાદું ગણિત...! એક અભણ માણસની નિખાલસતા, સરળતા, માન્યતા, ઈશ્વર તરફનો શરણાગતિભાવ અને સામી વ્યક્તિ ઉપર વિશ્વાસ રાખવાની ઉમદા મનોવૃત્તિ માનવજાતને જાણે કેટકેટલું સમજાવી જતી હતી કે વ્યક્તિએ ઉજાસ માટે ક્યાંય જવાની જરૂર નથી, પોતાનો જ દીવો પેટાવવાની જરૂર છે અને એ દ્વારા પોતાનો અને પોતાની આજુબાજુનો અંધકાર શક્ય તેટલો દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

હિંદુસ્તાનના સીમાડે, આવા પહાડી વિસ્તારમાં રહેતો આ અભણ માણસ જાણે કહેતો હતો : 'માલમિલકત અને પૈસા કરતાં, માનવતાનું મૂલ્ય વધારે છે. એ જ્યારે સ્વીકારશો ત્યારે જીવનનું સાચું સુખ પામશો. દરેક સાંસારિક વ્યવહારમાં પૈસા અને મિલકત કરતાં ધબકતા હૈયાના માનવસંબંધને પ્રથમ પસંદગી આપો.'

આ સાત્ત્વિક વિચારસરણી આપણી પરંપરાગત ભારતીય સંસ્કૃતિને આભારી છે કે પચીસસો વર્ષ પહેલાં થઈ ગયેલા તથાગત બુદ્ધના પ્રભાવની અસર છે કે પછી કોઈ પરંપરાગત જાતિસંસ્કારને હિસાબે? આનો જવાબ હજુ હું મેળવી શક્યો નથી.

અમને યાદ આવ્યું અને યોગ્ય લાગી એટલી હિસાબની રકમ તેને આપી અને એ અભણ ફિલસૂફની ફિલસૂફીને મનોમન વંદન કરતાં-કરતાં ત્યાંથી રવાના થયાં.

*(નોંધ : આ બધો વાર્તાલાપ હિંદીમાં થયેલ)*

સમાજ ચિંતન

# સાંધ્ય વેળાએ – (૪)

• રશ્મિ શાહ •

સાંજના છ વાગવા આવ્યા. શિયાળાનો દિવસ હોઈ સૂર્ય અસ્તાચલે જવાની તૈયારીમાં હતો. જતાં જતાં સૂર્ય પશ્ચિમના આકાશને સોનેરી, લાલ અને વાદળી રંગોની પીંછીથી આખરી ઓપ આપી રહ્યો હતો. ત્યારે અમલ 'સાંધ્ય-દીપ' ના વડીલો વચ્ચે વાતો કરતાં કરતાં બગીચાના બાંકડેથી સૂર્યાસ્ત નિહાળી રહ્યો હતો. એવામાં આશ્રમના વૉચમેને આવી અમલને જણાવ્યું કે ઑફિસમાં કોઈ વૃદ્ધા આવ્યાં હોઈ, મેનેજર એમને બોલાવી રહ્યા છે. અમલ સાશ્ચર્ય ઊભો થયો. કોણ વૃદ્ધા હશે? શા માટે આવ્યાં હશે? જો આશ્રમમાં રહેવા આવ્યાં હોય તો મેનેજરે શા માટે એને બોલાવ્યો હશે? કે પછી કોઈ જાણકાર વૃદ્ધા મળવા આવ્યાં હશે? વિચાર કરતાં કરતાં અમલ ઓફિસ તરફ ગયો.

ઓફિસમાં દાખલ થતાં જોયું તો મેનેજરના ટેબલ સામે કોઈ પાંસઠેક વર્ષની વયોવૃદ્ધ મહિલા બેઠી હતી. મેનેજર સંદીપે બેનની ઓળખાણ કરાવતાં જણાવ્યું કે એ બેન નામે અનુરાધા મહેશચંદ્ર ચાવાલા આશ્રમમાં દાખલ થવા ઈચ્છે છે. એમના બંને દીકરાઓએ તેઓને ઘેરથી હાંકી કાઢ્યા છે અને તેઓની ખાસ કોઈ આવક નથી.

અમલ મનોમન સમજી ગયો કે આર્થિક કારણોસર એ બેન આશ્રમની રકમ ભરવા અસમર્થ હોઈ, તેઓના દાખલ થવા બાબતે નિર્ણય લેવાની તેની સત્તા ન હોઈ મેનેજરે અમલને બોલાવેલ. અમલ પોતે પણ જાણતો હતો કે આ નિર્ણય ટ્રસ્ટીઓ સિવાય અન્ય કોઈ લઈ શકે તેમ નથી. છતાંય માનવતાની દૃષ્ટિએ બેનને મદદ કરવી જરૂરી હતી. વળી બેનના દેખાવ અને વાતચીત પરથી અમલને એટલું તો સમજાઈ ચૂક્યું હતું કે આવનાર બેન અનુરાધા ભણેલાં ગણેલાં અને સંસ્કારી વ્યક્તિ છે. યુવાન વયે કદાચ જાજરમાન વ્યક્તિત્વ ધરાવતી સુંદર મહિલા હશે. કયા કારણોસર એમની આવી અવસ્થા થઈ એ જાણવું જરૂરી હતું. જેથી કરીને ટ્રસ્ટીઓ સાથે વાતચીત કરી શકાય.

વિગતો જાણવાના આશયથી અમલે બેન સાથે વાતચીત શરૂ કરી. આશરે અડધો કલાકની વાતચીત-ચર્ચા દરમિયાન બેનના જીવનની જે કરુણ કથની જાણવા મળી તેનાથી અમલ પણ વિચલિત થઈ ગયો.

અનુરાધા યુવાન વયે જ્યારે કૉલેજમાં અભ્યાસ કરતી હતી ત્યારે મહેશચંદ્રના સંપર્કમાં આવેલી. અનુરાધા સત્તર અઢાર વર્ષની સુંદર અને આકર્ષક યુવતી હતી તો મહેશ પણ કોઈ ફિલ્મ અભિનેતાને છાજે એવો આકર્ષક યુવાન હતો. એમાંય એની સુંદર વાક્છટા અને હસમુખો સ્વભાવ કોઈ પણ યુવતીને એના તરફ ખેંચી શકે એમ હતાં. બંને જણ વળી પાછા અભિનયના શોખીન. કૉલેજનાં નાટકોમાં પહેલા જ વર્ષે અનુરાધાને મહેશ સાથે અભિનય કરવાની તક મળી. બેઉ જણને જાણે પહેલી નજરની પ્રીત થઈ ગઈ. યુવાન હૈયા. સુંદરતામાં એકમેકની સાથે શોભે એવા. નાટકમાં અભિનય કરતાં કરતાં વાસ્તવિક જીવનમાં પ્રેમના રંગે રંગાવા લાગ્યાં. કૉલેજમાં રહ્યાં ત્યાં સુધી નાટકોમાં સાથે કામ કર્યું. મહેશના જીવનમાં તો અભિનય એ જ ઉદ્દેશ. કૉલેજની સાથે સાથે વ્યવસાયિક નાટકોમાં પણ કામ કરવા લાગ્યો. ઘરના વાતાવરણ અને સાંસ્કારિક માન્યતાઓને લઈ અનુરાધાએ અભિનયની આવડત કૉલેજનાં નાટકો પૂરતી સીમિત રાખેલી. જ્યારે મહેશ અભિનયના ક્ષેત્રે અપેક્ષાઓના ઊંચા આકાશમાં ઉડાન ભરતો હતો. એને તો નોકરી કે અન્ય કોઈ વ્યવસાયમાં રસ જ નહોતો. એટલે ગ્રેજ્યુએટ થઈ, કૉલેજ છોડ્યા પછી પણ નોકરી શોધવાની તકલીફ ના લીધી. બસ વ્યવસાયિક નાટકો અને નવા શરૂ થયેલા ટેલિવિઝનના દૂરદર્શનના કાર્યક્રમોમાં ભાગ લેવા સિવાય એણે કાંઈ કરવાનું વિચાર્યું જ નહીં. આ બધી પ્રવૃત્તિમાંથી જે આવક થતી એનાથી એને સંતોષ હતો. આ વાત કદાચ અનુરાધાના ઘરના વડીલોને સ્વીકાર્ય નહોતી. તેઓ એવા જમાઈ ઈચ્છતા હતા જેમની પાસે કાયમી નોકરી કે ચોક્કસ આવક મેળવતો સ્થાયી વ્યવસાય હોય. જોકે અનુરાધાની મક્કમતા અને જરૂર પડે પોતે નોકરી કરશે એવી હૈયાધારણાને લઈ આખરે ઘરવાળાની સંમતિ સાથે ગ્રેજ્યુએટ થયાના એક વર્ષમાં જ બેઉ જણ લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં. મહેશચંદ્ર સાચે જ અનુરાધા માટે ચંદ્ર જેવો શીતળ હતો. નાટકોની દુનિયામાં રચ્યોપચ્યો એ અલગારી જીવ હતો. અનુરાધાને અનહદ પ્રેમ કરતો હતો. સામે અનુરાધા પણ પોતાના એ પ્રિયતમની ઉન્નતિ માટે અને એની સ્વપ્નસિદ્ધિ માટે પ્રાર્થના કરતાં, સ્થિર અને કાયમી આવક ઊભી કરવાના ઉદ્દેશથી એક ખાનગી કંપનીમાં નોકરી કરવા લાગી. બેઉ જણ આપસી સમજથી સ્નેહભર્યું જીવન જીવતાં હતાં. પાંચ વર્ષના લગ્નજીવનમાં તેઓ બે સંતાનોનાં માતાપિતા બન્યા. મોટો દીકરો અભિનય અને નાનો સ્પર્શ.

મહેશ નાટકોના રિહર્સલ અને શોના કારણે મોટાભાગે રાત્રે મોડો આવતો. પરંતુ દિવસ દરમિયાન દૂરદર્શનનાં નાટકોના શૂટિંગ સિવાયના સમયે ઘેર હોય. એટલે બાળકોના ઉછેરમાં ખાસ ધ્યાન આપે. જેથી નોકરી કરતી અનુરાધાને એ બાબતે ચિંતા ના થાય. બંનેનો ઘરસંસાર ખૂબ જ આનંદ અને સમજદારીપૂર્વક વ્યતીત થઈ રહ્યો હતો. ત્યાં જ અચાનક અનુરાધાના

જીવનમા એક ભયાનક દુર્ઘટના બની. એક રાત્રે મહેશ સૌરાષ્ટ્રના એક શહેરમાંથી રાત્રીનો શૉ પતાવી નાટકના નિર્માતા-દિગ્દર્શકની ગાડીમાં પરત ફરી રહ્યો હતો. એ નિર્માતા દિગ્દર્શક, એની પત્ની અને ત્રીજી નાટકની એક અભિનેત્રી ગાડીની પાછળની સીટમાં બેઠાં હતાં. મહેશ ડ્રાઈવર સાથે આગળની સીટમાં બેઠો હતો. રસ્તામાં કોઈ કારણસર ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો અને ગાડી એક ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ. મહેશ અને ડ્રાઈવર સ્થળ પર જ મૃત્યુ પામ્યા. પાછળની સીટ પર બેઠેલ ત્રણેય વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થઈ. અનુરાધા પર તો સાચે જ આભ તૂટી પડ્યું. વહેલી પરોઢે જ્યારે મહેશના અવસાનના સમાચાર મળ્યા ત્યારે એ સાંભળતા જ અનુરાધા બેભાન થઈ ગઈ. પોસ્ટમોર્ટમની વિધિ વગેરે પતાવી મહેશના સહકલાકારો મોડી સાંજે લાશ લઈ ઘરે આવ્યા ત્યારે પણ અનુરાધાની માનસિક પરિસ્થિતિ અસહ્ય હતી. મહેશ અને અનુરાધાનાં માતાપિતા સહિત કુટુંબીજનો પણ આઘાતથી વિમૂઢ થઈ ગયા હતાં. આખરે દિલ પર પથ્થર મૂકી મહેશને આખરી વિદાય આપી.

માત્ર પાંત્રીસ વર્ષની યુવાન વયે વિધવા બનેલી અનુરાધાને માથે બાર અને નવ વર્ષના બે પુત્રોની જવાબદારી આવી ગઈ. ગામડે રહેતાં મહેશનાં માતાપિતા પણ સાવ સામાન્ય સ્થિતિનાં હતાં. અન્ય કોઈની આર્થિક મદદ કે સહાય મળી શકે તેમ ન હતી. છતાંય હિંમત રાખી અનુરાધાએ બંને બાળકોને ઉછેરવા સાથે ભણાવ્યાં. અને પોતાની જવાબદારી યથાર્થ રીતે બજાવી. બંને સંતાનો અભ્યાસમાં સામાન્ય હતાં. ગ્રેજ્યુએટ થઈને બંનેએ પોતપોતાની રીતે નોકરી શોધી લીધી. મોટો દીકરો અભિનય એક સ્થાનિક સહકારી બેન્કમાં જોડાયો. ત્રણેક વર્ષની નોકરી બાદ એના લગ્ન થયાં. ત્યારે નાનો દીકરો સ્પર્શ નવોસવો ગ્રેજ્યુએટ થયેલો. જોકે નસીબજોગે એ પણ એક સ્થાનિક કંપનીમાં નોકરી મેળવવા સદ્ભાગી બની ચૂક્યો હતો. અનુરાધાએ અભિનયને, આર્થિક મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ, સાદાઈથી લગ્ન કરવા સમજાવી લીધેલો. કચવાતા મને એણે માની વાત સ્વીકારી લીધેલી. કેમ કે નાનપણથી અભાવમાં જીવ્યા બાદ, લગ્ન જેવા મહામૂલા પ્રસંગને માણવાનો અવસર પણ ગુમાવવો પડ્યો એ વાતે એ નારાજ થયો હતો. મનોમન એ એવું માનતો હતો કે ત્રણેક વર્ષની એની નોકરી દરમિયાન એના પગારની આવકમાંથી મમ્મીએ જે કાંઈ બચત કરી હશે એ શું આવા પ્રસંગે વાપરી ના શકાય? અનુરાધાએ દીકરાને સમજાવેલ કે એનાં લગ્ન બાદ બે-ચાર વરસે સ્પર્શનાં પણ લગ્ન કરવાનાં થશે. વળી તેઓ રહે છે એ ઘર નાનું હોવા સાથે ભાડાનું છે. જેથી ભવિષ્યને ધ્યાનમાં રાખી નાનું ઘર કે ફ્લેટ ખરીદવાને પ્રાથમિકતા આપવી જરૂરી હતી. ગમે તેમ પણ અભિનયની નારાજગી ઓછી નહોતી થઈ. એમાંય લગ્ન બાદ પત્ની તરફ વધુ ઝૂકેલો રહેતો અભિનય પોતાનું અલગ અને સ્વતંત્ર જીવન જીવવાની તક શોધી રહ્યો હતો. એ તક એને મળી ગઈ. ત્રણેક વર્ષના લગ્નજીવન દરમિયાન એ એક દીકરાનો પિતા બની ગયો. એ નોકરી કરતો હતો એ સહકારી બેન્કમાંથી નાનકડો ફ્લેટ ખરીદી શકાય એટલી લોન મળી શકે તેમ હતી. વળી સ્પર્શનાં લગ્નની તૈયારીઓ પણ થઈ રહી હતી. મોકો જોઈ એણે મા પાસે ફ્લેટ માટે જોઈતી માર્જિન મનીની ખૂટતી રકમની માંગણી કરી. ત્યારે અનુરાધાએ એને સમજાવવાની કોશિશ કરેલ કે બે દીકરાઓના ઉછેર, ભણતર અને ત્યારબાદ પણ થતાં આનુસંગિક ખર્ચાઓ માટે એણે જીવનભર જે જે ઉધારી કરેલ તે રકમો એમાંથી ચૂકવેલ અને બાકીની જમા રકમ ભવિષ્યના ખર્ચાઓ માટે સાચવેલ છે. ત્યારે એણે અનુરાધા સામે દલીલ કરેલ કે છ વર્ષની એની નોકરી અને ત્રણેક વર્ષની સ્પર્શની નોકરી દરમિયાન ઘરમાં આપેલ રકમમાંથી થયેલ બચત પર એનો હક્ક કેટલો? પહેલી વખત દીકરાની આવી દલીલથી અનુરાધાને આઘાત લાગ્યો. આંખમાં આંસુ સાથે એણે બેન્કની પાસબુક અને બૅન્ક થાપણોની રસીદો રજૂ કરતાં સ્પષ્ટ કહી દીધેલ કે જે કોઈ નાની બચતો છે એમાં કોનો કેટલો હક્ક છે એ બે ભાઈઓ જ નક્કી કરી લે. એ પોતે એમાંથી કોઈ રકમ લેવા ઇચ્છતી નહોતી.

આખરે અભિનય એ બચતની અડધી રકમ લઈ અલગ થયો. બે ભાઈ અને મા-દીકરાના સંબંધમાં પહેલી તિરાડ પડી. સ્પર્શનાં લગ્ન બાદ એની પત્નીના ઉડાઉ અને ક્રોધી સ્વભાવને લઈ વળી નવું મહાભારત શરૂ થયું. છતાંય જ્યાં સુધી અનુરાધાએ નોકરી કરી ત્યાં સધી વહુ-દીકરાએ સમાધાનકારી વલણ અપનાવી રાખ્યું. પણ જેવી અનુરાધાએ નિવૃત્તિ લીધી અને ઘરમાં એની આવક બંધ થઈ, સ્પર્શની પત્નીની જોહુકમી ચાલુ થઈ. અનુરાધા મનોમન એ વાતે દુઃખી થઈ કે બાપ વિનાનાં બંને છોકરાંઓને ઉછેર્યા, ભણાવ્યાં અને છતાંય સંસ્કાર આપવામાં ક્યાંક ખામી રહી ગઈ જેથી કરીને બેઉ સંતાનો સ્વાર્થી અને પત્નીપ્રેમી થઈ ગયાં. જીવનમાં આર્થિક વ્યવહારોનું આસન એટલું ઊંચું થઈ ગયું કે લોહીની સગાઈની કિંમત જ

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

VIJAY LAXMI TRANSPORT CARRIERS
NAVIN ORIENT CARRIER
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

ના રહી. શક્ય હોય ત્યાં સુધી અનુરાધા પરિસ્થિતિને સહ્ય બનાવતી રહી. ધીમે ધીમે ઘરમાં એની સાથે અણછાજતો વહેવાર થવા લાગ્યો. વાતે વાતે વહુ દ્વારા અપમાનિત થવા સાથે, વધતી ઉંમરને લઈ જરૂરી સાત્વિક ખોરાક બાબતે બેજવાબદારી ભર્યો વર્તાવ. તમામ પરિસ્થિતિથી જાણકાર દીકરો પણ મૌન. આ બધી બાબતોથી કંટાળી જ્યારે અનુરાધાએ અભિનયને ત્યાં રહેવા જવા વિચાર્યું ત્યારે અભિનયે પણ સ્પષ્ટ આઘાતો આપતાં આક્ષેપો કર્યા અને નાનો દીકરો વધુ વહાલો હોવાની નિરાધાર વાતો કરી ત્યારે એનું અંતર ખૂબ વ્યથિત થયું.

સંબંધો અને લાગણીઓનાં તમામ બંધનો એક નાના બનાવે તોડી નાંખ્યાં. બપોરના સમયે ભોજન પતાવી અનુરાધા અથાણાંની એક બરણી મૂકવા જતા હતાં ત્યાં જ વય અને શારીરિક નબળાઈના કારણે બરણી હાથમાંથી પડી ગઈ અને ફૂટી ગઈ. સાસુ સાથે ઝઘડવાના બહાના શોધતી વહુનો ગુસ્સો ફાટી નીકળ્યો. 'એક પણ કામ સરખું થતું નથી. હાથ સાવ તૂટી ગયા છે. કાચની બરણી ઊંચકાતી નથી તો શા માટે ઉપાડી? અકારણ અપશુકન કર્યા.' વગેરે અનેક ન કહેવાનાં વેણ બોલી નાંખ્યાં. કેટલાય દિવસોથી ધરબી રાખેલ સંયમનો બંધ તૂટી ગયો. અને અનુરાધાથી પણ પ્રત્યુત્તરમાં થોડાં એવાં વેણ નીકળી ગયાં જે આગમાં ઘી હોમવાનું કામ કરતાં ગયાં. નાટકના આખરી દૃશ્યની જેમ સ્પર્શની પત્ની ગુસ્સા સાથે ઘરમાંથી બહાર નીકળતાં બોલતી ગઈ, 'સાંજે તમારો દીકરો આવે તો કહી દેજો હવે હું આ ઘરમાં આવવાની નથી. હવે તો ઘરમાં તમે કે હું બેમાંથી એક જ વ્યક્તિ રહી શકશે.'

બિચારી અનુરાધા. એ શબ્દો સાંભળતાં જ સ્તબ્ધ થઈ ગઈ. નજર સમક્ષ સાંજની વેળાનું ભવિષ્ય તાદૃશ થઈ ગયું.

સાંજના બદલે રાત્રે દીકરો મોડો ઘેર આવ્યો. આવ્યો ત્યારે સાથે વહુને લઈને જ આવ્યો. અનુરાધાને સમજતાં વાર ન લાગી કે બપોરે ફોન પર વહુએ સ્પર્શને માહિતી આપી દીધી હશે. સ્પર્શે પઢાવેલા પોપટની જેમ માને કહી દીધું, 'મમ્મી, તમારા બેઉના કંકાશથી હું કંટાળી ગયો છું. તારી જિંદગી તો હવે પૂરી થવામાં છે. મને શાંતિથી જીવવા દે. તું તારી રીતે તારી વ્યવસ્થા કરી લે. આ ઘરમાં હવે તારાથી રહેવાશે નહીં. બાળકો પર પણ તમારા ઝઘડાની અસર ખોટી પડે છે.'

અનુરાધાની આંખ અંધકાર ઘેરા ભવિષ્યની કલ્પનાથી અને દીકરાના વ્યવહારથી વરસી પડી. એ જાણતી હતી કે કોઈ કાકલૂદી કે લાગણીસભર પ્રાર્થના દીકરાને પીગળાવી નહીં શકે એટલે એણે માત્ર એક રાત્રિની પરવાનગી લઈ સવારે ઘર છોડી જવાની રજા માંગી, જે દીકરાએ વહુની નજર સામે નજર મિલાવી, સંકેતની ભાષામાં સમજાવી, સ્વીકારી લીધી.

બીજા દિવસે અનુરાધા ખાધા-પીધા વગર ઘેરથી નીકળી ગઈ. એક નાનકડી બેગમાં પોતાનાં કપડાં અને રહીસહી મૂડી સાથે લીધી. એક સહેલીને મળી, ચર્ચા કરી એની સલાહ લઈ સાંજે વૃદ્ધાશ્રમ આવી પહોંચી.

અનુરાધાની કથની સાંભળી બે ઘડી અમલ અને મેનેજર સંદીપ અવાક થઈ ગયા. અમલે શાંતિથી સવાલ કરતાં અનુરાધાને પૂછ્યું, 'બેન, તમે બેઉ દીકરાઓને ક્યારેય એ સમજાવ્યું નહિ કે કઈ પરિસ્થિતિ અને સંજોગોમાં તમે એમને ઉછેર્યા અને ભણાવ્યા. હવે ઘરડે-ઘડપણ એમની કોઈ ફરજ ખરી કે નહીં?'

અનુરાધાએ વેદનાગ્રસ્ત ચહેરા પર કટાક્ષયુક્ત રેખાઓના ભાવ લાવતાં જવાબ આપ્યો, 'સાહેબ મારા દીકરા સ્પર્શે તો ક્યારેય મારા પ્રશ્નનો જવાબ નથી આપ્યો. પણ એક વખત અભિનયે જવાબ આપતાં કહ્યું હતું કે મમ્મી તમારા નિજાનંદ માટે તમે અમોને જન્મ આપ્યો. માટે અમને ઉછેર્યા એમાં કોઈ ઉપકાર નથી કર્યો. હવે તમારા ઘડપણમાં અમે પણ તમારા પર ઉપકાર કરીએ એવી અપેક્ષા યોગ્ય નથી.'

સાહેબ, મેં આઘાત અનુભવતા જ્યારે સામો પ્રશ્ન કર્યો કે તમારાં સંતાનો પણ ભવિષ્યમાં તમને આવો જવાબ આપશે ત્યારે કેવું લાગશે? તો એણે નફ્ફટાઈભર્યો જવાબ આપતાં કહેલ કે અમેય અમારા આનંદ માટે જ બાળકો પેદા કર્યા છે અને એમને મોટાં કરીએ છીએ. પણ ભવિષ્યમાં અમારે એમની પાસે લાચાર ન બનવું પડે એની વ્યવસ્થા અત્યારથી જ કરી રાખી છે.

'તમે જ કહો સાહેબ મારે પણ મારા ભવિષ્યની વ્યવસ્થા કરવા માટે શું કરવું પડત? મા છું ને! એક ટંક ખુદ ભૂખી રહીને કે મારી જરૂરિયાતો ઓછી કરીને જ મારી વ્યવસ્થા ઊભી કરી શકત. દીકરાઓને તો ભૂખ્યા કેમ સુવાડું? આખરે માનું હૃદય છે એ વાત જેટલી હું સમજી એટલી મારી વહુઓ પણ સમજી હોત તો પ્રશ્ન જ ના થાત.'

અમલ અનુરાધાની વાતે મનોમન કંપી ઊઠ્યો. એણે વધારે વિચારવાના બદલે સંદીપને ઉદ્દેશીને કહ્યું કે અનુરાધાબેનને રૂમ નં. ૧૦૮ માં રહેતાં બીનાબેન પાસે લઈ જાવ. આમ પણ બે માસ પહેલાં એમના પતિના અવસાન બાદ

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

એ એકલાં જ હતાં. અમલે સંદીપને એ પણ જણાવ્યું કે સવારે આશ્રમના મેનેજિંગ ટ્રસ્ટી નિરંજનભાઈ સાથે એ વાત કરી લેશે.

અનુરાધાને રૂમ નં. ૧૦૮ માં રહેવાની વ્યવસ્થા કરાવી સંદીપ ઓફિસમાં આવ્યો. વિચારોમાં ગુમ અમલને એણે પ્રશ્ન કર્યો, 'શાહસાહેબ, તમને આ અનુરાધાબેનની વાતમાં કાંઈ ગરબડ લાગે છે ખરી? શું બંને દીકરાઓ મા સાથે આવું વર્તન કરે ખરા? એ પણ જાણવા છતાંય કે બાપ વગરના દીકરાઓને માએ કેવી મુશ્કેલ પરિસ્થિતિમાં મોટા કર્યા છે.'

અમલે વાસ્તવિકતા સમજાવતાં જવાબ આપ્યો, 'સંદીપ, તમે આ આશ્રમમાં વરસોથી કામ કરો છો. અહીં આવતી દરેક વ્યક્તિની કથની અને વ્યથાથી વાકેફ છો. અહીં કોઈ પોતાની ઈચ્છાથી નથી આવતું. વિનોદભાઈ જેવા વિરલા બહુ ઓછા હોય. બાકી તો સંતાનોથી તરછોડાયેલા વડીલો જ આવે છે. તમે જાણતા નહીં હો પણ હું ઘણાબધા એવા કિસ્સા જાણું છું જેમાં માબાપ પ્રત્યે બાળકો ઓરમાયું વર્તન કરતાં હોય છે.

અહીં આવતાં અનુરાધાબહેન જેવા વડીલોનાં બાળકો તો આર્થિક રીતે સામાન્ય કે મધ્યમ વર્ગના હોય છે એટલે ક્યારેક ઈચ્છા-અનિચ્છાએ તો ક્યારેક કૌટુંબિક કારણોએ માબાપને તરછોડતાં હશે. કેટલાંક સાવ સ્વાર્થી અને નગુણા બની માબાપને મૂકી જતાં હશે. પરંતુ હું એવા બે કિસ્સા જાણું છું જેમાં આર્થિક રીતે સમૃદ્ધ, ઉચ્ચ અભ્યાસવાળાં સંતાનો માબાપ સાથે અણછાજતું વર્તન કરે છે.

પહેલો કિસ્સો કહું તો અમારી જ સોસાયટીમાં રહેતા એક નિવૃત્ત ઉચ્ચ સરકારી અધિકારી, જેનો વિશાળ બંગલો છે. બે દીકરા પૈકી એક સુરતમાં સરસ મજાનો વ્યવસાય કરે છે અને ત્યાં જ રહે છે. બીજો એક દીકરો એમની સાથે રહે છે. એ પણ અહીં એક ફેક્ટરી ચલાવે છે. ઘરમાં પૂરતી સગવડ ધરાવતા હોવા છતાંય એના પંચ્યાસીથી વધુ ઉંમરના બાપને બંગલાના કંપાઉન્ડમાં એક ઓરડીમાં રાખે છે. ભલે ઓરડીમાં પંખો, ટી.વી. વગેરે સગવડો આપે છે પણ સ્નેહ અને લાગણીના સંબંધોની સગવડ નથી આપી શકતા. એ બાપની માનસિક અવસ્થા કેવી હશે? પોતાના જ દીકરા, પૌત્ર અને પ્રપૌત્રોથી ભરેલા ઘરમાં આનંદ-કિલ્લોલના વાતાવરણમાં જ્યારે પ્રવેશબંધી હોય ત્યારે એ વડીલ શું વ્યથા અનુભવતા હશે?

એથીય ખરાબ દાખલો આપું તો મારો જ એક જૂનો મિત્ર શહેરમાં રહે છે. એના ઘરની બહાર મોટો ઓટલો છે. કદાચ આઠ ફૂટ બાય આઠ ફૂટનો હશે. એનો વૃદ્ધ બાપ એ ઓટલા પર રહે છે. બે સમય ભોજન અને ચા-પાણી પણ એમને ઓટલા પર જ અપાય છે. શિયાળો, ઉનાળો કે ચોમાસું હોય વધારાનો ધાબળો કે તાડપત્રી પહોંચાડાય છે. મારો એ જૂનો મિત્ર શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. એક વાર મેં એ બાબતે ટકોર કરી ત્યારથી મિત્રતામાં ઓટ આવી છે. મને પણ એની મિત્રતામાં લગીરે રસ નથી. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે વડીલોથી ઊભરાતા આપણા વૃદ્ધાશ્રમો આપણી બહુ વખણાતી સામાજિક વ્યવસ્થા અને સંસ્કારિતા સામે મોટો પ્રશ્નાર્થ છે. ખેર! આ મોંઘવારી અને આર્થિક વિટંબણાઓએ માબાપ અને સંતાનોના સંબંધોમાં સ્વાર્થનું વાવેતર વધતું જાય છે.'

ઘડિયાળમાં સાતના ટકોરા થયા. અમલ શાહે 'સાંધ્ય-દીપ'' માંથી બહાર નીકળતાં ઘેરા આકાશ તરફ એક દૃષ્ટિ કરી અને ઘરતરફ પ્રયાણ કર્યું. ■

## ચાવીચક્ર પરિક્રમા કથા

**(અનુસંધાન : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)**

વહુએ પેલું કી-બોર્ડ અર્થાત્ ચાવીપાટિયું ઉર્ફે ચાવીચક્ર કબાટના ઉપલા ખાનામાંથી કાઢી, ઘસી, લૂછી નવા ચળકતા રંગીન કાગળમાં વિંટાળીને આપ્યું, ભાભીશ્રીને. ઉપર લખ્યું 'અમારી યાદગીરી.'

ભાભીને ઘેર પાર્ટી પૂરી થઈ. સલીલાબહેને ખૂબ હોંશથી મદદ કરેલી. પાર્ટીમાં મહાલ્યા ય ઘણું. છેલ્લે બધું સમેટવા પણ રોકાયા. પરવારીને ઘરનાં બધાં બેઠેલાં. ભેટોના પેકેટો ખૂલવા માંડ્યા. ખૂલતા ગયા, ખૂલતા ગયા. એક પેકેટમાંથી નીકળ્યું, સરસ નકશીકામ કરેલું, બે સામસામે પણ મોં ફેરવીને ઊભેલા રિસાયેલા મોરની કારીગરીવાળું, દીવાલે લટકાવવાનું ચાવી પાટિયું અર્થાત્ કી-બોર્ડ ઉર્ફે આપણી આ કથાના બીજરૂપ ચાવીચક્ર!

ભાભીએ એ ચાવીચક્ર જોયું. હાથમાં લીધું. જરા આડું ફેરવ્યું તો ધ્યાન ગયું કે એમાં એને દીવાલે ટીંગાડવાની કડી ન હતી. કડી નીકળી ગયાની સાબિતી જેવી ઝીણી ખીલીઓની ઝીણી નિશાનીઓ મોજૂદ હતી. સલીલાબહેન ભાભીની બાજુમાં જ બેઠેલા. એમણે પણ જોઈ કડીની ગેરહાજરી. સહેજ મલકીને એ બોલ્યા, 'કેટલું સુંદર છે આ કી-બોર્ડ નહીં?'

ને રમીલાભાભી....!!!

શ્રી ચાવીચક્ર પરિક્રમાકથા સમાપ્તમ.

બોલો, શ્રી ચાવી માત કી જય!

બોલો, શ્રી તાળાદેવ કી જય!

અચ્યુતમ કેશવમ શ્રી રામ નારાયણમ્...

*૧૦/૧૧૫, પરીશ્રમ એપાર્ટમેન્ટ,*
*વિમા નગર પાસે, સેટેલાઈટ રોડ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૭૪૫૮૩૬*
*મો. ૯૭૨૪૪ ૪૨૫૮૬*

"ROLEX" Brand

**Rushabh**
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

# ચકલીના બચ્ચાની ભૂખી ચાંચ

• રતિલાલ 'અનિલ' •

બાળપણ પાસે માર્ગો બહુ ઓછા હતા. બે શેરી, અને છતાં એમાં ભરપૂર જીવન હતું. એમાં ખોવાઈ જવામાં છેવટે પોતાને મળાતું હતું. વિવેકના કોઈ શબ્દો વિના એકાએક સ્ફુરતા હાસ્યમાં ફેલાઈને ફોરા થઈ જવાનું હતું. એટલા નાનકડા વિસ્તારમાં ગણત્રીના ભેરુઓમાં બધું પૂર્ણસંપૂર્ણ, અપૂર્ણ એક માત્ર સમય હતો. 'અલ્યા જમવું નથી?' એવો સાદ જાણે હજી કોઈ ઘરના ઓટલેથી પાડે છે. ખોવાઈ જવાનું હતું અને એમાં જ પોતાની મળી જવાતું હશે. આખેઆખા પ્રગટ થઈને, વહેંચાઈ જઈને પણ કશું ખોવાતું નહોતું. ક્યારેક કોઈ ચીજ ખોવાઈ ગઈ હોય ત્યારે ઝાંસી કે ચિત્તોડગઢ ગયા જેવો હાહાકાર થયો હશે. પણ બાળપણના ઈતિહાસમાં પરાજયનો મોટો સમયખંડ નથી હોતો. વિખૂટું પાડવામાં આવેલું પાણી ફરી આપોઆપ મળી જાય અને સપાટી રચાઈ જાય એવું. અનાયાસ આવેલાં આંસુ કરતાં અનાયાસ ફૂટેલું હાસ્ય કેટલું બધું!

થોડો વિસ્તાર, થોડાક ભેરુ, આનંદનાં સાધનો કેવાં સહજપ્રાપ્ય. જાણે નાના વિસ્તારની બહાર આવેલી આખી દુનિયા સમાઈ જતી હતી, દુનિયાથી અલગ હોવાની વાત ક્યાં હતી. વડેરાઓ ઘરબહાર, શેરીબહાર જતા તેમને જોઈ રહેવાતું અને પાછા ફરે ત્યારે તેમના હાથમાં ઝૂલતી ઝોળી પર નજર મંડાતી, આ શેરીની બહાર પણ કેટલું બધું છે! પણ તે આપણા ઘરમાં આવે છે. બસ! બધી સરિતા દરિયાની દિશામાં જાય પણ દુનિયાની બધી દિશા ઘરે વળતી અને આવવા જેવું તે ઘરે આવતું. ખોટ શેની! મોટી વયે અન્નપૂર્ણા વિશે સાંભળ્યું - તેઓ એમના પાત્રમાંથી કડછી કડછીએ આપતાં જ જાય છે, પાત્ર એવું જ ભરેલું રહે છે, કશું ખૂટતું નથી, પણ ત્યારે બાળપણમાં માત્ર સમય સિવાય શું ખૂટતું હતું? ઊંઘ તો સવાર પડ્યે ફરી શેરીમાં દોડી જવાનો ઉત્સાહ અને જોમ આખી રાત સંચિત કરતી હતી.

પેલી જૂની ઘડિયાળે વર્ષો પૂરાં કરી લીધાં છે. એ સતત ચાલતી રહી છે, એનો પંથ ખૂટ્યો નથી. કેટલા નાના વિસ્તારમાં! એનો ચંદો અન્નપૂર્ણાના અખંડ પાત્ર જેવો સમયપાત્ર છે. એના વર્તુળમાં સમય છે અને એની બહાર પણ સમય છે, પણ એને મળ્યો છે એટલા વિસ્તારમાં એનો સમય ક્યાં ખૂટ્યો છે? ઘડિયાળની બહાર સમય છે એમ શેરીની બહાર શેરીઓ હતી. આ વિશ્વ જાણે અનેક પોતપોતાના વર્તુળમાં રમમાણ એવી ઘડિયાળોનું જીવંત સંગ્રહસ્થાન લાગે છે...બધે જ સમયની ગતિ પોતપોતાના વિસ્તારમાં છે.

એક બે શેરીના માર્ગો કદી ટૂંકા અનુભવ્યા નથી. ફંટાતા માર્ગો પર નજર ગઈ અને ક્યારેક ફંટાયા પણ પરિચિતતાના પ્રદેશમાં પાછા ફર્યા. જમણની થાળી કેટલી નાની વર્તુળાકાર છે! પણ એણે જ રોજિંદી ભૂખ મિટાવી છે. કોઈ કોઈ વાર શેરીમાં મંડાતાં પતરાળાં પાસે પલાંઠી વાળીને બેઠા ત્યારે વધારે સારું લાગ્યું છે. ઉલ્લાસે, વધારે હોંસથી જમ્યા છીએ. પંગતે બેસવા સારાં કપડાં પહેરવા મળ્યાં એ શેરીની જ ઈનાયત ને?

આખો દિવસ વિખેરાતા હતા પણ ખૂટતા નહોતા! હવે એવો જાદુ જીવન સિવાય બીજો કયો જાદુગર બતાવવાનો હતો? આ વડીલ શેરીબહાર જઈને શાકભાજી, જમરૂખ, બોર લઈ આવે છે તો બહાર જે છે તે અમારે માટે ફેરિયા રૂપે બધું તેમના ટોપલા, લારીમાં આવતું હતું. શેરી જાણે એવો સાગર હતી, જ્યાં બહારનાં બધાં ઝરણાં ત્યાં આવતાં હતાં. શેરીની બહાર બસ એક જ રાસલીલા જેવો હતો વર્ષે ભરાતો મેળો. ઘરના ઉંદરને રોટલાનું બટકું લઈને હોંશભેરી ઉત્સાહી ગતિમાં પ્રવેશી જતો જોયો હતો એમ બહારથી ફુગ્ગો, ચકરડી, પીસવો લઈને એવી જ ઉત્સાહી ગતિએ મેળામાંથી આવી ઘરમાં ભરાઈ જતા હતા. મોટપણે પગારની રકમ ગજવામાં લઈ ઘરે પાછા ફર્યા ત્યારેય પગલાં તો રોજિંદી ગતિનાં હતાં, ગૃહપ્રવેશ પણ રોજિંદી ગતિનો હતો. બહારથી કશું વિશેષ ઘરે લઈ આવ્યા છીએ એવું લાગ્યું ખરું? મેળામાંથી ઘરે પાછા ફરી ઘરમાં ઘૂસી જતા અને દોડધામ કરતાં એવું, દિવાળીએ બોનસ મળ્યું ત્યારેય થયું ખરું? ઉંદરને કદી એના દરને આધુનિક બનાવવાનું મન થતું નથી, અને ઘર બદલવાનું આવ્યું ત્યારે આંખમાં આંસુ હતાં. નવું મેળવવાનો કશો લોભ નહોતો. આ શેરી શું, જિંદગીનાં વર્ષો અહીં રહી જાય છે, મારાથી વિખૂટાં પડી જાય છે, અને હવે નવી શેરીમાં કંઈ નવું બાળપણ તો મળવાનું નથી, જાણે રામાયણ નહીં તો મહાભારતનો પ્રથમ અધ્યાય કાયમ માટે અલગ પડી જાય છે. બાળપણની સૌથી મોટી સજા અજાણ્યા પડી જવાની છે. કેડે લીધેલું બાળક માને ચીંટિયા ભરીને, નાજુક નાના હાથે વાંસે ધબ્બા મારીને ઘેર જવા માટે કજિયા કરે છે એ દૃશ્ય જોઈને અમને સતત એક સત્ય મળતું રહ્યું છે. પોતીકા જગતમાં જ જીવી શકાય અને જગતને કંઈ પોતીકું બનાવવાનું હોય નહીં, તે પોતીકું બની જ જાય...એકડો ઘૂંટી ઘૂંટીને જ એને સાધ્ય કરવાનો હોય છે એમ એક જ શેરી, એક જ ઘરમાં જીવનનો એકડો ઘૂંટાઈ ઘૂંટાઈને પાક્કો થાય છે. અને કોઈ મહાદેશના પરાર્ધ ડોલરના બજેટમાંયે એકડો તો હોવાનો. આ એકના એક આંક ચીઢવતા કે ગુસ્સે કરતા નથી, બારાખડીનું અક્ષયપાત્ર કદી

ઊણું અધૂરું લાગતું નથી, પછી પોતીકી કરેલી શેરી અને ઘર ઊણાં અધૂરાં કેમ લાગે? ઘણું બધું ઉમેરાતું અને વધતું જાય તેમ તેમ ઓછું અને અધૂરું લાગે એ મોટા થયાનો શાપ છે.

શેરી, ઘર એકેક હતાં, સ્વરૂપ એક હતાં. કોઈ કોઈ વાર શણગાર કરે, રોજિંદો ઉપક્રમ એક બે દિવસ બદલાય પણ બે હાથ છેટે ગયેલા પતંગનો પકડી લઈએ એમ રોજિંદી શેરી, રોજિંદું ઘર ફરી હાથમાં આવી જતું. હાથમાં હોય તેનો આનંદ તો હોય જ, પણ જે ક્ષણેક છૂટી જાય તેને ફરી સાહજિક સાહસે હાથ કરીએ તેનો ઉજમ ઉલ્લાસ સવાયો, નોખો હોય છે. રેઢું ગયેલું પુસ્તક ફરી હાથ કરતાં એવો આનંદ હવે ક્યારેક થાય છે ખરો!

આખો દિવસ પોતામાંથી જાણે સતત બહાર ઢોળવા પથરાવાનું હતું પણ એવું શું અખૂટ હતું કે પથારીએ પડ્યા પછી પોતાને સમેટવાનું ન હતું? સવારે વેરાઈ જવા માટે અખૂટમાં ઉમેરવા સિવાય રાત્રિની ઊંઘને બીજું શું કરવાનું હતું? શેરીમાં ઘરમાં ચહેરો ખોવાતો નથી, એકમાંથી જુદાં જુદાં બહાર નીકળીને ફંટાતા માર્ગે જતાં નહોતાં એટલે પથારીએ પડ્યા પછી એકમાંથી અનેક થયેલા પોતાને સમેટી સમેટીને, પેલો કુંભાર છેલ્લા પાત્રને ફરી માટીનો લોંદો બનાવીને ચાકડેથી ઊઠી જાય એવી જ તો બાળપણની પથારીની ઊંઘ હતી...આજે તો ઘણાં રૂપોને, બહાર ગયેલાં રૂપોને ફરી બોલાવી બોલાવીને તેમનાં સ્વતંત્ર કહેવાતાં રૂપોને એક કરી દેવાનાં હોય છે અને છતાં ભીની માટીના લોંદામાં તિરાડો પડતી નથી એવું બનતું નથી, સમેટેલાં રૂપોને અલગ પાડતી સૂક્ષ્મ તિરાડો રહી જ જાય છે...આંખ અંજાવતી વખતે તો નહી પણ આંખ ચોળ્યા પછી તો ચેરાયેલો ચહેરો જોઈને અનાયાસ ખડખડાટ હસવું આવી ગયું છે પણ આજે કોઈ વિવેચક કે ટીકાકાર ચહેરા પર કશું મસળે છે ત્યારે કેમ ખડખડાટ હસી શકાતું નથી? આ ઈશ્વરની કહેવાતી ખોજમાં નીકળેલું માણસોનું ધાડું, રાવણું પોતાના રહ્યાસહ્યા સ્વરૂપને થોડા સમય માટે પણ રસ્તા પર ખોઈ નાખવા માટે બહારવટે ચઢે છે, તે જોઈને મને વિષાદ ઘેરી વળે છે.

કશું અખૂટ ખૂટી ગયું ન હોય તો રાત્રે વિખેરાયેલા પોતાને સમેટવાનું હોય ખરું? ઘણીવાર લાગે છે આપણી મૂળ ઓળખ ગુમાવવા માટે જ આપણે ઘરબહાર જઈએ છીએ. આ મુદ્રાનો સિક્કો બહાર ચાલે એમ નથી એવા અવિશ્વાસે જુદી જુદી ચલણી મુદ્રા ઉપસાવીએ છીએ...પણ પથારીએ પડીએ ત્યારે મૂળ મુદ્રા મળે છે ખરી? આપણાં પુનરાગમનો અપૂર્ણ હોય છે, કશુંક ખોઈ આવીને પાછાં ફર્યાનાં હોય છે. બાળકનું શેરીમાંથી ઘરે થયેલું પુનરાગમન પૂર્ણ હોય છે. આપણું પુનરાગમન પાછી ફરેલી ટપાલની ટિકિટ પર પડેલા, ટિકિટને ઓળખી ન શકાય એટલી પડેલી છાપ જેવું હોય છે...એટલી કમાણી ક્યાં હાથમાં આવે છે કે તે ગણવાની હોય? માત્ર પોતાના ખાનગી શબ્દકોશમાં રાખવાના હોય, પણ એમાંનો એક અર્થ માત્ર અને માત્ર 'જીવન' થતો નથી... બાળક પથારીએ જાય છે ત્યારે 'જીવન' સિવાય બીજો કોઈ અર્થ હોતો નથી... વાસ્તવમાં જ જીવન જીવે છે તેને એનો અર્થ કરવાનો હોતો જ નથી. ઘરચકલી સાંજે માળામાં પાછી ફરે છે. રાત્રે એ માળામાં કશું સંચલન દેખાતું નથી, પણ સવારે પડે છે કે એ 'ફુદુક!' કરતી ઉત્સાહની ગતિમાં જીવન જીવવા શેરીમાં ચાલી જાય છે. સહિયરો ભેગી ધમાલ, રમખાણ કરે છે અને એક ચકલી પોતાની ચાંચમાં લીધેલો દાણો પાસે પાંખો ફફડાવતા, ચાંચ પહોળી કરી એની સામે આતુર આંખે જોઈ રહેલા બચ્ચાની ખુલ્લી ચાંચમાં મૂકે છે, અને હું મારા બાળપણને ચણનો એક દાણોય આપી શકતો નથી. ■

## લઘુ કથા : છોરું - કછોરું

*– નટવર આહલપરા*

નાના ગામમાં માંડ માંડ જશોદાને ઢોરની ગમાણ જેવું મકાન ભાડે મળ્યું. ગંધાતા-ગોબરા ઘરને ચોખ્ખું ચણાક કર્યું. જાણે પોતાનું ઘર!

ત્રણ દીકરાને મોટા કરવાના, વસુદેવ તો મહિને, બે મહિને ઘેર આવે. દેવકી ઘર સંભાળે. વસુદેવ પંદર-પંદર કલાક કામ કરે. બે કારીગરનું કામ એકલા કરે. પતિ પત્નીએ છોકરાઓને પ્રેમથી ખવડાવી, ઓઢાડી-પહેરાવીને ભણાવ્યા, પરણાવ્યા.

માતા-પિતા સાથે ત્રણેય પુત્રો દિનેશ, રમેશ અને ભાવેશની મિટિંગ, જો બા-બાપુજી હવે અમારે સ્ટેટસ ઊભું કરવું છે. અમારે બધાંને અમારા ફેમિલી સાથે જદું રહેવું છે.' મોટા દીકરા દિનેશે કહ્યું.

વસુદેવ - દેવકી ઘરમાં એકલાં. બે વરસ પસાર.

'દિનેશની મા, મને - તને આંખે સૂઝતું નથી. કામ થતું નથી. ચશ્મા તૂટી ગયા છે. લાઈટ કનેક્શન કપાઈ ગયું છે. દવા લાવવી છે, પૈસા નથી. છોકરાઓ આપણને ભૂલી ગયા છે. ચાલ દિનેશને ત્યાં જઈએ.'

વાસુદેવ-દેવકી દિનેશને ત્યાં. ત્રણેય ભાઈઓની ડિનર પાર્ટી પૂરી.

દિનેશ : 'બા-બાપુજી પૈસા લેવા આવ્યાં હો તો જેમ આવ્યાં છો તેમ પાછા જજો!!

રમેશ : 'મારે મારા સનની ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ફી ભરવાની છે. તમારા માટે પૈસાની સગવડ નથી.'

ભાવેશ : 'મેં મારી વાઈફ માટે ગોલ્ડ લીધું છે. પૈસાની કોઈ વ્યવસ્થા થાય તેમ નથી. અમારી પાસે કંઈ આશા ન રાખવી સમજ્યા?' ત્રણેય દીકરા ત્રાડૂક્યા.

'હશે મારા બાપ! સુખી થાઓ.' વાસુદેવ-દેવકી દીકરાના ઘેરથી પાછાં વળ્યાં. ■

# અમૂલ્ય વારસો

• પ્રતાપભાઇ ત્રિવેદી •

સાંપ્રત સમાજ જે માટે ખૂબ ચિંતિત બની અજંપો અનુભવે છે, સુજ્ઞ વાલીઓ, સમાજશાસ્ત્રીઓ, શિક્ષણસંચાલકો, આચાર્યો, શિક્ષકો વગેરે આક્રોશ વ્યક્ત કરે છે, તે છે વિદ્યાર્થીઓમાં વધતો જતો મૂલ્યોનો ઘસારો અને અનૈતિક વલણો. આ માટે શું કરવું?

આપણે હાંફળાફાંફળા થઈને પ્રામાણિકપણે અનેક ઉપયોગ અજમાવીએ છીએ. પણ જાણે રેતીમાં વાવેતર! પથ્થર પર પાણી! કશાં જ ફળદાયી પરિણામો મળતાં નથી. અમારું કોઈ સાંભળતું નથી.

મિત્રો, મહાભારતના રચયિતા ભગવાન વેદવ્યાસ પણ કહેતા કે મારું કોઈ સાંભળતું નથી, પરંતુ ધરતીમાં વાવેલા દાણા વહેલામોડા ઊગે જ છે. કોઈ વહેલા કે મોડા, પણ વાવેલો દાણો ઊગે તો ખરો જ.

શિથિલ વ્યવહારમાં ઘરના સંસ્કાર. બાળક આપણી પાસે ચાર-પાંચ કલાક રહે. બાકીના બધા કલાક મા-બાપ, પડોશ-શેરીમાં. ત્યાં જે શીખીને આવે તેને ભૂંસવું કેમ?

સહાધ્યાયીઓનો વિકૃત પ્રભાવ, ફિલ્મ-ટી.વી.ઈન્ટરનેટની માઠી અસરો, દુર્ગુણો તરફ લપસી ટપોટપ સંગઠિત થઈ જાય છે અને સજ્જતાનું સંગઠન દુષ્કર હોય છે. માખીનો સ્વભાવ દુર્ગંધ પર પહેલાં બેસવાનો છે, તેમ બાળકને સન્માર્ગે વાળવાનું કામ સામા પૂરે તરવા જેવું છે જ. આપણા પ્રયત્નો વામણા લાગે, પણ તદ્દન નિરાશ થવા જેવું નથી, કારણ આપણી પાસે સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો છે.

ઘેટાં-બકરાં સાથે ઊછરતાં સિંહના બચ્ચાંને પકડીને નદીના પાણીમાં મોં બતાવીને કે તે ઘેટું કે બકરું નથી, સિંહનું બાળક છે, એ કર્તવ્ય આપણું છે. બાળકને ગળે ઉતારીએ કે આપણે કૃષ્ણ, ગાંધીજી, સરદાર પટેલનાં ફરજંદો છીએ. આપણાથી અમુક રીતે જ વર્તાય. અમુક રીતે ન જ વર્તાય.

ગાંધીજીને અનુસરવાનું અઘરું, કઠિન. ત્યાગમય જીવનશૈલી હતી તેમની છતાં અનેક ડૉક્ટરો, વકીલો, ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ, ભણેલા-અભણ, સજ્જનો દુર્જનો પણ કેમ તેમને અનુસર્યાં? કયો જાદુ હતો?

આપણા ઘણા કોયડાઓના જવાબો મહાન વિભૂતિઓનાં જીવન અને સાહિત્યમાંથી મળી શકે તેમ છે. મૂલ્યનિર્ધારણ માટેની રોલ મોડલ વ્યક્તિ તરીકે પૂ. ગાંધીજીને પ્રથમ ક્રમે મૂકી શકાય. આવતી ઘણી સદીઓ સુધી જીવનઘડતર ભરી શકીએ તેવું શીલસત્ત્વ, આ વ્યક્તિમાં પરમાત્માએ ઠાંસીઠાંસીને ભર્યું હતું.

છેલ્લા પંદર વર્ષના ગાંધીજીના રહસ્યમંત્રી રહી ચૂકેલા પ્યારેલાલજીએ એકવીસસો પાનાંથી વધુ પાનાનો 'પૂર્ણાહુતિ' ગ્રંથ લખ્યો છે. લોકમિલાપ ટ્રસ્ટના મહેન્દ્ર મેઘાણીએ તેનો ૨૬૦ પાનામાં સંક્ષેપ કરેલો છે : 'હું આંસુ લૂછવા જાઉં છું.'

નોઆખલી, કોલકત્તા, બિહારનાં રમખાણોમાં બાપુએ જે ઢબે કામ લીધું, માનવતાને ઉજાગર કરી, તેની કથા છે. વાંચીને હું તો અભિભૂત થઈ ગયો.

માધ્યમિક શાળાના પ્રિન્સિપાલને એક કલાક ફાળવવા વિનંતી કરી. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને હું એમ અમે ત્રણે પ્રસન્ન થયા. આ કથા બીજે પણ કહેવાઈ. આ પ્રયોગો સફળ રહ્યા.

વિદ્યાર્થીઓનાં વર્તન-પરિવર્તન માટે સારાં પુસ્તકો ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. પાઠ્યપુસ્તકમાં ભણવાનું તે અભ્યાસક્રમના ભાગ તરીકે, પરીક્ષા આધારિત હોવાનું સમજીએ છીએ. ત્યાં રૂચિની મર્યાદા આવી જાય છે. પરંતુ પાઠ્યપુસ્તકના પાઠ જેવા પાઠ્યેતર લેખો, વાર્તાઓ, કવિતાઓમાં આપણે જો વિદ્યાર્થીઓમાં રસ-રૂચિ જન્માવી શકીએ તો તે એક રૂડું કામ થશે. તે ઈતર-વાચન કરતાં થશે. પુસ્તકોએ દુનિયાની ઘણી વ્યક્તિઓને વિભૂતિ બનાવી છે. ગાંધી પેઢીના કાર્યકર્તાઓની મૂડી સમર્પિત નિષ્ઠા હતી. તેમના સાહિત્યમાં અને જીવનમાં બાપુની પ્રેરણા હતી. જે સંસ્થાઓ નિર્માણ પામી તે વિદ્યાર્થીઓના ફાળે સૌરાષ્ટ્ર - ગુજરાતની સિકલ બદલવામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જૈ શૈક્ષણિક પ્રણાલિકાઓનું પ્રાણતત્ત્વ પ્રગટ્યું તે બેનમૂન હતું.

આ પેઢીના સાહિત્ય પાસે જઈએ તો તેમાંથી ઘણી સમસ્યાઓના ઉકેલ જડી જશે. ગિજુભાઈના બાળસાહિત્યનો જ વિચાર કરીએ તો તેના એકેય પાત્રે બીજા પાત્રને મારી નાખ્યું તેવું જોવા નહીં મળે. એટલે જ શ્રી મનુભાઈ પંચોળીના (દર્શક) ગિજુભાઈના સાહિત્યમાં, બાળશિક્ષણમાં વિશ્વશાંતિની ગુરુકિલ્લી છે તેમ કહેવું. જો આપણામાં આત્મશ્રદ્ધા હોય તો બાળકોના હૃદયમાં ખૂણે ખાંચરે પડેલી વિકૃતિઓ દૂર કરી શકીએ છીએ.

નાનાભાઈ, મનુભાઈ, મૂળશંકરભાઈ, મેઘાણીભાઈ, રવિશંકરદાદા વગેરેના સાહિત્યમાં વિદ્યાર્થી ભાઈબહેનોને ડોકિયું કરાવીએ, વાંચતાં કરી શકીએ તો ભાવિ સમાજને નિરાંતથી જીવવાની સુવિધા મળી શકશે. ગુજરાત પાસે ઘણાં સમૃદ્ધ સત્ત્વશીલ સાહિત્ય છે. કબાટની કેદમાંથી પુસ્તકો બહાર નીકળતાં થાય તે જોવાનું કર્તવ્ય આપણું છે.

***('ભૂમિપુત્ર' ના ૧૬-૦૫-૨૦૧૬ ના અંકમાંથી સાભાર)***

***સૌજન્ય : "સંપર્ક"***

# જો જો એંઠ તો નથી પડીને?

• રવિશંકર મહારાજ •

એક ખેડૂત બહેન દૂધ લઈને જતી હતી. સામે સાધુ મળ્યો. એને થયું, લાવ, આમને થોડું દૂધ પાઉં. સંન્યાસીએ કમંડળ ધર્યું અને બાઈ ભક્તિપૂર્વક દૂધ રેડવા લાગી. પણ માણસનો સ્વભાવ કે દૂધ આપે પણ ઉપરની તર ન આપે. એટલે બાઈ ફૂંકતી જાય ને દૂધ આપતી જાય. પણ ભોગજોગે એક બાજુ ભેગી થયેલી તર ડબક દઈને દૂધ સાથે કમંડળમાં પડી ગઈ. બાઈના મોઢામાંથી 'એંઠ' બોલાઈ જવાયું.

સાધુ જાગ્રત હતો, એણે કહ્યું : 'બહેન, બંધ રાખ બાપા, તારું દૂધ નથી પીવું.'

'ના બાપજી, દૂધ તો પીવું પડશે,' બાઈએ કહ્યું.

'બહેન, દૂધ હોત તો પીવત, પણ દૂધમાં તો તારી 'એંઠ' પડી છે. એ દૂધ હું પીઉં તો આ સ્થૂળ શરીર તો મજબૂત થાય, પણ એમાં રહેલો આત્મા કઠોર થાય.'

આ વાત તો સામાન્ય છે, પણ એમાં ગંભીર અર્થ રહેલો છે. આપણે જે ખોરાક ખાઈએ છીએ તે કેટલી 'એંઠ' સાથે આવ્યો હશે તેનો વિચાર કરીએ છીએ ખરાં? આપણી આવક આવે છે તે ક્યાંથી ને કેવી રીતે આવે છે તે કદી વિચાર્યું છે? કેટલાક ઘી લેવા જાય ત્યારે તપેલીમાં છાશ આવે કે તરત ઘી આપનારને અટકાવે. તેલ લેવા જાય ત્યારે તેલની ધાર સામે જોઈ રહે ને તેલ સાથે બગદો આવવા માંડે કે તરત બોલી ઊઠે. 'બસ કરો.' પણ ઘરમાં લક્ષ્મી આવે ત્યારે ગમે તેવી અને ગમે તે રીતે આવતી હોય, તોયે કહે, 'આવવા દો.'

આપણે જે અન્ન ખાઈએ છીએ તેનાથી એકલું આ શરીર નથી પોષાતું, મન, બુદ્ધિ ને ચિત્ત પણ એનાથી પોષાય છે. તેથી તો ઋષિમુનિઓએ કહ્યું છે કે 'આહાર શુદ્ધૌ સત્ત્વશુદ્ધિ.' જેવું અન્ન એવા ઓડકાર. શુદ્ધ ને પવિત્ર અન્ન એટલે સાફ કરીને ચોખ્ખા પાણીથી સ્વચ્છ વાસણોમાં રાંધેલું અન્ન નહીં પણ જાતમહેનતથી કોઈનેય નુકસાન કર્યા વિના પેદા કરેલું અને શુદ્ધ ભાવનાથી ભક્તિપૂર્વક રંધાયેલું ને પીરસાયેલું.

*'મહારાજની વાતો' પુસ્તકમાંથી સાભાર*

# સળગતું ઝૂંપડું

એક ધનવાન માણસ હતો. રજાના દિવસે તે પોતાની બોટમાં દરિયો ખૂંદવા નીકળ્યો. મધદરિયે પહોંચ્યો ત્યાં દરિયામાં તોફાન આવ્યું. બોટ ડૂબવા લાગી. બોટ બચવાની કોઈ શક્યતા ન લાગી ત્યારે એણે લાઈફ જેકેટ પહેરીને દરિયામાં પડતું મૂક્યું. બોટ ડૂબી ગઈ. તોફાન પણ શાંત થઈ ગયું. તરતો તરતો એ માણસ એક ટાપુ પર પહોંચી ગયો. ટાપુ ઉપર કોઈ જ ન હતું. ટાપુના ફરતે ચારે તરફ ઘૂઘવતા દરિયા સિવાય કંઈ જ નજરે પડતું ન હતું. એ માણસે વિચાર્યું કે મેં તો મારી આખી જિંદગીમાં કોઈનું કંઈ બૂરું કર્યું નથી તો પછી મારી હાલત આવી શા માટે થઈ? તેના મને જ જવાબ આપ્યો કે જે ઈશ્વરે તોફાની દરિયાથી તને બચાવ્યો છે એ જ ઈશ્વર કંઈક રસ્તો કાઢી આપશે.

દિવસો પસાર થવા લાગ્યા. ટાપુ પર ઊગેલાં ઝાડ-પાન ખાઈને એ માણસ દિવસો પસાર કરતો હતો. થોડા દિવસમાં તેની હાલત બાવા જેવી થઈ ગઈ. ધીમે ધીમે તેની શ્રદ્ધા તૂટવા લાગી. ઈશ્વરના અસ્તિત્વ સામે પણ તેને સવાલો થવા લાગ્યા. ભગવાન જેવું કંઈ છે જ નહીં, બાકી મારી હાલત આવી ન થાત.

ટાપુ ઉપર કેટલા દિવસો કાઢવાના છે એ તેને સમજાતું ન હતું. તેને થયું કે લાવ નાનકડું ઝૂંપડું બનાવી લઉં. ઝાડની ડાળી અને પાંદડાની મદદથી તેણે ઝૂંપડું બનાવ્યું. એને થયું કે હા, આજની રાત આ ઝૂંપડામાં સૂવા મળશે. મારે ખુલ્લામાં સૂવું નહીં પડે. રાત પડી ત્યાં વાતાવરણ બદલાયું. અચાનક વીજળીના કડાકા-ભડાકા થવા લાગ્યા. ઝૂંપડીમાં સૂવા જાય એ પહેલાં જ ઝૂંપડી ઉપર વીજળી પડી. આખી ઝૂંપડી ભડભડ સળગવા લાગી. એ માણસ સળગતી ઝૂંપડી જોઈ ભાંગી પડ્યો. ઈશ્વરને મનોમન ભાંડવા લાગ્યો. તું ઈશ્વર નથી રાક્ષસ છો, તને દયા જેવું કંઈ નથી. તું અત્યંત ક્રૂર છે.

હતાશ થઈને માથે હાથ દઈ રડતો રડતો એ માણસ બેઠો. અચાનક જ એક બોટ ટાપુના કિનારે આવી. બોટમાંથી ઉતરીને બે માણસો તેની પાસે આવ્યા. તેમણે કહ્યું, અમે તમને બચાવવા આવ્યા છીએ. તમારું સળગતું ઝૂંપડું જોઈને અમને થયું કે આ અવાવરું ટાપ પર કોઈ ફસાયું છે. તમે ઝૂંપડું સળગાવ્યું ન હોત તો અમને ખબર જ ન પડત કે અહીં કોઈ છે! એ માણસની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યાં. ઈશ્વરની માફી માંગી અને કહ્યું કે મને ક્યાં ખબર હતી કે તેં તો મને બચાવવા માટે મારું ઝૂપડું સળગાવ્યું હતું!

કંઈક ખરાબ બને ત્યારે માણસ નાસીપાસ થઈ જાય છે. હેલન કેલરે એક સરસ વાત કરી છે કે, જ્યારે ઈશ્વર સુખનું એક બારણું બંધ કરી દે ત્યારે સાથોસાથ સુખનાં બીજા બારણાંઓ ખોલી દે છે પણ આપણે મોટાભાગે બંધ થઈ ગયેલાં બારણાં તરફ જ જોઈને બેસી રહીએ છીએ. બીજી તરફ નજર જ નાખતા હોતા નથી. ■

મંથન

# શ્વેતકેતુનું ભણતર

• ઉમાશંકર જોષી •

શ્વેતકેતુ બાર વરસનો હતો ત્યાં સુધી ભણવાનું નામ જ ન લે. એના પિતા ઋષિ ઉદ્દાલક આરુણિએ એક દિવસ એને બોલાવીને કહ્યું : 'આપણા કુળમાં કોઈ વેદાધ્યયન વગરનો, બ્રાહ્મણજાતિનો હોય તેથી નામનો જ બ્રાહ્મણ હોય એવો, 'બ્રહ્મબન્ધુ' પાક્યો નથી.' દીકરાને મનમાં વસ્યું. ભણવા માટે ઉપડ્યો.

પૂરાં બાર વરસ ભણીને એ પાછો આવ્યો. પણ એની અકડાઈ તો જુઓ. બધું જાણું છું એવો ભારેખમ એનો ચહેરો છે. પિતાએ પાસે બેસાડ્યો, પૂછ્યું : 'જેને જાણવાથી બધું જ જાણવામાં આવી જાય તે શું એ તારા ગુરુ પાસેથી તેં સમજી લીધું છે?'

'પિતાજી, એકને જાણવાથી બધું સમજમાં આવી જાય - એ તે શી રીતે બને?'

પિતાએ કહ્યું : 'માટીને ઓળખી લઈએ તો પછી ઘડો, ગાગર, કોડિયાં, નળિયાં એ સર્વને આપણે જાણી શકીએ. એ બધા જુદા જુદા આકારોનાં જુદાં જુદાં નામ પાડ્યાં છે એટલું જ, પણ મૂળે તો સૌ માટી જ.' પિતાએ વીંટી, કંકણ, કુંડળ એ સોનાનાં ઘરેણાંના દાખલાથી સમજાવ્યું કે 'કનકકુંડળ વિશે ભેદ ન્હોયે, ઘાટઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.'

શ્વેતકેતુ બોલ્યો, 'મારા ગુરુજન પોતે જ આ જાણતા નહીં હોય, નહીં તો તેઓ મને શા માટે ન કહે? આપ જ મને સમજાવો.'

પિતાએ કહ્યું : જો, ઘડો, કોડિયું વગેરે માટીમાંથી બન્યાં છે, કંકણ, કુંડળ વગેરે સોનાનાં બનેલાં છે, તેમ આપણે આ દેખીએ છીએ તે તમામ પદાર્થોનાં નામરૂપ ભલે જુદાં જુદાં હોય, તે બધા એક જ પદાર્થના બનેલા છે. બધા સત્‌માંથી બનેલા છે. મૂળમાં હતું સત્ - એક અને અદ્વિતીય. એને થયું કે હું એક છું તે બહુ થાઉં અને એણે તેજ જળ પૃથ્વી - એ રૂપો ધારણ કર્યા. એમ આખી સૃષ્ટિ રચાઈ. આ તમામ સૃષ્ટિના પદાર્થો એ સત્‌નાં - પરમાત્માનાં રૂપો છે.'

શ્વેતકેતુએ કહ્યું : 'આપ મને ફરી સમજાવશો?'

એક દિવસ બંને જણા વડ નીચે બેઠેલા હતા. પિતાએ કહ્યું : 'પેલો વડનો ટેટો લઈ આવ.' લાવ્યો એટલે કહ્યું : 'એને ભાંગી જો, એમાં શું છે?'

'પિતાજી, ઝીણા દાણા છે.'

'એક દાણો લઈ, એને ભાંગીને જો. અંદર શું દેખાય છે?'

'કંઈ જ દેખાતું નથી, પિતાજી.'

'બેટા, એમાં અણુથી પણ વધુ ઝીણું કંઈક છે તે તારી નજરે ચઢતું નથી, પણ એમાં જ મહાન વડનું ઝાડ સમાયેલું છે. એ રીતે આ સૃષ્ટિમાં જે અણિમા છે, સૂક્ષ્મ તત્ત્વ છે તે નજરે દેખાય નહીં છતાં તેનાં જ આ બધાં રૂપો છે. તે તત્ત્વ છે સત્ય, તે આત્મા છે. શ્વેતકેતુ, તે જ તું છે - તત્ ત્વમ્ અસિ.'

'પિતાજી, ફરી મને સમજાવો.'

ઋષિએ કહ્યું : 'મીઠાનો ગાંગડો પાણીમાં નાખ. સવારે મને મળજે.'

પ્રભાતે પિતાએ કહ્યું : 'પેલો મીઠાનો ગાંગડો લઈ આવ.' એણે શોધ્યો પણ જડ્યો નહિ.'

પિતાએ કહ્યું, 'ઉપરથી પાણી ચાખી જો... કેવું લાગે છે?'

'ખારું, પિતાજી.'

'વચ્ચેથી ચાખી જો, કેવું લાગ્યું?'

'ખારું પિતાજી.'

'તળિયેથી ચાખી જો. કેવો સ્વાદ છે?'

'ખારો પિતાજી.'

'જોયું ને, વત્સ? પાણીમાં મીઠું તો હતું જ, માત્ર તને દેખાયું નહીં, પણ એનો આસ્વાદ તું લઈ શકતો હતો. તેમ સત્ તને નજરોનજર દેખાતું નથી. પણ સર્વત્ર એ છે જ અને એનો અનુભવ થઈ શકે છે. આ સૌ પદાર્થો, એ સૂક્ષ્મ તત્ત્વનાં - એ અણિમાનાં રૂપો છે. તે તત્ત્વ છે સત્ય. તે આત્મા છે શ્વેતકેતુ, તે જ તું - તત્ત્વમસિ.'

એક પરમાત્માને - સત્તને સત્યને જાણી લઈએ એટલે બધું જણાઈ જાય, બાહ્યાભ્યન્તર બધે પરમાત્મા જ છે, પરમાત્માનો અનુભવ થઈ શકે - બલકે તું જ એ પરમ આત્મા છે - તત્ત્વમસિ, એ બધું રહસ્ય ઋષિપિતાએ કળેકળે સમજાવવાથી શ્વેતકેતુનું ભણતર ચરિતાર્થ થયું - એને રૂંવેરૂંવે 'તે જ તું', 'તે જ તું' મંત્ર ગુંજી રહ્યો. ■

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# આજનો વિકાસ એ સુધારો નહીં કુધારો છે

• ડૉ. કિશોર સાધુ •

૨૧મી સદીનો આ સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક મહા પરિવર્તનનો ક્રાંતિયુગ છે. જેમાં વૈશ્વિકીકરણનો નારો બુલંદ અવાજે ઉઠી રહ્યો તો છે, પરંતુ તેમાં ક્યાંય વિશ્વ કુટુંબની ભાવના જોવા મળતી નથી. આજના આ વૈશ્વિકીકરણ - ઉદારીકરણમાં વૈશ્વિક બજારની વાત છે. દુનિયા આખી બજાર બની ઊભરી છે. જેમાં ગળાકાપ સ્પર્ધાનો અનુભવ થઈ રહ્યો છે. વિશ્વ માનવસમાજ વિકાસ, પૈસાની ભૂખ અને મોજશોખના ચક્રવ્યુહમાં ગૂંચવાયો છે. જાતજાતની સુખસવગડ માટે ઊંધું ઘાલીને પૈસા કમાવાના ચકરાવે ચડ્યો છે, તેના માટે વલખાં મારે છે. રાત-દિવસ હરીફાઈમાં આગળ નીકળવા દોડ્યા કરે છે. પરિણામે તે જીવન જીવવાની કળા જ વિસરી ગયો છે. જીવનશૈલીમાં અસંતુલન, લગ્નજીવન અને પરિવારોમાં વિખવાદ તેમજ લાગણીના સ્તરે સંઘર્ષ વધ્યા છે. પૈસા માટે માનવ રાંક બની ગયો છે. પૈસા સાથે આપણી ભિન્ન ભિન્ન માનસિકતા જોડાયેલી છે જેવી કે ડર, અસલામતી, લઘુતાગ્રંથિ, અહં, ઈર્ષ્યા, શરમ, ધૈર્ય, એકલતા, ક્રોધ, અહંકાર, અપરાધ, દુશ્મનાવટ, હતાશા, ઈચ્છા, લોભ, ઉચાટ અને સમાજરચના, હાયપર ટેન્શન અને સ્ટ્રેસ જેવી બીમારી પણ તેમાંથી જ આવે છે.

આ સંપત્તિ, નાણાં, લક્ષ્મી, પૈસા, ધન — આ શબ્દો યુગોથી ભલભલાને સમજાયા નથી. સંપત્તિ ચાર પ્રકારની છે. (૧) શારીરિક સંપત્તિ એટલે આરોગ્ય. (૨) સામાજિક સંપત્તિ એટલે કુટુંબ, જીવનસાથી, મિત્રો, પરીચિતો અને સમાજ સાથેના સંબંધો. (૩) ભાવનાત્મક સંપત્તિ અને (૪) આર્થિક સંપત્તિ. આ ચારેય પાસાં વચ્ચે તાલમેલ સધાય તો જ આપણે સુખી જીવન જીવી શકીશું. માનવ જીવનનાં વિવિધ ક્ષેત્રો — આર્થિક, સામાજિક, રાજકીય, ધાર્મિક ઈત્યાદિમાંથી આપણે માત્ર આર્થિક ક્ષેત્રને જ મહત્ત્વ આપ્યું. આર્થિક વિકાસ માટે ભૌતિક વિજ્ઞાનનો આશરો લઈ જીવનના અનેક પ્રશ્નોનું સમાધાન સાધ્યું છે. પણ તેમાંથી જ ઉદ્ભવેલી સમસ્યાઓનું શું? વિજ્ઞાનના આટલા વિકાસ પછી શું? ભૌતિક વિકાસે પૈસાના મોહમાં માનવે ધરતીમાતાના સૌંદર્યને લૂંટ્યું છે. જીવસૃષ્ટિના જોખમે, નફાખોરી અને આંધળા સ્વાર્થે માનવ સમાજના આરોગ્યનો પણ વિચાર નથી કર્યો. આપણા જ દેશની વાત કરીએ તો જંતુનાશક દવાનું ધૂમ વેચાણ થાય છે. ખેતીમાં તેનો ઉપયોગ છૂટથી થાય છે.

વિકાસના નામે આ બજારવૃત્તિ પોષાઇને વિકસતી જાય છે. આપણા વિલાસિત જીવને પ્રકૃતિનું અમર્યાદ શોષણ કર્યું છે. પ્રકૃતિના સીમિત સ્રોત ખૂટી રહ્યા છે તે નુકસાન છે જ. પણ સૃષ્ટિને પહોંચાડેલ નુકસાન હજારો વર્ષે પણ ભરપાઈ નહીં થઈ શકે. વિશ્વમાં સ્વાર્થવૃત્તિ સામે નૈતિકતા, માનવતા જેવાં મૂલ્યો ગૌણ બનતા જાય છે. જ્ઞાતિવાદ, વર્ણવાદ, કોમવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ ઈત્યાદિનો ઉચાટ જોર પકડતો જાય છે. ત્યારે વેદનું વાક્ય યાદ આવે : 'હે જીવ... તું માનવ થા!'

આ ધનવૃત્તિ એટલી હદે ભ્રષ્ટ થઈ છે, પારકું ધન પડાવી લેવાની ગૃધાવૃત્તિ જાગી છે. ઉપનિષદમાં તેને અસૂર્ય કહે છે. તેમાંથી આસુરી સંસ્કૃતિ પેદા થાય છે. પરધન પડાવી લેવાની વૃત્તિ ન રાખતાં ત્યાગ જ સાચો મારગ છે. પણ લોભ અને મોહે સત્યાનાશ વાળ્યો છે. તેણે આપણી નીતિ જ લઈ લીધી છે. હવે લોહી વહેવડાવે છે. આ અસભ્યતાનું મહાસંકટ વિશ્વ પર તોળાઈ રહ્યું છે. ત્યારે તેમાંથી ઉગરવાના મારગની અપેક્ષા વિશ્વ ભારત પાસેથી રાખે છે. ભારત પાસે જ તે રસ્તો છે. મહાત્મા ગાંધી લિખિત 'હિંદ સ્વરાજ' પુસ્તિકામાં.

હવે મનમાં થાય 'હિંદ સ્વરાજ'ની ચર્ચા અત્યારે શા સારું? આઝાદીનાં ૭૦ વર્ષે માત્ર આર્થિક પરિસ્થિતિ બદલવાની દોડ જે દેશમાં અને વિશ્વમાં લાગી છે તે મિથ્યા પ્રવૃત્તિ જેવા લાગી રહ્યા છે. આર્થિક પરિસ્થિતિ તો મજબૂત બની પણ ચારિત્ર્ય? આપણે જાણીએ છીએ, જોઈએ છીએ, બોલતા નથી એ વાત બે નંબરની છે. આજે હિંદુસ્તાન બે ભાગમાં વહેંચાયેલું છે. એક બાજુ અતિશ્રી અને પ્રાચુર્ય છે, ધનના ઢગલા! બીજી બાજુ છે અભાવ - અછત! ગાંધીજીએ ભૌતિક વિજ્ઞાન દ્વારા થયેલા વિકાસને સુધારો નહીં પણ કુધારો કહ્યો છે. આ કુધારાથી આર્થિક જ નહીં બીજા ક્ષેત્રો પણ સડ્યાં છે. ભોગવિલાસ, ઉડાઉ ખર્ચા, ધનઘેલછા વધ્યા છે. ગુનાઈત કૃત્યોની વણઝાર ઊભી થઈ છે! ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની રહ્યો છે. જીવનમાં કલેશ, નિરાશા, પરાયાપણું, વિચ્છિન્નતા પ્રગટી છે. એકસો પચીસ કરોડની વસતિમાં પણ માનવી એકલતા અનુભવે છે. ગાંધીજી ભારતીય સંસ્કૃતિને સમજ્યા હતા. હિંદના પ્રજાજનોને છેવટ સુધી ભજતા રહ્યા હતા. આજના સંકટને ગાંધીજીની આર્ષદૃષ્ટિએ ૧૦૭ વર્ષ પહેલાં અનુભવી લીધી હતી. 'હિંદ સ્વરાજ' પુસ્તિકામાં તેમણે કહ્યું છે પણ આપણે તે સાંભળ્યું કે સ્વીકાર્યું નથી... આઝાદીના ૭૦મા પાવન પર્વે, ઉદારીકરણના ૨૫માં વર્ષે 'હિંદ સ્વરાજ'નું અધ્યયન થાય તે જરૂરી છે.

૨૦૧૯માં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે 'હિંદ સ્વરાજ' ચર્ચામાં આવનાર છે જ. ગાંધીજીએ આજના જમાનાને - સમગ્ર માનવજાતને,

ખાસ કરીને હિંદુસ્તાનને આ બાબતે ચેતવ્યું જ નહોતું, પણ સંકટમાંથી ઉગારવા સારું નવી સભ્યતા ઊભી કરવા નોતરું આપી રેખાચિત્ર દોરી આપ્યું. એક નવો દૃષ્ટિકોણ આપ્યો હતો... આ પુસ્તકની પ્રસ્તાવનામાં ગાંધીજી લખે છે, 'જ્યારે મારાથી નથી રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે. બહુ વાંચ્યું, બહુ વિચાર્યું. જે મારા વિચાર છેવટના લાગ્યા - વાંચનારની પાસે મૂકવા એ મારી ફરજ સમજ્યો... જે વિચારો બતાવ્યા તે મારા આત્મામાં ઘડાઈ ગયા જેવા છે... ઉદ્દેશ માત્ર દેશસેવા કરવાનો, ને સત્ય શોધવાનો, ને તે પ્રમાણે વર્તવાનો છે. ગાંધીજી નિત્ય વિકાસશીલ અને પરિવર્તનશીલ વ્યક્તિ હતી. પણ 'હિંદ સ્વરાજ'માં દર્શાવેલ વિચારો છેવટ સુધી બદલ્યા નહોતા. ૧૯૪૫માં પંડિત જવાહરલાલ નહેરુને લખેલ પત્રમાં જણાવ્યું કે, '૧૯૦૯માં 'હિંદ સ્વરાજ'માં મેં જે કાંઈ લખ્યું, તેની સત્યતાની પુષ્ટિ મારા અનુભવોથી થઈ છે. તેમાં આસ્થા ધરાવનારો કેવળ હું એકમાત્ર જ બાકી રહું, તોયે મને તેનો અફસોસ નહીં થાય. સત્યને હું જેમ જોઉં છું, તે મારા માટે એનું પ્રમાણ છે. આખી દુનિયા તેનાથી વિપરીત દશામાં જઈ રહી હોય એમ લાગે છે. મને તેનો ભય નથી. કેમકે પતંગિયું જ્યારે એનો અંત નજીક આવી રહ્યો હોય ત્યારે દીવાની ચોતરફ વધુને વધુ ચક્કર ઘૂમવા લાગે છે. સંભવ છે, પતંગિયા જેવી આ હાલતમાંથી ભારતને આપણે ઉગારી ન શકીએ. તેમ છતાં ભારત અને તેની મારફત આખાયે વિશ્વને આ નિયતિમાંથી બચાવવાની છેલ્લા શ્વાસ સુધી કોશિશ કર્યે રાખવી, એ મારો ધર્મ છે.' ગાંધીજીએ જગતને ખાસ ભારતને ઉગારવાનો પ્રયત્ન કર્યો પણ આપણે તે માર્ગે ચાલ્યા નથી. ચાલવાનો પ્રયાસ પણ કર્યો નથી. આ દિશામાં એક પ્રયાસ થઈ જાય... ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી સાર્થક કરીએ. 'હિંદ સ્વરાજ' વાંચીએ. વિચારોને સમજીએ... જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીએ. નવજીવન પ્રેસે ૧૫ જૂને 'હિંદ સ્વરાજ'ની ચાર ઈ-બુક અને છ પ્રિન્ટ કરેલી પુસ્તિકાના નવસંસ્કરણના વિમોચનનો ઉત્સવ ઉજવ્યો હતો.

હિંદ સ્વરાજ એટલે શું? તેનું ચોક્કસ વિચાર ક્ષેત્ર શું? હિંદ સ્વરાજમાં ગાંધીજીએ મનુષ્યને કેન્દ્રસ્થ ગણી વિચાર્યું છે.

*મદદનીશ પ્રકાશન અધિકારી*
*ગુજરાત રાજ્ય સહકારી સંઘ*
*અમદાવાદ-૩૮૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૬ ૨૦૧૩૨*

## નાના બાળકોમાં આત્મ ગૌરવનું સિંચન કરવું જોઇએ

(અનુસંધાન : પાના નં.-૬૬ ઉપરથી ચાલુ)

એકાદ બે-વાક્યો પણ જીવનમાં શક્તિનો સંચાર કરી દે છે. દા.ત. "આ એક મહાન સત્ય છે. શક્તિ જ જીવન છે, નિર્બળતા મૃત્યુ છે. શક્તિ આનંદરૂપ છે, શાશ્વત અને અમર છે. નિર્બળતા સતત તાણ છે, યાતના છે, મૃત્યુ છે." જીવનમાં ક્યારેક એવું પણ બને છે કે ચારેબાજુથી મુશ્કેલીઓનો મારો થવા લાગે છે. તે સમયે તાત્કાલિક કોઈ માર્ગદર્શક પાસે જવા જેવી પણ પરિસ્થિતિ હોતી નથી કે બહાર પણ નીકળી શકાય તેમ નથી હોતું, તો ત્યારે શું કરવું? એ સમયે શ્રીમદ્ ભાગવદ્ ગીતા, કુરાન, ગુરુ ગ્રંથ સાહેબ, બાઈબલ, ભાગવત, ઉપનિષદ – એવા કોઈ પણ ગ્રંથો પાસે જવું. આ સદ્‌ગ્રંથો એ કંઈ નિર્જીવ પુસ્તકો નથી, પણ તે મહાન જ્ઞાનનાં વાહનો છે. વળી આ જેમણે લખ્યાં છે, તેમની સૂક્ષ્મ ચેતનાને તેઓ ધારણ કરે છે. માત્ર એક પાનું પણ વાંચવાથી એના સર્જકોની મહાન ચેતનાના સૂક્ષ્મ સાંનિધ્યમાં આપણે મુકાઈ જઈએ છીએ. શ્રીમદ્ ભગવદ્ ગીતા વાંચતાં સાક્ષાત ભગવાન કૃષ્ણની સન્મુખ સૂક્ષ્મ રીતે આપણે પહોંચી જઈએ છીએ અને ગીતામાંથી પરિસ્થિતિના ઉકેલ માટે ઉપયુક્ત વાણી આપણને ભગવાન શ્રીકૃષ્ણ આપે છે. ગીતાનો એકાદ શ્લોક, શ્રી રામકૃષ્ણ કથામૃતનો એકાદ પ્રસંગ, બાઈબલનું એકાદ વાક્ય પણ હતાશામાંથી ઊંચે જવા માટે પર્યાપ્ત થઈ જાય છે. વાંચન કર્યા પછી આપણને ખબર પણ ન પડે તે રીતે મનની પરિસ્થિતિ બદલાઈ જાય છે. આમ સારા પુસ્તકોનું વાંચન કરો અને જીવનને નિરાશામાંથી બહાર કાઢો. ■

## લઘુ કથા : સૉરી

એક સવારે આકાશ છાપું વાંચતો હતો. ક્ષિતિજાએ તેને ચા આપ્યા પછી તે પણ છાપું વાંચવા લાગી.

થોડીવારે આકાશ રસોડા તરફ ગયો. જોયું તો ગેસનું બર્નર જાંબલી જ્યોતે જલી રહ્યું હતું. ક્ષિતિજા ઉતાવળમાં ગેસ બંધ કરવાનું ભૂલી ગઈ હતી.

આકાશે કહ્યું, 'ક્ષિતિજા! તું ક્યારેક બેદરકારીથી આગ લગાડી બેસીશ! જો તું ગેસ બંધ કરવાનું ભૂલી ગઈ છો!'

પછી આકાશે હઠાગ્રહની ટેવ મુજબ ક્ષિતિજાને હાથે જ ગેસ બંધ કરાવ્યો ને કહ્યું, કહે જોઈએ, સૉરી!

ક્ષિતિજાએ હસીને કહ્યું, સૉરી!! સૉરી!!!

આ પ્રસંગ પછી થોડા દિવસો બાદ આકાશ તેના મિત્રો સાથે બાગમાં બેઠો હતો. ત્યાં અચાનક તેને ઘેર જવાનું ખેંચાણ થતાં તે ઘેર ગયો. જોયું તો રસોડામાં ગેસનું બર્નર ભડભડ જ્યોતે જલી રહ્યું હતું!

સામેની દીવાલ પર ટાંગેલી ક્ષિતિજાની છબી જાણે સહેજે ડોલી અને બોલી, આકાશ! તમે ક્યારેક બેદરકારીથી આગ લગાડી બેસશો! તમે ગેસ બંધ કરવાનું ભૂલી ગયા હતા ને?

આકાશ! પહેલાં કરો ગેસ બંધ! ને પછી કહો જોઈએ... 'સૉરી!'

આકાશે વરસતી આંખે કહ્યું, 'સૉરી! સૉરી! ક્ષિતિજા સૉરી!'

*નવીન ત્રિપાઠી 'અલ્પ'*
*ડી/૫, અરિહંત નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

# નાના બાળકોમાં જીવન ઉપયોગી વાર્તાઓના આધારે આત્મ ગૌરવનું સિંચન કરવું જોઈએ

• ડૉ. મિહિર એમ. વોરા •

નાના બાળકોમાં જીવન ઉપયોગી વાર્તાઓના આધારે આત્મ ગૌરવનું સિંચન કરવું જોઈએ અને તેમને સારા પુસ્તકોનું વાંચન ખાસ કરવું જોઈએ તેની પણ શાળાના તાસમાં સમજણ આપવી જોઈએ. આવી જ અમુક વાર્તાઓ જોઈએ. એક સિંહણ જંગલમાંથી પસાર થઈ રહી હતી. ત્યારે રસ્તામાં ઘેટાનું ટોળું જઈ રહ્યું હતું. સિંહણે રસ્તો પાર કરવા છલાંગ લગાવી, ત્યારે તેના પેટમાં રહેલું બચ્ચું પડી ગયું. સિંહણ રસ્તાની સામે પાર પડી અને મરી ગઈ. આ બચ્ચું ઘેટાંના ટોળામાં મોટું થવા લાગ્યું. તે ઘેટાંની જેમ જ ઘાસ ખાવા લાગ્યું, બેં-બેં કરવા લાગ્યું. એકવાર એક સિંહ ત્યાંથી પસાર થતો હતો. તેણે ઘેટાંના ટોળામાં નાનકડા સિંહને બેં-બેં કરતો જોયો અને તેને આશ્ચર્ય થયું. તેની પાસે ગયો અને કહ્યું, 'તું સિંહ છો, છતાં ઘેટાંની જેમ કેમ બેં-બેં કરે છે?' ત્યારે એ નાના સિંહે બેં - બેં કરતાં કહ્યું, 'હું તો ઘેટું છું, સિંહ નથી.' મોટા સિંહે તેને સમજાવવાના ઘણા પ્રયત્ન કર્યા, છતાં તે નાનો સિંહ માન્યો નહી. પછી મોટો સિંહ તેને તળાવને કાંઠે લઈ આવ્યો અને કહ્યું, 'મૂરખ, આ પાણીમાં તારો પડછાયો જો. તારો ચહેરો ઘેટા જેવો છે કે મારા જેવો? - સિંહ જેવો છે?' નાના સિંહે જ્યારે પોતાનો ચહેરો જોયો ત્યારે તેના અજ્ઞાનનો પડદો દૂર થયો અને તેને સમજાયું કે તે ઘેટું નથી પણ સિંહ છે અને પછી તેણે પછી સિંહની જેમ ગર્જના કરી. તે નીડર બની ગયો. જંગલનો રાજા બની ગયો.

બીજું એક ઉદાહરણ જોઈએ તો લશ્કરમાં કામ કરતો એક યુવાન મનથી સાવ ભાંગી પડ્યો હતો. ભારત-પાકિસ્તાનના યુદ્ધમાં તેના બધા સાથીદારો માર્યા ગયા હતા. વળી તે જે જીપને ચલાવી રહ્યો હતો, તેના ઉપર પણ બોમ્બ પડ્યો અને તે માંડ બચ્યો. પણ તેનું મન સાવ ઉદાસ થઈ ગયું. જીવનમાંથી હવે તેને રસ ઊડી ગયો. એક રાત્રે તે દિલ્હી રેલવે સ્ટેશનમાં ચાલતી ગાડીએ પાટા ઉપર કૂદીને આત્મહત્યા કરવાનો વિચાર કરી રહ્યો હતો. પણ કોઈ રીતે તે રાત્રે પોતાના વિચારનો અમલ કરી શક્યો નહીં. હવે તેણે બીજા દિવસ ઉપર તે છોડ્યું. બીજે દિવસે તે છાપું લેવા કોઈ સ્ટેશનની દુકાને ગયો. ત્યાં બુકસ્ટોલ ઉપર તેમણે સ્વામી વિવેકાનંદના સુંદર ફોટાવાળું પુસ્તક જોયું. તેણે તે ખરીદી લીધું. તે પુસ્તક વાંચતાં તેના આત્મહત્યાના વિચારો ચાલ્યા ગયા. તેને નવું જીવન મળી ગયું.

આ વાર્તા દ્વારા સ્વામી વિવેકાનંદ સમજાવે છે કે જ્યારે આપણે આપણી આંતરશક્તિને ઓળખીશું, મિથ્યા ભ્રમને ખંખેરી દઈશું, ત્યારે જ સિંહનું બળ અનુભવીશું. સ્વામી વિવેકાનંદના આ શબ્દોમાં નિર્બળતા, હતાશા, નિરાશા, ચિંતાને હટાવીને મનુષ્યની અંદર રહેલી આંતરશક્તિને જાગૃત કરવાનું પ્રચંડ સામર્થ્ય રહેલું છે. અરે ઓ સિંહ! ઊભા થા અને 'અમે ઘેટાં છીએ એવા ભ્રમને ખંખેરી નાખો, તમે તો અમર આત્માઓ છો, મુક્ત છો, ધન્ય છો, નિત્ય છો. તમે જડ પદાર્થ નથી, શરીર નથી, જડ પદાર્થ તમારો દાસ છે. તમે એના દાસ નથી.' મનુષ્યની અંદર રહેલી આત્મશક્તિને જાગૃત કરવા વિવેકાનંદ આહ્વાન આપે છે. આત્મમુક્તિ પછી હતાશા અને નિરાશામાં ઘનઘોર વાદળાંઓને વિખેરીને મનુષ્યને ચિરશાંતિના પ્રદેશમાં લઈ જાય છે. મનુષ્યની સઘળી દોડધામ સાચું સુખ અને શાંતિ મેળવવા માટેની જ છે. તેને થાય છે કે ધનસંપત્તિમાં મને ખૂબ સુખ અને શાંતિ મળશે. એટલે એ મેળવવા દોડે છે. પણ ક્યાંયથી સુખશાંતિ મળતાં નથી. કસ્તુરી મૃગના જેવી જ તેની દશા છે. પોતાની નાભિમાં જ છે, તેને મેળવવા કસ્તુરીમૃગ સર્વત્ર ભટકે છે. પોતાની અંદર જ જે રહેલું છે, તેને બહાર શોધવાથી તે કેવી રીતે મળે? એની શોધમાં બહાર ભટકી ભટકીને જીવન પૂરું થઈ જાય છે. મનુષ્યનું પણ એવું જ છે. સુખ અને શાંતિનો સ્રોત એની અંદર જ રહેલો છે. બહાર શોધવા માટે ભટકી ભટકીને અંતે મૃગની જેમ જ મૃત્યુ પામે છે. પણ સાચી શાંતિ મેળવી શકતો નથી. 'જે કંઈ શક્તિ અને સહાય તમારે જોઈએ છે, તે તમારી પોતાની અંદર જ છે, માટે તમારું ભાવિ તમે પોતે જ ઘડો. 'ગઈ ગુજરીને યાદ કરવાની જરૂર નથી.' તમારી સામે અનંત ભાવિ પડેલું છે. હંમેશાં યાદ રાખજો કે જે દરેક શબ્દ તમે ઉચ્ચારો, જે દર વિચાર તમે સેવો અને જે દરેક કાર્ય તમો કરો, તે તમારા માટે સંસ્કારનું ભંડોળ ભેગું કરે છે. વળી જેમ ખોટા વિચારો અને ખોટાં કાર્ય તમારી ઉપર વાઘની જેમ તરાપ મારવા તૈયાર હોય છે, તેમ બીજી બાજુ પ્રેરક આશાનાં કિરણો પણ છે કે સુવિચારો અને સત્કાર્યો તમારો બચાવ કરવા સહસ્ર દેવતાઓની શક્તિથી સર્વદા અને સદાયને માટે તૈયાર હોય છે.' સ્વામી વિવેકાનંદના અગ્નિમંત્રોસમા વાક્યોનું એક બહુ જ નાનકડું પુસ્તક છે : 'શક્તિદાયી વિચાર.' આમાંનાં વાક્યોમાં, થાકેલા, હારેલા, નિરાશ થઈ ગયેલા, જીવન જીવવાની ઇચ્છા ગુમાવી દીધેલા મનુષ્યોમાં પ્રચંડ તાકાત જાગૃત કરવાની પ્રબળ શક્તિ રહેલી છે. કટોકટીના સમયે આવાં પુસ્તકોનાં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૫ ઉપર)**

# જૈનિક મૂલ્યો અને 'સોશિયલ સોપારી'

• રાજન ડી. મોરબિયા - યોજના નિષ્ણાત (ક્ષેત્રીય યોજના) •

આ દસકાના યુવાનો માટે કદાચ આ ખૂબ જ મહત્ત્વનો સમય ચાલી રહ્યો છે. દેશથી સંકળાયેલ ઘણા બધાં વિચારો પર અત્યારે ખૂબ જ જરૂરી એવી ચર્ચા ચાલી રહી છે. 'યુવાન જોશ' જેને કહી શકાય, તેવા જોશથી, આ ચર્ચાઓ થઈ રહી છે. આ ચર્ચામાં આજકાલ સંભળાતા મુખ્ય શબ્દો 'દેશ ભક્ત' અને 'દેશદ્રોહી' છે. આ અંગે ચર્ચા દરેક ફલક પર અગત્યની જણાય છે. આગેવાનોથી લઈને દરેક ક્ષેત્ર સાથે સંકળાયેલા વ્યક્તિઓ વિચારો-મંતવ્યોની આહૂતિ આ યજ્ઞમાં આપી રહ્યા છે. અત્રે આ લેખ આપને અમુક એવી બાબતોથી અવગત કરાવવા ઇચ્છે છે જેની ચર્ચા તમને કદાચ એટલાં ટકોરબંધ રીતે સમાચાર માધ્યમો અને ચિંતનોમાં જણાતી નહીં હોય. જૈનિક મૂલ્યોના પરિદર્શથી ચર્ચા કરવાનો પ્રયત્ન છે.

## • શું નક્કી કરવું છે?

વૈચારિક આબોહવામાં એક અજીબ સળવળાટ દેખાઈ રહ્યો છે. એમ લાગી રહ્યું છે કે હવે એક 'સર્ટિફિકેટ' આપવાની તેમજ લેવાની દોટ મુકાઈ છે. ખાસ કરીને વૈચારિક આબોહવાનું આજના જમાનાનું સૌથી ભારી ઘટક એવા ઈન્ટરનેટની દુનિયાના શ્વાસ સમા 'સોશિયલ મીડિયા' પર તો આ પ્રવૃત્તિએ જબરદસ્ત વેગ પકડ્યો છે. આ વેગ ખાસ કરીને છેલ્લા બે વર્ષમાં વધું પોષણ પ્રાપ્ત કરતું હોય તેમ જણાય છે. શેના 'સર્ટિફિકેટ' લેવાની અને આપવાની વાત ચાલે છે? 'સોશિયલ મીડિયા'ની બજારમા બે મુખ્ય 'સર્ટિફિકેટ' મળે તેમ છે : (૧) 'આપ દેશદ્રોહી છો.' (૨) 'આપ દેશભક્ત છો!' હા, આવું જ કંઈક આજકાલ ઘણાંને નક્કી કરવું હોય છે. હાસ્યાસ્પદ છે. પણ થોભજો! હાસ્યાસ્પદ સમજીને અવગણી ન દેજો! અહીં એક ગંભીર, કદાચ ન વિચારી શકાય તેટલી ગંભીર ચાયણી છે જેમાંથી આ વિચારો પસાર થઈને આવી રહ્યા છે અને એ છે - ધર્મ અને જાતિ. આથી વિવેચના ગંભીરપણે કરવી જરૂરી બની જાય છે. આ પ્રવૃતિમાં ભાગ લેનાર ત્રણ સમૂહો છે. પહેલો સમૂહ કે જે ભિન્ન ભિન્ન આ 'સર્ટિફિકેટ' આપે છે. બીજો સમૂહ કે જે આ અપાયેલ 'સર્ટિફિકેટ' પર પ્રતિક્રિયા અલગ અલગ માધ્યમો પર, ખાસ કરીને 'સોશિયલ મીડિયા' પર રજૂ કરે છે અને ત્રીજું સમૂહ કે જે આ ઘટના 'લાઈક', 'શૅર કરી કે મૂક પ્રેક્ષક તરીકે નિહાળીને જેઓ સરાહના કરી રહ્યા છે. બીજા ને ત્રીજા સમૂહમાં ઘણાં લોકો છે જેમના માનસ વિશેની ચર્ચા કરવી યોગ્ય બને છે.

## • 'અણુવ્રત' અને સોશિયલ મીડિયા પર થતી માનસિક ક્રિયા :

બહુ લાંબુ કંઈ ચર્ચ્યા વિના અહીં માત્ર જૈન અનુયાયીના આત્મા સાથે સંકળાયેલ 'અણુવ્રત' ની વાત કરવા જેવી જણાય છે. તે પૈકી મુખ્યત્વે ત્રણ અણુવ્રતને સંદર્ભમાં લેવા જેવા છે - 'સત્ય', 'અહિંસા' અને 'અપરિગ્રહ'. યોગ્ય શાસ્ત્રોને જાણતા એમ આદેશ મળે છે કે જૈન અનુયાયી તરીકે કોઈ પણ પ્રકારે મન, વચન કે કાયાથી હિંસાનો પ્રચાર નિષેધ છે. હવે યાદ કરો એ ક્ષણ જ્યારે આપના મિત્રો-સગા-સંબંધી આપના વોટ્સઅપ મેસેંજર પર-આપની ફેસબુક વોલ પર, લખાણો, પોસ્ટર અને વીડિયોઝ શેયર કરે છે અને આપ તેને જુઓ છો-વાંચો છો! એક માનસિક ક્રિયા થાય છે. તમે તેને મોટા ભાગે આગળ ધપાવો છો. અન્ય વોટ્સઅપ ગ્રુપ કે ફેસબુક પર શેયર કરો છો. શું લાગે છે? શું આપે કોઈ અણુવ્રતનું અપમાન કર્યું છે કે કેમ? ચકાસસો તો જાણવા મળશે કે, આપે હિંસક બાબતને, સર્વ પ્રથમ તો આપના સુધી પહોંચવા દીધી. ત્યારબાદ એ હિંસક વિચારનું આપે સેવન કર્યું. ત્યાર બાદ એ હિંસક વિચારના સેવનને કારણે એક માનસિક પ્રતિક્રિયા થઈ. એ પ્રતિક્રિયા થકી સૌપ્રથમ તો કોઈ ખોટા ભયને આપ આપના કુમળા મનમાં જન્મ આપો છો. ત્યારબાદ એ આભાસી ભયને નાથવા વિચારો કરો છો. જો આપમાંથી કોઈની 'નૈતિક વ્યવસ્થા' (મોરલ સિસ્ટમ) યોગ્ય રીતે રચાઈ હશે તો આપે તે આભાસી ભયને ચુટકીઓમાં ભગાડી અને પ્રસન્નતા પ્રાપ્ત કરી હશે. પણ સત્ય એ પણ છે કે આપનામાંથી મોટાભાગના એ આભાસી ભયને નાથવા, એ ડરને હટાવવા એ જ જૂના અયોગ્ય રસ્તાઓ તરફ વળો છો. જેમાં સૌથી પ્રખર છે એ આભાસી 'હુમલા' ની તૈયારી. આ તૈયારીનો પ્રથમ પડાવ એટલે આભાસી રીતે 'એક' થવાના પ્રયત્નો કરવાં, વલખાં મારવા. 'એક' થવા માટે આપ તમારા મિત્રો-સગા-સંબંધીઓને પણ એ વિચાર - હિંસક વિચારમાં ડુબાડવા વલખાં મારશો. તેમને પણ આ હિંસક વિચારના સેવન માટે લગભગ આપ ફરજ પાડશો. અને આપ એ હિંસક આત્મા ધરાવતા લખાણ વીડિયોઝ-પોસ્ટરને શેયર કરી આગળ વધારશો. એક સાંકળ ચાલુ થશે. આ હિંસક વિચારના સેવનની એક આભાસી સાંકળ. એક મિથ્યાભરી 'એકતા' ને આપ કદાચ પ્રાપ્ત કરવાનો આનંદ પણ મનાવશો. આપ ખુશ થાઓ છો કે આપે 'કોઈ' કોમ-પક્ષ-વ્યક્તિ-વિચારધારાને આપના મિત્રો અને સગાસંબંધીઓની વચ્ચે 'છતાં' પાડ્યાં. હવે તેઓ પણ એ ભયથી, આભાસી ભયથી પીડાવા મંડ્યા. આપને હવે એવો અહેસાસ થવા લાગ્યો કે હવે

તે બધાં આપની સાથે છે. તેવું આપને એટલે લાગે છે કે જે વોટ્સઅપ ગ્રુપમાં કે ફેસબુક પર આપે તે હિંસક વિચાર શેયર કર્યો હતો ત્યાંથી આપને કોઈએ પણ વિરોધના દર્શન ન કરાવ્યા. કોઈએ આપણને ઠપકો ન આપ્યો. કોઈએ આપણને એમ ન કહ્યું કે આવી બધી બાબતોને ફેલાવી આપ પરિવારનું નુકસાન કરો છો. આપ અફવાઓ અને અધર્મજ વિચારોના સેવનથી ભયને ફેલાવો છો! કોઈએ એ ન જાણ્યું કે આપના આવા વિચારોના ફેલાવાથી આપે ઉદ્વેગ માત્ર ફેલાવ્યો છે કે જેણે, માનસિક નુકસાન કર્યું, એ બધાનું જ જેણે આ વિચારોનું સેવન કર્યું! કોઈએ ન કરેલા વિરોધ અને આપના જ જેવા એકાદ બે આભાસી ભયથી પીડાતા વ્યક્તિઓના સાર્વજનિક સમર્થનથી અને આભાસી હુમલાની તેમના દ્વારા દર્શાવાયેલી ચિંતાથી આપને વિશ્વાસ બંધાયો કે હવે બસ સૌ આપની સાથે છે! આપને વિરોધ-ઠપકાના અભાવે સંતોષ થાય છે કે આપે શેયર કરેલ વિચારોથી સૌ અવગત થયા, સંમત થયા અને આપની સાથે થયા. આપના આભાસી ભયથી ગભરાયેલ મનને સંતોષ થયો કે તેણે પોતાના આભાસી હુમલાની સામે સુરક્ષા માટે, જે 'એકતા' ની જરૂર હતી, તે સાધ્ય પ્રાપ્ત કરી લીધું છે. આપના આભાસી ભયથી પીડિત ચિત્તને સાંત્વના મળી. આપના મન પર, ચિત્ત પર ઘેરાયેલા કાળાં વાદળોને દૂર કરવાનો આપનો 'રચનાત્મક' પ્રયત્ન સફળ રહ્યો. અને આજ રીતે આપે જેને-તે લખાણો-પોસ્ટર્સ-વીડિયોઝ શેયર કર્યા, તે આગળ વધ્યા. 'આભાસી ડર-આભાસી એકતા-આભાસી ડર' ના આ ચક્કરમાં ન જાણે કેટલાયને ડૂબાડવાનો અને હિંસક વિચારોના સેવનના નશેડી બનાવવાના આ ચોકઠામાં સમેટવાનો આ કાર્યક્રમ સફળ થયો હશે! ન જાણે કેટલી વાર આપનામાથી ઘણાં બધા કોઈ હિંસક વિચારના સેવનને કારણે આચરાયેલા કર્મના નિમિત્ત બન્યા હશો! ક્યારેક કહેવાતા રાષ્ટ્રવાદના નામે, ધાર્મિક-સામાજિક સંવાદના નામે આપને આ ખતરનાક ચોકઠામાં બેસાડવાનું એક અનાયશ કદાચ પણ, એક ષડયંત્ર ચાલી રહ્યું છે એવો વિચાર જરૂર આવે.

આ સમગ્ર પ્રક્રિયાને એક વાર ફરીથી સમજવાની કોશિશ કરશોજી. આ પ્રક્રિયા ખૂબ ઝડપથી આપના મસ્તિષ્કમાં થતી હશે. થોડા થોભજો. હવે, એક ત્રીજી વ્યક્તિ તરીકે વિચારો. આપ આપના સાક્ષી તરીકે આ સમગ્ર પ્રક્રિયાને સમજવાની કોશિશ કરો! આપે શું કર્યું? આપે હિંસા, હિંસાને બઢાવો આપતાં, હિંસાની અમર્યાદિત ચર્ચા કરતાં, આભાસી ડરને જન્મ આપતાં કોઈ વિચારોને રોક્યાં કે પછી તેના પ્રચારમાં આપ સહભાગી બન્યા? આપે કોઈને આપના મોબાઈલ/લેપટોપ/કમ્પ્યુટરનો ઉપયોગ કરી ભય પીરસ્યો કે પ્રેમ? ચકાશો! જવાબ મળે એટલે લેખની શરૂઆતમાં જણાવેલ અણુવ્રતનું ધ્યાન કરો. કોઈ સિદ્ધએ આપેલ આ અણુવ્રતના વચનોના, આદેશના સંદર્ભમાં આ પ્રકારે થતાં કર્મનો ત્રણ ઘડી વિચાર કરી લેખ આગળ વાંચશો.

- **'અહિંસા' — જૈન ધર્મની પ્રથમ શપથ :**

જે રીતે આપણી પસંદગીની જગ્યાઓની આસપાસ ગંદકી-કચરો થતો હોય તો તેને રોકવું અને સાફ સફાઈ કરવી એ આપણી જવાબદારી છે' જેમ આપણી પ્રાણપ્રિય નદીઓમાં કચરો ગંદકી ન રેલાય અને તે અસ્વચ્છ થતી અટકે એ આપણી જવાબદારી છે, તેમ જ, તે જ રીતે, આપણા ચિત્તમાં આ હિંસક વિચારો સમો કુડો ન રેલાય તેની સંપૂર્ણ જવાબદારી આપણી છે. માત્ર જવાબદારી જ નહીં, પણ જો જૈન અણુવ્રતને આપ આપના જીવનમાં કંઈક સત્તા માનતા હો, તેને કોઈ અથોરીટી માનતા હો તો તે અણુવ્રત, મહાવીર સ્વામીના, જૈન શાસનના અણુવ્રત, આપને આદેશ આપે છે કે આપ કોઈ પણ પ્રકારે પોતાને, પોતાના મન-વચ-કાયાને હિંસાથી, હિંસક વિચારોથી બચાવો. 'અહિંસા' એ જૈન ધર્મની પ્રથમ શપથ છે. આપના સુધી હિંસક વિચારોને ન પહોંચવા દો; ન મોબાઈલ થકી કે ન લેપટોપ થકી! તેનો મતલબ એ નથી કે આપ સોશિયલ મીડિયાનો ઉપયોગ ત્યજી દો. એનો સદુપયોગ શરૂ કરીએ કે નહીં પણ તેનો દુરુપયોગ અટકાવવો એ આપને જૈન અણુવ્રતોનો આદેશ છે. તે આદેશને સમ્માન આપતાં, એ તમામ મિત્રો-સગા-સંબંધીઓને આ પ્રકારનાં હિંસક વિચારોના પ્રચાર કરતાંની સાથે જ કરુણાપૂર્વક અટકાવી શકાય. તેમના આ કર્મનો વિનમ્રતાપૂર્વક પણ દૃઢતાની પ્રતિતી સાથે વિરોધ કરી શકાય; તે આક્રોશ વ્યક્ત કરી શકાય. શેયર કરેલા એ લખાણો, વીડિયોઝને જોયા વિચાર્યા બાદ કરુણાપૂર્વકના ભાવ સાથે પણ અભયપણે ડિલીટ કરી શકાય, દૂર કરી શકાય. આવા વિચારો વિશે જો થોડું પણ તાત્કાલિક ચિંતન આપને કરવા યોગ્ય જણાતું હોય તો તે ચિંતનમાં 'કરુણા'ને પ્રાધાન્ય આપો. આવું પ્રાધાન્ય આપને તર્ક-સંગત અને પરિપક્વ ચિંતન તરફ દોરી જશે અને આપ આભાસી ડરથી હમેંશ દૂર રહી શકશો. ઘણી વાર એ લખાણો કે વીડિયોઝ જોયા વાંચ્યા બાદ આપને જો એમ લાગે કે આવું કંઈક મારી સાથે કે મારા સ્નેહીજન સાથે થશે તો શું કરશું? તો એવી પળે પોતાના ચિત્તને એ બાબતનો વિશ્વાસ અપાવવા ભરપુર પ્રયત્ન કરજો કે આપને આપના કર્મો પર અદ્‌ભુત વિશ્વાસ છે અને આથી જ કોઈ પણ અણબનાવ બનવા જોગ જ નથી. આ પ્રક્રિયાથી આપ પરિપક્વપણે ચેતી પણ જશો, આપ ભયભીત પણ નહીં થાઓ, આપના માનસ પર 'કોઈ' કોમ પક્ષ-વ્યક્તિ-વિચારધારા પ્રત્યે ઘ્રુણા પણ નહીં જન્મે અને આપ અભય પણ રહેશો. આ બધી પ્રક્રિયામાંથી પસાર થવા માટે એક ખૂબ જ મજબુત 'જૈન' માનસ જરૂરી છે. આપ હિંસાના અનાયાસ પ્રચારકમાંથી મટી અને જૈન અણુવ્રતને સમ્માન કરતા માનવી બનવાની તક જરૂર ઝડપી લેશો.

## ● ધાર્મિક પરિદર્શ કે દેશભક્તિના પરિદર્શથી?

આ પ્રક્રિયા વિશે ચર્ચા કર્યા બાદ તેનો આપ સૌથી તાત્કાલિક પણે યોગ્ય ઉપયોગ ક્યાં કરી શકો તેવી કોઈ જાહેર ચર્ચા વિશે અહીં વાત કરવા જેવી જણાય છે. જેમ લેખની શરૂઆતમાં જ આપને ખ્યાલ આપ્યો તેના સંદર્ભમાં, થોડાક સમયગાળાથી એ પણ જોવા મળ્યું છે કે કહેવાતા રાષ્ટ્રવાદમાં જૈનોની આગવી લાક્ષણિકતા ખોવાઈ રહી છે; ઠુંઠવાઈ રહી છે. કિંમતી જૈન અણુવ્રતોના અપમાન દર્શક વ્યવહાર આજકાલ એક ચલણ થઈ ચૂક્યું છે. સોશિયલ મીડિયા તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયા અને કેટલાક સમાચાર પત્રો થકી ઘણું બધું એવું આપને પીરસવામાં આવી રહ્યું છે કે આપ એ નક્કી નથી કરી શકતા કે પીરસવામાં આવેલ એ બાબતને આપ ધર્મના પરિદર્શથી જુઓ, ચકાસો કે પછી કહેવાતી દેશભક્તિના પરિદર્શથી? આપના માનસ પર એક દબાણ સર્જાય છે. રોજબરોજની ક્રિયાઓમાં વ્યસ્ત આપનું માનસ 'બહુ લાંબું ક્યાં હવે વિચારવું!' તેવી વૃત્તિથી લોભાઈ જઈ 'વહેતી ગંગામાં (હકીકતે તો તે ગંગા નહીં કોઈ ગંદો નાલો છે.) હાથ ધોઈ લઈએ!' તેવી વૃત્તિ અપનાવી પીરસાયેલ માલ-સામગ્રીને આગળ ધપાવો છો અને કહેવાતી દેશભક્તિના પરિદર્શથી જોઈને માનસને લોહીલુહાણ કરો છો. આવી સ્થિતિમાં આવ્યા, ઉતર્યા બાદ આપ જેમ પહેલા જણાવ્યું તેમ 'આભાસી ડર-આભાસી એકતા-આભાસી ડર' ના ચક્રમાં ગુંટાવા મંડો છો અને જૈનિક પરિદર્શને તો બસ વિસરી જ જાઓ છો. આ વાત સ્વિકારવામાં ખચકાટ થતો હોય તો બસ એક પ્રશ્નનો જવાબ શોધવાની કોશિશ કરી જુઓ; શું આપે આજ સુધી સોશિયલ મીડિયા પર મુકેલા લખાણ, વીડિયો, પિક્ચર્સને જૈનિક પરિદર્શથી ચકાસવાની, સમજવાની કોશિશ કરી? 'લાઈક' કે 'શેયર' કે 'ફોરવર્ડ' કરતાં પહેલા તેમાં કોઈ જૈનિક તત્ત્વની તપાસ કરી? તે સામગ્રી જોવાં, શેયર કરવાના 'કર્મ' ને જૈન શાસનના આદર્શોથી તોલવાની કોશિશ કરી? ખાસ કરીને એવી સામગ્રી જેમાં કોઈ નકારાત્મકતા હોય જેમ કે કોઈની અયોગ્ય ઠઠ્ઠા-મશ્કરી, કોઈનું અપમાન, કોઈ હિંસક વિચાર. કદાચ આ પ્રશ્નોની છણાવટ આપને અહીં કરેલી વાતો સમજવામાં વધુ સરળ અને સહજ બનાવશે.

સોશિયલ મીડિયા પર તો હવે મોટા ભાગે કોઈને "દેશભક્ત" અથવા "દેશદ્રોહી" કહેવાની ફેશન ચાલી રહી છે. આ પ્રકારે દરેક વ્યક્તિનું તેઓના એક-બે વિચારોને વાંચ્યા (માત્ર વાંચ્યા, સમાજવાનું તો ભાગ્યે જ!) અને અપૂર્ણ રીતે સમજ્યાની સાથે, વિના કોઈ સંવાદ સાધ્યે "દેશભક્ત" અથવા "દેશદ્રોહી" તરીકેનું ચિત્રણ ખૂબ જ મુર્ખતાભર્યું અને હકીકતે પાછળથી શરમાવે એવું છે! આ સંદર્ભમાં બે ઉદાહરણો ઉલ્લેખવા યોગ્ય છે. આ બાબત સમજવા ગત વર્ષે એક ખાસ રાજકીય પક્ષ અને કહેવાતા રાષ્ટ્રવાદી તથા પ્રાંતવાદી પક્ષ દ્વારા જૈન-ધર્મ-પર્વ-સમ્રાટ પર્યુષણના દિવસોમાં સ્થાનકોની બહાર મરઘીના માંસનો હાર લગાવવામાં આવ્યો. અન્ય પક્ષો દ્વારા કોઈ ખાસ વિરોધ અને યોગ્ય પગલાં લેવા માટે તાકીદ પણ સાંભરે તેમ નથી. આ કૃત્યને, એક કૃત્યને નજરઅંદાઝ કરશો અને વિચાશો તો આ પક્ષો, આ લોકો આપને ઉત્તમ રાષ્ટ્રવાદીઓ જણાશે. તેમના તથા તેમની જે રાજકીય વિચારધારા છે તેને સંગત કાર્યોનો આપણામાંથી કેટલાય લોકોએ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કે ત્યારબાદની સ્થાનીય ચૂંટણીઓમાં ભરપૂર પ્રચાર કર્યો હશે. વોટ્સએપ અને ફેસબુક, ટ્વિટર આ પ્રકારની પ્રચાર સામગ્રીથી ઉકરડાની માફક છલકાઈ રહી છે. દર વખતે કોઈ અન્ય એક ખાસ દેશના કહેવાતા ભારત વિરોધી કાર્યોની જાહેરમાં ઘોર ભક્ષના અને વિરોધ કરતાં આ લોકો; સિનેમા ગૃહોમાં સંસ્કૃતિ અને પૌરાણિક અસ્મિતા અને રાષ્ટ્રપ્રેમના નામે તોડફોડ, બજારબંધના કાર્યક્રમો વટભેર ચલાવતાં, આ લોકો કોણ છે? નાની નાની બાબતમાં રાષ્ટ્રભક્તિના નામે અતિ હિંસક વલણ દાખવનારા આ કોણ લોકો છે? આ લોકોને આપ ઓળખો છો? જાણે-અજાણે આપે આપના માધ્યમથી ઘણીવાર તેમનો પ્રચાર કર્યો હશે વિચારી જજો!

પ્રથમ નજરે લાગશે કે હા, હા દેશની બાબતમાં તો હિંસક થવું પડે (જે પણ જૈનિક પરિદર્શથી તો અયોગ્ય છે જ!), આ લોકો રાષ્ટ્રવાદી છે! પણ વિચારશો, પોતા સાથે ચર્ચા કરશો અને જાણશો કે આ જ લોકો એ જરાક બિનશાકાહારી ખાણીપીણીની બાબતોનું સમર્થન કરવાનું ચાલુ કર્યું તો તો આપ સ્તબ્ધ થઈ ગયા! આ જ હિંસક વલણ અપનાવેલી વાત તો હવે આપના દેરાંઓ અને સ્થાનક સુધી પહોંચી ગઈ! છે ઈચ્છા કે તાકત આ હિંસક વૃત્તિનો સામનો જૈન ધર્મની પરિધીમાં રહીને કરવાની? આપણાં આવા અજાણ્યા પોષણથી તો આ હિંસક વૃત્તિને જાહેર જીવનમાં સ્થાન માળ્યું છે! હા, આપના દ્વારા કોઈ પણ બાબત પર હિંસક વલણ ધરાવતા લોકો, તેમના કાર્યો વગેરેનો વિરોધ ન થયો, ક્યારેય ન થયો અને ઉલટું આપે તો મતો અને પ્રચારો કરી કરી, તે વૃત્તિ ધરાવતાં લોકો પર મહોર મારી કે, ના, આપ જે કંઈ જે રીતે કરો છો તે તો શ્રેષ્ઠ છે! બિનશાકાહારી ખાણીપીણીની બાબતોનું સમર્થન કરવાનું ચાલુ થયું તો આ જ આપણી વચ્ચેના લોકો આદત પ્રમાણે ગાળો ભાંડવા મંડ્યા. કેમ હવે તેઓ દેશ ભક્ત નથી? તેઓ હવે મત આપવા લાયક નથી! આ લોકો જ્યારે બીજી જાતિ ધર્મના લોકો પર પોતાના હિંસક વિચારોનો મારો ચલાવે છે ત્યારે ખુશી ખુશી તે વિરોધમાં ભાગ લેતા ઘણા જૈન બંધુ અને અન્યો મળે છે. જો ત્યારે જ એ બાબતનો, રાજકીય વિચારધારા-પ્રપંચનો વિરોધ કર્યો હોત તો કદાચ આ પ્રકારના પક્ષો એટલા મજબુત જ ન થયા હોત કે જાહેરમાં કોઈ જાતિ ધર્મનો આવો મુરઘી હારથી વિરોધ કરી શકે, મારી

નાખવાની કે દેશ બહાર કાઢી મુકવાની વાતો કરે! મુદ્દો સમજો. મુદ્દો એ છે કે કઈ બાબત પ્રત્યે 'હિંસક વલણ' અપનાવે છે એ મહત્ત્વનું નથી, પણ એ મહત્ત્વનું અને ધ્યાન આપવા જેવું છે કે કોઈ પણ, કોઈ એક પણ બાબતના સંદર્ભમાં 'હિંસક વલણ' અપનાવવામાં આવ્યું. બાબત તો ગૌણ છે, 'હિંસક વલણ' જ વિચાર માંગી લે તેમ છે.

બીજા કિસ્સામાં અભિનેતા શ્રી રીષી કપૂરને જે-તે સમયે બિનશાકાહારી ખાણીપીણીના સમર્થક તરીકે જોઈ ઘણાં બધાંએ તેમને સોશિયલ મીડિયા પર "દેશદ્રોહી" જાહેર કર્યા હતા. હાસ્યાસ્પદ છે. પણ હાલમાં જ એમણે એક કહેવાતા રાજકીય પરિવારના સભ્યોના નામો પર જાહેર જગ્યાઓના નામકરણ સામે વિરોધ દર્શાવ્યો તો તરત જ સોશિયલ મીડિયા દ્વારા તેમને "દેશભક્ત" ના ઇલ્કાબ થી સન્માનિત કરવામાં આવ્યા! હકીકતે આ હાસ્યાસ્પદ જાહેર જીવનના નમુનાઓનું કામ શરમાવે તેમ છે!

- **"સોશિયલ સોપારી" - લડાયક વ્યક્તિ-પક્ષ-સંગઠન અને 'ટાર્ગેટ'**

વાત એ નથી કે કોઈ વ્યક્તિના કોઈ વિચારો કેવા છે; આપણને ગમતા છે કે નથી? એ ગમતા હોઈ પણ શકે અને ન પણ. વાત એ છે કે ગમતાં વિચારોનું સમર્થન અને ન ગમતાં વિચારોનો વિરોધ આપણે કઈ રીતે કરીએ છીએ. આપણે ઉન્માદમાં આવીને કોઈ એક-બે વિચારોનું સમર્થન કંઈક એવી રીતે તો નથી કરતાંને કે એ સમર્થનના કારણે કોઈ વ્યક્તિ-પક્ષ-સંગઠનને એમ થાય કે એના બધાં વિચારો, હિંસક વિચારો સહિત, બધાં વિચારોને સમાજમાં ભરપૂર સ્વીકાર્યતા હાંસલ છે. એને એમ તો નથી થતું ને કે એ સર્વમાન્ય છે! એને એમ તો નથી જણાતું ને કે, એના જ વિચારો યોગ્ય છે! એ વ્યક્તિ-પક્ષ-સંગઠનને ધીમે ધીમે એમ તો નથી લાગતું ને કે, તેને હવે બીજા કોઈને સાંભળવાની જરૂર નથી, તે બસ તેના આ વિચારોથી ચાલીને બધું સર કરી લેશે! એ એમ તો નથી માની લેતીને કે, આવા વિચારોને મળતા સમર્થનથી એ કોઈ જાતિ કે ધર્મ વિશેષના માનવોને હાનિ પહોંચાડી શકશે! એને આ અદ્ભુત, નિર્વિરોધ સમર્થનથી ક્યાંય કોઈ ધર્મ જાતિ વિશેષના લોકો અને વિચારોને માટે 'લાઈસન્સ ટુ કિલ' મળી ગયું એમ તો નથી થતું ને! એક બાજુ કોઈ પ્રકારના "હિંસક" વિચારોને માન્યતા અને બીજી બાજુ આ જ સમાજ દ્વારા કોઈને દેશદ્રોહી જાહેર કરવાની ઉત્સુકતા! એક બાજુ કોઈને આપ તૈયાર કરી બેઠાં-એક લડાયક વ્યક્તિ-પક્ષ-સંગઠન-એક 'સુટર' તરીકે જેને આપે એક આભાસી 'લાઈસન્સ ટુ કીલ' આપ્યું, બીજી બાજુ વિરોધોના વંટોળમાં કોઈને દેશદ્રોહી જાહેર કરીને એ લડાયક વ્યક્તિ-પક્ષ-સંગઠનને એક 'ટારગેટ' આપી દીધું, એક લક્ષ્ય આપી દીધું! આને કહેવાય ખુલ્લેઆમ 'સોપારી' આપવી. આ સામાજિક સોપારી છે-સોશિયલ સોપારી. આ 'સોપારી'ની અસર પૂરી થઈ ગયા બાદ જ ખ્યાલ આવે. દેવાવાળાને પણ પછી ખબર પડે કે હા, હું પણ બધામાંથી એક હતો આ સોપારી દેવામાં. થોભીને વિચારજો કે સ્થાનકોની બહાર મરઘીના માંસના હારના કિસ્સામાં આપ જ એ 'ટારગેટ' બની ચૂક્યા છો, અજાણ્યે કદાચ!

- **વજાસ્ત્ર-છુપાયેલો ઉપાય-મહાવીરની વાત અને કંટકો :**

કોઈ વ્યક્તિને "દેશદ્રોહી" નું લેબલ લગાડવામાં આપણું માનસ ખુશ કેમ થાય છે? આવું માનસ શા માટે? આપણે સ્વાભાવિકપણે આપણને ન ગમતા વિચારોનો વિરોધ કરીએ. કોઈએ વિચાર રજૂ કર્યો જેમ કે બિનશાકાહારી ખાણીપીણીની બાબતોનું સમર્થન, કોઈએ વિચાર રજૂ કર્યો તે પણ હિંસક, વિચાર રજૂ કર્યાની રીત પણ હિંસક, વિચાર પણ હિંસક, તેનો પ્રતિરોધ પણ હિંસક અને પ્રતિરોધ કરનારનું માનસ પણ હિંસક; હિંસક વિચારોથી ભલેને ઘડી-બે ઘડી પણ ભીંજાય તો છે જ એ માનસ; એ વારંવાર હિંસક વિચારોના સેવનથી આપનું માનસ હિંસક વિચારો વચ્ચે ઉછરી રહ્યું છે! કોઈ ખાસ વ્યક્તિ, વ્યક્તિઓ, રાજકીય કે કહેવાતા સાંસ્કૃતિક સંગઠનો કદાચ આપના જૈન મૂલ્યોની સમજ નહીં રાખતું હોય પણ આપ તો જાણો છો; કોઈ પણ વિચાર હોય, ગમે તેટલો હિંસક હોય, તેનો સામનો કેમ કરવો તે શીખવાડવા માટે તો કદાચ કોઈ ચિત્રકારે "શ્રી મહાવીર સ્વામીના કાનમાં કંટકો ખોસતા એ વ્યક્તિ" ને દર્શાવતું દશ્ય આપણાં સમક્ષ પ્રસ્તુત કર્યું છે. આ દશ્યને યાદ કરો અને સમજો કે "જૈન સમાજ અને આ દેશ" માનવતાના પ્રખર સમાનાર્થી એવાં, અહિંસાનું ધ્યાન કરતાં મહાવીર સ્વામી છે અને 'કાનમાં કંટકો ખોસતા એ વ્યક્તિ' એ હિંસક વિચારોનું સેવન કરતાં, ફેલાવતાં રાજકીય પક્ષો કે કહેવાતા સાંસ્કૃતિક સંગઠનો છે. કોઈ કેટલીય કોશિશ કરે એ કંટકો ખુંચવવાની, ધ્યાન-ચિત્ત-મહાવીર-સમાજ તેનાથી પોતાની અહિંસા કેન્દ્રિત જીવન યાત્રાને ખલેલ ન પહોંચાડે. સોશિયલ મીડિયા તેમજ રોજબરોજના જીવનમાં જ્યારે આપ હિંસક વિચારો પ્રત્યે કંઈ પણ પ્રતિક્રિયા આપો છો ત્યારે આપ એ 'કાનમાં કંટકો ખોસતા વ્યક્તિ' ને જીતાડો છો અને ધ્યાન તુટવાને કારણે અહિંસાનું ધ્યાન કરતાં મહાવીર સ્વામીને કારમો પરાજય અપાવો છો! તે રોકીએ, મહાવીર ને હારતાં રોકીએ. જાહેર અને ખાનગી જીવનમાં ખાસ કરીને વિચારોના સમુદ્રમાં અહિંસાના ચિંતનને સાગરખેડુ બનવા દઈએ. હિંસક વિચારોનું સેવન કરતાં, ફેલાવતાં રાજકીય પક્ષો કે કહેવાતા સાંસ્કૃતિક સંગઠનોથી દૂર રહીએ.

'જે લોકોએ પોતાની જાત પર વિજય પ્રાપ્ત કરી છે તેમનું સમ્માન' (ટૂંકમાં) જય જિનેન્દ્ર અને અનુમોદના!

*વિજયનગર, ભુજ, કચ્છ.*
*મો. ૯૪૨૭૯૭૬૧૬૦*

રેખા ચિત્ર

# અનોખું કન્યાદાન

• લીલાધર ગડા •

પગદંડી નવેમ્બર ૨૦૧૧ ના અંકમાં 'પગમેં ભમરી' કોલમ હેઠળ 'આપણે નહીં કરીએ તો કોણ કરશે?' માં રાજબાઈનો કિસ્સો નોંધ્યો હતો. જેને વાચકો તરફથી અને વિશેષતઃ બહેનો તરફથી સુંદર પ્રતિસાદ મળ્યો. ગામ રાયધણજરના હેમલતા પદમશીના પ્રયત્નોથી આવી રાજબાઈઓની સારવાર માટે સારું એવું ફંડ જમા થયું જેનો સદુપયોગ કરવાની જવાબદારી અમારે શિરે છે. ડિસેમ્બર મહિના દરમિયાન યોજાયેલા મેઘા મેડિકલ કેમ્પની સ્ત્રીરોગ શિબિરમાં જુદી જુદી બે-ત્રણ વ્યાધિઓથી પીડાતી (Multiple Diseases) બહેનોની સારવાર શક્ય બની છે. જેમાં આ ફંડનો ઉપયોગ થયો છે. એમાંની વિશેષ ઘટનાઓ જરૂરથી 'પગમેં ભમરી'માં ઉલ્લેખ કરીશ.

મહિલા મંડળો અને બહેનોએ વરસાવેલા અભિનંદનો, પ્રત્યાઘાતો અને અનુદાનો માટે એમનો આભાર માનતા મારા પરિપત્રમાં મેં જણાવ્યું હતું કે મહિલાઓની શારીરિક વ્યાધિ સાથે આર્થિક અને પારિવારિક સમસ્યાઓ જોડાયેલી હોય છે. આપણો પ્રયત્ન રહેવો જોઈએ કે જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં એ સમસ્યાઓના નિરાકરણમાં સહાયભૂત થઈએ.

ફરી પાછી એ જ ભોજાયની સ્ત્રી રોગ શિબિર. અઢાર વર્ષની યુવતી સાથે અંદાજે ચાલીસ વર્ષની પ્રૌઢા આવી હતી જે એના ચહેરાના દેખાવ પરથી થોડીક મંદબુદ્ધિ જેવી લાગતી હતી. કેસ પેપર પર દર્દીનું નામ ફરીદા અલ્તાફહુસેન લખાયું, બહેનને માસિકની તકલીફ હતી. ફરીદા ડોક્ટર પાસે જવા આનાકાની કરતી હતી અને એની સાથે આવેલી એની દીકરી ફરીદાને ધીરજપૂર્વક સમજાવતી હતી. માંડમાંડ ફરીદાએ તપાસ કરાવી અને ડોક્ટરોએ ચોક્કસ નિદાન માટે સોનોગ્રાફીની ભલામણ કરી. ફરીદાની દીકરી સલમા અમને વિનંતી કરતી હતી કે સોનોગ્રાફી માટે અન્ય દર્દીઓ સાથે એની માને બેસાડવાને બદલે કાં તો સૌથી પહેલા અથવા સૌથી છેલ્લે એની સોનોગ્રાફી કરવી. ફરીદા મંદબુદ્ધિની હોવાથી એ દર્દીઓના સમૂહ વચ્ચે ગભરાઈ જશે અને ભાગી જશે. સ્વયંસેવકોએ સહકાર આપ્યો અને અન્ય દર્દીઓથી પહેલે નંબરે એની સોનોગ્રાફી કરાવી અને નિદાન થયું ગર્ભાશયની ગાંઠ Fibroid in uterus. દર્દીને ઓપરેશનની જરૂરત હતી અને તે અનુસાર બહુ સમજાવટથી એના લેબોરેટરી રિપોર્ટ તથા એક્સ-રે રિપોર્ટ અને ઈ.સી.જી. રિપોર્ટ તૈયાર થયા. દર્દીના ઈન્ડોર પેપર તૈયાર થયા અને એને ખાટલો આપવામાં આવ્યો. દર્દીનો ત્યાંથી અસહકાર શરૂ થયો. ફરીદા ખાટલા પર જવા તૈયાર નહીં. રોટરી સભ્યો, સ્વયંસેવકો, સલમા સૌ દર્દીને સમજાવવા લાગ્યા પણ દર્દીએ ઘરે જવાની હઠ લીધી અને જ્યારે સમજાવવાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા ત્યારે અમે સલમાને જણાવ્યું કે તે તેની માતાને અત્યારે ઘરે લઈ જાય અને આવતીકાલે સવારે ભૂખ્યા પેટે એને લઈ આવે અને એનું સૌથી પહેલું ઑપરેશન કરવામાં આવશે. સંસ્થાની ગાડી એમને એમના ગામે મૂકી આવી અને બીજા દિવસે રિક્ષા કરી સવારે ૯ વાગે સલમા અને ફરીદા પાછા આવ્યા.

દર્દી ફરીદાનો અસહકાર પ્રિ-ઓપરેટીવ રૂમથી શરૂ થઈ ગયો. માંડ માંડ તેને પૂર્વ તૈયારીઓ કરી ઑપરેશન થિયેટરમાં લઈ ગયા અને ત્યાં તેણે બૂમાબૂમ શરૂ કરી. હાથ-પગ પછાડવા માંડી અને ન છૂટકે ફરીદાને ઑપરેશન થિયેટરથી બહાર વગર ઑપરેશને લઈ આવ્યા. સલમા રડવા માંડી અને અમે એને આશ્વાસન આપ્યું કે આપણે એક બે દિવસ રાહ જોઈએ. કારણ કે હજી ત્રણ દિવસ સુધી ઑપરેશનો ચાલુ રહેશે. સલમાએ જવાબ આપ્યો કે એની માનું આ વલણ ત્રણ ચાર દિવસ સુધી ચાલુ રહેશે. અમે સાંત્વના આપી કે કશો વાંધો નહીં, દર્દીનું આવતા કેમ્પમાં ઑપરેશન કરીશું. જેના જવાબમાં સલમાએ નિસાસો નાખ્યો કે હવે એની માને અહીં કોણ લાવશે? અને અમારો પ્રત્યુત્તર સાંભળવા સલમા રોકાઈ નહીં અને એની માને લઈ શિબિર છોડી ચાલી ગઈ.

ત્રણ મહિના પછીની શિબિરમાં સલમા ફરીદાને લઈ આવી. સલમાનો ચહેરો સાવ વીલાઈ ગયો હતો. સ્વયંસેવકોએ આપેલા આવકારનો કોઈ પ્રત્યાઘાત એણે આપ્યો નહીં. એણે અમને જણાવ્યું કે બે દિવસની સમજાવટ પછી ફરીદા ઑપરેશન માટે તૈયાર થઈ છે અને હવે એ કોઈપણ ધમાલ અને ઘોંઘાટ નહીં કરે. સૌના આશ્ચર્ય વચ્ચે એવું જ થયું. ફરીદાએ પૂરો સહકાર આપ્યો અને એનું ઑપરેશન થઈ ગયું. ત્યાર પછી સાત દિવસ સુધી ફરીદા અને સલમા શિબિરમાં રોકાયા. સલમા એની માની સેવા ચાકરી કરતી હતી પણ સ્વયં આખો દિવસ સુનમુન રહેતી હતી. સાત દિવસ પછી ફરીદાના ટાંકા ખોલવામાં આવ્યા અને એમને રજા આપવામાં આવી. રજા વખતે સલમા મને મળી અને મેં એને કહ્યું કે 'સલમા, તેં તારી માની સરસ સેવા કરી છે. એક મહિના પછી ફરી તપાસ વખતે માની સાથે તું આવજે ખરી. તારી માં સંપૂર્ણપણે સાજી થઈ ગઈ હશે અને એના મનની સ્થિતિ પણ સારી થઈ જશે.' સલમાએ જવાબ આપવાને બદલે ડોકું હલાવ્યું. એક મહિના પછી એ ફરી તપાસ માટે આવ્યા ખરા ત્યારે હું હાજર ન હતો.

પારૂએ મને જણાવ્યું કે સલમા તમારી પૂછા કરતી હતી. દર્દીઓના ટોળામાં ફરીદા અને સલમા ખોવાઈ ગયા અને અમે એમને ભૂલી પણ ગયા.

આજથી છ મહિના પહેલા ફરીદાના ઑપરેશનના બે વર્ષ પછી સલમા ભોજાય આવી. એ એકલી આવી હતી અને એણે મને જણાવ્યું કે મને સમય હોય તો તે વાત કરવા માગે છે. મેં હા કહી.

સલમાએ વાત રજૂ કરતી વખતે સૌપ્રથમ જણાવ્યું, 'અધા, હું આપની પાસેથી કન્યાદાનની માગણી કરું છું અને એ શા માટે કરું છું તે માટે તમારે મારી કથા સાંભળવી પડશે. આપની પાસે સમય તો છે ને?' મેં ડોકું ધુણાવીને હા કહી અને સલમાએ પોતાની વાત રજૂ કરી.

મારી માતાનું લગ્ન ૧૪ વર્ષની ઉંમરે થયું અને દોઢ વર્ષમાં એ માતા બની. મારા પિતા છૂટક મજૂરી કરતા અને ઘરમાં દાદા-દાદી અને પોતાના પરિવારનું માંડ માંડ નભતું. મારી મા માવતરથી પૂરતી રકમ લાવી ન હતી એટલે એ થોડી અળખામણી પણ હતી. મારી માની પાંચ સુવાવડો થઈ. પહેલી કસુવાવડ થઈ. બાપને દારૂ પીવાની લત હતી. દારૂના નશામાં બાપે માને મારપીટ કરી ત્યારે બીજી વખત તે પેટ હતી અને તેને કારણે કસુવાવડ થઈ. ત્રીજી સુવાવડ વખતે દીકરી જન્મી અને તેને મારા બાપે મારી કાકીને ગોદ આપી અને ખરૂં કહું તો તેણે વેચી દીધી. ચોથું બાળક છોકરો હતો. બાપની દહેજની વારંવારની માંગણીથી મા કંટાળી ગઈ હતી. ઉપરાછાપરી પેટ રહેવાથી તે થોડી માનસિક રીતે અસ્થિર પણ થઈ ગઈ હતી. મારા મોસાળ પક્ષે માતાનું કોઈ સગું ન હતું. છેલ્લે છેલ્લે એ પેટ હતી ત્યારે બાપે એને ઘરમાંથી કાઢી મૂકી અને બાળકને પોતાની પાસે રાખી લીધું. દૂરના કોઈ સગાએ થોડો સમય આશરો આપ્યો અને ત્યાં મારો જન્મ થયો. દાદા-દાદીનું મૃત્યું થતાં બાપ દીકરાને લઈ ક્યાં નીકળી ગયો તેની કોઈ ખબર નથી અને હું જન્મી ત્યારે બાપ વિનાની હતી. જોતજોતામાં સોળ વર્ષ નીકળી ગયા. આટલી વાત કહી સલમા થોડી વાર થોભી. મેં એને પીવા માટે પાણી આપ્યું.

પાણી લઈ, થોડી વાર માટે ખોભરો કરી તેણે પોતાની વાત આગળ લંબાવી. "મા અને હું છૂટક મજૂરી કરી, ઘરકામ કરી, અમારૂં ગુજરાન ચલાવતા હતા. મારી માની મગજની અસ્થિરતા એ માસિકમાં આવે ત્યારે વધતી હતી. નહીં તો એ શાંતપણે ચૂપચાપ કામ કરતી હતી.

અમને આશરો આપનાર ભાઈ એક દિવસ મારા માટે માગું લઈ આવ્યા. મારી માને સમજાવી અને એણે હા કહી. કચવાતે મને મેં પણ હા કહી. માને છોડવા જીવ ચાલતો ન હતો અને બીજી તરફ મારૂં ઠેકાણું પડતું હતું અને મારા નિકાહ થઈ ગયા.

લગ્ન વખતે મારા ખાવિંદને મેં મારી હાલતની, પરિસ્થિતિની વાત કરી હતી. મારી માતા માટે વારંવાર મારે પીયર આવવું પડશે તે પણ જણાવ્યું હતું. તે માટે સાસરિયાઓએ હા પાડી. થોડા સમય માટે બરોબર ચાલ્યું. બે વર્ષ પછી મને પીયર જવા રજા મળતી ન હતી. મેં એમને ઘણી વખત સમજાવટ કરી. પણ ધાકધમકી આપી મને બેસાડી દેતા. ક્યારેક રજા પણ મળતી.

માને વાંગો થયો (વાંગો એટલે માસિકનું સતત રહેવું) ત્યારે એની તકલીફ વધવા લાગી. પાડોશીઓ મને સંદેશો મોકલતા અને હું સાસરે ઝઘડો કરી પીયર આવતી. પહેલી વખત ભોજાય કેમ્પ માટે માંડ માંડ રજા મળી. પણ ત્યારે માએ ઑપરેશન માટે સાથ આપ્યો નહીં. બીજી વખત કેમ્પ માટે પાડોશીઓની સમજાવટ પછી મા તૈયાર થઈ અને પાડોશીઓએ મને સમાચાર મોકલાવ્યા. મેં સાસરીએથી રજા માગી અને તેઓએ ઘસીને ના પાડી. હું હાથે પગે પડી અને વિનંતી કરી કે મને છેલ્લી વખત રજા આપો ત્યારે મારા પતિએ અપશબ્દોથી મને ભાંડી અને બોલ્યા તારી મા તો મરશે ત્યારે અમારો પીછો છૂટશે. એ શબ્દો મારાથી સહન ન થયા અને મેં એમની રજાની રાહ જોયા વગર જવાની તૈયારી કરી. મારી નજર સમક્ષ મારી માનો ચહેરો તરવરતો હતો. એની પીડા સહન થતી ન હતી. મેં ચંપલ પહેરી ત્યારે મારા પતિએ મારી તરફ જોઈ ત્રણ વખત તલાક તલાક શબ્દો કહ્યા. હું એમને પગે પડી. ઘૂંટણિયે પડી ત્યારે એમણે મને ધક્કો મારી બહાર કાઢી મુકી અને હું પીયરીએ પાછી આવી ત્યાર પછી ભોજાયમાં માનું ઑપરેશન થઈ ગયું અને એની તકલીફ બાર આના ઓછી થઈ ગઈ. માની તકલીફ-પીડા હળવી કરવા મારે મારા સંસારનો ભોગ આપવો પડ્યો. અધા, મને કહો મારી આમાં ક્યાં ભૂલ હતી. નવ મહિના પેટમાં સાચવી અને તકલીફો વચ્ચે એણે મને ઉછેરી, મોટી કરી અને એના માટે હું કશું કરી છૂટું એમાં મારા વરને વાંધો ક્યાં આવ્યો? એને કઈ તકલીફ પડી? અમારે દીકરીઓએ આ બધું સહન કરવું?'

બોલતાં બોલતાં સલમા ફરી અટકી ગઈ. પાણીનો ગ્લાસ પી એણે ફરી વાત આગળ ચલાવી. એ અસ્ખલિતપણે બોલતી જતી હતી. જાણે વર્ષો સુધી સંઘરેલી પીડા પૂર બનીને બહાર આવતી હતી.

"ઑપરેશને મારી મા પર જાદુ કર્યો. આજે બે વર્ષ એ વાતને થઈ ગયા છે. તબિયત સારી થઈ ગઈ છે. દોઢ માણસનું

**GIRISH ✆ 2567 5418 • MUKESH ✆ 2568 5279**

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

*Ramji Devshi Shah & Co.*
CUSTOM HOUSE AGENT

કામ કરી લે છે અને એ પોતે મને લગ્ન કરી લેવા કહે છે. અમારા બાજુના ગામમાં એક પરિવાર રહેવા આવ્યું છે. પરિવારમા મા, મોટો દીકરો અને એક નાનો છોકરો છે. એમણે મારા માટે માગુ મોકલ્યું છે.

મારે તમારી સલાહ લેવી છે કે હું આ માગા માટે હા કરું કે નહીં. મારી મા મને સતત આગ્રહ કરે છે.

ને હા, એક બીજી વાત, જેને માટે મારું માગુ આવ્યું છે એ વિધૂર છે. એની પત્ની એક બાળકને મૂકી મેલેરિયામાં ગુજરી ગઈ છે. આસપાસના સૌએ આ માગુ સ્વીકારી લેવાની સલાહ આપી છે. પરિવાર સારો છે. છોકરો સરકારી નોકરીમાં છે એટલે એને અવારનવાર બહાર રહેવું પડે છે.''

સલમાની આટલી લાંબી વાતો સાંભળ્યા પછી હું પ્રથમ વખત બોલ્યો 'તારી મા તારા વગર એકલી રહી શકશે?'

સલમાએ ડોકું ધૂણાવી જવાબ આપ્યો 'એટલે જ હું તમારી પાસે આવી છું એ ઘણી રીતે સ્વસ્થ છે અને પાડોશીઓએ પણ સામેવાળા પાસે બધી વાતની રજૂઆત કરી છે.'

મેં સલમાને જણાવ્યું કે, સંજોગો બધા સારા અને અનુકૂળ હોય તો તેણે લગ્ન કરી લેવા જોઈએ.

આઠ દિવસ પછી સલમા ફરી ભોજાય આવી. મારી પાસે પાંચ મિનિટનો સમય માગ્યો. સલમાએ મારી પાસે રજૂઆત કરી તેણે લગ્ન કરવાનું નક્કી કર્યું છે. અમારી પાસે લગ્નનો ખર્ચ કરવા માટે કંઈપણ નથી. સામેવાળાએ કહ્યું છે કે ખર્ચ તેઓ કરશે પરંતુ અધા, હું તમારી પાસે કન્યાદાનની માગણી કરૂં છું. મને બીજું કશું નથી જોઈતું. માત્ર નાકની એક સળી જેની કિંમત અંદાજે ૬૦૦ થી ૭૦૦ રૂપિયા થશે અને રૂપિયા ૮૦૦ ની કપડાની એક જોડ. ખુલ્લા મને રૂા. ૧૫૦૦/- ની કન્યાદાનની માગણી આપની પાસે મૂકું છું. નિકાહ ઘરમેળે જ થશે એટલે ખાસ કોઈની હાજરી નહીં હોય. મારા પક્ષે મારી મા સિવાય આપ છો અને બે પાડોશીઓ છે. આપ રૂબરૂ પધારી કન્યાદાન આપશો તો મારી ખુશીનો કોઈ પાર નહીં રહે.''

મેં હાજર રહેવાની મારી મજબૂરી જણાવી કારણ કે એ દિવસો દરમિયાન હું બિહાર રહેવાનો હતો. મેં એના હાથમાં રૂા. ૩૦૦૦/- મૂક્યા અને માથે હાથ મૂકી જણાવ્યું, 'સલમા, અલ્લાહ તારા ઉપર રહેમત ફરમાવે. તેં તારી મા માટે ફરજ અદા કરી છે તો પરવરદીગાર તારો સંસાર સુખી રાખી એનો નેક બદલો તને આપે.'

આ અનોખું કન્યાદાન મારી સ્મૃતિમાં સદાય સચવાઈ ગયું છે. ■

## દરિયાનું પાણી ખારું કેમ?

**(અનુસંધાન : પાના નં.-૭૪ ઉપરથી ચાલુ)**

થેલામાંથી થોડું મીઠું આપશો? રસોઈયો મીઠું લાવવાનું જ ભૂલી ગયો છે.

લીલા અને કેશવ શું બોલે? બંને એકમેકની સામે જોવા લાગ્યાં. પછી કેશવ ધીમેથી બોલ્યો : તમે જાઓ. હું ડોલ ભરીને મીઠું લઈને આવું છું. તેઓ પોતાની રૂમમાં ગયાં. પંખો કાઢ્યો. હલાવીને મીઠું કાઢવા વિનંતી કરી. જોતજોતામાં મીઠાના થેલે થેલા ચારે દિશામાંથી વહાણમાં પડવા લાગ્યા. લીલા અને કેશવ તો મૂંઝાઈ ગયાં. હવે આ મીઠું પડતું બંધ શી રીતે કરવું? તેમણે પંખો હલાવ્યો. બંધ કરો બંધ કરો, હવે નથી જોઈતું વગેરે જાતજાતના શબ્દો બોલ્યા, પરંતુ પંખો તો પોતાનું કામ કર્યે જ જતો હતો. જ્યાં સુધી 'બસ કરો' શબ્દો ન બોલાય ત્યાં સુધી પંખો પોતાનું જાદુ ચાલુ જ રાખવાનો હતો.

ધીમે ધીમે વહાણમાં મીઠાના થેલાઓનું વજન વધી ગયું. છેવટે આખું વહાણ લીલા-કેશવ સાથે દરિયામાં ડૂબી ગયું અને એ દિવસથી દરિયાનું પાણી ખારું થઈ ગયું. સાચું જ કહ્યું છે ને, કે લોભે લક્ષણ જાય.

***બોધ : સમજ્યા વગર કોઈ કામ કરવું નહીં.***

***(અનુવાદ : સોનલ મોદી)***

## ગઝલ

જિંદગીની દોડમાં તું ચાલવાનું ભૂલતો ના
માછલીની જેમ જળમાં, મ્હાલવાનું ભૂલતો ના.

જન્મ દીધો છે પ્રભુએ એટલો ઉપકાર માની
વાંસળીના સૂર જેવું, જીવવાનું ભૂલતો ના.

આભમાં ઊડ્યાં કરીને કેટલો વિસ્તાર કરશે
માનવી થૈ પગ ધરા પર, રાખવાનું ભૂલતો ના.

સાવ સૂકા તૃણ લઈને ચાંચથી માળો કરે છે
એ વિહગના જ્ઞાનને સ્વીકારવાનું ભૂલતો ના.

હાલતાં ને ચાલતાં તેં સત્યને નેવે મૂક્યું છે.
આખરે તો શ્વાસને છે હાંફવાનું ભૂલતો ના.

ક્યાં સુધી 'રશ્મિ' સજાવીશ જીર્ણ ઘર જે તૂટવાનું
રાત પડતાં જાત સાથે ઝૂઝવાનું ભૂલતો ના.

***– રશ્મિ શાહ***

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
**Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761**

બોધ કથા

# દરિયાનું પાણી ખારું કેમ?

• સુધા મૂર્તિ •

ઘણાં વર્ષો પહેલાં દરિયાનું પાણી ખારું ન હતું. લોકો પી શકે તેવું મીઠું હતું. દરિયાનું પાણી ખારું શા માટે થયું તેની આ વાત છે.

ધર્મપુર નામના ગામમાં કેશવ અને લીલા રહેતાં હતાં. કેશવનો નાનો ભાઈ શ્રીધર પણ કેશવ સાથે જ રહેતો હતો કેમકે તે અનાથ હતો. લીલાને શ્રીધર દીઠોય ગમતો ન હતો; તેથી તે તેને સતત નાનાં મોટાં કામ બતાવ્યાં કરતી. શ્રીધર પોતાની ભાભીના આ કચકચિયા સ્વભાવથી કંટાળી ગયો હતો.

એક દિવસ લીલાએ શ્રીધરને જંગલમાંથી લાકડું લઈ આવવાનું કહ્યું. શ્રીધરે ઘણું લાકડું ભેગું કર્યું પરંતુ કુહાડી તે જંગલમાં જ ભૂલી ગયો. એ ઘેર પહોંચ્યો ત્યારે રાત પડી ગઈ હતી. જ્યારે લીલાને ખબર પડી, કે કુહાડી તો પોતાનો દિયર જંગલમાં જ ભૂલીને આવ્યો છે. ત્યારે તે શ્રીધર પર ખૂબ ગુસ્સે થઈ. લીલાએ કહ્યું, તું હમણાં ને હમણાં જંગલમાં પાછો જા અને કુહાડી લઈ આવ. કુહાડી નહીં મળે તો ખાવાનું નહીં મળે.

રાતના સમયે જંગલમાં પાછા ફરતાં કોઈને પણ બીક લાગે જ. શ્રીધર નાનો હતો. તેને ખૂબ ભૂખ લાગી હતી. છતાંય ભાભીના હુકમથી તે જંગલ તરફ ચાલવા લાગ્યો. અંધારું એટલું બધું હતું કે કુહાડી તો મળી જ નહીં. કુહાડી શોધતો શોધતો તે જંગલમાં ખૂબ ઊંડે પહોંચી ગયો. ત્યાં તેણે એક ગુફા જોઈ. એકાએક વરસાદ પડવા લાગ્યો તેથી શ્રીધર એ ગુફામાં પેસી ગયો. ત્યાં તેણે પોતાની કુહાડી તથા બાળવાનું લાકડું જોયાં. તેને ખૂબ નવાઈ લાગી! મારી કુહાડી અહીં ક્યાંથી? ગુફામાં ચાલતો ચાલતો તે ઘણો અંદર ગયો તો શું જુએ છે! થોડા વહેંતિયાઓ સળગતાં લાકડાંની આસપાસ નૃત્ય કરતાં હતાં. એક ઘરડો વહેંતિયો શ્રીધરને જોઈ ગયો. તેણે શ્રીધરને કહ્યું, અમારી સાથે નૃત્ય કરવા આવ. આજે અમારો ઉત્સવ છે.

શ્રીધર ગભરાઈ ગયો હતો. તેણે જવાબ ન આપ્યો. આગ હોલવાઈ જવાની તૈયારી હતી. તેથી શ્રીધરે તેમાં થોડાં લાકડાં નાંખ્યાં. આગ વધારે પ્રજ્વલિત થઈ ગઈ. વહેંતિયાઓ તેની સેવાથી ખુશ થઈ ગયા. વૃદ્ધ વહેંતિયાએ આવીને શ્રીધરને કહ્યું, તું ખૂબ સારો માણસ છે. તેં અમને ઘણી મદદ કરી છે. અમે તને એક ભેટ આપવા માંગીએ છીએ. આ એક જાદુઈ પંખો છે. તું એને હલાવીને જે માંગીશ તે મેળવી શકીશ. જ્યારે તારે એ વસ્તુ ન જોઈતી હોય ત્યારે બસ કરો, બસ કરો એમ બોલજે. આટલું કહીને શ્રીધરને પંખો આપીને વહેંતિયાઓ જતા રહ્યા.

શ્રીધરને તો આખી વાત જ સ્વપ્ન જેવી લાગી. આવું ખરેખર બની શકે? પંખો જાદુઈ હોઈ શકે ખરો? તેને ખૂબ ભૂખ લાગી હતી. પંખો હલાવીને તેણે સારું ખાવાનું માગ્યું. ખરેખર લાડવા, દાળ, ભાત, વાલની થાળી આવી ગઈ! શ્રીધર ખાઈ શકે તેથી પણ વધારે ખાવાનું આવી ગયું, એટલે શ્રીધરે 'બસ કરો' કહ્યું. તરત જ ખાવાનું આવતું બંધ થયું. શ્રીધર ખુશ થઈ ગયો! હાશ! હવે ભાઈ-ભાભી પર આધાર નહીં રાખવો પડે! સૌથી પહેલાં તો તેમના ઘરમાંથી હંમેશ માટે નીકળી જવા ઈચ્છતો હતો. તેણે જાદુઈ પંખાને કહ્યું, પંખા, પંખા, મારા માટે દરિયાકિનારે એક નવું ઘર બનાવ. નવું ઘર બની ગયું. પછી તેણે પંખાની મદદથી ઘણાં ગરીબોને મદદ કરી અને પાંચમાં પુછાતો થયો.

કેશવ પાસે શ્રીધરની સમૃદ્ધિના સમાચાર પહોંચ્યા. કેશવ અને લીલાએ શ્રીધરને મળવા જવાનું નક્કી કર્યું. શ્રીધરના ઘરની બહાર તો મોટી લાઈન લાગેલી હતી. દરેકને કાંઈક જોઈતું હતું. શ્રીધર લગભગ બધાની ઈચ્છા પૂરી કરતો હતો. લીલા તો શ્રીધરની પ્રસિદ્ધિ જોઈને ઈર્ષાથી બળી જ ગઈ. શ્રીધરે જ્યારે પોતાનાં ભાઈ ભાભીને જોયાં ત્યારે જૂના દિવસો ભૂલીને તેણે ખૂબ જ પ્રેમથી તેમને ઘરમાં બોલાવ્યાં. કેશવ અને લીલા થોડા દિવસ શ્રીધરને ઘેર રહ્યાં. બંને ઈર્ષ્યાથી દાઝે બળી રહ્યાં હતાં. લીલાએ કેશવને કહ્યું, તમે શ્રીધરને પૂછો તો ખરા, કે થોડા દિવસમાં આટલા બધા રૂપિયા અને પ્રસિદ્ધિ એણે શી રીતે મેળવી છે?

શ્રીધરે પોતાના ભાઈને જાદુઈ પંખાની બધી જ વાત કરી. રાત્રે જ કેશવ અને લીલા શ્રીધરનો એ પંખો ચોરીને પલાયન થઈ ગયાં. લીલાએ વિચાર્યું, હું તો પંખાને કહીશ કે મને રાણી બનાવી દે. ભાગતાં ભાગતાં તે બંને દરિયાકિનારે પહોંચ્યાં. એક મોટું વહાણ ઊપડવાની તૈયારીમાં જ હતું. લીલાએ કેશવને કહ્યું, આપણે આ વહાણમાં બેસીને બીજા કોઈ દેશમાં જતાં રહીએ. ત્યાં આપણને કોઈ પકડી શકશે નહીં. વહાણ મુસાફરોથી ભરાઈ ગયું હતું. તેઓ સૌથી છેલ્લાં પ્રવાસીઓ હતાં. લીલા અને કેશવ વહાણમાં ચઢ્યાં કે તરત જ કપ્તાને પૂછ્યું, તમારા થેલામાં શું છે? તમે ક્યાંથી આવો છો?

લીલા હાજરજવાબી હતી. તેણે કહ્યું, મારા પતિ મીઠાના વેપારી છે. આ થેલામાં મીઠું છે. અમે અમારા ઘરાકોને મળવા જઈએ છીએ. વહાણ ઊપડ્યું. લીલા અને કેશવને શાંતિ થઈ. બીજે દિવસે સવારે વહાણનો રસોઈયો કપ્તાન પાસે આવ્યો. તેણે કહ્યું, હું રસોઈ માટે મીઠું લાવવાનું જ ભૂલી ગયો છું. કાલે આપણું વહાણ બીજે ગામ પહોંચે, ત્યાં સુધી મીઠા વગર જ ચલાવવું પડશે. કપ્તાનને લીલા-કેશવ યાદ આવ્યા. તેમણે કેશવને કહ્યું : તમારા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૩ ઉપર)**

# શાંતિથી જીવન જીવવાના ઉપાય

• પ્રભુલાલ એમ. સંઘવી •

## • વિરોધનો સામનો કરજો :

વિરોધનો સામનો કર્યા વગર ધ્યેય સિધ્ધિ શક્ય નથી. આવા વિરોધથી તમારા મનની શાંતિનો ભંગ થાય છે તે થવો ન જોઈએ. પણ જીવન સંગ્રામ વીરતાથી લડી લેવા માટે તમારે તમારી ઇચ્છા શક્તિને મજબૂત બનાવવી જોઈએ. આ ત્યારે શક્ય બને કે જ્યારે તમે 'જીવનમાં મુસીબતો તો આવવાની જ. મુસીબતો માનવ જીવનનું એક અનિવાર્ય અંગ જ છે. એ તો એક કામચલાઉ દૂષણ છે.' — આ નિયમ સમજો અને સ્વીકારો.

## • કદી ચિંતા કરશો નહીં :

કદી દિલગીર ના થાવ. તમારા ભૂતકાળના અનુભવોમાંથી બોધપાઠ ગ્રહણ કરો. આ બોધપાઠ વારંવાર યાદ કરો. આ બોધપાઠમાંથી તમારા ભવિષ્યના કાર્યો માટે માર્ગદર્શન મેળવો પણ ભૂતકાળના અનુભવો પર આંસુ ના સારશો. દિલગીર ન થશો. જો મેં આમ કર્યું હોત તો આમ થાત. માત્ર આમ જ વર્ત્યો હોત તો...? — આવા બધા વિચારો અર્થહીન છે. એ વ્યર્થ છે. સમય અને શક્તિનો દુર્વ્યય છે કારણકે ચિંતા, શક્તિને હણી નાખે છે. તેનાથી વિશેષ કાંઈ કરતી નથી. આમ બનવાનું હતું અને બન્યું. બીજી કોઈ રીતે એ બનવાનું જ ન હતું અને તેથી ના બન્યું. આ દુનિયામાં ઝીણામાં ઝીણી વસ્તુની હિલચાલથી માંડીને મોટામાં મોટી ઉથલપાથલો પણ ભૂતકાળમાં બનેલી ઘટના વર્તમાનમાં બનતી ઘટના કે ભવિષ્યમાં બનનાર ઘટના વગેરેના કારણ અને પરિણામ અમુક ચોક્કસ રીતે જ સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન એવા ઈશ્વરની ઈચ્છાથી નિશ્ચિત થયેલા જ હોય છે. જે બનવાનું છે, તે બને છે. ઈશ્વરની ઈચ્છાનો માર્ગ પલટાવાની શક્તિ કોઈ પણ માનવીમાં નથી. ઈશ્વરેચ્છા સર્વોપરી — આ સનાતન સત્ય છે. એમાં કોઇ મિનમેખ કરી શકે એમ નથી. બનાવોની ઘટનાઓની અનિવાર્યતા પર ચિંતા કરવી, આંસુ સારવા અને મનની શાંતિમાં ખલેલ પહોંચાડવી નરી કાયરતાનું પ્રદર્શન છે. દરેક ઘટનામાં ઈશ્વરની ઈચ્છા કેવી રીતે કામ કરી રહી છે તે નિરખવામાં તેમજ તમારી અને વિશ્વની શાંતિનો ભંગ ન થવા દેવામાં જ ડહાપણ રહેલું છે.

## • નિઃસ્વાર્થ સેવા કરો :

શું તમે તદ્દન સ્વાર્થી છો? કે કોઈવાર તમે બીજાઓના પણ વિચાર કરો છો? સ્વાર્થી માણસને કદી શાંતિ હોતી નથી. ઉલટાનું જો તમે નિસ્વાર્થી હો તો તમે બીજાની સેવા કોઈ પણ જાતના બદલાની આશા રાખ્યા વગર કરતા હો તો તમને ઘણી જ શાંતિનો અનુભવ થશે.

નિષ્કામ સેવા શુધ્ધ આનંદની જનની છે. બીજાને સુખી કરી તેમનું સુખ જોઈને તમને આનંદ થશે. આ એક એવો ખુલ્લો માર્ગ છે કે જેનો દરેક માનવી અનુભવ કરી શકે છે.

કોઈપણ જાતના બદલા કે કદરની અપેક્ષા રાખ્યા વગર બીજાની નાની કે મોટી સેવા જે કાંઈ મળી આવે તે કરો. પણ સેવા ખાતર જ સેવા કરો. જ્યારે જ્યારે તક મળે ત્યારે ત્યારે સેવા કરો. પ્રત્યેક અવસરે સેવા કરો.

જીવનમાં જે મનુષ્ય માનસિક શાંતિ ઝંખે છે તેણે દરેક તબક્કે સારા નરસાનો વિવેક કરતાં શીખવું જોઈએ. શું સાચું છે, શું ખોટું છે, શું શક્ય છે, શું અશક્ય છે? અમુક ખાસ પરિસ્થિતિમાં ડાહ્યા અને સમજદાર માણસોએ કયો માર્ગ બતાવ્યો છે? ધર્મશાસ્ત્રોએ શો રસ્તો સૂચવ્યો છે? તમારું અંતઃકરણ શું કહે છે? આવી પરિસ્થિતિમાં મહાન આત્માઓ કેવી રીતે વર્ત્યા છે? વગેરેનો વિચાર કરવો જોઈએ. અને છેલ્લે, ઉપરની વાતો વિચારીને માનસિક શાંતિ મેળવવી જોઈએ.

*૧૦૦૩, અલકનંદા નીલકંઠવેલી,*
*રાજાવાડી, ઘાટકોપર (ઇસ્ટ),*
*મુંબઈ-૪૦૦ ૦૭૭.*
*મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬*

---

# લઘુ કથા : અંકુરો

*— નટવર આહલપરા*

રાત્રિના બાર વાગ્યે દંપતીઓમાં સ્ટાઈલિસ્ટ વાતો : 'આવતી કાલે નિરાંતે ઊંઘવું છે. ઊઠશું સવારે દસ વાગ્યે,' 'બપોરના ઊંધિયું-પુરી અને સ્વીટનો કાર્યક્રમ રાખીએ તો કેમ?. 'નો...નો...ચાઈનીઝનું આયોજન કરીએ,' 'મોટેલમાં જવું છે?', 'સ્કૂટર્સ, બાઈક, કાર છે જ. સવારથી ક્યાંક દૂર નીકળી જઈએ.'

રીહર્સલ પૂરું. બાળકો બાજુના ઓરડામાંથી બહાર.

'સાંભળો...સાંભળો...મોમ-ડેડ : આવતી કાલે અમે સ્પીચ આપવાનાં છીએ તે સાંભળો : 'આપણો દેશ મહાન છે. અહીં કેટલા બધા સંપ્રદાયના લોકો શાંતિથી રહે છે. ભારત વિશ્વમાં પ્રેમની મિસાલ છે. સૌને સમાન તક અને સમાન હક્ક. ગંગા આપણી માતા ને પિતા હિમાલય. માતૃભૂમિને વંદન. અમે અંકુરો દેશની આવતીકાલનાં વટવૃક્ષો. અમારું અને પર્યાવરણનું રક્ષણ કરો.'

'વહાલાં મોમ, ડેડ, તમારે અમને સાંભળવા-અમારા શોને જોવા અમારી સ્કૂલમાં આવવાનું છે!''

દંપતીઓના ચહેરા ઉપર ગ્લાનિ છવાઈ ગઈ. ■

ચિંતન

# ઘાડવાના ઘી જેવી સુગંધીદાર મૈત્રી

• ગુણવંત શાહ •

માણસનાં કપડાં ફાટી જાય ત્યારે પણ એના ખિસ્સામાં થોડાંક આશ્વાસન પડેલાં હોય છે. ખાવાનાં ફાંફાં હોય ત્યારે પણ આવાં આશ્વાસનને આધારે માણસ જીવી જાય છે. બદનસીબ બાપનું સૌથી મોટું આશ્વાસન એની દીકરી હોય છે. ધૂમકેતુની અમર વાર્તા ‘પોસ્ટ ઑફિસ’નો કોચમેન અલી ડોસો વહાલી દીકરી મરિયમના પત્રની પ્રતીક્ષામાં આયખું પૂરુ કરે છે. પ્રતીક્ષા પવિત્ર છે.

આગ્રાના કિલ્લામાં કેદ થયેલો શાહજહાં દૂરથી પોતાના પ્યારા તાજમહેલને જોતો રહે છે. બાદશાહને કેદમાં પૂરનાર કોઈ દુશ્મન નહોતો, પરંતુ એનો સગો દીકરો ઔરંગઝેબ હતો. ઔરંગઝેબ કટ્ટરપંથી મુસલમાન હતો. એણે મોટા ભાઈ દારાની કતલ કરીને બાપને જેલમાં પૂર્યો હતો. આવાં દુષ્કૃત્ય કરવામાં ઈસ્લામ ક્યાં આવ્યો? કોઈ પણ ધર્મ જ્યારે કટ્ટરતાને પનારે પડે ત્યારે દુનિયાને ઔરંગઝેબ મળે છે. કેદમાં પુરાયેલા શાહજહાંનું સૌથી મોટું આશ્વાસન એટલે એની વહાલસોયી દીકરી જહાંઆરા.

વર્ષો પહેલાં એક મુસલમાન વાચક મને મળવા આવ્યો અને ઔરંગઝેબનાં ખૂબ વખાણ કરવા લાગ્યો. ઔરંગઝેબનો જન્મ પંચમહાલમાં (દાહોદ ખાતે) થયો હતો એથી એને નાછૂટકે ગુજરાતી કહેવાનું શક્ય છે. એ ભાઈને મેં કહ્યું : ‘તમે કેવળ મુસલમાન હોવાને કારણે ઔરંગઝેબની ઈસ્લામનિષ્ઠાની પ્રશંસા કરો છો. પરંતુ એના સમયમાં તમારા કોઈ પ્રપિતામહનું નામ રામગોપાલ હોય એ અશક્ય ખરું? વડોદરાના મુસ્લિમ કર્મશીલ ડૉ. બંદૂકવાલાએ મને કહ્યું હતું કે પોતાના પૂર્વજો મૂળ કપડવંજના ત્રિવેદી હતા... મળવા આવેલા મિત્ર આગળ કશું બોલી ન શક્યા. કોઈ હિંદુ ગોડસેની પ્રશંસા કરી શકે? કરનારા છે.

શાહજહાંનું સંગેમરમરિયું આશ્વાસન દૂર દેખાતો તાજમહેલ હોય તોય એનું દર્દ ખૂટે ખરું? એ દર્દ છેક નાનપણમાં જોયેલી ફિલ્મ શાહજહાંમાં સાંભળેલી પંક્તિમાં આબાદ પ્રગટ થયું :

*અબ જી કે ક્યા કરેંગે,*
*જબ દિલ હી તૂટ ગયા..*

જો આગ્રાના કિલ્લામાં દીકરી જહાંઆરા એની સાથે ન હોત તો ભગ્નહૃદયના પિતાનું શું થાત? વારાણસીમાં તીર્થસ્થાન ગણાતા કાશીવિશ્વનાથના મંદિરની લગોલગ ઊભેલી મસ્જિદ ઔરંગઝેબની ઈસ્લામી કટ્ટરતાના અભવ્ય સ્મારક જેવી છે. એ મસ્જિદનું નામ જ્ઞાનવાપી છે. શું જ્ઞાનવ્યાપી પરથી જ્ઞાનવાપી થયું હશે? હિંદીમાં વાપી એટલે વાવ. કોઈ મસ્જિદનું નામ જ્ઞાન શબ્દ સાથે જોડાયું હશે ખરું? જાણી રાખવા જેવું છે કે ઔરંગઝેબનાં દુષ્કૃત્ય સાથે જોડાયેલી એ મસ્જિદની પાછળ એક દેવીની મૂર્તિ છે, જેનું નામ શૃંગારગૌરી છે.

સ્વાર્થ હોય ત્યાં ભાઈ નથી ભાઈ હોતો અને પિતા નથી પિતા હોતો. માણસના જીવનમાં ઘોર નિરાશાના આવા તબક્કા આવે છે. જેમને પોતીકા ગણ્યા હોય એ રાતોરાત પારકા બની જાય છે. ક્યારેક એવું પણ બને છે, જ્યારે કોઈ પ્રિયજન કે સ્વજન દૂર દેશાવર ચાલી જાય છે. લાગણી ઓછી નથી હોતી તોય લોંગ ડિસ્ટન્સ કોલથી સંતોષ માનવો પડે છે.

ખરી મૈત્રીની સુગંધ ઘાડવાના ઘી જેવી હોય છે. નવી પેઢીને એ સુગંધનો પરિચય નથી. સહવાસ મટી જાય છે અને કેવળ સુવાસ રહી જાય છે. બળી ગયેલી ધૂપસળીની વેરાયેલી રાખમાંથી આવતી સુગંધ પણ મૂલ્યવાન છે. એવી સુવાસ પર આખી જિંદગી ખેંચી કાઢવાનું મુશ્કેલ હોય તોય માણસને આશ્વાસન મદદરૂપ થાય છે. દગો જ્યારે પોતીકા માણસ તરફથી થાય ત્યારે દુઃખની માત્રા ખૂબજ વધી જાય છે.

માણસ બધી રીતે ભાંગી પડે ત્યારે એને સલાહ કે સમીક્ષાની જરૂર નથી હોતી. એને તો કેવળ નિર્વ્યાજ સમભાવની જ જરૂર હોય છે. બધી બાજુથી ઘેરાયેલા માણસને સાચા મિત્ર તરફથી એક જ વાક્ય સાંભળવાનું ગમે છે : ગમે એવી સ્થિતિમાં હું તારી સાથે જ છું. ખરે ટાણે આવું એક વાક્ય ન બોલી શકે એવા મિત્રને મિત્ર ગણવાની જરૂર ખરી? જેનું દુઃખ આખું ને આખું આપણું જ દુઃખ બની રહે એવો એક પણ મિત્ર જેને મળ્યો ન હોય એ આગ્રાના કિલ્લામાં પુરાયેલો શાહજહાં ગણાય. ક્યારેય માણસની મજબૂરીનો મહેલ ભવ્ય હોય છે અને મહેલના અતિ ભવ્ય સિંહદ્વાર પર કોઈ વાંચી ન શકે એવો એક શબ્દ કોતરાયેલો હોય છે : ઈજ્જત. ક્યારેક આશ્વાસન આપવા આવેલો માણસ પોતાના અહંકારની તૃપ્તિ માટે દુઃખી મિત્રને મળવા જતો હોય છે. આશ્વાસન પોલું હોય ત્યારે બહુ વાચાળ હોય છે.

દગો પામનાર મનુષ્યનો નિસાસો દગો દેનાર દુષ્ટને લાગે ખરો? તર્કની સીમ વટાવીને કહેવું છે કે નિર્દોષ માણસનો ઊનો ઊનો નિસાસો કદી ખાલી નથી જતો.

આમીન. ■

# દર્પનો પરિત્યાગ કરો

• ડૉ. ચંદ્રકાંત મહેતા •

કુદરતનો નિયમ છે : કશુંક પ્રાપ્ત કરવું હોય તો કશુંક ખોવું પડે. પરંતુ પ્રાપ્તિ - પિપાસાથી પીડિત આજનો માણસ કશુંક સઘળું મેળવવા ઉત્સુક છે, પણ તેનું મૂલ્ય ચૂકવવા માટે યથાયોગ્ય પરિત્યાગ કરવા તત્પર નથી! અને કુદરતના શબ્દકોશમાં નેકીને સ્થાન છે, બદ્દાનતને નહીં.

વ્રજભૂમિમાં, એક વાર સનાતન ગોસ્વામીજી પાસે એક બ્રાહ્મણ જઈ ચડ્યો. એણે સનાતન ગોસ્વામીજીને જણાવ્યું કે સ્વપ્નમાં મહાદેવ શંકરે તેને આદેશ આપ્યો છે કે જે પારસમણિ પ્રાપ્ત કરવા માટે તું વર્ષોથી પ્રયત્ન કરતો રહ્યો છે, એ પારસમણિ વ્રજનિવાસી સનાતન ગોસ્વામીજી પાસે છે. એટલે હું આપની પાસે આવ્યો છું.

સનાતન ગોસ્વામીજીએ આગંતુક બ્રાહ્મણનું આદરપૂર્વક સ્વાગત કરતાં કહ્યું : 'બંધુ, તારી વાત સાચી છે. એક વાર જંગલમાંથી પસાર થતાં મને પારસમણિ મળી ગયો. એટલે મેં તેને મારા પ્રાંગણ નજીકની જમીનમાં દાટી દીધો... હું સ્નાનાદિથી હમણાં જ પરવાર્યો છું, એટલે જો માટી ખોદીને તને પારસમણિ આપવાનો પ્રયત્ન કરું તો મારે ફરીથી સ્નાન કરવું પડે. એટલે તું જાતે જ પેલી માટી ખોતરીને પારસમણિ બહાર કાઢી લે.'

પેલા આગંતુક બ્રાહ્મણે માટી ખોતરીને જોયું તો પારસમણિ નજરે પડ્યો... પ્રતીતિ ન થઈ એટલે લોખંડનો ટુકડો તેને અડકાડી જોયો... લોખંડનો ટુકડો સુવર્ણમાં પરિવર્તિત થઈ ગયો... તેના આનંદની સીમા ન રહી. એણે સનાતન ગોસ્વામીજીને વંદન કરીને કહ્યું : 'આપનો અત્યંત આભાર. મને પારસમણિ તો મળ્યો, પરંતુ એક પ્રશ્ન મનને મૂંઝવ્યા કરે છે. જે પારસમણિ માટે મેં આટલાં વર્ષો સુધી અથાગ પરિશ્રમ કર્યો, તપ કર્યું, એ પારસમણિ આપની પાસે હોવા છતાં આપે એને માટીમાં શા માટે દાટી રાખ્યો... શા માટે એને સ્પર્શ સુધ્ધાંય કર્યો નહીં?... એનો અર્થ એ થયો કે આપની પાસે પારસમણિ કરતાં પણ મહામૂલ્યવાન કોઈક વસ્તુ છે! કૃપા કરીને કહેશો કે એ વસ્તુ કઈ?'

'જોઈએ છે તારે એ વસ્તુ?...તો ફેંકી દે આ પારસમણિને યમુનાના નીરમાં.'

પેલા બ્રાહ્મણે પારસમણિને યમુનામાં પધરાવી દીધો, એટલે સનાતન ગોસ્વામીજીએ કહ્યું : 'તો સાંભળ પારસમણિથીયે મોંઘી વસ્તુ છે, ઈશ્વરનું નામ સ્મરણ, પ્રભુભક્તિ, કૃષ્ણકીર્તન.'

સાધ્ય જેટલું મહાન, સમર્પણ પણ તેટલું જ અઘરું કરવું પડે. જીવન ભલે નશ્વર હોય, દેહ ભલે ક્ષણભંગુર હોય, પણ જેઓ આત્મોત્કર્ષ કરવા ઇચ્છે છે, એ પ્રભુસ્મરણ દ્વારા આ જમાનામાં જ અનુભવ કરી શકે છે. દિવ્યાનુભૂતિ માટે દર્પનો ત્યાગ કરવો પડે. ■

## વિશ્વનું સૌથી મોંઘું ડિનર : બે વ્યક્તિનું બીલ રૂા. ૧૪ કરોડ...!

જેમની પાસે અઢળક રૂપિયા હોય અને ક્યાંય વાપરવાનું ઠેકાણું ન હોય એવા ધનપતિઓ માટે સિંગાપોરમાં એક ડિનરની શરૂઆત થઈ છે. સિંગાપોરની સે-લા-વી સ્કાયબાર નામની રેસ્ટોરાએ જગતનું સૌથી મોંઘુ ડિનર શરૂ કર્યું છે. આ ડિનરની અંદાજે ૧૪ કરોડ રૂપિયા છે. આ ડિનરમાં જોકે ભોજન લઇને ઊભા નથી થઈ જવાનું. ડિનર સાથે અઢળક સુવિધાઓ પણ મળે છે.

બે વ્યક્તિઓ માટેના આ ડિનરમાં પહેલાં તો અત્યંત મોંઘી કહી શકાય એવી બ્લ્યુ ડાયમંડની વીંટી ગીફ્ટમાં આપવામાં આવશે. આ રિંગ સામાન્ય રીતે ૨ કેરેટની હશે. ભોજનની જગ્યા દસ હજાર તાજા ગુલાબોથી મહેકતી હશે.

સામાન્ય રીતે મોંઘી હોટલમાં થ્રી કોર્સ (સ્ટાર્ટર - મેઇન - ડેઝર્ટ) હોય છે. અહીંનું ભોજન ૧૮ કોર્સમાં છે. અહીં જમવા માટે પણ કલાકોનો સમય જોઈશે. સાથે ૪૪ વર્ષ અને ૫૫ વર્ષ જૂના વાઇન હશે. આઠ કલાક ચાલનારા જમણવારની શરૂઆત હેલિકોપ્ટર રાઇડથી થશે. એ પછી રોલ્સ રોયસમાં બેસાડીને પ્રાઇવેટ ક્રૂઝ શિપ તરફ લઇ જવાશે. શિપમાં દરિયાઇ સફર કરાવાશે. એ પછી સિંગાપોરની મરીના બે સેન્ડ હોટલની ટોચે આવેલી રેસ્ટોરાં સુધી લઈ જવાશે. જ્યાંથી આખું સિંગાપોર જોઈ શકાય છે.

ભોજનમા વળી દુનિયાની ઉત્તમોત્તમ વાનગીઓ હશે. એ માટેની સામગ્રી પણ જે તે દેશમાંથી તાજી જ મંગાવેલી હશે. જમવા માટેની ચમચીઓ અને અન્ય સામગ્રી હીરાજડિત હશે. જો જમણવાર પહેલાં કે પછી આરામ કરવો હશે તો આલીશાન ઓરડો પણ ફાળવી દેવાશે. ગ્રાહકોની ઇચ્છા પ્રમાણે અગાસી પર બનેલી છત નીચે અથવા તો ખુલ્લી જગ્યામાં ભોજન લઈ શકાશે. ■

# સૌ સાથે સૌનો વિકાસ

• ફાધર વર્ગીસ પોલ •

દર ચાર વર્ષે 'સ્પેશિયલ ઑલિમ્પિક્સ' નામે પોતપોતાની રીતે અશક્તિમાન (અપંગ) લોકોનો રમતોત્સવ ઉજવાય છે. એક વક્તાએ એવા એક 'સ્પેશિયલ ઑલિમ્પિક્સ' ની વાત કરી છે. મેં છેલ્લે વાંચેલું પુસ્તક "જિસસ, સીઈઓ" (ઈસુ, મુખ્ય કાર્યવાહક પદાધિકારી) નામના પુસ્તકમાં લેખિકા લાઉરી બેથ જોન્સે એ વાત નોંધી છે.

એક યુવાન માણસે 'સ્પેશિયલ ઑલિમ્પિક્સ' ની ૧૦૦ મીટર દોડમાં ભાગ લેવા માટે લાંબી તૈયારી કરી હતી. પણ રમતોત્સવમાં ૧૦૦ મીટર દોડનો સમય આવ્યો અને ઘંટડી વાગી ત્યારે યુવાન બધા દોડવીરો સાથે ઊછળ્યો. પણ દોડના ઉત્સાહ અને આવેશમાં યુવાનના પગ એનો સાથ આપવાને બદલે જુદી જુદી દિશામાં જતા હતા અને દોડની શરૂઆતમાં જ એ ઢળી પડ્યો. બીજા બધા દોડવીરો એ યુવાનની જેમ જ દોડમાં જીતવાના ઉત્સાહ અને આવેશમાં હતા. પણ ઢળી પડેલા સાથીદારને દોડના માર્ગ પર છોડીને આગળ વધવાને બદલે બધા દોડવીરોએ પાછા ફરીને ઢળી પડેલા યુવાનને ઊભો કર્યો અને બધાએ સાથે હાથેહાથ મિલાવીને દોડ પૂરી કરી. રમતના મેદાનના બધા પ્રેક્ષકોએ ઊભા થઈને 'સ્પેશિયલ ઑલિમ્પિક્સ' ના બધા દોડવીરોને ઉમળકાથી વધાવ્યા.

અહીં દોડની સ્પર્ધામાં એક અપંગ યુવાનના ઢળી પડવાથી એને પોતાના ફાયદામાં ગણવાને બદલે બીજા દોડવીરો એને સાથે ઊંચકી લઈને દોડ પૂરી કર્યાની વાત છે. (અપંગ) માણસોની આ સમાનતાની ભાવના હું ગુજરાતી લેખક મંડળમાં ખાસ જોઉં છું. નાનામોટા બધા લેખકોને કોઈ ભેદભાવ વિના સાથે લઈને આગળ વધવાની ગુજરાતી લેખક મંડળની ભાવનાને હું બિરદાવું છું.

ગુજરાતી લેખક મંડળમાં લેખનક્ષેત્રે નાનીમોટી સિદ્ધિઓ મેળવનાર સભ્યો માટે આદરમાન છે. પરંતુ હું જોઉં છું કે, એક યા બીજી સિદ્ધિ મેળવનાર વ્યક્તિની જ વાહવાહ કરવાને બદલે બધાને સાથે લઈને આગળ વધવાનો ગુજરાતી લેખક મંડળનો પ્રયાસ છે. આપણા આ સિદ્ધાંત અને વલણની કદરરૂપે મારે આપણી ગુજરાતી ભાષા તથા આપણા સ્વતંત્ર સર્જનને વધુ સત્ત્વશીલ અને સમર્થ બનાવવા તરફ આંગળી ચીંધવાનો અહીં પ્રયત્ન કરવો છે.

એક શુક્રવારીય બેઠકમાં એક સભ્યે મોકલેલો પત્ર વાંચવામાં આવ્યો. પત્રલેખકે "લેખક અને લેખન" માં આવેલા લખાણના પ્રતિભાવરૂપે પત્ર લખ્યો હતો. પણ પત્રલેખકે મૂળ લખાણ બરાબર વાંચ્યા વિના ફક્ત પોતાની જ વાત કરી હતી! એટલે બેઠકમાં હાજર રહેલા એક સભ્યે કહ્યું કે, "આપણા અમુક લેખકો ખુદ પોતાનાં લખાણ સિવાય અન્ય કોઈ લેખકનું લખાણ વાંચતાં નથી, એવું લાગે છે!"

આપણું પોતાનું લખાણ કોઈ સામયિકમાં લેખરૂપે કે સ્વતંત્ર પુસ્તકરૂપે છપાઈને આવે ત્યારે આપણને એ જોવા અને વાંચવા માટે ખૂબ રસ અને ઈન્તેજારી હોય, પરંતુ આપણું વાંચન ખુદ આપણા લખાણ પૂરતું મર્યાદિત રહે તો તે પરિસ્થિતિ બિલકુલ યોગ્ય નથી. એવું વલણ આપણાં વિચાર અને સર્જનશક્તિને રૂંધી નાખશે. આપણને પ્રગતિથી ઊલટી દિશામાં અધોગતિ તરફ લઈ જશે.

આ સંદર્ભમાં આપણા લખાણને સમર્થ અને સત્ત્વશીલ બનાવનાર આપણી ભાષા તથા આપણા વાચન અંગે થોડી વાત કરીએ. હું ઓક્ટોબર-નવેમ્બર (૨૦૧૨) મહિનામાં કેરળના તિરુવનંતપુરમ્ ખાતે વિશ્વ મલયાલમ મહોત્સવમાં અને મુંબઈ ખાતે રાષ્ટ્રીય કક્ષાના અંગ્રેજી સાહિત્ય મહોત્સવમાં જઈ આવ્યો. બંને મહોત્સવોમાં અંગ્રેજી અને મલયાલમ ભાષાઓ વિશે કરેલી ઘણી વાતો આપણી ગુજરાતી ભાષાને પણ લાગુ પાડી શકાય.

મલયાલમ સાહિત્ય અકાદમીના પ્રમુખ અને લેખક શ્રીધરન પેરુમપડવમ્ના ખાસ આમંત્રણથી વિશ્વ મલયાલમ મહોત્સવમાં ભાગ લેવાની મને તક મળી હતી. મલયાલમ ભાષામાં મારું પ્રદાન મલયાલમમાં દોઢ લાખથી વધારે નકલો વેચાયેલી નવલકથા "ઓરૂ સંકીર્તનમ્ પોલે" નો મારો ગુજરાતી અનુવાદ "એક સ્તોત્રગાનની જેમ" છે. વળી, ત્રણ મલયાલમ લેખકોએ મારાં ત્રણ અંગ્રેજી પુસ્તકોનો અનુવાદ મલયાલમ ભાષામાં કર્યો છે. અને ખૂબ જાણીતા બે પ્રકાશકો દ્વારા બંને પુસ્તકોનું પ્રકાશન પણ થયું છે.

વિશ્વ મલયાલમ મહોત્સવમાં ભાગ લેવાથી મલયાલમ ભાષાના ઘણાબધા નામી-અનામી સાહિત્યકારોને મળવા અને સાંભળવાનો મને લહાવો મળ્યો હતો. એટલું જ નહિ પણ ફક્ત મલયાલમ લેખકો કવિઓના જ નહિ પણ વિશ્વ મલયાલમ મહોત્સવમાં ભાગ લેનાર મલયાલમ સાહિત્યનાં પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થિની - વિદ્યાર્થીઓના ભાષા પ્રત્યેના લગાવથી હું ખૂબ પ્રભાવિત થયો હતો. વળી, રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ઉદ્‌ઘાટન કરેલા વિશ્વ મલયાલમ મહોત્સવમાં કેરળના મુખ્યમંત્રી ઉમ્મન ચાંડીએ મલયાલમ યુનિવર્સિટીનો ઉલ્લેખ કર્યો હતો. અને મહોત્સવના છેલ્લા દિવસે નવેમ્બરની પહેલી તારીખે, એટલે કેરળ રાજ્યના ૫૬ મા સ્થાપના દિવસે, કેરળમાં તિરૂર પાસે તુજનપરમ્પ ખાતે મલયાલમ યુર્નિવર્સિટીનું ઉદ્‌ઘાટન થયાના સમાચારથી બધા ખુશ થઈ ગયા હતાં.

મહોત્સવના ત્રણ દિવસોમાં જુદા જુદા સ્થળે ત્રણ-ચાર સભાખંડોમાં મલયાલમ ભાષાને લગતા વિવિધ કાર્યક્રમો એકસાથે ચાલ્યા હતાં. મેં વિવિધ સાહિત્ય

પ્રકારોની બેઠકોમાં ભાગ લઈને મલયાલમ ભાષાની આજકાલ વિશે ખ્યાલ મેળવવા પ્રયત્ન કર્યો. એકથી વધારે વક્તાઓએ મલયાલમ ભાષાશાસ્ત્રમાં ખ્રિસ્તી મિશનરીઓના પ્રદાનની ખાસ નોંધ લીધી હતી. જર્મન મિશનરી ડૉ. હેરમન ગુન્ડેરટે ૧૮૫૯માં સૌ પ્રથમ મલયાલમ ભાષાનું વ્યાકરણ અને ૧૮૭૨માં મલયાલમ-અંગ્રેજી શબ્દકોશ પણ પ્રકાશિત કર્યા હતાં.

આશરે એક હજારથી વધારે પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ વિશ્વ મલયાલમ મહોત્સવમાં યુવાન લેખકોએ તથા યુવા કવિઓએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. કેરળની ઘણી કૉલેજોમાંથી મલયાલમ સાહિત્યનાં વિદ્યાર્થિની-વિદ્યાર્થીઓ તથા તેમના પ્રાધ્યાપકો પણ સારી સંખ્યામાં હાજર હતાં. વળી, કેરળ બહારથી પણ મલયાલમ ભાષા અને સંસ્કૃતિના પ્રતિનિધિઓ તરીકે વિશ્વ મલયાલમ મહોત્સવમાં ભાગ લેવા ઘણા મલયાલમભાષીઓ (મલયાલમ ભાષા બોલનારાઓ) આવ્યા હતા.

વિશ્વ મલયાલમ મહોત્સવ વખતે સ્કૂલના શિક્ષણમાં મલયાલમ ભાષાને યોગ્ય મહત્ત્વ આપવા અંગે પણ ઘણી વાતો થઈ હતી. કેટલાક વક્તાઓ કહેતા હતા કે, કેરળની હાઈસ્કૂલમાંથી પસાર થનાર દરેક વિદ્યાર્થિની કે વિદ્યાર્થીને મલયાલમ ભાષામાં વાંચતાં અને લખતાં બરાબર આવડવું જોઈએ. કેરળમાં અંગ્રેજી, ગુજરાતી કે હિંદી જેવા ગમે તે માધ્યમમાં ભણતા બાળકને મલયાલમ ભાષામાં વાંચવા અને લખવાની ક્ષમતા કેરળ રાજ્યનું સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ મેળવવા માટે ફરજિયાત હોવી જોઈએ.

વિશ્વ મલયાલમ મહોત્સવ દરમિયાન જાહેર થયેલી મલયાલમ ભાષા યુનિવર્સિટીનો મુખ્ય હેતુ આવનાર સદી માટેની ભાષા તરીકે મલયાલમનો વિકાસ કરવાનો છે. એ જ રીતે મલયાલમને કમ્પ્યુટરને અનુકૂળ ભાષા તરીકે પરિવર્તિત કરવાની યોજના પણ આ નવી સૂચિત મલયાલમ ભાષા યુનિવર્સિટી ઘડવાની છે. વળી, મલયાલમ ભાષા અને સંસ્કૃતિના અભ્યાસ સાથે મલયાલમ ભાષા યુનિવર્સિટી સંશોધન ઉપર પણ ભાર મૂકશે.

મલયાલમ ભાષાના પ્રણેતાઓની જેમ આપણે ગુજરાતી ભાષાને હવે પછીની પેઢી માટે કે આવતી સદી માટે વિકસાવવા તરફ કેવાં કેવાં પગલાં લઈ શકીશું એનો વિચાર કરી શકીએ. વળી, ગુજરાતી ભાષાને કમ્પ્યુટર માટે વધુ અનુકૂળ ભાષામાં પરિવર્તન કરવાનો વિચાર કરવાની જરૂર છે. ગુજરાતી ભાષા અને સંસ્કૃતિનો વિકાસ, વિવિધ સાહિત્ય પ્રકાશનોનો વિકાસ, ગુજરાતી ભાષાની હાલની દશા અને દિશા અંગે પણ ઊંડો અભ્યાસ અને સંશોધન કરી શકાય.

ગુજરાતમાં આપણે અંગ્રેજી કે અન્ય માધ્યમમાં ભણતાં વિદ્યાર્થિનીઓ-વિદ્યાર્થી એસ.એસ.સી. સુધીમાં ગુજરાતી ભાષામાં વાંચવા અને લખવાની ક્ષમતા મેળવે, એવી શિક્ષણ વ્યવસ્થાનો આગ્રહ રાખી શકીએ.

નવેમ્બરની ૩૦ મી એ અને ડિસેમ્બરની ૧લીએ મુંબઈમાં ગિવેકે (GIEWEC-Guild of Indian English Writers, Editors & Critics) ભારતીય અંગ્રેજી સાહિત્ય મહોત્સવ યોજ્યો હતો. ક્લીના ખાતે સોમૈયા કૉલેજમાં યોજાયેલા અંગ્રેજી સાહિત્ય મહોત્સવનો વિષય હતો : "સમકાલીન ભારતીય અંગ્રેજી સાહિત્ય : દશા અને દિશા" અંગ્રેજી મહોત્સવમાં ગિવેકના હાજર રહેલા ૪૨ સભ્યોમાંથી એકત્રીસ સભ્યોએ બે દિવસમાં વિષય અંગે અભ્યાસપૂર્ણ વિચારપત્રો (સેમિનાર પેપરો) રજૂ કર્યા હતાં અને એકવીસ સભ્યોએ સ્વરચિત અંગ્રેજી કાવ્યોનું પઠન કર્યું હતું. મુંબઈની કેટલીક કૉલેજોમાંથી અંગ્રેજી સાહિત્યનાં પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થિની-વિદ્યાર્થીઓએ અંગ્રેજી સાહિત્ય મહોત્સવમાં ભાગ લીધો હતો.

અંગ્રેજી સાહિત્ય મહોત્સવ દરમિયાન મુંબઈ કૉલેજોનાં સ્નાતક કક્ષાના વિદ્યાર્થિની-વિદ્યાર્થીઓ માટે કાવ્યસર્જન સ્પર્ધા રાખવામાં આવી હતી અને પહેલા, બીજા અને ત્રીજા નંબરે આવનારાઓને વિદાય સમારંભમાં ઈનામ આપવામાં આવ્યાં હતાં.

ગુજરાતી લેખક મંડળના વરિષ્ઠ સભ્ય જયંતીભાઈ એમ. દલાલ મુંબઈ ખાતેના અંગ્રેજી સાહિત્ય મહોત્સવના સ્થાનિક મુખ્ય આયોજક હતા. એમણે "વસુધૈવ કુટુમ્બકમ્' પર એક નોંધપાત્ર વિચારપત્ર (Seminar Paper) રજૂ કર્યો હતો. આ લખનારે "અંગ્રેજીમાં લખાતા સમકાલીન સાહિત્યમાં ગુજરાતના ૧૪ ઈસુસંઘી ફાધરોનું પ્રદાન" વિશે એક વિચારપત્ર રજૂ કર્યો હતો.

અંગ્રેજી સાહિત્ય મહોત્સવમાં હાજર રહેલા 'ગિવેક' ના ૪૨ સભ્યોએ પોતાનો અભ્યાસપૂર્ણ વિચારપત્ર કે સ્વરચિત કાવ્ય રજૂ કર્યું, એમ સક્રિય ભાગ ભજવીને અંગ્રેજી ભાષા અને સાહિત્ય પરની પોતપોતાની પ્રવીણતાનો પણ ખ્યાલ આપ્યો હતો. કૉલેજોનાં વિદ્યાર્થિની-વિદ્યાર્થીઓ મહોત્સવથી ખૂબ પ્રભાવિત થયાં હતાં. અંગ્રેજી સાહિત્ય મહોત્સવમાંથી આપણને બે અનુકરણીય દાખલા મળે છે. મહોત્સવની યોજના છએક મહિના પહેલાં કરીને સભ્યોને સ્વતંત્ર વિચારપત્રો અને કાવ્યસર્જન દ્વારા સક્રિય રીતે ભાગ લેવા આગ્રહ કરવામાં આવ્યો હતો. બીજું, મુંબઈની કૉલેજોમાંથી અંગ્રેજી સાહિત્યના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થિની-વિદ્યાર્થીઓને મહોત્સવ દ્વારા અંગ્રેજી સાહિત્યમાં ખૂબ રસ લેતા કરવામાં આવ્યાં છે.

કેરળના વિશ્વ મલયાલમ મહોત્સવમાં તેમજ મુંબઈના સમકાલીન અંગ્રેજી સાહિત્ય મહોત્સવના વક્તા લેખકો, કવિઓ, કેળવણીકારોની વાતમાંથી મેં બે બાબત ખાસ નોંધી છે. એક, તેઓ બધા પોતાની માતૃભાષા કે સાહિત્યલેખનની ભાષા સિવાય ઓછામાં ઓછી બીજી એક ભાષામાં પણ બરાબર વાંચી-સમજી શકે છે. અને બે, તેઓ બધા ખૂબ વાંચનારા લેખક-કવિઓ છે અને એમનું વાંચન ખૂબ વિશાળ છે. ગુજરાતી ભાષામાં લખનાર પણ મોટા ભાગના કવિઓ અને લેખકો અંગ્રેજી અને હિન્દી બરાબર વાંચી-સમજી શકે છે. મારી અંગત વાત કરું તો હું ગુજરાતીમાં તેમ જ અંગ્રેજી તથા મલયાલમમાં ખૂબ વાંચું છું. ■

# દુનિયાનું શ્રેષ્ઠ તીર્થ તો આપણું ઘર છે, યાર!

• રોહિત શાહ •

દુનિયામાં એક ચીજ એવી છે જે તદ્દન નકામી છે અને છતાં એ ચીજનાં સૌથી વધુ ગુણગાન ગવાય છે. એ ચીજનું નામ છે વૈરાગ્ય. વૈરાગ્ય લાઈફમાં કશાય કામનો નથી. વૈરાગ્ય વડે બે ટંકની રોટલી પણ મળતી નથી. વૈરાગ્ય વડે કોઈ બીમારીનો ઇલાજ થઈ શકતો નથી. વૈરાગ્ય દ્વારા રાષ્ટ્રભૂમિનું રક્ષણ કરી શકાતું નથી. વૈરાગ્ય દ્વારા શિક્ષણ, વિજ્ઞાન કે ટેકનોલોજીનો વિકાસ કરી શકાતો નથી. વૈરાગ્ય વડે વસ્ત્રો પણ પેદા કરી શકાતાં નથી. વૈરાગીઓ જે માળા ફેરવતા રહે છે અને જે ચાખડીઓ પહેરે છે એ માળા અને ચાખડીઓ પણ સ્વયં વૈરાગીઓ બનાવી શકતા નથી!

વૈરાગ્ય એટલે પીછેહઠ, વૈરાગ્ય એટલે કર્તવ્યવિમુખતા, વૈરાગ્ય એટલે સંપૂર્ણ પરાવલંબન, સાચો સાહસવીર કદી વૈરાગ્યના ખોળામાં જઈને બેસવાનું પસંદ નથી કરતો. એ તો સંસારમાં રહીને ઘા ઝીલે છે. લોહીલુહાણ થવા છતાં સમસ્યાઓ સામે ઝઝૂમતો રહે છે. સવારથી સાંજ સુધી પુરુષાર્થ કરીને પોતાનું પેટ ભરે છે અને પોતાના પરિવારની સલામતી માટે કર્તવ્યનિષ્ઠ રહે છે. બડી-બડી વાતો જવા દઈએ, પણ ભોજન કરતી વખતે દાંતમાં કોઈ વસ્તુ ભરાઈ જાય છે એને બહાર કાઢવાના ઉપયોગમાં આવતી સળી પણ વૈરાગીઓ પેદા કરી શકતા નથી. વૈરાગીઓથી સંસાર નથી ચાલતો, સંસારીઓથી વૈરાગીઓ જીવી શકતા હોય છે. સંસારીઓ ન હોય તો વૈરાગીઓનો વૈરાગ્ય કેટલો ટકે?

ગૌતમ બુદ્ધે યશોધરા સાથે લગ્ન કર્યા હતાં અને તેમને રાહુલ નામનો એક પુત્ર પણ હતો. વૈરાગ્યભાવનો ઊભરો આવતાં ગૌતમ બુદ્ધ અડધી રાત્રે પત્ની અને પુત્રને ઘરમાં સૂતેલાં મૂકીને નીકળી પડે છે. જે પત્ની પોતાના પતિ પર ભરોસો મૂકીને પોતાના બાપનું ઘર છોડીને આવી હતી અને જે પુત્રને તેમણે પોતે જ પેદા કર્યો હતો - તેમના માટે શું તેમનું કોઈ કર્તવ્ય નહોતું? આત્માનું કલ્યાણ કરવાનો ઊભરો આવે એટલે આમ વિશ્વાસઘાત કરીને ચાલી નીકળવાનું? શું એ ધર્મ છે? કવિ મૈથિલીશરણ ગુપ્તની એક કવિતામાં ગૌતમ બુદ્ધની પત્ની યશોધરાની પીડા વ્યક્ત થઈ છે : 'સખી! વો મુઝ સે કહ કર જાતે...'

યશોધરાની ફરિયાદ જરાય ખોટી છે? તેને દુઃખ છે કે તેનો પતિ તેને કહ્યા વગર અડધી રાતે ચાલ્યો ગયો. વિચાર તો કરો, આપણાં બધાંનાં ચિત્તમાં આવો એક-એક ગૌતમ બુદ્ધ જાગી જાય તો શું રિઝલ્ટ આવે? પત્ની અને પુત્રની જવાબદારી કરતાંય ચડિયાતી એક બીજી જવાબદારી છે. જેમના કારણે આપણે આ પૃથ્વી પર આવ્યા છીએ, જેમણે આપણને પેદા કરીને આપણું પોષણ કર્યું છે, આપણા બાળોતિયાં ધોયાં છે અને સતત આપણને ભરપૂર વહાલથી તરબોળ રાખ્યાં છે એવાં માતા-પિતા પ્રત્યેનું કર્તવ્ય ચૂકે તેને તો માણસ પણ ન કહેવાય, એ વળી શાનો મહાત્મા?

આ બાબતમાં હિન્દુ શાસ્ત્રોમાં જે ચાર આશ્રમોની વાત છે એ બહુ તાર્કિક અને છલોછલ આધ્યાત્મિક છે : (૧) બ્રહ્મચર્યાશ્રમ, (૨) ગૃહસ્થાશ્રમ, (૩) વાનપ્રસ્થાશ્રમ અને (૪) સંન્યાસાશ્રમ. તમામ કર્તવ્યો અને જવાબદારીઓ નિભાવી લીધા પછી કોઈ વ્યક્તિ સ્વેચ્છાએ વૈરાગ્ય તરફ વળે તો એમાં કોઈને વાંધો ન હોઈ શકે. મને વૈરાગીઓ કરતાં સંસારીઓ વધારે પૂજ્ય અને આદરણીય લાગે છે. ભૂકંપ કે પૂર-હોનારત વખતે સંસારીજનો એકબીજાને ટેકો આપે છે. સંસારીજનો સેવાભાવી હોસ્પિટલો અને શિક્ષણ સંસ્થાઓ બનાવે છે. કોઈ ભૂખ્યા ગરીબને રોટલાનું બટકું સંસારીઓ જ પહોંચાડે છે. ચબૂતરાઓ અને પાંજરાપોળો સંસારીજનોની ઉદાર સખાવતોથી ચાલે છે. વૈરાગીઓ તો પોતે જ પરાવલંબી હોય છે. એ બીજાને શું આપી શકવાના?

આપણને ફેમિલીની ફિકર હોય છે. મમ્મીને મોતિયો ઉતરાવવાનો છે, પપ્પાને પાંસળીઓમાં દુખે છે એની ટ્રીટમેન્ટ કરાવવાની છે, બહેનનાં લગ્ન કરવાનાં છે, નાના ભાઈને ભણાવવાનો છે. આપણને સંસારીજનોને અતિથિધર્મ નિભાવવાની તક મળે છે, પુત્રધર્મ નિભાવવાની તક મળે છે, માતૃધર્મ અને પત્નીધર્મ નિભાવવાનું સદ્‌ભાગ્ય સંસારી વ્યક્તિને જ મળતું હોય છે. દુનિયાનું શ્રેષ્ઠ તીર્થ આપણું ઘર છે.

કદાચ પંચતંત્રમાં એક અદ્‌ભૂત શ્લોક છે :

*'નાચ્છાદયતિ કોપીનં ન દંશમશકાપહમ્ ।*
*શુનઃ પુચ્છમિવ વ્યર્થઃ પાણ્ડિત્યં ધર્મવર્જિતમ્ ॥'*

આ શ્લોકનો અર્થ એ છે કે જેવી રીતે કૂતરાની પૂંછડી એની ગુદાને ઢાંકી શકતી નથી, એવી જ રીતે વિવેક વગરનું પાંડિત્ય (અને વૈરાગ્ય પણ) કશા કામમાં આવતું નથી.

જ્ઞાનનો ઉપયોગ ન થાય તો એવું જ્ઞાન હોય તોય શું અને ન હોય તોય શું? સહદેવને ખબર હતી કે આવતીકાલે રાજસભામાં રમાનાર દ્યૂતક્રીડાનું રિઝલ્ટ કેવું ભૂંડું આવવાનું છે તોય તે કોઈને કહી શકતો નથી. કોઈ પૂછે તો જ જવાબ આપવાનું તેને બંધન છે. ચારે પાંડવોમાંથી કોઈએ આગલા દિવસે સહદેવને કેમ કાંઈ ન પૂછ્યું? ઠીક છે. કોઈએ ન પૂછ્યું તો ન જ પૂછ્યું; સહદેવે સામે ચાલીને આવતીકાલનું રિઝલ્ટ ડિકલેર કરી દેવું જોઈએ ને? એથી કદાચ તેનું ત્રિકાળજ્ઞાન

નાશ પામત એટલું જ ને? તો તેણે એ જ્ઞાન રાખીનેય શા કાંદા કાઢી લીધા? જ્ઞાન કાલે જતું હોય તો આજે ભલે જાય, પત્નીનું ચારિત્ર્ય અભડાય એવી સ્થિતિમાંય જ્ઞાનનું પૂંછડું પકડી રાખવાનો કોઈ અર્થ ખરો?

ગૌતમ બુદ્ધે યુવાન વયે નગરયાત્રા દરમિયાન બીમાર માણસ, વૃદ્ધ માણસ અને ડેડ બોડીનાં દૃશ્યો જોઈને, સંસારને અસાર માનીને એનો ત્યાગ કરી દીધો. એમના ત્યાગને મહાભિનિષ્ક્રમણ તરીકે આપણે ઓળખીએ છીએ. સવાલ એ છે કે એવું મહાભિનિષ્ક્રમણ કરીને શું ગૌતમ બુદ્ધે પેલી બીમારી, ઘડપણ અને મૃત્યુ જેવી સમસ્યાઓનો ઉકેલ શોધી કાઢ્યો ખરો? જે વૈરાગ્ય સમસ્યાઓનો સામનો કરવાને બદલે, તેનો ઉપાય શોધવાને બદલે પલાયન થવાનું શિખવાડતો હોય એ વૈરાગ્યને પવિત્ર માનવાનું કમ્પલસરી હોય ખરું?

બોસ, આવી ભ્રામક કથાઓ સાંભળીને મને તો હંમેશાં એવું જ લાગ્યા કરે છે કે આપણે કેવું ઉમદા કર્તવ્યપ્રધાન અને જવાબદારીભર્યું અને સ્વાવલંબી જીવન જીવી રહ્યા છીએ! ઉછીના-ઉધારના ઉપદેશો સાંભળીને કેટલાક સંસારી આત્માઓ મનોમન દુઃખી થતા હોય છે : 'અરેરે! આ પાપમાંથી ક્યારે છૂટીશું? અમે મોહ-માયા અને રાગદ્વેષમાં ડૂબેલા છીએ...!' વગેરે. આ ચિંતન સાવ ખોટું છે. નોર્મલ અને નિખાલસ જીવન જીવવું એ સંસારનું શ્રેષ્ઠ અધ્યાત્મ છે.

આઈ લવ માય ફેમિલી.

અનેક પ્રશ્નો અને અનેક પજવણીઓ હોવા છતાં મને ફેમિલી-લાઈફ ગમે છે. લડવા-ઝઘડવાની મજા બીજે ક્યાં મળવાની હતી? રિસાવા-મનાવવાના આટલા અને આવા ચાન્સીસ બીજે ક્યાંથી મળવાના હતા? ખાનગીમાં આડા સંબંધો હોય તો ભલે હોય અને ક્યાંક થોડા અસંતોષ કે અજંપા હોય તો ભલે રહ્યા. એ બધાથી ડરવાની, પીછેહઠ કરવાની, કાયરતા બતાવવાની જરૂર નથી. સંસાર પ્રત્યેનું નેગેટિવ થીન્કિંગ એ મહારોગ છે. એનાથી દૂર રહીને સંસારમાંથી જ સાર મળવાનો છે એવા ભરોસા સાથે જીવી જાણીએ તો અલ્ટિમેટલી સંસારનું સાચું અને રોકડું સુખ આપણને અવશ્ય મળશે. ઝઝુમે એ જ જીવી શકે. ભાગી જનારો બહુ-બહુ તો બચી જાય, પણ જીતી ન શકે. આપણે જરૂર જીતીશું. ઓકે? ■

## સમ્યગ્ દર્શન એટલે ભગવાનની આજ્ઞા ઉપર અમાપ પ્રેમ

ભગવાનની આજ્ઞાના આદર વિના સમક્તિ આવે નહીં અને આવેલું હોય તો ટકે નહીં.

ભગવાનની આજ્ઞાના આદર વિનાના સંયમ જીવનના કષ્ટો એ નિર્જરા વિહોણા માત્ર કાયકલેશ છે.

વેરભાવને ટાળવા માટે મૈત્રીભાવ જરૂરી છે.

ઈર્ષ્યાને ટાળવા માટે પ્રમોદભાવ જરૂરી છે.

નિષ્ઠુરતાને ટાળવા માટે કરુણાભાવ જરૂરી છે.

કષાયને ટાળવા માટે માધ્યસ્થભાવ જરૂરી છે.

ક્રોધને જીતવા ક્ષમા જોઈએ.

માનને જીતવા માટે નમ્રતા જોઈએ.

માયાને જીતવા માટે સરળતા જોઈએ.

લોભને જીતવા માટે સંતોષ જોઈએ.

ધનની મૂર્ચ્છા દૂર કરવા માટે દાન ધર્મ છે.

કામવાસના દૂર કરવા માટે તપધર્મ છે.

અહંકારને દૂર કરવા માટે ભાવધર્મ છે.

સમક્તિ વિના ભવની ગણતરી થાય નહીં

સમક્તિ વિનાનું ચારિત્ર એ દ્રવ્ય ચારિત્ર છે.

સમક્તિની હાજરીમાં વૈમાનિક દેવથી નીચે આયુષ્યનું બંધાય જ નહીં.

સમ્યગ્ દર્શન પામેલો આત્મા દુઃખમાં દીન કે સુખમાં લીન ન બને.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

## ...વડીલો 'છાયા' સાથે 'ફળ' પણ આપે છે..

ભલે કહેવાય છે... વડીલો 'ફળ' નથી આપી શકતા... ફક્ત 'છાયા' જ આપે છે.

ચાલો વિચારીએ... આ વિધાનમાં કેટલું તથ્ય છે!

ગઈ વડીલ પેઢીની આ વાત નથી. આજના વડીલોની વાત છે.

આ પેઢીના જે વડીલો 'સરકારી દીકરી-જમાઈ' હતા, એમને તો આજે બેઠે બેઠે તગડું પેન્શન મળે છે. અને... કેટલાક વડીલો યુવાવસ્થામાં એટલું કમાયા છે કે એમને તગડું વ્યાજ મળે છે. ...અથવા બિઝનેસનો મજબૂત પાયો નાખ્યો છે. આજેય એમના સંતાનો એમાંથી કમાય છે. અરે, કેટલાક ઘરો તો ફક્ત વડીલોની આવકથી જ ચાલે છે. તેથી ઘરના સંતાનોની મોટાભાગની કમાણી... ની બચત થતી હોય છે. હા, એવા પરિવારોની સંખ્યા ઓછી નથી. અને... આજની પેઢીનાં જે યુવા ભાઈ-બહેનો સારી કમાણી કરે છે એમને કોઈ આર્થિક પ્રશ્ન નડતો નથી... પરંતુ, જેમની આવક મર્યાદિત છે એમના માટે તો... વડીલો ફક્ત 'છાયા' જ નહિં 'ફળ' પણ જરૂર આપે છે...!

એવા પરિવારોમાં આવા 'કમાઉ' વડીલો 'આડા' નથી આવતા... બલકે... 'આડા દેવા' કામ આવે છે એ હકીકત સ્વીકારવી રહી. અને જે વડીલો આજે પરાધીન છે એમણે પણ.. આખી જિંદગી જાત ઘસી નાખી છે અને પછી 'બાગબાં' બન્યા છે.

દરેક વડીલને સ્વમાનભેર જીવવાનો 'જન્મસિદ્ધ અધિકાર' છે. અને એમાં જ પરિવારની શોભા છે.

*– જગદીશ ચં. છાયા 'શ્રેયસ'*

# હમ બોલેગા તો બોલોગે કે બોલતા હૈ

• અનિલ જોશી •

એકવીસમી સદીનો માનવી અવાજના બજારમાં જીવી રહ્યો છે. અહીં મને રાજેન્દ્ર શુક્લનું 'અવાજ' કાવ્ય તરત યાદ આવી ગયું છે. વર્ષો પહેલાં (આશરે ૩૫ વર્ષ) રાજેન્દ્રે લખેલું આ કાવ્ય આજે પણ એટલું જ પ્રસ્તુત છે. કવિ આર્ષદ્રષ્ટા હોય છે. હમણાં બિહારની ચૂંટણી વખતે આપણે જોઈ લીધું છે કે પ્રચારમાં નેતાઓની જીભમાં કેટલી હદે અધઃપતન થઈ ગયું હતું. મા સરસ્વતીનું છડેચોક વસ્ત્રહરણ થતું સહુએ જોઈ લીધું છે. એવું લાગે કે સહુ નેતાઓ પોતાનું મૌન વેચવા માટે ફેરિયાઓ જેવી બૂમો પાડીને અવાજનું પ્રદૂષણ વધારતા હતા.

રજનીશજી બહુ સાચુ કહેતા હતા કે, 'વાણી ઉપર પ્રભુતા જોઈએ.' વાણીમાં પ્રભુતા — સમજદારી, માનસિકતા અને કૌશલ્યમાંથી આવે છે. સહુની પાસે વાકછટાઓ છે, પણ વાણીની પ્રભુતા ક્યાંય દેખાતી નથી. અહીં એક વાત સમજવી પડશે કે, 'બોલવું' અને 'સંભળાવી' દેવું એ બન્ને વચ્ચે ખૂબ તફાવત છે. વાણી ઉપર જેની પ્રભુતા છે એ વક્તા કોઈને સંભળાવી દેવા નથી માગતો, ફક્ત 'બોલે છે.'

આપણા ભાષા શિક્ષણમાં કોઈ દિવસ બોલચાલની ભાષા ઉપર શાસ્ત્રીય વિચારણા નથી થઈ. નિશાળોમાં વિદ્યાર્થીઓને ભાષા નથી શિખવાતી, પણ પાઠ્યપુસ્તકનો કોર્સ પૂરો કરવામાં આવે છે. તમે કયા મોઢે ભાષાની અસ્મિતાની ધજા ફરકાવો છો? ભાષાની વાત કરીએ છીએ ત્યારે સહુથી પહેલાં 'વચન' ઉપર વિચારણા કરવા જેવી છે. માનવી એના મોઢામાંથી જે કાંઈ બોલે છે એને 'વચન' કહેવાય છે. બોલવાની વાત આવે છે ત્યારે 'વચન' ઉપર વિચારણા થવી જોઈએ.

કેટલાંક વચનો 'વિચારરોકું' વચનો હોય છે. દાખલા તરીકે તમારો કોઈ મિત્ર 'પ્રેમ રતન ધન પાયો' ફિલ્મ જોઈને પાછો આવે ત્યારે તમે એને પૂછો કે ફિલ્મ કેવી લાગી? તો એ તરત કહેશે 'પૈસા પડી ગયા યાર, બહુ બોરિંગ ફિલ્મ હતી.' અહીં તમે વિચારો કે 'પૈસા પડી ગયા કે બોરિંગ ફિલ્મ હતી' આ 'વિચારરોકું' વચન છે. અહીં તમે જુઓ કે બોલનાર ફિલ્મ વિષે એક પણ શબ્દ બોલતો નથી, કેવળ ગમો-અણગમો જ વ્યક્ત કરે છે. આ પ્રકારનાં વચનો આપણને વિચાર કરતા અટકાવે છે.

હવે બીજા પ્રકારના વચનને 'ઝાડુમાર વચન' કહેવામાં આવે છે. સામાન્ય વાતચીતમાં બધા બહુ સરળતાથી બોલે છે કે 'મહિલાઓ બહુ ડરપોક હોય છે, બિચારી અબળા છે.' આ વિધાનને તમે 'ઝાડુમાર વિધાન' કહી શકો છો. શું લક્ષ્મીબાઈ અને ચાંદબીબી કે રઝિયા સુલતાના ડરપોક અબળા હતી? આવું બોલાય? પણ આવું બોલનારે અહીં વીરાંગનાઓને ઝાડુમાં કાઢી નાખી છે.

ત્રીજા પ્રકારનું વચન 'દુમદબાવ' વચન છે. આ પૂંછડી દબાવ વિધાન રાજકારણીઓના મોઢે અચૂક સાંભળવા મળશે. દાખલા તરીકે કોઈ પત્રકાર કોઈ નેતાને એવો પ્રશ્ન પૂછે કે, 'ખેડૂતોની આત્મહત્યા કેમ થાય છે?' ત્યારે એ નેતા મૂળ સવાલનો જવાબ દેવાને બદલે એવું કહેશે કે, 'ખેડૂત તો જગતનો તાત છે, ભારત ખેતીપ્રધાન દેશ છે, જય જવાન જય કિસાન... તપાસ ચાલુ છે.' આ પૂંછડીદબાવ વચન છે. આનો અર્થ એ થયો કે નેતા વિવાદમાં પડવા માંગતો નથી, પૂંછડી દબાવીને ભાગી જાય છે.

હવે ચોથા વચનને 'વાડબાંધુ' વિધાન કહેવાય છે. આ વિધાનમાં વક્તા હંમેશાં શ્રોતાઓને હીનતાનો અનુભવ કરાવે છે. પોતાના ભાષણમાં એ વારંવાર કહેશે' આ વાત તમને નહીં સમજાય, બસ મારામાં અને તમારામાં આટલો ફરક છે. ધર્મને નામે આટલો ઘોંઘાટ કેમ થાય છે તે હું જાણું છું.'

યુરોપીય દેશોમાં એક સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું તે મુજબ એક શિક્ષિત માનવી પાસે એની નિદ્રાનો સમય બાદ કરતાં પછીનો સમય જે બચે છે એમાં ૧૬ ટકા અભ્યાસમાં, ૯ ટકા લખવામાં, ૩૫ ટકા બોલવામાં અને ૪૦ ટકા સાંભળવામાં જાય છે અને મોટાભાગે જે નિરક્ષર પ્રજા છે તેનો ૧૦૦ ટકા સમય સાંભળવામાં અને બોલવામાં જાય છે. ડાયોનીસિયસ જેવા મહાન ચિંતકે કહ્યું છે કે, 'તમારા બોલવાને ચૂપકીદીથી વધારે સુંદર બનાવો અથવા ચૂપ રહો.' એક બીજા દાર્શનિક પણ કહે છે કે, 'હું ભલે મંચ ઉપર કે છાપામાં દેવદૂતો અને શ્રેષ્ઠ મનુષ્યની વાણી બોલ્યા કરું, પણ મારામાં જો પ્રેમનો છાંટો ના હોય તો એ મારી વાણી ઝનન કરતાં પિત્તળના મંજીરાં જેવી છે.' ■

JAYANT STEELS જયંત સ્ટીલ્સ
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

શિક્ષણ જગત

# શિક્ષણનાં સામાન્ય સૂત્રો

• ડૉ. મોહનભાઈ પંચાલ •

સામાન્ય રીતે આપણો અનુભવ છે કે નાનાં બાળકોને વાર્તા સાંભળવી વિશેષ ગમે છે. તેમાંય વળી બાળકને પશુ પક્ષીની વાર્તામાં વિશેષ રસ હોય છે. તેના અનુભવને આધારે તે આપણા કથનમાં રસપૂર્વક ધ્યાન આપે છે અને કંઈક નવીન રજૂઆત થતાં તરત જ પ્રશ્ન પૂછી ઊઠે છે અથવા વિચાર કરતું થઈ જાય છે. આમ, બાળકના શોખ અને રસના વિષયોને ધ્યાનમાં રાખીને શિક્ષણની પ્રક્રિયા કરવામાં આવે છે અને જ્ઞાનપ્રાપ્તિનો આંક સારા પ્રમાણમાં જોવા મળે છે. શિક્ષકે આ ઉપરાંત શિક્ષણની વિવિધ પદ્ધતિઓનો અભ્યાસ કરવો જરૂરી બને છે. પરંતુ માત્ર પદ્ધતિઓનું જ્ઞાન પૂરતું બનતું નથી. શિક્ષકનું કાર્ય ભણવાનું તેમ જ ભણાવવાનું છે. તે વિદ્યાર્થીઓને ભણાવે છે, તેવી જ રીતે વિદ્યાર્થીઓ વિશે શીખે છે. એ માટે પદ્ધતિઓ ઉપરાંત શિક્ષણનાં કેટલાંક સિદ્ધાંતો તથા સુત્રો શિક્ષકે સમજી લેવાં જોઈએ અને શિક્ષણમાં તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. શિક્ષણ પ્રક્રિયામાં ઉપયોગી એવાં કેટલાંક સૂત્રોની આપણે વિગતે ચર્ચા કરીએ.

- **જ્ઞાત પરથી અજ્ઞાત :**

આપણે કોઈ પણ વિષય શીખવીએ ત્યારે તે વિષયજ્ઞાનને બાળકના જીવનઅનુભવ સાથે સાંકળવું જરૂરી બને છે. નવો મુદ્દો રજૂ કરતાં પહેલાં બાળકની પાસે જે જ્ઞાન છે તેની ભૂમિકા સમજી લેવી જોઈએ. આપણી દૃષ્ટિએ જે નવી વાત છે તે બાળક માટે તદ્દન નવી ન હોવી જોઈએ. તેમના મનમાં જે વિચારો કે ખ્યાલો હોય છે તેની સાથે તે વાત સંકળાયેલી હોવી જોઈએ. આથી બાળકની પાસે જે જ્ઞાન છે, તેના આધારે તેનો ઉપયોગ કરીને શિક્ષકે તેને નવી બાબત તરફ દોરવાનો છે.

દા.ત. હિંદી ભાષામાં શબ્દભેદ શીખવતી વખતે બાળકનું માતૃભાષાના શબ્દભેદનું જ્ઞાન ઉપયોગમાં લઈ શકાય. વળી, રોજિંદા જીવનનાં ઉદાહરણોની ચર્ચા પરથી નિબંધલેખન જેવી મૌલિક સર્જનશક્તિ વિકસાવવાની તક ઝડપી શકાય. વિજ્ઞાન શિક્ષણમાં બીજેતર વૃદ્ધિ અથવા વર્ધી વંશવૃદ્ધિ વિશે શીખવવું હોય તો ગોટલાને વાવવાથી આંબાનું ઝાડ પાકે છે તે બાબત પરથી વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરી શકાય.

- **સરળ પરથી સંકુલ :**

આપણે કોઈ પણ વિષય શીખવીએ ત્યારે શરૂઆત સરળ બાબતથી કરવી જોઈએ. ત્યાર બાદ કઠિન અથવા સંકુલ બાબતોની ચર્ચા થઈ શકે. ક્રમિકતા જળવાય છે. તેને કારણે બાળકનું જ્ઞાન ઉત્તરોત્તર વધતું જાય છે. બાળક જ્ઞાન મેળવવાની પ્રક્રિયામાં સરળતા અનુભવે છે. બાળકની આગળ કઠિન બાબતની રજૂઆત કરવાથી તેનો રસ ઊડી જાય છે. વસ્તુની સરળતા કે કઠિનતા બાળકના દૃષ્ટિબિંદુથી નક્કી કરવી જોઈએ. શિક્ષક કે વાલીની દૃષ્ટિએ જે કઠિન હોય તે બાળકની દૃષ્ટિએ સરળ પણ હોઈ શકે. ઉદાહરણ તરીકે બાળક માટે શબ્દ કરતાં વાક્ય સરસ હોઈ શકે. પાઠ્યપુસ્તકના પાઠોમાં સરળ પાઠો પહેલાં શીખવવા જોઈએ. અંગ્રેજી જેવા ભાષાશિક્ષણના વિષયોમાં પ્રથમ સરળ વાક્યરચના અને ક્રમે ક્રમે સંકુલ રચના તરફ બાળકને દોરી શકાય.

- **મૂર્ત પરથી અમૂર્ત :**

બાળક અમૂર્ત વિચાર ઝડપથી ગ્રહણ કરી શકતું નથી. કેટલાંક ઉદાહરણો રજૂ કરીને તે પરથી સામાન્ય સંયમ તારવવાનું કહેવામાં આવે તો તે બાળક સહેલાઈથી કરી શકે છે. બાળકની કલ્પનાશક્તિ વિકસાવવા માટે પ્રથમ તેની આગળ મૂર્ત મુદ્દાઓ રજૂ કરવા જોઈએ. તે દ્વારા જ્ઞાન સચોટ બને છે અને બાળકને પ્રત્યક્ષ અનુભવ મળવાથી સહેલાઈથી શીખી શકે છે. દા.ત. બુનિયાદી તાલીમમાં ઉદ્યોગ સાથે અન્ય વિષયોને સમાવાય. આ સૂત્રને આધારિત જ છે. આગમન પદ્ધતિથી શીખવાતા પાઠનો નમૂનો પણ આ સૂત્રનો જ ઉપયોગ દર્શાવે છે. સજીવ તથા નિર્જીવ પદાર્થોનો તફાવત શીખવવા માટે વર્ગમાં રહેલી નિર્જીવ ચીજો - જેવી કે મેજ, ખુરશીની વાતચીત કરીને આગળ ધપી શકાય.

અહીં એક વાત ધ્યાનમાં રાખવી જરૂરી બને છે કે, શિક્ષકે માત્ર મૂર્ત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું નથી. તે દ્વારા અમૂર્ત પ્રક્રિયા કે વિચાર તરફ બાળકોને દોરવા પ્રયત્ન કરવાનો છે. આ સૂત્ર પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક કક્ષાએ ખૂબ જ ઉપયોગી નીવડે છે.

- **પ્રત્યક્ષ પરથી પરોક્ષ :**

આપણે જે જાતે અનુભવીએ તે સાંભળેલા કરતાં વધુ ઉપયોગી રહે છે. બાળકને પણ જ્ઞાન ગ્રહણ કરવામાં અનુભવ ખૂબ કામ લાગે છે. આથી કોઈ પણ વિષયનું જ્ઞાન આપતી વખતે પ્રત્યક્ષ અનુભવો પૂરા પાડવા જોઈએ. 'ક્રીડા દ્વારા શિક્ષણ' યા 'પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ' નો વિચાર આ સૂત્રનો અમલ દર્શાવે છે. પ્રત્યક્ષ અનુભવ દ્વારા પ્રાપ્ત કરેલી માહિતી પરોક્ષ બાબત તરફ સહેલાઈથી લઈ જઈ શકે છે. નાનાં ધોરણોમાં બાળકોની આગળ પ્રત્યક્ષ ચીજો રજૂ કરવા માટે શિક્ષકે ખૂબ પરિશ્રમ ઉઠાવવો પડે છે, પણ એ ખૂબ જ ફાયદાકારક નીવડે છે. દા.ત. વિજ્ઞાન શિક્ષણના પ્રાયોગિક મુદ્દાઓ શીખવતા પહેલાં વિદ્યાર્થીઓને જાતે એ અંગે પ્રયોગ

કરવાની તક આપવી. વિદ્યાર્થી પોતે જે જુએ, નિહાળે, અવલોકન કરે, તેના આધારે નિયમ અથવા સિદ્ધાંત તારવે તે વધુ યાદ રહે છે.

- **પૃથક્કરણ પરથી સંયોજન :**

આપણે જે વિષયો શીખવીએ છીએ તેમાં કેટલાક મુદ્દાઓ એવા હોય છે કે તેના વિષયાંગોમાં તેને વિભાજિત કરીને બાળક સમક્ષ રજૂ કરવામાં આવે અને તે દ્વારા છેલ્લે તેનું સંયોજન કરીને દર્શાવવામાં આવે તો વધુ અર્થગ્રહણ પૃથક્કરણ પ્રશ્ન, સમસ્યા કે કોયડાને અર્થગ્રહણીય બનાવે છે. શિક્ષકે પોતાના અભ્યાસક્રમમાંથી આવા કેટલાક સંકુલ પ્રશ્નો તારવીને પૃથક્કરણ પદ્ધતિથી શીખવવાનું શરૂ કરવું અને સંયોજનથી પૂર્ણાહુતિ કરવી, જેથી બાળકનું જ્ઞાન ચોક્કસ અને દૃઢ બને. દા.ત. ભૂમિતિના વિષયના કોઈ પણ કોયડાની ચર્ચા વર્ગમાં આ સૂત્રના ઉપયોગથી જ થઈ શકે. વિષયને સમજવા માટે પૃથક્કરણ જરૂરી છે, તેટલા જ પ્રમાણમાં વિષયના દૃઢીકરણ માટે સંયોજન જરૂરી બને છે. સારા પાઠનું લક્ષણ જ એ કે પાઠની શરૂઆત, પાઠની રજૂઆત પૃથક્કરણની મદદથી થાય અને સંયોજન દ્વારા તેનો અંત આવે.

- **વિશેષ પરથી સામાન્ય પર :**

આ સૂત્ર 'મૂર્ત પરથી અમૂર્ત પર' ના સૂત્ર જેવું છે. આ સૂત્રને વધારે સ્પષ્ટ કરીએ તો વિશેષ તે મૂર્ત કહેવાય અને સામાન્ય તે અમૂર્ત કહેવાય. બાળકોને ગણિતમાં વધારે રસ પડે અને સરવાળા સારી રીતે કરી શકે તથા મૂળભૂત સંકલ્પનાઓ (Concepts) વધારે સ્પષ્ટ થાય તે માટે આ શિક્ષણના સૂત્રનો ઉપયોગ કરી શકાય. નફો-તોટો સમજાવતી વખતે વર્ગખંડમાં નોટો, પેન્સિલો, રબર, ફૂટપટ્ટીઓની ખરીદી કરવી અને દરેક વિદ્યાર્થીને તે વહેંચવાથી આ નફા-તોટાની સંકલ્પના સ્પષ્ટ થાય છે, તેમ જ વિદ્યાર્થીને નફા-તોટાનો ખ્યાલ સરળતાથી આવે છે.

- **સંપૂર્ણ પરથી વિભિન્ન અંગો પર :**

શિક્ષણના આ સૂત્ર પાછળ મનોવિજ્ઞાન કામ કરે છે. દરેક બાળકનું ધ્યાન સંપૂર્ણ પર જાય છે. બાળકના મન પર હંમેશાં વસ્તુની સંપૂર્ણ છાપ પડે છે. બાળક સંપૂર્ણ વસ્તુ જુએ છે અને પછી તેનું ધ્યાન વસ્તુના જુદા જુદા ભાગ પર જાય છે. ગણિતના નિયમોમાં, કવિતાના શિક્ષણમાં, ભૂમિતિના સિદ્ધાંતોમાં આ સૂત્રનો ઉપયોગ કરી શકાય છે : 'ફૂલ અને તેના ભાગો' આ એકમના અધ્યાપન વખતે શિક્ષકે આ જ સૂત્રને ધ્યાનમાં રાખવું પડશે. શિક્ષક ફૂલ પરથી ફૂલના જુદા જુદા ભાગોનું નિરીક્ષણ કરાવશે અને બાળકોને સંપૂર્ણ પરથી વિભિન્ન અંગોનો ખ્યાલ આપશે. મોડેલ્સ, ચાર્ટસ વગેરે દ્વારા જે શિક્ષણ કાર્ય કરવામાં આવે છે, તે પાછળ પણ આ જ સૂત્રની મહત્તા સ્પષ્ટપણે જણાય છે. ■

## દુનિયાના સૌથી ગરીબ રાષ્ટ્રપતિ

લેટિન અમેરિકાના એક નાનકડા દેશ ઉરૂગ્વેના ૭૭ વર્ષની ઉંમરના રાષ્ટ્રપતિ ખેસે મુજીકા દેશની રાજધાનીના ભવ્ય રાષ્ટ્રપતિ ભવનમાં રહેવાને બદલે પોતાના ખેતરમાં આવેલા સાદા ગામઠી ઘરમાં રહે છે. ઘરની બહાર કપડાં સુકાતાં જોઈ શકાય છે અને ઘરની આસપાસ ઝાડી-ઝાંખરાં પણ છે. એમના ખેતરમાં ફૂલોની ખેતી થાય છે. એમાં પોતે ટ્રેક્ટર ચલાવતા હોય એ પણ જોઈ શકાય. આગંતુકો - મુલાકાતીઓને આપવા માટે જાતે જ રસોડામાં જઈને મેટ નામનું વાનસ્પતિક પીણું લઈ આવે છે અને એ પણ તુંબા નામના ગામઠી પાત્રમાં. તેઓ શાકાહારી છે. તેઓ કદી ટાઈ પહેરતા નથી. એમના ઘર તરફનો રસ્તો પણ પાકો નથી. મૂડીમાં માત્ર ૧૮૦૦ ડોલર છે. એક જૂની ગાડી જે પોતે જ ચલાવે છે. જમીન, મકાન, ટ્રેક્ટર એમની પત્નીના નામે છે. તેઓ સંસદ સભ્ય પણ છે.

રાષ્ટ્રપતિ તરીકે મળતી માસિક આવક ૧૨૦૦૦ ડોલરમાંથી ૧૦% અંગત ખર્ચ માટે રાખીને ૯૦% રકમ ગરીબોના કલ્યાણ માટે વાપરે છે. એમની સલામતી ખાતર સાદા વેશમાં બે પોલીસવાળા બેઠા રહે છે. તેઓ સામાન્ય માણસની જેમ જ હરતાફરતા રહે છે. રજાઓમાં દરિયાકિનારાના શહેરમાં પરિવાર સાથે સાદા ભોજનાલયમાં જમતા હતા, તે દરમ્યાન એક યુવાન તેમને ઓળખી ગયો. તેણે આ ઘટનાને ફેસબુક પર મૂકી હતી. તે જોઈને લાખો લોકો આશ્ચર્ય પામ્યા હતા. પોતાના દેશના એક નાગરિકે નોંધ મૂકી કે : "આખી દુનિયામાં અમારો દેશ એકમાત્ર દેશ હશે જેનો રાષ્ટ્રપતિ પોતાની પત્ની સાથે સાવ સાદી હોટલમાં ભોજન લેતો હોય અને એ પણ કોઈ જાતની સુરક્ષા વગર."

નવેમ્બર ૨૦૧૪માં દુનિયાના સૌથી ગરીબ રાષ્ટ્રપતિના રૂપમાં એમના વ્યક્તિત્વની સારી એવી ચર્ચા ઊપડી હતી. આ ચર્ચાના સંદર્ભે એમણે પોતે રોમન તત્ત્વચિંતક સેનેકાને ટાંકતાં જણાવ્યું હતું કે 'એ માણસ ગરીબ નથી જેની પાસે ઓછી મિલકત છે પરંતુ જેને વધારે ને વધારે મેળવવાની, સંગ્રહ કરવાની લાલચ રહે છે એ જ મોટો ગરીબ છે.'

ઉરૂગ્વેના રાષ્ટ્રપતિ પોતે તો અત્યંત સાદાઈથી રહે જ છે પરંતુ આ સિદ્ધાંત મુજબ જીવવા માટેની શિખામણ દુનિયાના બીજા દેશોના નાગરિકોને પણ આપે છે. છેલ્લે મળેલી જલવાયુ પરિવર્તનની ચિંતન બેઠકમાં હાજર રહેલા પ્રતિનિધિઓને સંબોધતાં તેમણે કહ્યું કે 'શું આપણે ધનિક દેશોના લોકો જે ખર્ચાળ અને તદ્દન બેજવાબદાર રીતે કુદરતી સંસાધનોનો અક્ષમ્ય વેડફાટ કરી રહ્યા છે તેને જ આદર્શ માનીને જીવવાનું છે? જો લેટિન અમેરિકાના લોકો જર્મન પ્રજા પ્રમાણે મોટર ગાડીઓ વસાવે તો પછી પૃથ્વી પર પ્રાણવાયુ કેટલો બચે?'

ખેસે મુજીકાએ ક્યુબાની ક્રાંતિમાંથી પ્રેરણા લીધી છે. તેઓએ ૧૪ વર્ષ જેલમાં પણ વિતાવ્યાં હતાં. ૧૯૮૫ માં સત્તાપરિવર્તન થતાં જેલમાંથી મુક્ત થયા હતા.

શું આપણા દેશના નેતાઓ આમાંથી કોઈ બોધપાઠ લેશે?

*કિરણભાઈ ધોળકિયા*

વિભૂતિ વંદના

# કંઠીથી દીક્ષિત નહિ, પણ કંઠથી શિક્ષિત કરતા સદ્‌ગુરુ
# મોરારિબાપુ

• નીતિન વડગામા •

*સદ્‌ગુરુ ગ્યાન બિરાગ જોગ કે,*
*બિબુધ બૈદ ભવ ભીમ રોગ કે.*

પતંજલિ યોગ વિદ્યાપીઠ, હરિદ્વાર ખાતે યોજાયેલી પૂજ્ય મોરારિબાપુની રામકથા 'માનસ જોગ સૂત્ર' ની પ્રમુખ ચોપાઈની પ્રસ્તુત પંક્તિ સતત ગુંજ્યા કરે છે. જ્ઞાન, વૈરાગ્ય અને યોગની ત્રિવેણી વહેવડાવતા સદ્‌ગુરુનું માહાત્મ્ય 'રામ ચરિતમાનસ' માં અવાર નવાર થયું છે અને બાપુ થકી એનું સહજ-સરળ ભાષ્ય પણ થતું રહ્યું છે. સદ્‌ગુરુ ભગવાન ત્રિભુવનદાદા પાસેથી 'માનસ'ના પાઠ આત્મસાત્ કરીને, મોરારિબાપુ, 'માનસ' નો પ્રસાદ સમસ્ત વિશ્વને વહેંચતા રહ્યાં છે. 'કોઈ ભલે ગુરુને અનિવાર્ય ન માને, પણ મારે તો ગુરુસ્મૃતિ વિના એક ક્ષણ પણ નથી ચાલતું. હું ગુરુ વિના જીવી જ ન શકું. કોઈ પાઘડી મારો પીછો કરે છે. એવું આત્મનિવેદન કરતા મોરારિબાપુને મન ગુરુનો જબરો મહિમા છે, અને એટલે બાપુ પ્રસંગોપાત ગુરુનું મહિમાગાન પણ કરતા રહે છે.

આમ તો, 'હું કોઈનો ગુરુ નથી અને મારા કોઈ શિષ્યો નથી, મારા તો બધા શ્રોતાઓ છે' એમ કહીને, મોરારિબાપુ સ્વયં પોતાની જાતને ગુરુ કહેવડાવવાને બદલે રામકથાના ગાયક તરીકે વક્તા તરીકે જ વિશોષિત કરે છે. જોકે, એમ છતાંય વિશ્વભરના ભક્તો-ભાવિકો અને કથાના શ્રોતાઓ બાપુને ગુરુપદે સ્થાપીને પોતાનો પૂજ્યભાવ પ્રગટ કરે છે એ પણ હકીકત છે. બાપુ લાખ્ખો ભક્તોની શ્રદ્ધાનું ભાજન બન્યા છે અને એ બધા જ ભક્તો સહજભાવે જ બાપુનું શિષ્યત્વ સ્વીકારે છે એ સર્વવિદિત છે. સ્વાભાવિક જ સવાલ થાય કે, બાપુના વ્યક્તિત્વમાં એવું તે શું છે જે એમને 'સદ્‌ગુરુ'નો દરજ્જો અપાવે છે અને જેને કારણે લાખો લોકો બાપુનાં ચરણમાં માથું નમાવે છે? અલબત્ત, આ સવાલનો ઉત્તર આપતી વેળાએ 'અંધ હસ્તિ-ન્યાય' જેવો ઘાટ થવાનો પૂરો સંભવ છે અને એવી ભીતિ સાથે જ કલમ ચાલી રહી છે.

મોરારિબાપુ જેનો મબલક મહિમા કરે છે એ તત્વો છે સત્ય, પ્રેમ અને કરુણા. રૂપકાત્મક રીતે કહેવું હોય તો કહી શકાય કે, મોરારિબાપુ સ્વયં સત્ય, પ્રેમ અને કરુણાનું બીલીપત્ર છે. બાપુનાં વિચાર, વાણી અને વ્યવહારમાં સત્યનું બળ, પ્રેમનું તળ અને કરૂણાનું જળ છે. બાપુના સત્યના તેજ સામે અસત્‌નો ઓછાયો આપોઆપ જ આટોપાય છે, બાપુની પ્રેમની વહેતી ગંગામાં વેરનો અગ્નિ આપમેળે જ શમી જાય છે અને બાપુની કરુણાની સરવાણીથી કાળમિંઢ પથ્થરો પણ ભીંજાય છે.

મોરારિબાપુને કરુણામૂર્તિ બુદ્ધ પ્રત્યે વિશેષ લગાવ છે. તલગાજરડાના ચિત્રકૂટધામમાં બિરાજતા હનુમાનજીમાં બુદ્ધના દર્શન કરતા બાપુ કહે છે પણ ખરા કે, 'મારા એ હનુમાન યુદ્ધરૂપ નથી, પણ બુદ્ધરૂપ છે. હનુમાનની યુદ્ધની ડ્યુટી તો ત્રેતાયુગમાં પૂરી થઈ ગઈ છે!' યુદ્ધ કે શસ્ત્રનો વિરોધ અને સંવાદની સ્થાપના એ બાપુના જીવનનો સ્થાયીભાવ છે. અન્યથી પોતાના જ ગામના રામજી મંદિરમાં જેની પ્રાણપ્રતિષ્ઠા થઈ છે એવા ભગવાન રામના હાથમાંથી શસ્ત્રો ઉતારી લેવાનું સાત્વિક સાહસ થઈ શકે ખરું? યાદ રહે કે, આ કશું જ કશા દેખાડા ખાતર નથી થતું, બલ્કે આંતરિક અનિવાર્યતામાંથી થાય છે કે પછી વિચારની સાથે વ્યવહારની એકરૂપતાને પરિણામે જ એ શક્ય બને છે.

મોરારિબાપુમાં આચાર, વિચાર અને ઉચ્ચારની એકતા છે. એમ કહીએ કે, બાપુમાં વાણી, વિચાર અને વ્યવહારનું સંપૂર્ણ સાયુજ્ય છે. બાપુ કશું જ કહેવા ખાતર નથી કહેતા કે પછી ઠાવકો ઉપદેશ જ નથી આપતા, પરંતુ જે કંઈ કહે છે એ કરી બતાવે છે. એમના ઉચ્ચરણ અને આચરણમાં એકવાક્યતા છે. સર્વધર્મ સમભાવનો સંદેશ આપતા મોરારિબાપુ ગીતા, ભાગવત કે રામાયણની માફક કુરઆન કે બાઈબલને પણ એટલો જ આદર આપે છે. ગંગા જળની જેમ જ બાપુ ઝમઝમનાં જળને માથે ચડાવે છે અને હજયાત્રાની પ્રસાદી રૂપે શ્રી મહેબૂબભાઈ દેસાઈએ આપેલા ઝમઝમનાં જળમાં રોટલો બનાવીને આરોગે છે અને ફૂલના બદલામાં ગાજરો મળે એમ, બાપુને પણ સામે પક્ષેથી પ્રેમનો એવો જ બુલંદ પડઘો પડે છે. નજીકના ભૂતકાળનો જ દાખલો આપું. સાયલામાં યોજાયેલી રામકથા દરમિયાન મુસ્લિમ સમાજના ભાઈઓએ જાતે બનાવેલી 'રામનામ' લખેલી હનુમાનજીની ગદા બાપુને અર્પણ કરી અને બાપુએ પણ ધાર્મિક પ્રતિભાવ પાઠવતા કહ્યું કે, 'મુસ્લિમ ભાઈઓએ મને 'હનુમાન' આવ્યા છે, તો હું મુસ્લિમ બિરાદરોને 'રહેમાન' આપું છું.' બાપુએ સૌનો સહર્ષ અને સાદર સ્વીકાર કર્યાના આવા તો સંખ્યાબંધ પ્રસંગ છે અને એ સઘળા પ્રસંગો બાપુની પેલી વાત ચરિતાર્થ છે કે, 'મારી વ્યાસપીઠનું કામ કોઈને સુધારવાનું નથી, પણ સૌને સ્વીકારવાનું છે.'

મોરારિબાપુની દૃઢ માન્યતા છે કે, પરંપરા પ્રવાહી હોવી જોઈએ અને શાસ્ત્રગ્રંથોમાં પણ સંશોધનને અવકાશ હોવો જોઈએ.

મતલબ કે, જડતામાં નહિ પરંતુ પરિવર્તનશીલતામાં બાપુ માને છે. સાંપ્રત સમયમાં સદ્‌ગુરુની ભૂમિકાના સંદર્ભમાં બાપુએ કરેલી આ ઉદ્‌ઘોષણા અધ્યાત્મ જગતના સૌ સંતો-મહંતોએ અંકે કરવા જેવી છે કે, 'શિષ્યને સ્વતંત્રતા દેવાની તૈયારી હોય એ જ એકવીસમી સદીમાં સદ્‌ગુરુ બની શકે.' બાપુ ભારપૂર્વક કહે છે કે, સદ્‌ગુરુની વાતમાં શિષ્યને પોતાની રીતે વિચારવાનું સ્વાતંત્ર્ય હોવું જોઈએ. બાપુને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જાણતા લોકો એ વાતને અવશ્ય સમર્થન આપશે કે, બાપુ કોઈ પણ પ્રકારની સંકીર્ણતાના વિરોધી છે. બાપુ સ્વયં સાંકડી સીમામાં બંધાતા નથી, તેમ પોતાના ભક્તોને બાંધતા પણ નથી. કોઈ પંથના પિંજરમાં પૂરીને પરવશ કરવાને બદલે બાપુ તો જાણે કે સૌ કોઈને પાંખ આપીને, વિચારના મુક્ત ગગનમાં ઉડ્ડયન કરવાની મોકળાશ આપવામાં જ માને છે.

એ તો જગજાહેર છે કે મોરારિબાપુ ગુરુદક્ષિણા પેટે કોઈ પાસેથી કશું જ સ્વીકારતા નથી. પણ હા, પોતાની કથાના શ્રોતાઓને કથા શ્રવણને અંતે ગુરુદક્ષિણાના રૂપમાં વહેમ અને અંધશ્રદ્ધાની આહુતિ આપવાનું અવશ્ય કહે છે. શ્રોતાઓને દોરા-ધાગાથી દૂર રહેવાની, વ્યસનોથી મુક્ત થવાની કે વૃક્ષો નહિ કાપવાની અને પર્યાવરણનું જતન કરવાની અપીલ પણ કરે છે અને એમ, બાપુ કેવળ કથાકાર બની રહેવાને બદલે સદ્‌ગુરુ તરીકેનો સાચો ધર્મ પણ બજાવે છે. એમ કહીએ કે, મોરારિબાપુ કોઈને કંઠીથી દીક્ષિત કરવામાં નહિ પણ પોતાના કંઠથી સમાજને શિક્ષિત કરવામાં જ પોતાનો કર્તવ્ય ધર્મ સમજતા સદ્‌ગુરુ છે. આવા સદ્‌ગુરુને માથું નમે નહિ તો જ નવાઈ! અનેક શિષ્યો - શ્રોતાઓ કે ભક્તોની પ્રતીતિને મળેલી આ કાવ્યત્મક અભિવ્યક્તિ સાથે, ગુરુપૂર્ણિમાના રૂડા અવસરે પૂજ્ય બાપુનાં ચરણોમાં વંદન-

*આયખું અભરે ભરે છે, એટલે માથું નમે છે*
*રોજ ઝીણું ઝરમરે છે, એટલે માથું નમે છે*
*આમ બારેમાસ આ અંદર વરસતું વાદળુંયે*
*જીવતર ભીનું કરે છે, એટલે માથું નમે છે*
*જાતમાંથી નીકળી આખા જગતને બાથ ભીડી*
*પંડને પણ પરહરે છે, એટલે માથું નમે છે*
*ક્યાંય ખુદ માટે નથી લાંબો થયો એ હાથ પાછો*
*કોઈ કાજે કરગરે છે, એટલે માથું નમે છે*
*વ્હેંચવાનો વ્હાલ આખા વિશ્વમાં જાણે પળેપળ*
*વાયુ થઈને વિહરે છે, એટલે માથું નમે છે*
*સાવ સાદા દેહમાં વ્હેતો સભર એ શ્વાસ અંતે*
*રોમરોમે વિસ્તરે છે, એટલે માથું નમે છે*
*હાથ સાથોસાથ હૈયાના અગોચર કોઈ ખૂણે*
*રાત-દિ' માળા ફરે છે, એટલે માથું નમે છે.*

## માતૃભાષામાં શિક્ષણ પ્રતિબદ્ધતા

આજના સમયમાં બાળકને કયા માધ્યમમાં ભણવા મૂકવું તે એક કપરો નિર્ણય બની ગયો છે, જેમાં મતમતાંતરો પ્રવર્તે છે. ગુજરાતી માધ્યમની શાળાઓ ઘટતી જાય છે અને અંગ્રેજી માધ્યમની શાળાઓનો વ્યાપ માત્ર સમૃદ્ધ વિસ્તારોમાં જ નહિ, પરંતુ શ્રમજીવી વિસ્તારોમાં પણ વધતો જાય છે. આ પ્રકારના વાતાવરણમાં વિશ્વના બીજા સમાજ સાથે તુલના કરતો એક રસપ્રદ કિસ્સો રજૂ કરવાનું મન થાય છે.

કોમ્પ્યુટર સોફ્ટવેર ક્ષેત્રે કાર્યરત એક નવયુવાન તમિળ પરિવારની બદલી કંપની દ્વારા થોડાં વર્ષો માટે જર્મની થાય છે. તેઓ પોતાની બાળકીના પ્રવેશ માટે જ્યારે જર્મનીના એક નગરની શાળાનો સંપર્ક કરે છે ત્યારે શાળાના સંચાલકો તેમને બાળકીની રાષ્ટ્રીયતા તથા માતૃભાષા માટે પૃચ્છા કરે છે. જ્યારે તેઓને માતૃભાષા તમિળ છે તેમ ખબર પડે છે ત્યારે વિચારમાં પડી જાય છે અને થોડાં અઠવાડિયાં થોભી જવા વિનંતી કરે છે.

થોડાં અઠવાડિયાં બાદ તેઓ નિરાશા સાથે જણાવે છે કે તેમની શાળામાં તમિળભાષી કોઈ શિક્ષક ન હોવાથી તેમણે વર્તમાનપત્રમાં જાહેરાત આપી હતી અને તે માટે થોડાં અઠવાડિયાં થોભવા જણાવ્યું હતું. પરંતુ આસપાસના વિસ્તારમાં વસતા હોય અને તમિળ જાણતા હોય તેવા કોઈ શિક્ષક તેમને મળતા જ નથી! નવયુવાન દંપતી આશ્ચર્ય સાથે જણાવે છે કે તમિળ શિક્ષકની વળી શી જરૂર છે! તમે અંગ્રેજી કે જર્મનમાં ન ભણાવી શકો?

આવો સવાલ સાંભળીને સંચાલકોએ ચકિત થઈને કહ્યું કે એ કઈ રીતે શક્ય બને? જ્યારે બાળકની માતૃભાષા તમિળ છે ત્યારે પ્રાથમિક શિક્ષણ તો તમિળમાં જ આપવું પડે ને? એક શાળા તરીકે અમે મૂલ્યો સાથે આ પ્રકારનું સમાધાન કેવી રીતે કરી શકીએ? વધુમાં સંચાલકોએ જણાવ્યું કે સાથોસાથ અમારી શાળામાં પ્રવેશ માટે આવેલ કોઈ બાળકને અમે ના પાડવા પણ માગતા નથી.

થોડા વિચાર બાદ શાળાના આચાર્ય બાળકીની માતાને પૂછે છે કે તમે શું ભણેલાં છો? તમે અમારી શાળામાં શિક્ષક તરીકે જોડાઈ શકો? અમે જર્મન સરકારનાં ધારાધોરણો પ્રમાણે તમને પગાર આપીશું? આ વિકલ્પથી આપની બાળકી અમારી શાળામાં ભણી શકશે અને તે પણ તમિળ ભાષામાં!

એક નજીકના મિત્ર પાસેથી સાંભળેલા આ પ્રસંગમાં માતૃભાષા પ્રત્યેની લાગણી, શાળાના સંચાલકોની સૌજન્યતા, બાળકના ભણવાના અને તે પણ માતૃભાષામાં ભણવાના હક્ક અંગેની જાગૃતિ વગેરે ઘણાં પાસાં પડેલાં છે. વળી, આ પ્રસંગ એ રાષ્ટ્રમાંથી આવે છે કે જે વૈજ્ઞાનિક પ્રગતિ તથા ટેકનોલોજીમાં વિશ્વમાં અગ્રેસર છે.

શિક્ષણના માધ્યમ માટેની ચર્ચાઓમાં જ્યારે વૈશ્વિકીકરણને વારંવાર ટાંકવામાં આવતું હોય ત્યારે વિશ્વનાં અન્ય રાષ્ટ્રો આ બાબતમાં શું નીતિ તથા વલણો ધરાવે છે તે ધ્યાન પર લેવું ખૂબ જરૂરી છે.

**– આકાશ આચાર્ય**

# ડૉ. ઝાકીર હુસૈન ભારતરત્ન

• ડૉ. પી. જે. ડોડિયાર •

ભારતમાં રીતસર શિક્ષણના જ વ્યવસાય સાથે સંકળાયેલા શિક્ષણના ચિંતકોમાં ડૉ. રાધાકૃષ્ણન્ પછી બીજું નામ ડૉ. ઝાકીર હુસેનનું આવે. ખૂબ જ નમ્ર વ્યક્તિત્વ, સંવેદનશીલ અને ભાવનાશાળી એવા ડૉ. ઝાકીર હુસેને દીર્ઘકાળ સુધી ભારતમા એક ધબકતા શિક્ષણકાર તરીકે સેવાઓ આપી.

'શિક્ષણમાં રાજકારણે પ્રવેશ કરવો જોઈએ નહિ પણ રાજકારણમાં શિક્ષણે પ્રવેશ કરવો જોઈએ.' એવું સૂચન કરનારા શિક્ષકમાંથી રાષ્ટ્રપતિ બન્યા પછી તેઓ શિક્ષક મટ્યા નહોતા. ડૉ. ઝાકીર હુસેનનો જન્મ ૮ ફેબ્રુઆરી, ૧૮૯૭ના રોજ હૈદ્રાબાદમાં થયો હતો. ઈ.સ. ૧૯૪૮માં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના કુદપતિ પદે તેમની નિર્યુક્તિ થઈ. ઈ.સ. ૧૯૩૭માં મહાત્મા ગાંધીજીએ તેમને નેશનલ કમિટી ઓફ બેઝિક એજ્યુકેશનનું પ્રમુખપદ સોપ્યું. જે 'ડૉ. ઝાકીર હુસેન કમિટી' ના નામથી શિક્ષણના ઇતિહાસમાં નોંધપાત્ર બની. ઈ.સ. ૧૯૫૭માં બિહારના રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવી. ઈ.સ. ૧૯૬૨માં દ્વિતીય ઉપરાષ્ટ્રપતિ તરીકે રાધાકૃષ્ણનના અનુગામી બન્યા અને ઈ.સ. ૧૯૬૭માં રાષ્ટ્રપતિ બન્યા. આવા હોદ્દા અને જવાબદારીઓ હોવા છતાં શિક્ષણમાંના રસને ક્યારેય ઓછો થવ દીધો ન હતો.

ડૉ. ઝાકીર હુસેને શિક્ષણશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષય પરના અંગ્રેજી, ઉર્દુ અને હિન્દીમાં પુસ્તકો લખ્યાં. પ્લેટોના પ્રસિદ્ધ પુસ્તક રિપબ્લિકનો ઉર્દુમાં અનુવાદ કર્યો. તેમણે બાળકોને ધ્યાનમાં રાખી બાળ વાર્તાઓ લખી છે. જેમાં 'અબ્બુખાંકી બકરી' વાર્તામાં વાર્તાકાર તરીકેની તેમની પ્રતિભા સોળેકલાએ ખીલી ઊઠી છે. ઈ.સ. ૧૯૫૪માં પદ્મભૂષણ, ઈ.સ. ૧૯૬૩માં ભારતરત્નના સર્વોચ્ચ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ ઉચ્ચ વર્ગો અને પ્રાથમિક વર્ગોમાં શિક્ષણકાર્ય કરતા હતા. તેમનામાં કર્તવ્યનિષ્ઠા ગજબની હતી. પોતાના બાળકના જેટલું જ મહત્ત્વ વિદ્યાર્થીઓને આપતા હતા.

ડૉ. ઝાકીર હુસેનનો શિક્ષક તરીકેના કર્તવ્યનિષ્ઠાનો એક પ્રેરક પ્રસંગ છે. ઘણા વર્ષો પહેલાંની, દિલ્હીની એક શાળાની વાત છે. શાળાના પ્રાથમિક વિભાગનો એક વાર્ષિક દિન હતો. આ વાર્ષિક દિનમાં શિક્ષણ અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં પ્રથમ આવનારને ઈનામ આપવાના હતા. તેથી વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર હતા. શાળાનો હોલ ખૂબ જ સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. રંગબેરંગી ફુગ્ગા અને તોરણોથી હોલ ખૂબ જ મનોહર લાગતો હતો. વિદ્યાર્થીઓ કિલબિલાટ કરી રહ્યા હતા.

સમય થતાં વ્યાસપીઠ પર શાળાના આચાર્ય, શિક્ષકો તથા મુખ્ય મહેમાનો બિરાજમાન થયા. વિદ્યાર્થીઓ શાંત થયા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ, ભાષણો થયા. ભાષણો બાદ ઈનામ વિતરણની શરૂઆત થતાં સભાગૃહમાં કિલબિલાટ શરૂ થયો. આચાર્યશ્રી ખૂબ જ શાંતિથી બેઠા હતા. તેઓ પ્રમુખપદે હતા. જે વિદ્યાર્થીનું નામ બોલાય તે સ્ટેજ પર આવી ઈનામ લઈ જતા હતા. તાળીઓના ગડગડાટ અને બાળકોના કિલબિલાટથી સભાખંડની દીવાલો જીવંત બની ગઈ હતી. આખું વાતાવરણ પુલકિત બની ગયું હતું. આનંદની છોળો ઊડી રહી હતી.

એટલામાં જ આચાર્યના કુટુંબનો એક સભ્ય ઉતાવળે ઉતાવળે આવ્યો અને સ્ટેજ પર ચઢી આચાર્યના કાનમાં કંઈક કહ્યું અને એ સાંભળી આચાર્યના ચહેરા પરના ભાવ કંઈક બદલાયા. તેઓ નિરાશ થઈ ગયા. તેમની બાજુમાં બેઠેલા એક શિક્ષકને આગંતુક સાથે જવાનું કહ્યું પછી ફરી તે આનંદિત બની ગયા અને આગળ કાર્યક્રમ શરૂ કર્યો. થોડીકવાર પછી પેલા કુટુંબીભાઈ ફરી ઝડપથી આવ્યા. સ્ટેજ પર ચઢીને આચાર્યના કાનમાં કંઈક કહ્યું અને સાંભળતા જ આચાર્યશ્રીના ચહેરા પરના ભાવ બદલાઈ ગયા. તેઓ નરમ પડી ગયા, મુખમુદ્રા બદલાઈ ગઈ. આવું વર્તન જોતા સભાખંડમાં શાંતિ છવાઈ ગઈ. શું થયું હશે? તેવું વિચારીને વિદ્યાર્થીઓ પણ નિરાશ થઈ ગયા.

આચાર્યશ્રીને થયું કે વિદ્યાર્થીઓનો આનંદ નાશ પામશે તેમ માની ફરી પોતે પ્રફુલ્લિત બની ગયા અને ઈનામ વિતરણના કાર્યક્રમમાં જોડાઈ ગયા. કાર્યક્રમ પૂરો થતાં જેમને ઈનામ મળ્યું છે તેમને અભિનંદન અને જેમને ઈનામ મળ્યું નથી તેમને મહેનત કરીને તેમને યશસ્વી કારકિર્દી ઘડવાની સુંદર શીખ આપીને તુરત જ હોલ છોડી ચાલ્યા ગયા.

ઘરે ઘણી જ ગમગીન અને દુઃખદ ઘટના બની હતી. પ્રથમ જ્યારે સંદેશો મળ્યો ત્યારે તેમની લાડલી અને અતિ પ્યારી પાંચ વર્ષની રેહાનાને નડેલા અકસ્માતના સમાચાર હતા. જ્યારે બીજો સંદેશો મળ્યો ત્યારે તેના અવસાનના સમાચાર હતા. ખરેખર પિતા માટે આનાથી કયો કારમો આઘાત હોઈ શકે? આમ છતાં તેઓ વિદ્યાર્થીઓના આનંદના રંગમાં ભંગ પાડવા ઈચ્છતા ન હતા, તો આવા આઘાતને સહન કરનાર વજ્રથી પણ કઠોર અને ફૂલથી પણ કોમળ એવા ઉમદા વિદ્વાન કેળવણીકાર ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસેન હતા. ■

સંસ્મરણ

# ગડમથલ

• ડૉ. આઈ.કે. વીજળીવાલા •

૧૯૯૦નું વરસ. જૂન મહિનાના શરૂઆતના દિવસો હતા.

અમારી કિલ્લોલ નામની બાળકોની હોસ્પિટલ શરૂ કર્યાને હજુ બે મહિના જેવો સમય થયો હતો. નવું નવું દવાખાનું હોવાને કારણે દર્દીઓ હજુ ઓછા આવતાં હતા. એ વખતે મારો સાંજની ઓપીડીનો સમય ૫ વાગ્યાથી ૯ વાગ્યા સુધીનો હતો. એ દિવસે હજુ સાંજના સાડા સાત વાગ્યા હતા, છતાં ઓપીડીમાં કોઈ જ નહોતું. થોડા ઘણા દર્દીઓ આવેલા એ બધાનો વારો આવી ગયો હતો, એટલે જતા રહેલા હતા. છેલ્લા આઠેક દિવસથી ઈન્ડોર વિભાગ પણ સાવ ખાલી પડેલો હતો. સમ ખાવા પૂરતું એકાદ દર્દી પણ દાખલ નહોતું થયું.

દવાખાના કે પ્રાઈવેટ પ્રેક્ટિસની શરૂઆતના આવા સમયગાળાને અંગ્રેજીમાં 'Waiting Period' કહે છે. અને આ વેઈટિંગ પિરિયડ ખૂબ જ વસમો લાગતો હોય છે. એમાંય ખાસ કરીને મારા જેવાને, જેણે હોસ્પિટલ સહિતની દરેક વસ્તુ લોન પર વસાવી હોય એના માટે તો આ દિવસો વસમા જ નહીં, પરંતુ દોહ્યલા પુરવાર થતા હોય છે.

સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રમાંથી લોન લઈને હોસ્પિટલનું બિલ્ડિંગ, ફર્નિચર, સાધનો એમ બધી વસ્તુઓ મેં વસાવેલી. દર મહિને તોતિંગ રકમનો હપ્તો આવીને ઊભો રહેતો. અધૂરામાં પૂરું, એ જ વરસથી આપણા દેશની આર્થિક પરિસ્થિતિ પણ ડામાડોળ થવાની શરૂઆત થયેલી, એટલે બેંકોએ ધિરાણ પરના વ્યાજદર પણ ખૂબજ વધારી દીધેલા. મારા કુટુંબનું આર્થિક બ્રેકગ્રાઉન્ડ તો સાવ નબળું, એટલે મારે તો હપ્તા પણ હું જે કમાઉં તેમાંથી જ ભરવાના હતા. બીજા શબ્દોમાં કહીએ તો હપ્તા ભરવા જેટલું પણ મારે જ કમાવાનું હતું. આ બધા વિચારો મગજમાં દોડધામ મચાવી રહ્યા હતા. કામ પતી ગયું હતું એટલે ઘરે જતા રહેવાનો વિચાર આવતો હતો, પરંતુ સમય ૯ વાગ્યા સુધીનો લખેલો હતો એટલે ઘરે જવાનો જીવ પણ નહોતો ચાલતો.

આઠ વાગવામાં પાંચેક મિનિટની વાર હતી. એ વખતે જ વેઈટિંગ રૂમમાં થોડો કોલાહલ સંભળાયો. અવાજો પરથી લાગતું હતું કે નવું દર્દી આવ્યું હશે. અવાજો પરથી હું વધારે કંઈ અંદાજ લગાવું એ પહેલાં મારા માણસે અંદર આવી એક નવું દર્દી આવ્યાની જાણ કરી. દર્દીને અંદર મોકલવાનો ઈશારો કરી મેં ટેબલ પર મૂકેલું સ્ટેથોસ્કોપ ગળામાં ટીંગાડ્યું. એ જ વખતે દસેક મહિનાના બાળકને લઈને એક દંપતિ મારી ઓફિસમાં આવ્યું.

'શું થયું છે બાળકને?' એ લોકોને બેસાડીને મેં પૂછવાની શરૂઆત કરી.

'ઝાડા-ઊલટી થઈ ગયાં છે.' બાળકની માતાએ જવાબ આપ્યો.

'કેમ? બોટલથી દૂધ પીવડાવો છો કે પછી ઉકાળ્યા વિનાનું પાણી આપો છો? કે પછી ઘસારો કે એવું કંઈ પીવડાવો છો?' મેં ઝાડાના સંભવિત કારણ સુધી પહોંચવાના પ્રયાસ સાથે પૂછ્યું.

'ના સાહેબ, બાટલીથી દૂધ તો ક્યારેય નથી આપતાં. ઝાઝો તો એ ધાવણથી જ ધરાઈ રહે છે. ઉપરનું તો ખૂબ જ ઓછું આપીએ છીએ. હા, પાણી ઉકાળતા નથી એટલે કદાચ હોય!' બાળકની માતાએ વિચાર કરીને કહ્યું.

'કેટલા ઝાડા-કેટલી ઊલટી થઈ છે? આજે જ રોગની શરૂઆત થઈ છે?' મેં રોગ અંગે જરૂરી વિગત નોંધતાં પૂછ્યું.

'બે દિવસથી જ એ માંદો પડ્યો છે. ગઈ કાલે એક ઊલટી થઈ હતી અને આ બે દિવસમાં ત્રણથી ચાર જેટલા પાતળા ઝાડા થયા છે. અમે તો તમારી પાસે આવવાના પણ નહોતા, પરંતુ ફલાણા ડૉક્ટરસાહેબે કહ્યું કે આને બાટલો ચડાવવાની જરૂરી છે, એટલે એમની ચિઠ્ઠી લઈને તમારી પાસે આવ્યા છીએ. હવે આને દાખલ કરીને બાટલો ચડાવી દો!'

'હમ...મ...મ...મ...!' હું આખી વાત સમજી ગયો.

એ વખતે, એટલે કે આજથી વીસેક વરસ પહેલાં પ્રાઈવેટ પ્રેક્ટિસમાં અમુક જુદા પ્રકારના વ્યવહારો ચાલતા. મોટા ભાગના દર્દીઓ જનરલ પ્રેક્ટિશનર દ્વારા જ કન્સલ્ટન્ટ પાસે મોકલાતા. એ વખતે જો જનરલ પ્રેક્ટિશનર એમ લખે કે - આ દર્દીને દાખલ કરવાનું છે - એને દાખલ કરવાનું, અને જો એમ લખ્યું હોય કે આને બાટલો ચડાવી દેવાનો - એને બાટલો ચડાવી ઘરે મોકલવાનું! મોટાભાગના આવા રીફર થઈને આવેલા દર્દીઓના કિસ્સામાં, કન્સલ્ટન્ટ ડોક્ટરે દર્દીને મોકલનાર જનરલ પ્રેક્ટિશનરે જેવી રીતે સારવાર કરવાનું લખીને મોકલ્યું હોય, એમ જ કરવાનું, એવો એક શિરસ્તો - વણલખ્યો નિયમ હતો. મારા પરની ચિઠ્ઠીમાં પણ જે તે ડોક્ટરે આ બાળકને દાખલ કરી, બાટલો ચડાવી દેશો - એમ લખેલું હતું. એનો અર્થ કે મારે બાળકને બાટલો ચડાવી દેવાનો તેમ જ એકાદ દિવસ દાખલ પણ કરી દેવાનું હતું.

આમ તો વરસોથી હું આ પ્રથાની વિરુદ્ધ હતો. દર્દીને દાખલ કરવું, બાટલો ચડાવવો કે પછી ન ચડાવવો એ મારે નક્કી કરવાનું હોય. કોઈક લખી આપે કે આને બાટલો ચડાવી આપજો. તો પણ જો મને જરૂર ન લાગે તો મારે શું કામ બાળકને બાટલો ચડાવવો જોઈએ? એટલે હું આવી બધી પ્રેક્ટિસથી અને ચિઠ્ઠીઓથી દૂર જ

રહેતો, પરંતુ આજે કોણ જાણે કેમ મેં એ ચિઠ્ઠી વાંચીને ફેંકી ન દીધી.

બાળકને મેં ધ્યાનથી તપાસ્યું. એના શરીરમાં ડિહાઈડ્રેશનના લક્ષણો તો હતાં જ, પરંતુ એને દાખલ કરવું જ પડે એવી એકદમ તાત્કાલિક જરૂર તો નહોતી જ. મોઢેથી જીવનરક્ષક જળ આપીને સરખું કરી શકાય એવી આછી પાતળી શક્યતા પણ હતી જ. દર્દીને મોકલનાર પેલા ડોક્ટરસાહેબે ખોટી ચિઠ્ઠી તો નહોતી જ લખી, પરંતુ થોડીક રાહ જોઈ શકાય એવી શક્યતા પણ દેખાતી જ હતી.

મેડિકલ સાયન્સના નિયમ મુજબ પણ જો મોઢેથી જીવનરક્ષક જળ આપવાથી બાળકને સારું થઈ જાય એવું લાગે, તો એને દાખલ કરતાં પહેલાં એની એક ટ્રાયલ આપવી જોઈએ. અમુક પ્રમાણથી વધારે પાણી એના શરીરમાંથી ખૂટી ગયું હોય તો જ એને દાખલ કરવાનું તેમ જ એને બાટલો ચડાવવાનો હોય છે.

મેં ફરીથી બાળકને તપાસ્યું. બાળકના શરીરમાંથી પાણી તો ખૂટ્યું જ હતું, પરંતુ શુદ્ધ કાઠિયાવાડી ભાષામાં કહીએ તો એ દાખલ થવા - ન થવાના ત્રિભેટે ઊભેલું હતું. એને દાખલ કરીએ તો પણ જરાય ખોટું નહોતું. છતાં સામાન્ય સંજોગોમાં મારા નિયમ મુજબ આવા બાળકમાં હું જીવનરક્ષક જળ આપીને રાહ જોવાનું વધારે પસંદ કરું. મારા મનમાંથી એ જ અવાજ ઊઠ્યો કે આ બાળકને દાખલ ન જ કરાય. રાહ જોવી જોઈએ!

પરંતુ જિંદગીમાં કદાચ પ્રથમ વખત જ એક બીજો બોદો અવાજ પણ સામે જ ઊઠ્યો કે, "બાળકને દાખલ કરવો જ જોઈએ. જો નૈતિક રીતે કંઈ જ ખોટું નથી થઈ રહ્યું. તો પછી એને દાખલ કરવામાં શો વાંધો છે? એના ધબકારા વધારે ઝડપે ચાલે છે, આંખમાં થોડા ખાડા પડી ગયા છે, ચામડી પણ સુકાઈ છે તો પછી એને બાટલાથી ઝડપી સારું થઈ શકે. આમેય પહેલી તારીખ અને બેંકનો હપ્તો ભરવાનો સમય બંને નજીક આવતા જ જાય છે! સ્ટાફનો પગાર અને બેંક હપ્તાની સુવિધા બંને ઊભા કરવાના જ છે! આઠ-આઠ દિવસથી એક પણ દર્દી દાખલ થયું નથી. એ બધું પણ જોવાનું ને?'

મારા મનના બોદા અવાજ સામે હંમેશાં મજબૂત રહેલો મારો એક સ્ટ્રોંગ અવાજ જાણે કે ધરબાઈ જ ગયો અને મારાથી બોલાઈ ગયું, 'બાળકને દાખલ કરવું પડશે!'

'હા સાહેબ! એટલા માટે તો આવ્યાં છીએ! ફલાણા ડોક્ટરસાહેબે કહ્યું કે આને દાખલ કરવું પડશે પછી અમારે બીજું કાંઈ વિચારવાનું હોય જ નહીં. એ સાહેબ જે કહે એ અમારા માટે તો બ્રહ્મવાક્ય સમાન જ હોય!' દર્દીના સગાંએ કહ્યું. એ લોકો તો મનથી દાખલ થવા માટે તૈયાર થઈને જ આવ્યાં હતાં.

'આટલી દવાઓ અને સોય વગેરે લેતા આવો, એટલે આપણે એને બાટલો ચડાવી દઈએ.' દર્દીના સગાને મેં દવાનું લિસ્ટ આપતાં કહ્યું. અમારા આયાબહેનને એ બાળક માટે એક ખાટલો તૈયાર કરવાની સૂચના આપી. દવાઓ આવી જાય ત્યાં સુધી બાળકને બહાર બેસાડવાનું કહ્યું. બાળકને લઈને એની માતા તેમ જ અન્ય સગાંઓ વેઈટિંગરૂમમાં બેઠાં. એકાદ જણ મેં લખેલ દવા લેવા માટે ગયું.

હું ફરીથી એકલો પડ્યો. મારું મન જાણે આ ક્ષણની રાહ જોઈ રહ્યું હોય તેમ મને વિનવવા માંડ્યું. આજ સુધી મેં કોઈ પણ દર્દીને ખોટી રીતે દાખલ નહોતું કર્યું કે બાટલો નહોતો ચડાવ્યો. અરે, આ બધી વાતોથી દૂર રહેવા માટે તો મેં સરકારી તેમ જ ટ્રસ્ટની નોકરી છોડી હતી. કોઈ પણ દર્દીને જરા પણ નુકસાન મારાથી ન થઈ જાય એટલા માટે તો દવાની કંપનીઓના ભલભલાં પ્રલોભનોને દૂર હડસેલ્યાં હતાં. કોઈ પણ જાતના કમિશનથી મારી જાતને જોજન છેટી રાખી હતી અને એ મારો સિદ્ધાંત હતો, પરંતુ આજે હું મારા મનને જાણે કે અવગણી રહ્યો હતો. વેઇટિંગ પિરિયડની વિષમતા મને ડગાવી રહી હતી. જો કે દર્દીનાં લક્ષણો જોતાં હું કંઈક ખોટું નહોતું કરી રહ્યો, પરંતુ એને એક ટ્રાયલ આપવાની આછીપાતળી શક્યતા પર હું વિચારતો નહોતો એની સામે મારા મનને વાંધો હતો. હું ખોટો નહોતો છતાં મનમાં એક ખટકો તો શરૂ થઈ જ ગયો હતો.

'લો, સાહેબ! આ દવાઓ, તમે મંગાવેલી સોય અને બાટલો!' દર્દીના સગાંએ મેં મંગાવેલી બધી વસ્તુઓ મારા ટેબલ પર મૂકતાં કહ્યું.

'બાળકને અંદર લઈ લો. આપણે એને સોય મૂકી દઈએ.' કહેતાં હું ઊભો થયો.

'રહેવા દે! હજુ કહું છું એ બાળકને દાખલ કરવાનું રહેવા દે! એક ટ્રાયલ એને મોઢેથી દવાની અને જીવનરક્ષક જળની આપી જો. એ પછી પણ ન સારું થાય તો એને દાખલ કરી દેવામાં કંઈ જ વાંધો નથી, પરંતુ અત્યારે તો નહીં જ!' મારા મને ફરીથી આજીજી કરવાનું શરૂ કરી દીધું, પરંતુ આજે એના તરફ જરા પણ ધ્યાન ન આપવાનો મેં જાણે કે નિશ્ચય કરી દીધો હતો. જુવાન દીકરાને કાકલૂદી કરીને થાકી ગયેલ વૃદ્ધ બાપ જેમ નિઃસહાય થઈને બેસી જાય એવો જે કાંઈક અનુભવ મારા મનને થઈ રહ્યો હતો.

બાળકની વેઈન લેવાની મેં તૈયારીઓ શરૂ કરી. હું અને બોરસદમાં પ્રેક્ટિસ કરતો મારો મિત્ર મેહુલ ઠાકર, બાળકની વેઈન લેવામાં (નસમાં સોય મૂકવામાં) પાવરધા ગણાતા. તાજા જન્મેલા બાળકમાં પણ અમને ભાગ્યે જ વેઈન લેવામાં તકલીફ પડી હશે, જ્યારે અહીં તો દસ મહિનાનું બાળક હતું, એટલે એની તો કોઈ ચિંતા જ નહોતી.

બાળકની વેઈનમાં મેં સોઈ મૂકવાની કોશિશ શરૂ કરી. એક, બે, ત્રણ, પંક્ચર પાડ્યાં, પરંતુ વેઈન ન આવી! મને નવાઈ લાગી! આવુ તો ક્યારેય નહોતું બન્યું. સાવ હાડપિંજર હોય કે ડિહાઈડ્રેશનના કારણે શરીરમાંથી પાણી ખૂટીને ચામડી ચોંટી ગઈ હોય એવાં બાળકોની વેઈન લેવામાં પણ મને ક્યારેય તકલીફ પડી

નહોતી. તો આજે મારા હાથ મને દગો શા માટે દઈ રહ્યા હતા? મેં વધુ પંક્ચર પાડ્યા. વેઈન ન આવી તે ન જ આવી.

'હજુ કહું છું રહેવા દે! આ બાળકને મોઢેથી દવાની એક ટ્રાયલ તો આપી જો!' મારા મનમાં ફરીથી સળવળાટ શરૂ થયો.

પરંતુ હાર્યો જુગારી બમણું રમે, એમ મેં બે સોય બદલીને ફરીથી નસ લેવાની કસરત શરૂ કર. કોઈએ જાદુઈ અસરથી જાણે મારી નસ લેવાની હથોટી છીનવી લીધી હોય એમ સોય બાળકની નસને અડકતી જ નહોતી. બીજી પંદરેક મિનિટ મહેનત કરી. એ પછી હું થાક્યો. થોડી વાર બેસી ગયો.

મારા મનમાંથી ફરી એક અવાજ ઊઠ્યો, 'હજુ તક છે તો અટકી જા! જો આ વખતે લપસી ગયો તો પછી આખી જિંદગી તને ઊભા થવા નહીં મળે. ગાંડા, પૈસા તો ભવિષ્યમાં પણ મળી જશે, પરંતુ ક્યારેય ખોટું એડમિશન નહીં કર્યાનું ગૌરવ તો તું નહીં જ લઈ શકે. પછી તો તારો ઘાટ બુંદકી બિગડી હોજસે નહીં બનતી જેવો થઈ જશે!'

વધારે પંક્ચર માટે મંગાવેલી સોય મેં પાછી મૂકી દીધી. દર્દીને મોઢેથી દવાની ટ્રાયલ આપવાનું નક્કી કરી એના સગાંને અંદર બોલાવ્યાં. બાટલો અને બધી વસ્તુઓ પાછી આપતાં મેં એમને કહ્યું, 'જુઓ, બાળકની વેઈન આવતી નથી એટલે એને વધારે સોયો મારવાને બદલે આ દવાઓ લખી આપું છું. જો મોઢેથી આ દવાઓ તેમ જ જીવનરક્ષક જળ આપવાથી સારું ન થાય તો જ એને કાલે દાખલ કરીશું નહીંતર પછી એ બે-ત્રણ દિવસમાં સાવ સારું થઈ જ જશે. તમે મને ત્રણ-ચાર દિવસ પછી એક વાર બતાવી જજો!'

દાખલ થવા આવેલ દર્દીનાં સગાંઓ થોડીક અવઢવ સાથે ફક્ત દવા લખાવીને ગયાં. દવાખાનામાં હું એકલો પડ્યો.

આમ જુઓ તો હું નસ લેવામાં નિષ્ફળ ગયો હતો, પરંતુ ખબર નહીં, શું કામ, પણ મને આનંદ થઈ રહ્યો હતો. હા, ખૂબ જ આનંદ થઈ રહ્યો હતો. આ દ્રાક્ષ ખાટી છે - વાળો આનંદ નહીં, પરંતુ સરકતી રેતી કળણના કાંઠા સુધી પહોંચી ગયેલ માણસને કોઈ અચાનક કહે કે, 'ત્યાં પગ ન મૂકતો, ત્યાં કળણ છે!' અને એ અટકી જાય. પછી એને જે ખુશી થાય, જે આનંદ થાય એવા આનંદનો ધોધ મારા મનમાં ઊછળતો હતો. ત્રણ-ચાર દિવસ પછી બેંકનો મોટી રકમનો હપ્તો ભરવાનો હતો, પરંતુ હું સાવ ખાલી હોસ્પિટલ વચ્ચે બેઠો બેઠો ઈશ્વરને કહી રહ્યો હતો કે, 'હે ભગવાન! તારો ખૂબ ખૂબ આભાર.' ■

*ન ગયા દુઃખીની વારે તો મર્દાનગી નકામી છે*
*ન ભાગી ભીડ ગરીબની તો અમીરી નકામી છે*
*ન કર્યા સારા કામ તો આ કામના નકામી છે*
*ન કર્યા સારા કામ તો આ જિંદગી નકામી છે.*

## ભગવાન મદદ જરૂર કરે છે.

આ કિસ્સો એકદમ પ્રેરણાદાયી છે. શીખ લેવા જેવો છે.

નાનો પરિવાર ધરાવતી એક અતિ ગરીબ સ્ત્રીએ એકવાર ભગવાનની મદદ માગવા રેડિયો સ્ટેશને ફોન કર્યો. યોગાનુયોગ એ સમયે એક નાસ્તિક માણસ પણ આ રેડિયો પર પ્રસારિત થયેલો કાર્યક્રમ સાંભળી રહ્યો હતો. અળવીતરા સ્વભાવના એ ધનિકે પેલી ગરીબ સ્ત્રીની ઠેકડી ઉડાડવાનું નક્કી કર્યું. સૌપ્રથમ તો તેણે એ સ્ત્રીનું સરનામું નોંધી લીધું. ત્યારબાદ પોતાની સેક્રેટરીને બોલાવીને સૂચના આપી કે તેણે તાબડતોબ સારા એવા પ્રમાણમાં ખાદ્યસામગ્રી ખરીદી પેલી સ્ત્રીને ત્યાં પહોંચાડી દેવી. જોકે, આ સાથે તેણે પોતાની સેક્રેટરીને એક ખૂબ જ વિચિત્ર સૂચના પણ આપી કે જ્યારે એ ગરીબ સ્ત્રી પૂછે કે આ ખાવાની ચીજવસ્તુઓ કોણે મોકલાવી છે ત્યારે જવાબ આપવો કે એ શેતાને મોકલી છે. સેક્રેટરીએ બૉસની આજ્ઞા પ્રમાણે સારી એવી માત્રામાં ખાદ્યસામગ્રી ખરીદી અને પેલી ગરીબ સ્ત્રીના ઘરે પહોંચાડી. એ સ્ત્રી તો આટલી બધી ખાદ્યસામગ્રી પોતાને મળી રહી છે એ જોઈને એના આનંદની કોઈ સીમા ન રહી હરખાતાં હરખાતાં તેમ જ આભારવશતાની લાગણી અનુભવતાં અનુભવતાં તે એ બધો સામાન પોતાના નાનકડા ઘરમાં ગોઠવવા લાગી. થોડી રાહ જોયા બાદ જ્યારે ગરીબ સ્ત્રીએ કોઈ કરતાં કોઈ પ્રશ્ન ન પૂછ્યો ત્યારે સેક્રેટરી અકળાઈ ગઈ. તેણે સામો સવાલ કર્યો કે 'શું તમને એ જાણવાની ઈચ્છા નથી કે આ બધું કોણે મોકલાવ્યું?' ગરીબ સ્ત્રીએ સટાક કરતો જવાબ આપ્યો, 'ના જેણે મોકલાવ્યું હોય તેનો ખૂબ ખૂબ આભાર માનજો. મને એની પરવા નથી કે કોણે આ વસ્તુઓ મોકલાવી છે. એ જે કોઈ પણ હોય, કારણ જ્યારે મારો ભગવાન હુકમ કરે ત્યારે શેતાને પણ તેની આજ્ઞાનું પાલન કરવું પડતું હોય છે!'

## ક્ષમા એ મીંડા આગળનો એકડો છે

શૂન્ય પોતે પોતાની રીતે મહત્ત્વપૂર્ણ હોય છે, પણ એક વગર શૂન્યનું કોઈ મહત્ત્વ નથી હોતું. કોઈ ચેક અથવા ડ્રાફ્ટમાં કેટલાય શૂન્ય લખેલા હોય, પણ તેની આગળ કોઈ અંક ન હોય તો એ શૂન્યનું કોઈ જ મહત્ત્વ નથી હોતું. આંકડા પછી એક શૂન્યનું મહત્ત્વ દસ, બે શૂન્યનું મૂલ્ય સો અને ત્રણ શૂન્યનું મૂલ્ય હજાર બરાબર થાય છે.

સંસારમાં આધ્યાત્મિક સાધના માટે ઘણી ધર્મ વિધિઓ હોય છે. પ્રભુની સેવા-પૂજા, જપ-તપ, સ્વાધ્યાય, દાન અને સેવાનાં સત્કાર્ય — આ બધું હોય છે. પણ એમાં જો ક્ષમા ન હોય તો તે બધું એકડા વગરના મીંડા જેવું છે. ક્ષમા એ એકડો છે. ક્ષમા ભાવનાની સાથે બધી ધર્મ પ્રવૃત્તિઓ મૂલ્યવાન બની જાય છે, પણ ક્ષમાપના વગરની સાધના વ્યર્થ બની રહે છે.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

લલિત નિબંધ

# પોપટ ઊડ્યો ને લીલો લિસોટો થયો

• ગુલાબ દેઢિયા •

સઢ સમેટી લીધો હતો. હલેસાં આરામ ફરમાવી રહ્યાં હતાં. નાવ લાંગરી દીધી હતી. કાંઠાના જળનો શ્વાસોચ્છવાસ હોડીના હાલકડોલક થવા પર વરતાતો હતો. પવન, પાણી, પ્રકાશ અને નાવનો નીરવ સંવાદ સંધાયો હતો. હું મારી પોતાની પાસે બેઠો હતો. ભારેખમ પગરખાં અળગાં કરી વિચારો લટાર મારતા હતા. વિચારો પણ ક્યારેક જાનૈયાની જેમ મહાલતા હોય છે. ઘણીવાર ડહોળાઈ જતું મન અત્યારે પારદર્શક નિર્મલ થઈને ગગનછબી ઝીલવા સક્ષમ બન્યું હતું.

એમનો ફોન આવ્યો. જેમનો હું આદર કરું છું, જેમની પાસેથી ઘણું શીખ્યો છું. સ્નેહભાવે એમણે કહ્યું, 'તારી પાસે 'પૂર્વાલાપ' છે? મને કાન્તનું 'ઓ હિન્દ દેવભૂમિ' એ કાવ્ય જોઈએ છે. હું હજી એકાદ કલાક ઘરે છું. કાવ્ય મળે તો ફોન કરજે ને!'

હવે તો ખોભરવું ખોટું. લંગર ઉઠાવતાં મનને કેટલી વાર લાગે! આનંદ, આશ્ચર્ય, ગૌરવ અને શોધાશોધના ભાવમાં હાથ કામે લાગી ગયા. સ્મૃતિનો સઢ ખોલી દીધો. મન બાવરું બની લાગ્યું ડૂબકી દેવા. કાવ્યની બે પંક્તિ યાદ આવી. પુસ્તક શોધવા ઉદ્‌ગ્રીવ થઈ અલમારીઓ ફેંદી. સાચવીને રાખેલી કોઈ પણ ચીજ ખપ પડ્યે મળે તો તો થઈ રહ્યું. અહીં ફંફોસ્યું, ત્યાં શોધ્યું. જેમને કાવ્ય યાદ હોય એવા બે કાવ્યરસિક મિત્રોને ફોન કરી જોયો. અમે પણ શોધીએ છીએ. પ્રતિસાદ પ્રોત્સાહક હતો.

આખરે કામ પાર પડી ગયું. નાવડી આનંદના ફૂલોથી ભરાઈ ગઈ. એકાદ અર્ધી પંક્તિ સિવાય કાવ્યનો મેળ મળી ગયો હતો.

આ આખીય ઘટનામાં જો કોઈ ખરી મજા હોય તો તે બાવરા બની જવાની. ક્યારેક આવી મીઠી મનગમતી રસઝરતી વિહ્વળતા ઘેરી વળે છે. જાતને ઠરેલ સમજી બેઠા હતા ત્યાં અછાનક હાઉક કરતીને આવી તોફાની મસ્ત આતુરતા ભૂસકો મારે છે ત્યારે નવાઈ તો લાગે જ છે પણ જે ખુશીની પળો મળે છે એ દુર્લભ હોય છે.

ક્યારેક એક વીતેલો વિસ્મૃત થયેલો પ્રસંગ યાદ કરવા, ક્યારેક એક ગીતપંક્તિ ખોળવા, ક્યારેક ચોક્કસ શબ્દ શોધવા આતુરઅધીરા બનવું એ ખરેખર બનવા જેવું કંઈક છે. મનનો એ રાજાપાઠ છે. વાતાવરણ વિસારી દઈએ, વર્તમાન પ્રવૃત્તિ ખંખેરી દઈ આમ આકળવિકળ થઈ જવું એ આહ્લાદનો અવસર છે.

આ વ્યાકુળતા મોંઘી જણસ છે. આયાસથી મળતી નથી. ક્યારેક કોઈને મળવાની ઉતાવળ, કદી કંઈક સંભળાવવાની તાલાવેલી, કશુંક શોધી કાઢવા તલપાપડ થયેલું મન; આવું જ્યારે સામે આવે છે ત્યારે આપણા અંદર બેઠેલા ઠરેલપણાને ધક્કો પહોંચે છે.

ધીરતા ગંભીરતા છોડી ઉતાવળા બાવરા થઈ જઈએ છીએ. કંઈક કરી લેવાનો ઉત્સાહ સઢમાં પવનની જેમ ભરાય છે.

પસાર થતી ટ્રેનમાંથી જોયેલું એક વૃક્ષ હજી મનમાંથી હટતું નથી. પાટાની બન્ને બાજુએ આવેલાં ઘણાં વૃક્ષોને હું ઓળખું છું. કયા વૃક્ષો પછી કયા સ્ટેશને ગાડી પહોંચશે એ પણ મને ખ્યાલમાં છે. રોજ જોવા મળતા અમુક વૃક્ષોના થડ, ઘટા, મુખ્ય ડાળીઓ બધું તરત યાદ આવી જાય છે.

આ વૃક્ષની વિશેષતા વિશે શું કહેવું! વૃક્ષ તો હું એને હમણાં કહું છું. આમ તો વૃક્ષત્વ એ એનો અતીત હતો. આજે તો એ સૂકાઈ ગયેલું ઠૂંઠું હતું. થડ અને શાખાઓનું કાષ્ઠ ઊભું હતું. કોઈની નજરમાં લાકડું, કોઈની નજરમાં બળતણ તો કોઈની નજરમાં વૃક્ષનું હાડપિંજર હતું. છાલ પણ ઉતરી ગઈ હતી. ફીક્કો બદામી રંગ વરવો લાગતો હતો.

આસપાસના લીલાં વૃક્ષો વચ્ચે એ ઠૂંઠા તરફ મારું ધ્યાન ક્યાંથી જાય!

ટ્રેન પસાર થતી હતી. નજર અચાનક જ ત્યાં ગઈ. આ શું! ઠૂંઠૂં તો લીલુંછમ વૃક્ષ બની ગયું હતું. દૃષ્ટિભ્રમ થયો કે શું! પણ ના, ના લીલુંછમ તો હતું. ત્યાં સૂડાઓનું એક ટોળું આવીને બેઠું હતું. લીલાં લીલાં પાનને બદલે લીલાછમ સૂડા! ખરી રંગલીલા હતી. વિચાર આવ્યો કે લીલા સૂડા જોઈને વૃક્ષને શું થતું હશે! પણ હું વૃક્ષની વાચા ક્યાં સમજું છું?

એકાએક વસંતનું ત્રાટકવું. એકાએક રોમાંચક અનુભૂતિ. લીલાં લીલાં સપનાં. લીલો લીલો કલરવ. બદામી વર્તમાન લીલોછમ થઈ ગયો હતો.

પલક વારમાં તો શુકવૃંદ ઊડી ચાલ્યું. વૃક્ષ બનેલું ઠૂંઠૂં પાછું ત્યાં ને ત્યાં. ના રે ના, એ તો મારા વિચાર છે. એની તો રગેરગમાં હૂંફાળી લીલપ વહેતી હતી. એણે આભને જુદી નજરે જોઈ લીધું હતું. એક વેળા જે રસ મૂળિયાંથી ડાળપાન સુધી વહેતો હતો તે આજે ડાળથી મૂળ સુધી વહ્યો હતો. વૃક્ષે ચૈતન્યની હણહણાટી સાંભળી લીધી હતી. એ વૃક્ષ હવે રોજ તાક્યા કરશે કઈ દિશાએથી કલરવ ટોળું આવે છે.

ટ્રેનમાંથી અલપઝલપ જોતાં થયું કે એક પોપટ ઊડ્યો ને લીલો લીસોટો થઈ ગયો છે. હજી ક્યારેક મને ત્યાં લીલો લીસોટો દેખાય છે ખરો.

થોડી વાર તો ભલે થોડીવાર. વૃક્ષત્વ અનુભવ્યું ને! લીલાછમ થયાનો રોમાંચ નોખો હોય છે. કશું શોધવા, કશું પામવા, કશું દેખવા દેખાડવા વિહ્વળ થવું હજી

(અનુસંધાન : જુઓ પાના નં.-૯૩ ઉપર)

આરોગ્ય

# બાળકો પણ સ્ટ્રેસ અનુભવે છે

• ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક •

"તમારા જીવનનો 'બેસ્ટ' સમય કયો?" – એ સવાલના પ્રત્યુત્તરમાં આજે પણ મોટેભાગે સાંભળવા મળશે કે સ્કૂલમાં હતો ત્યારનો.... સ્કૂલ - કૉલેજમાં ભણતા હતા ત્યારે તો બસ મજા જ... મજા... હતી. આજે જો કે પરિસ્થિતિ બદલાઈ છે. હાયર ક્લાસમાં ભણતા (સેકન્ડરી સ્કૂલ) વિદ્યાર્થીઓ પર સારા ટકા - માર્ક્સ લાવવાના દબાણ અને ટેન્શન વિશે આપણે સૌ જાણીએ છીએ. પણ નાના બાળકોનું શું? શું એમને માનસિક તાણ ઉદ્‌ભવતી હોય છે?

સમાજના મોટાભાગના લોકો માને છે કે બાળકોને વળી શાનું ટેન્શન? એમને તો કંઇ ચિંતા હોય જ નહીં. દિલગીરી સાથે જણાવવું પડે છે કે આ લોકો ચાઇલ્ડ સાઇકોલોજીથી અજાણ છે. બાળકો પણ અનેક કારણોસર વત્તાઓછા પ્રમાણમાં માનસિક સ્ટ્રેસનો અનુભવ કરતા હોય છે. માનસિક સ્ટ્રેસ વ્યક્ત કરવાની પધ્ધતિ પુખ્ત ઉંમરની વ્યક્તિઓ કરતાં અલગ હોય છે.

માનસિક સ્ટ્રેસને કારણે બાળકોનો વિકાસ મંદ પડી જાય છે. વ્યક્તિત્વનો વિકાસ (Personality Developmenti) મંદ પડી જાય છે. સામાજિક વિકાસ ધીમો પડી જાય છે, આત્મવિશ્વાસ ઓછો થઈ જાય છે, ગ્રહણ શક્તિ (Grasping Power), સમજણ શક્તિ (understanding), એકાગ્રતા (concentration), યાદ શક્તિ (memory) વગેરે પર નકારાત્મક અસર થાય છે. પરિપક્વતા (maturity)ના વિકાસમાં બાધા આવે છે. માનસિક સ્ટ્રેસનો સામનો કરવાની ક્ષમતામાં ઘટાડો થાય છે. જે આ બધાની નકારાત્મક અસરો પુખ્તવયે જોવા મળે છે.

## • બાળકમાં સ્ટ્રેસ ઉત્પન્ન કરનારા પરિબળો :

**(અ) માતા-પિતાનો સ્વભાવ તથા વર્તણૂક :**

(૧) માતા-પિતાનું નકારાત્મક વલણ, (૨) વધારે પડતી અપેક્ષાઓ, (૩) અન્ય બાળકો જોડે અયોગ્ય સરખામણી, (૪) બાળક માટે ગુણવત્તાભર્યા સમયનો અભાવ, (૫) બાળકની ભૂલો શોધવાની, (૬) બાળકની નકારાત્મક વર્તણૂક અન્યને કહેવાની જેથી બાળકને પોતાનું અપમાન લાગે કે બાળકને અન્યની હાજરીમાં ઉતારી પાડવાની વૃત્તિ, (૭) માતા અને પિતા વચ્ચે વિચારોનો મતભેદ, (૮) બાળકની હાજરીમાં માતા અને પિતા વચ્ચે ઝઘડા થવા વગેરે બાળકમાં સ્ટ્રેસ ઉત્પન્ન કરવા માટે જવાબદાર છે.

**(બ) શાળા (School) :**

(૧) સ્કૂલમાં ટીચરનું વલણ. ખાસ કરીને બાળક પ્રત્યે નકારાત્મક વલણ, (૨) નવા અને અપરીચિત વાતાવરણમાં એડજસ્ટ કરવાનું, (૩) સ્કૂલના મિત્રો જોડે સંબંધ જાળવવા, (૪) સ્કૂલ પ્રત્યે માતા-પિતાનું વલણ પણ બાળકમાં સ્ટ્રેસ ઉત્પન્ન કરે છે.

**(ક) મિત્રો (Peer group) :**

(૧) મિત્રો જોડે એડજસ્ટ થવું, (૨) પોતાના વલણમાં યોગ્ય ફેરફાર કરવો જેથી મિત્રતા જળવાઈ રહે, (૩) રમતમાં પોતાના ટર્ન પ્રમાણે ધીરજ કેળવવી, (૪) પોતાનું ધાર્યું ન થાય તો એ સહનશીલતા કેળવવી વગેરે બાળકમાં સ્ટ્રેસ પેદા કરે છે.

**(ડ) પરિવારજનો :**

પરિવારના સભ્યોમાં પ્રવર્તતી તંગ પરિસ્થિતિ પણ બાળકમાં સ્ટ્રેસ ઉત્પન્ન કરી શકે છે.

## • સ્ટ્રેસના ચિહ્નો :

બાળકોમાં સ્ટ્રેસના ચિહ્નો શારીરિક લક્ષણોમાં જોવા મળે છે. બાળકો શારીરિક લક્ષણો દ્વારા પોતે સ્ટ્રેસમાં છે એ સંદેશો આડકતરી રીતે આપે છે.

**(અ) શારીરિક લક્ષણો :**

૧. વારંવાર પેટનો દુખાવો.
૨. વારંવાર માથાનો દુખાવો.
૩. ઉબકા આવવા, ઉલટી થવી.
૪. રાત્રે પથારીમાં પેશાબ થઈ જવો.

**(બ) માનસિક લક્ષણો :**

૧. અભ્યાસમાં મન ન લાગવું.
૨. ક્ષમતા કરતાં ઓછા ગુણાંક મળવા.
૩. એકાગ્રતા ઓછી થવી.
૪. ચીડિયાપણું.
૫. રડવું આવવું.
૬. અચાનક એકદમ શાંત થઈ જવું.
૭. ભયભીત રહેવું.

## • તમારા બાળકને મદદરૂપ કેવી રીતે થશો? :

૧. માતા-પિતા તથા વડીલોએ સમજવું અગત્યનું છે કે દરેક બાળક અલગ – યુનીક હોય છે. દરેક બાળક પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવે છે. દરેક બાળકની ગ્રહણ શક્તિ,

એકાગ્રતા, યાદશક્તિ વગેરે અલગ હોય છે. દરેક ક્ષેત્રમાં બાળકની ક્ષમતા અલગ હોય છે.

૨. માતા-પિતાએ બાળકના વ્યક્તિત્વને તથા એની ક્ષમતાને સમજીને એ પ્રમાણેની અપેક્ષા (realistic expectations) રાખવી જોઈએ.

૩. સરખામણી ન કરો. જે કહેવું છે એ સાદી, સરળ, સ્પષ્ટ ભાષામાં કહો. ‘જો, પડોશીનો બાળક કેટલો અભ્યાસ કરે છે...’ એ કહેવા કરતા ‘તું અભ્યાસ કરીશ તો તને સારા ગુણાંક મળશે’ એમ કહેવું વધારે યોગ્ય છે.

૪. બાળકે કરેલા કાર્યોની યોગ્ય કદર કરો.

૫. બાળકની વાત શાંતિથી, ધ્યાનથી સાંભળો. બાળક પોતાની વાત પૂરી કરે બાદ જ તમારો અભિપ્રાય આપો.

૬. બાળક જોડે હકારાત્મક સંવાદ કરો. ‘તું અભ્યાસ કરીશ તો સારા ગુણાંક મળશે’ એમ કહેવું જોઈએ નહીં કે ‘તું અભ્યાસ નહીં કરે તો નાપાસ થઈશ.’

૭. બાળક માટે જીવંત ઉદાહરણ (Role Model) બનો. બાળક માતા-પિતાની વર્તણૂક તથા વિચારોને ધ્યાનથી નિરીક્ષણ કરે છે અને એ પ્રમાણે પોતે કરે છે. જે વર્તણૂક તમને બાળકમાં ન જોઈએ તો એ પ્રકારની વર્તણૂક તમે જાતે ન કરો.

૮. બાળકના મિત્રોનું માન જાળવો. એમને ઉતારી ન પાડો.

૯. તમે આપેલું વચન પાળો અથવા વચન ન આપો.

૧૦. તમારા વિચારોના મતભેદ બાળકની હાજરીમાં ચર્ચા ન કરો. બાળક ગેરહાજર હોય ત્યારે ચર્ચા કરી એક ફાઈનલ નિર્ણય પર આવો.

૧૧. પરિવારજનો વચ્ચે તાણયુક્ત વાતાવરણમાં બાળક બિનસલામતી અનુભવે છે.

૧૨. માતા-પિતાએ બાળકના રોજબરોજના વર્તાવમાં આવતા બદલાવ અંગે જાગૃતિ રાખવી જરૂરી છે. બાળકનું વર્તન ન સમજાય એવું હોય – જણાય તો ચાઇલ્ડ સાઇકિયાટ્રીસ્ટની મદદ લઈ શકાય.

બાળકને હંમેશાં સુમેળભર્યું અને નચિંત વાતાવરણ પૂરું પાડો. જેથી એનું વ્યક્તિત્વ સોળે કળાએ ખીલી શકે અને એ આગવા આત્મવિશ્વાસથી થનગની ઉઠે. ભવિષ્યમાં જિંદગીમાં સફળતા મેળવવા માટે આ પાયો અગત્યનો છે. ■

*દુ:ખી કે દર્દી કોઈ ભૂલેલા માર્ગવાળાને*
*વિસાવો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી.*
*ગરીબની દાદ સાંભળવા, અવરના દુ:ખોને દાબવા*
*તમારા કર્ણ નેત્રોની ઉઘાડી રાખજો બારી.*

## તણાવ મુક્ત જીવન જીવવાની જડીબુટ્ટી એટલે યોગ

**(અનુસંધાન : પાના નં.-૯૬ ઉપરથી ચાલુ)**

**૧. અન્નમય કોષ :** એ આપણું ભૌતિક શરીર છે. સાત્ત્વિક ભોજન આધ્યાત્મિક વિકાસાર્થે અતિ લાભપ્રદ છે.

**૨. પ્રાણમય કોષ :** જૈવતત્ત્વિય ઉર્જામય કોષ છે. દરેક શ્વાસ સાથે પ્રાણ ગ્રહણ કરીએ છીએ.

**૩. મનોમય કોષ :** માનસિક શરીરનું પ્રાથમિક સ્તર છે. મનની શાંતિ યોગ પ્રવર્તાવી શકે છે.

**૪. વિજ્ઞાનમય કોષ :** બૌદ્ધિક સ્તર, શાણપણું સમજાવે, વ્યક્ત કરે.

**૫. આનંદમય કોષ :** મન - બુધ્ધિના આનંદથી પરમાનંદ તરફ ગતિ કરાવે છે.

- **ભારતીય યુનિવર્સિટીઓમાં યોગાભ્યાસ :**

ઓલ ઇન્ડિયા સર્વે ઓફ હાયર એજ્યુકેશનના ઇ.સ. ૨૦૧૪-૧૫ના પ્રોવિઝનલ રિપોર્ટ અનુસાર ભારતમાં યોગમાં માસ્ટર ડિગ્રી ઑફર કરતી ૨૫ યુનિવર્સિટીઓ અને ૧૮ કૉલેજો અસ્તિત્વમાં છે.

૧. બકુલેશ યોગ યુનિવર્સિટી - અમદાવાદ

૨. સ્વામી વિવેકાનંદ યોગ અનુસંધાન સંસ્થાન ડીમ્ડ યુનિવર્સિટી - બેંગ્લોર.

યોગના શિક્ષણ પર સરકારશ્રીએ એક સમિતિનું નિર્માણ કર્યું છે. આ સમિતિ ખાસ તો યોગ શિક્ષકોની ભરતી પ્રથા, અભ્યાસકાળ, અભ્યાસક્રમ, રિસર્ચ આદિ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

આજે તો આપણા દેશમાં તથા વિદેશોમાં યોગ પ્રત્યે જનજાગૃતિ દિન પ્રતિદિન વધવા પામી છે. તંદુરસ્ત અને વિચારશીલ, બુધ્ધિયુક્ત પ્રજાના વિકાસ માટે યોગ અતિ આવશ્યક છે.

*લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## પોપટ ઊડ્યો ને લીલો લીસોટો થયો

**(અનુસંધાન : પાના નં.-૯૧ ઉપરથી ચાલુ)**

પાલવે છે ત્યાં સુધી વાંધો નથી. તમે કંઈક ખોળી કાઢો અને બાવરાં ન બનો તો જ નવાઈ કહેવાય. યુરેકા યુરેકા કહીને ઉછળી પડવું એ તો ખરી મજાની વેળા છે. ગમતા રઘવાટનો એક રંગ હોય છે. ચંપાની જેમ અજંપાની સુગંધ પણ માદક હોય છે. ક્યારેક અદીઠ પરસેવો પાડવાનું મનને ગમે છે. આ બધું કરવામાં આત્મરતિ પણ ક્યાં નથી હોતી? આ તો મારું કામ, હું તો કરી જ શકું એવા પડકારને પલાણવામાં રસ પડે છે.

અનાયાસ તલપાપડ થવાની થોડીક ક્ષણો આવે છે એમાં જીવનની એક અનેરી ધન્યતા છે. ■

# દર્દ અને નિદાન

• ડૉ. સુધીર ચી. મોદી •

રમીલાબેન આશરે ૪૫ની ઉંમરના. તકલીફ પૂછતા જણાવ્યું કે ખભો અને બરડો બહુ દુઃખે છે.

તપાસતા પહેલા સવાલ કર્યો કે હોળી પર રામો દેશમાં ગયો છે તે હજુ આવ્યો નથી? હા સાહેબ, ઘરનું બધું કામ હાથે કરવું પડે છે. બસ ત્યારે! આ જ તમારા દુઃખાવાનું કારણ છે. ટેવ જતી રહ્યા બાદ બધું કામ જાતે કરવાનું માથે આવી પડતાં દુઃખાવો શરૂ થયો છે.

માર્ચ આખરમાં મધ્યમવર્ગના મંગળાબહેન દવા લેવા આવ્યા. તેમની ફરિયાદ હતી કે ગઇકાલનું માથું ખૂબ દુખ્યા કરે છે અને ઊલટી જેવું થયા કરે છે.

સવાલ કર્યો કે ધાબે તડકામાં વડીઓ મૂકી હતી? જેમણે જવાબ 'હા'માં જ આપ્યો.

આ જ પ્રમાણે એપ્રિલ માસમાં કાંતાબહેને આવીને ફરિયાદ કરી કે બરડો દુઃખે છે.

સવાલ કર્યો કે ઘઉંની બોરી આવી તે સાફ કરીને ભર્યા હતા?

તેમનો જવાબ પણ 'હા' જ હતો. આપણા ગુજરાતી સમાજમાં અમુક સીઝનમાં આખા વર્ષનું અનાજ - કઠોળ સાફ કરીને ભરવાનો રીવાજ ઘણા ઘરોમાં હોય છે.

આમ ફેમિલી ફિઝિશિયન તરીકે પ્રેક્ટિસ કરતા કરતા, જો તહેવારો અને આપણા ગુજરાતી મધ્યમવર્ગના ઘરોમાં બહેનોની અમુક વ્યવસ્થા કે કામ કરવાની જાણકારી હોય તો નિદાન અને સારવાર ઘણી સરળ બની જાય છે.

તે જ પ્રમાણે જો ડૉક્ટર ઋતુઓનો અને તેમાં થતા હવામાનના ફેરફારની મનુષ્ય પર થતી અસરોનું ધ્યાન રાખે તો તુરત જ નિદાન થઈ જાય છે.

જેમ કે ફેબ્રુઆરી માસમાં અલ્પેશ દવાખાને આવે છે. રોજ સવારે આંખમાં ખંજવાળ, છીંકો કે નાકમાં પાણી આવવાની ફરિયાદ કરીને કહે કે મને રોજ શરદી રહ્યા કરે છે. આવી જ ફરિયાદો લઈને નીલાંગભાઈ, રક્ષિતા, મહિમા વગેરે ઘણા આવતા હોય છે. તેમને સમજાવીએ કે આ ઋતુમાં વાતાવરણમાં પોલન વધારે થતા હોય છે અને તેની તમને ઍલર્જી થાય છે. આ શરદી ના કહેવાય. થોડા સમય બાદ વાતાવરણ બદલાશે ત્યારે આ તકલીફ જતી રહેશે. તે દરમિયાન ઍલર્જીની ગોળી થોડો સમય રોજ લેવી પડશે.

મે માસમાં રમણભાઈ ખૂબ તાવ અને શરીરના દુખાવાની ફરિયાદ લઈને આવે છે. સવાલ કર્યો કે તડકામાં સ્કુટર લઈને ગાંધીનગર કે દૂર ગયા હતા?

તેમનો જવાબ આવે કે સાહેબ, તમને કેવી રીતે ખબર પડી? હા સાહેબ, ગઈકાલે ૪૦ કિ.મી. તાપમાં માથે કેપ પહેર્યા વગર સ્કુટર પર ભરબપોરે ફર્યો હતો.

હા, તો તમને લૂ (Sun stroke) લાગવાથી તાવ આવ્યો છે અને તેની સારવારથી સારું થઈ જશે.

ભાદરવા માસ અથવા ઓગસ્ટ - સપ્ટેમ્બરમાં રશ્મિકાંતભાઈ પુષ્કળ શરદી, તાવ અને ઉધરસ સાથે આવે છે. ડૉક્ટરનો સવાલ હોય છે કે ગઈકાલે રેઈનકોટ અથવા છત્રી વગર ક્યાંય ગયા હતા? જવાબમાં રશ્મિકાંતભાઈ કહેશે કે પરમ દિવસે દોઢ કલાક વરસાદમાં પલળવું પડ્યું. ઘરે આવ્યા બાદ ઠંડી ચડી હતી.

આ જ રીતે ઘણી બીમારીઓ આપણા તહેવારો સાથે પણ સંકળાયેલી હોય છે.

દિવાળીના ૧૦-૧૨ દિવસ પહેલાં સુલોચનાબેન આવ્યા. ગળામાં ચરચરાટી થયા કરે છે, તાવ જેવું લાગ્યા કરે છે.

ડૉક્ટરનો પહેલો સવાલ થશે કે દિવાળી આવી એટલે ઘરની સફાઈ કરી હતી? માળિયું સાફ કર્યું હશે કે જાળા સાફ કર્યા હતા?

સુલોચનાબેન કહેશે - હા સાહેબ, દિવાળી આવે એટલે ઘરની સફાઇ તો કરવી જ પડે ને!

આ જ પ્રમાણે દિવાળીના તહેવારો પૂરા થયા અને નરેન્દ્રભાઈ આવીને કહે કે બાથરૂમ વધારે જવું પડે છે.

તહેવારોમાં રોજ મીઠાઈ જમતા હતા?

હા સાહેબ, વરસનો સૌથી મોટો તહેવાર, બધાના આગ્રહને માન તો આપવું પડે ને! કેટલાને ના કહીએ?

લો ત્યારે, તમારો ડાયાબિટીસ વધી ગયો લાગે છે. ફરીથી બ્લડ સુગર તપાસ કરાવી લો. બ્લડ સુગરનું પ્રમાણ વધારે હશે તો ખોરાકમાં બરોબર ચરી પાડવાનું શરૂ કરી દો અને ડાયાબિટીસની દવાના ડોઝમાં થોડો ફેરફાર કરવો પડશે.

શ્રાવણ માસમાં શીતળા સાતમના બીજા દિવસે મધુબેન માથુ દુખાવાની અને ઊલટી થવાની ફરિયાદ લઈને આવ્યા.

ગઈકાલે શીતળા સાતમ હતીને! આખો દિવસ ટાઢુ જમ્યા હશો અને રોજની ટેવ પ્રમાણે ગરમ ચા પણ નહીં પીધી હોય!

હા સાહેબ, બરોબર! અમારા કુટુંબમાં પેઢીઓથી શીતળા સાતમ તો કરવી જ પડે!

આમ તહેવારો ઉપરાંત પેશન્ટની ઉંમર અને શરીરનું અવલોકન કરવાથી પણ બીમારીનો ખ્યાલ આવી જાય છે.

૫૫ વર્ષના કમલેશભાઈ આવ્યા અને કહે કે મોઢું સુઝી ગયું છે અને સહેજ ખંજવાળ આવ્યા કરે છે.

તેમના માથાના વાળ જોઈને સવાલ કર્યો કે પહેલી વખત માથાના વાળમાં ડાઈ લગાવી છે? હા સાહેબ! વાળ ધોળા દેખાતા હતા અને બધાએ કહ્યું, ડાઈ લગાવો તો સારું લાગશે.

કમલેશભાઈ, તમને ડાઈની ઍલર્જી થવાથી આ તકલીફ થઇ છે.

૪૪ વર્ષના કનકભાઈ આવીને ફરિયાદ કરે છે કે ગઇકાલથી અચાનક કમર દુઃખે છે. સવાલ કર્યો કે સ્કુટર બગડ્યું હતું અને ખેંચ્યું હતું? હા સાહેબ! ગઇકાલે જ સ્કુટર રસ્તા પર બગડતાં થોડું ખેંચીને ગેરેજ પર લઇ ગયો હતો.

સોમવારે ૩૨ વર્ષના હેમાંગભાઈ શરીર અને પગ દુઃખવાની ફરિયાદ સાથે આવ્યા.

સવાલ થયો કે ગઇકાલે રવિવારે બહુ સમય બાદ ક્રિકેટ રમ્યા હતા?

હા સાહેબ! પહેલા ક્રિકેટ રમવાનો ઘણો શોખ હતો. ઘણા સમયથી રમાતું ન હતું. ઘણા સમય બાદ મારા જેવા મિત્રો ભેગા થઇને ગઇકાલે સવારે ક્રિકેટ રમવા ગયા હતા.

૪૦ વર્ષના કંચનબેન આવ્યા અને કહે કે કલાકથી શ્વાસ લેવામાં તકલીફ પડે છે. તેમની પ્રકૃતિ, સ્વભાવ અને ટેવ જાણતા હોઈએ એટલે સવાલ કર્યો કે એસિડથી બાથરૂમ સાફ કર્યો હતો?

અરે સાહેબ, તમને કેવી રીતે ખબર પડી?

આ ઉપરાંત અમુક વ્યવસાયને કારણે પણ અમુક દર્દો થતા હોય છે. અમારી મેડિકલ ભાષામાં તેને પ્રોફેશનલ હૅઝાર્ડ કહેતા હોઈએ છીએ.

૨૭ વર્ષનો કલ્પેશ આવીને બંને ખભા પાસે દુખ્યા કરવાની ફરિયાદ કરે છે.

સવાલ કર્યો કે કોમ્પ્યુટર પર સળંગ કેટલા કલાક કામ કરે છે?

સાહેબ, સવારના ૧૧થી રાતના ૮ વાગ્યા સુધી સળંગ એકધારું કોમ્પ્યુટર પર જ કામ કરું છું.

બસ ત્યારે! ઘણા સમયથી સળંગ વધારે કલાકો આ પ્રમાણે કોમ્પ્યુટર પર બેસીને કામ કરવાથી આ દુખાવો શરૂ થયો છે.

તે જ પ્રમાણે ૩૬ વર્ષના નિશાબેન પણ માગશર માસમાં બંને પગ અને ડોક પાછળ દુખાવાની ફરિયાદ લઇને આવે છે.

તેઓ બ્યુટી પાર્લર ચલાવતા હોવાથી સવાલ કર્યો કે હમણાં તેમની સીઝનમાં બહુ કામ રહે છે? અરે સાહેબ, પૂછો જ નહીં! જમવાનો સમય માંડ માંડ કાઢવો પડે છે. દિવાળીથી એટલું બધું કામ રહ્યા કરે છે. સવારના ૭થી રાતના ૧૦ વાગ્યા સુધી કામ જ કરું છું. ઊભા અને ઊભા સળંગ કામ ખેંચવું પડે છે.

ઉપર પ્રમાણે વ્યવસાય ઉપરાંત અમુક કોમની અમુક ખાસિયતો પણ ધ્યાનમાં રાખવાથી નિદાન તુરત જ થઈ જાય છે.

નાથાજી ઠાકરડા પેટમાં દુખાવાની અને ઉલટીઓની ફરિયાદ સાથે આવ્યા.

ગઈકાલે દેશી કેટલો પીધો હતો?

હા સાહેબ, મહેમાન આવ્યા હતા એટલે ઘણું લેવાઇ ગયું હતું. અમારી નાતમાં મહેમાનને પીવડાવવું જ પડે છે.

જન્માષ્ટમી ગઇ અને શ્યામલાલજી આવે છે. પેટમાં ભાર લાગે છે અને શરીર દુખ્યા કરે છે.

કેટલા દિવસ પાના રમ્યા? સાહેબ, સળંગ ત્રણ દિવસ રાત-દહાડો મિત્રો સાથે ખાધેપીધે રાખ્યું અને પાના રમ્યા કર્યું. દર વર્ષે જન્માષ્ટમીએ મિત્રો સાથે રમવાની મજા કરવાની જ!

ઘણી વખત અમુક સમયે માનસિક તણાવ વધારે આવે કે અમુક વિચારોને કારણે પણ બીમારી થતી હોય છે. તે તુરત જ પકડી શકાય.

માર્ચ માસમાં સૂર્યાબેન માથું દુખવાની અને ભાર લાગવાની તકલીફ લઈને આવે છે.

બાબાને બોર્ડની પરીક્ષા આવે છે?

હા સાહેબ! તેનું ટેન્શન બહુ રહ્યા કરે છે. શું કરું? તેની જિંદગીનો - કેરિયરનો સવાલ આવી રહ્યો છે. એટલે મગજમાં સતત ચિંતા રહ્યા કરે છે કે તે સારા ટકા માર્કસ લાવે તો સારું.

૪૮ વર્ષના અશ્વિનભાઈ આવ્યા. માથાના પાછળના ભાગમાં કંઈક થયા કરે છે. જાતે જ બોલ્યા સી.ટી. સ્કેન કે એમ.આર.આઈ. કરાવું?

સવાલ કર્યો કે તમારા કોઈ નજીકના સગાને બ્રેઈન ટ્યુમર થયું છે?

હા સાહેબ! મારા કાકાને જ થયું છે. એટલે મને પણ ૨૪ કલાક તે જ વિચાર ઘુમ્યા કરે છે.

બસ ત્યારે! આમ તો એવા કોઈ ટેસ્ટની જરૂર નથી. પરંતુ તમારા માનસિક સંતોષ ખાતર કરાવવું હોય તો કરાવી લો. જેથી મગજમાંથી તે વિચાર દૂર થાય અને શાંતિ થાય. બાકી તમને કોઈ બીમારી નથી.

આવી બધી દૈનિક જીવન વ્યવહારની, ઋતુઓની, તહેવારોની, કામકાજની, માનસિક તેમજ સમાજની નાની વાતો ધ્યાનમાં લેતા જ દર્દનું નિદાન થઈ જાય છે. તેમજ આગળ મોટા બિનજરૂરી ખર્ચાળ ઇન્વેસ્ટીગેશન કરાવવામાંથી પેશન્ટને બચાવી શકાય છે. તે ઉપરાંત એક્સ-રે, સી.ટી. સ્કેનના રેડિયેશનથી પણ બચાવી શકાય છે. તેમજ આવા દર્દો બે-ત્રણ દિવસની સામાન્ય દવાથી જ દૂર થાય છે. સૌથી વધારે તો પેશન્ટ અને ડૉક્ટર વચ્ચે વિશ્વાસ, લાગણી અને માનનો સેતુ બંધાયેલો રહે છે.

***૧-એ, વ્રજરાયજી કોલોની,***
***સેંટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ કોર્નર,***
***નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.***
***ફોન : (૦૭૯) ૨૭૯૧૧૧૬૦***

**Dhiren Shah - Director**
M. : 98795 00916 ● E-mail : dhirenshah@favouriteshoes.com

HITSTEEL WAVES ULTIMA voltex Winner

**FAVOURITE**

**Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes**

**FAVOURITE SAFETY PRODUCTS**
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com

**FAVOURITE SHOE COMPANY**
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

# તણાવ મુક્ત જીવન જીવવાની જડીબુટ્ટી એટલે યોગ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

આપણા આ મહામૂલા જીવનને સંપૂર્ણ સ્વાસ્થ્યસભર બનાવવાની જીવન પધ્ધતિ, એ યોગ છે. યોગ શબ્દ સંસ્કૃતના યુજ ધાતુ પરથી બનેલો છે. યુજ એટલે 'જોડવું' અથવા 'એક થવું.' તે આપણા તન અને મનની એકતાનું પ્રતીક છે. અતિ પ્રાચીન વિજ્ઞાન છે. યોગ એ તો પવિત્ર યજ્ઞીય કાર્ય છે. જેનાથી કર્મના બંધનો છૂટી જાય છે.

યોગવિદ્યા એ તો આપણો અણમોલ વારસો છે. સિધ્ધિ અને પ્રાપ્તિ માટેનું તે અસરકારક માધ્યમ છે. યોગવિદ્યા ચિત્તની સ્થિરતા, તંદુરસ્તી તથા સ્વસ્થતા બક્ષે છે. વિશ્વના મુસ્લિમ સમુદાયોએ પણ યોગવિદ્યા અપનાવવાના દૃષ્ટાંતો મળે છે. એક અંદાજ મુજબ એકલા અમેરિકામાં ૨૦૦ લાખથી વધુ અને ઈંગ્લેન્ડમાં ૧૫ લાખથી વધુ લોકો યોગ કરે છે. અમેરિકાની ૭૫ ટકા જેટલી હેલ્થ ક્લબોમાં યોગના ક્લાસીસ ચાલી રહ્યા છે.

## • યોગનો પૌરાણિક તથા વર્તમાન સમય :

યોગની શરૂઆત નગર સંસ્કૃતિના ભારતના પુરાતનકાળથી થયેલી મનાય છે. સિંધુ ખીણની સંસ્કૃતિ સાથેનો સમન્વય પુરાતત્ત્વવિદોએ શોધી કાઢ્યો છે. જો ગુરૂ-શિષ્ય પરંપરાની ગતિવિધિને નીરખીએ, તો પતંજલી યોગ, ધ્યાન યોગ, કુંડલિની યોગ, ભક્તિ યોગ, મંત્ર યોગ, લય યોગ, હઠ યોગ, જૈન યોગ, બૌધ્ધ યોગ આદિ યોગની પરંપરાગત અનેક શાખાઓ દૃશ્યમાન થઈ રહી છે. પુરાતનકાળના અસંખ્યાત ઋષિમુનિઓએ પ્રવર્તાવેલ પારંપરિક યૌગિક પધ્ધતિઓને વર્તમાન યુગમાં યોગપ્રેમીઓ વિકસાવી રહ્યા છે. જેમાં યુક્ત કર્મ, યુક્ત આહાર-વિહાર, અષ્ટાંગ પદ્ધતિ, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ અંગેના વ્યાપક સ્તર ખૂબ જ પ્રચલિત બન્યા છે.

## • પતંજલી યોગ સૂત્રો :

પતંજલીના અષ્ટાંગના આધારે યોગની અનેક શાખાઓ વિકાસ પામી છે. જે અતિ લોકપ્રિય બનેલી છે. રોગોના નિવારણાર્થે પ્રત્યેક શાખા કાર્યરત છે. જે પોતાની પદ્ધતિ સમજાવે છે. જાણીતા યોગી પજંતલી યોગની પરિભાષા સમજાવતા લખે છે કે 'યોગાહ ચિત્તવૃત્તિ નિરોધહ' અર્થાત્ ચિત્તવૃત્તિને આમતેમ ભટકતી રોકવામાં યોગ શ્રેષ્ઠ છે. ચિત્ત એટલે મન-મગજ અને વૃત્તિ એટલે વિચારો અને નિરોધ એટલે કે અટકાવવું.

## • ભારતના મહાભારત - ગીતામાં યોગ :

ગીતાજીમાં ત્રણ પ્રકારના યોગનો ઉલ્લેખ છે. કર્મયોગ, ભક્તિ યોગ અને જ્ઞાન યોગ. ઈ.સ. પૂર્વે ૧૯૦૦થી ૧૧૦૦ની વચ્ચેના વેદપુરાણો અનુસાર યોગ એક જીવન જીવવાનો માર્ગ હતો. શાસ્ત્રોક્ત યોગનું દસ્તાવેજીકરણ પતંજલીના યોગસૂત્રોમાં કરાયું છે.

## • ૨૧મી જૂન – આંતરરાષ્ટ્રીય યોગ દિવસ :

સંયુક્ત રાષ્ટ્રે ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિન તરીકે જાહેર કરેલ છે. યોગ એ તો પ્રાચીન માનસિક, શારીરિક અને આધ્યાત્મિક અદ્‌ભુત કળા છે. વિશ્વના લાખો - કરોડો લોકોને લાભ પહોંચાડવાનો મુખ્ય હેતુ આંતરરાષ્ટ્રીય યોગ દિન મનાવવા પાછળ રહેલો છે. ૨૧ જૂન, ઈ.સ. ૨૦૧૫ (iDY)ને આંતરરાષ્ટ્રીય સમુદાયે હકારાત્મક પ્રતિસાદ આપ્યો. યમન સિવાય યુનોના ૧૯૩ દેશોએ ભાગ લીધો હતો. યોગનો સામૂહિક અભ્યાસ ૨૧મી જૂન, ૨૦૧૫ના બહુધા દેશોએ ઉજવણી કરેલી હતી. બે વિશ્વવિક્રમ પણ રચાયા હતા. ૩૫,૯૦૫ યોગના અભ્યાસી સામેલ થયેલા. સૌથી વધુ રાષ્ટ્રીયતા ધરાવતા ૮૪ લોકો સામેલ થયેલા. જેની નોંધ ગીનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડે લીધેલી છે.

## • યોગના લાભ :

યોગના લાભ અસંખ્યાત છે. આ ખાસ તો ત્રણ સ્તરે દૃશ્યમાન થાય છે. માનસિક સ્તરે મનની શાંતિ, વિચારોની સ્થિરતા લાવે છે. શારીરિત સ્તરે રોગોને સત્વરે દેહમાં પ્રવેશવા દેતા નથી. રોગ નાબુદીની શક્તિ પ્રદાન કરે છે. રૂધિરાભિસરણ સારું રાખે. આધ્યાત્મિક ક્ષેત્ર ઉજ્જવળ બનાવે છે. મેટોબોલિઝમનું સંતુલન જાળવી રાખે છે. વિચારોની એકાગ્રતા વધારે અને આત્મજ્ઞાનને પ્રોત્સાહિત કરે છે.

## • યોગ માટે જીવનશૈલી :

મેટ્રોપોલીટન જીવનશૈલી તથા ઔદ્યોગિકીકરણને કારણે માનવ જીવનમાં તનાવ, ચિંતા, રોગ, ગુસ્સો ખૂબ જ વધવા પામ્યા હોઈ માનવી જીવન માણી શકતો નથી. તેથી યોગીજનોએ સુખી થવાની કેટલીક શૈલી દર્શાવી છે. બીડી, તમાકુ, સિગારેટ, અફીણ, શરાબ, ભાંગ, મફર, માજમ, ગાંજાના વ્યસનો નિવારવા. અલબત્ત, યોગથી તેનું નિવારણ તરત થાય છે. સાદો પૌષ્ટિક ખોરાક લેવો - ઊંઘવાનો, આરામનો સમય જાળવવો. પ્રાતઃકાળે વહેલા ઉઠવું, ચાલવાની તેમજ થોડી હળવી કસરતો કરવી. મહિને એકાદ વખત ઉપવાસ કરવો.

## • આપણા શરીરના પાંચ કોષ અને યોગ :

આપણા શરીરમાં પાંચ કોષ મૂલ્યવાન છે :

(અનુસંધાન : જુઓ પાના નં.-૯૩ ઉપર)

# લીંબુ રસ ઔષધીય ગુણ છે

• ભગવતીબહેન આચાર્ય •

આપણે ઉનાળામાં વિવિધ પ્રકારના શરબત તેમજ અન્ય ઠંડા પીણાનો ઉપયોગ કરીએ છીએ. જેમાં લીંબુના રસ વિશે બીજા ફળોની સરખામણીમાં ક્ષારતાનું પ્રમાણ વધારે હોય છે. લીંબુ પ્રતિ અમ્લક છે. શરીરમાં જે અમ્લતાનું ઝેર ઉત્પન્ન થાય છે, તેનું લીંબુ મારણ કરે છે. લીંબુમાં પોટેશિયમ અમ્લવિષને નષ્ટ કરવાનું કાર્ય કરે છે. લીંબુમાં પ્રચુર માત્રામાં વિટામિન 'સી' હોય છે, જે શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારે છે. ઉપરાંત સ્કર્વી જેવા રોગમાં ઉપયોગી છે. વળી લીંબુ હૃદયને સ્વસ્થ રાખે છે. જેથી હૃદયરોગમાં લીંબુ કરતા દ્રાક્ષ વધારે ફાયદારૂપ છે.

શરીરમાં ખોટા આહાર વિહારને કારણે યુરીક એસિડ બને છે. તેથી લીંબુનો રસ જંતુઘ્ન છે. તેથી સવારે નયણે કોઠે ગરમ પાણીમાં લીંબુનો રસ લેવો જોઈએ અને સાથે આદુનો રસ લેવાથી ઉપયોગી થાય છે. લીંબુ યુરીન વાટે એસિડનો નિકાલ કરે છે. ઉપરાંત કબજિયાત, યુરીનની બળતરા, લોહીનો બગાડ, મંદાગ્નિ, રક્તવિકાર (ચામડી રોગ) માટે અક્સીર દવારૂપ છે. ઉપરાંત દાંત - પેઢાની સફાઈ માટે પણ લીંબુરસ ઉપયોગી છે. પાયોરિયા અને મોં ની દૂર્ગંધ દૂર કરે છે. લીંબુ યકૃત શુધ્ધિ માટે અક્સીર છે. લીંબુનું સાઇટ્રીક એસિડ પણ યુરીક એસિડનો નાશ કરે છે. કફ, શરદી, અજીર્ણ, કોલેરા, છાતીની બળતરા, સંગ્રહણી, શ્વાસ વગેરે માટે ઔષધનું કાર્ય કરે છે. લીંબુ રસમાં ટાઈફોઈડના જંતુ તરત નાશ થાય છે.

કૃમિ જેવામાં નરણે કોઠે લીંબુ રસ બિનઉપયોગી ઝેરી એસિડ પેદા કરે છે, તેનો નાશ કરે છે. લીંબુ સેવનથી પિત્ત શાંત થાય છે. મોંમાંથી લાભ બંધ કરે છે. ડૉ. રેડી મેલરે નોંધે છે કે થોડો સમય લીંબુના સેવનથી રક્ત શોધક ગુણ અનુભવાય છે. શરીરમાં શુધ્ધ લોહીની તાજગી અનુભવાય છે. લીંબુથી લોહીમાંના ઝેરી તત્ત્વોનો નાશ થતાં શરીરની માંસપેશીઓને નવી શક્તિ મળે છે.

આમ, લીંબુ ઔષધીય રીતે આરોગ્યમાં ખૂબ જ ઉપયોગી બને છે. તેવી અક્સીર ઔષધિગુણરૂપ લીંબુનું સેવન છે.

*ઓરિએન્ટ કોલોની પાસે,*
*'મહોદર કૃપા', પહેલી શેરી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## ગણપતિજીને જ કેમ 'પધરાવાય' છે?

(અનુસંધાન : પાના નં.-૯૮ ઉપરથી ચાલુ)

એન.આર.આઈ. આપણને જૂની જરસી અને લિપસ્ટીક આપે છે જ્યારે ગણપતિબાપા રિદ્ધિ - સિદ્ધિ આપે છે!

અન્ય ભગવાન કરતાં શ્રી ગણપતિમાં અગણિત વેરાયટી જોવા મળે છે. જેમ કે, ઊભા ગણપતિ, બેઠા ગણપતિ, સૂતા ગણપતિ (બે ઘડી), આડા પડેલા ગણપતિ, ભેટમાં 'પધરાવાતા' ગણપતિ, પાણીમાં પધરાવાતા ગણપતિ, વાંસળી વગાડતા ગણપતિ, વાંસળી નહીં વગાડતા ગણપતિ.... આટલા 'તા'થૈયા તો એકેય ભગવાને નથી કર્યા. હજુ એક 'તા' તો રહી ગયો. થોડા વરસો પહેલાં દૂધ પીતા ગણપતિ પણ જોવા મળ્યા'તા. એ શું ઈશારો કરી ગયા? એ જ કે પ્રાચીનકાળમાં દીકરી દૂધ પીતી કરી દેવાતી. હવે દીકરાઓ, તમને દૂધ પીતા કરી દેવાનો સમય આવવાની તૈયારી છે! આમેય સમયનું ચક્ર ઝડપથી ફરી રહ્યું છે. બધું ઊંધું બનતું જ દેખાઈ રહ્યું છે. એટલે હે દીકરાવ, સાવધાન!!

- **છમ્મવડું :**

*'ગણપતિ બાપાને જ કેમ પધરાવાય છે?'*

'ગણપતિ બાપાને ગરમીનો કોઠો હશે!'

*મો. ૯૪૨૮૩૫૧૧૨૦*

## મહેંદી મૂકશો તો વિઝા મળશે નહીં

(અનુસંધાન : પાના નં.-૯૯ ઉપરથી ચાલુ)

ગયો ઈંગ્લેન્ડ રે.... મહેંદી રંગ લાગ્યો....' અમારો પ્રવાસ હીના ટૂરમાં હતો અને હીનાના કારણે જ એક પરિવારનો પ્રવાસ થોડો અધૂરો રહ્યો તે યોગાનુયોગ છે. અમે કુલ બાવન પ્રવાસીઓએ અઢાર દિવસ સુધી ખૂબ મજા કરી અને છેલ્લે અમુક ઈંગ્લેન્ડ સ્વેચ્છાએ ન આવનાર અને અમુક અનિચ્છાએ ઈંગ્લેન્ડ ન આવનાર એવા ત્રીસ પ્રવાસી અઢાર દિવસથી છૂટા પડવાના હતા અને બાકીના બાવીસ લોકો બે દિવસ માટે યુ.કે. જવાના હતા. વિદાય સમયે ઘણા પ્રવાસીઓ રીતસર રડી પડ્યા હતા. રીમાભાભીએ પ્રતિભાવ આપ્યો કે મહેંદીના કારણે ઈંગ્લેન્ડ ન જઈ શક્યાં એનું દુઃખ નથી, એ તો આવતા વર્ષે પણ જઈ શકીશું પરંતુ આવા સરસ ગ્રુપથી અઢાર દિવસ બાદ વિખૂટા પડવાનું અત્યંત દુઃખ છે. ■

*થોડામાંથી થોડું આપો, ખૂટ્યું નહિ ખુટનાર;*
*ધરમ કરો તો ધરણીધર ભરી દેશે ભંડાર.*

હાસ્ય

# ગણપતિજીને જ કેમ 'પધરાવાય' છે?

• ડૉ. નલિની ગણાત્રા •

પૂજા વિધિમાં આપણે કોઈ પણ લાગવગ વગર શ્રી ગણપતિ બાપાને કાયમ 'પહેલો નંબર' આપીએ છીએ. આથી સાબિત થાય છે કે આપણે એમને શ્રેષ્ઠ શુભેચ્છક માનીએ છીએ. તેથી સ્તો મકાનનું વાસ્તુ કે દુકાન - દવાખાનાના ઉદ્‌ઘાટન વગેરે જેવા શુભ પ્રસંગે આપણે સ્વજનોને 'શુભેચ્છા ભેટ' તરીકે પણ પ્રાયઃ ગણપતિની મૂર્તિ આપીએ છીએ.

મારા દીકરાના ક્લિનિકના ઉદ્‌ઘાટનમાં અમને ગણપતિજીની સત્તર મૂર્તિ શુભેચ્છા ભેટમાં મળેલી. પણ એમાં એક મૂર્તિ જોઈને અમે મૂર્તિવત્ સ્થિર થઈ ગયા. કારણકે એ મૂર્તિ અમે ત્રણ વરસ પહેલાં અમારા 'કહેવાતા' સ્નેહીજનને ભેટમાં આપેલી! એનો મતલબ અમારા ગણપતિ બાપા ત્રણ વરસમાં ન જાણે કેટલા ધામની જાત્રા કરીને ફરતા ફરતા સ્વગૃહે સાભાર પરત થયેલા! અમને તો જો કે મેળામાં ખોવાયેલા બાપા પાછા મળ્યા હોય એવી જ લાગણી થઈ. પણ લાગણી થવા સાથે એવો પ્રશ્ન પણ થયો કે લોકો ગણપતિ બાપાને જ 'સરક્યુલર રુટ'ના પેસેન્જર કેમ બનાવતા હશે? જો કે મારા મગજમાં આવા મિથ્યા પ્રશ્નો ઊભા થાય ત્યારે જવાબ મેળવવા હું તુરત જ મહામૂર્ખ મૂળચંદ પાસે પહોંચી જાઉં. અને મૂળચંદે મને દૃષ્ટાંત સાથે સમજાવતા કહ્યું કે, 'જે લોકો સ્કૂલમાં બરાબર ભણતા નથી એમને મોટા થઈને ટીચર બનવાના એટલે કે ભણાવવાના દા'ડા આવે છે. અને નલીનીબેન, તમારી જેમ જે લોકો 'હસવા જેવી' વાતમાંય હસતા નથી એમને મોટા થઈને હસાવવાના દા'ડા આવે છે એટલે કે હાસ્ય લેખક કે હાસ્ય કલાકાર બનવું પડે છે. અરે, રન લેવા માટે દોડવું ન પડે એટલે કેટલાક ક્રિકેટરો ચોગ્ગા અને છગ્ગા મારે રાખે છે. પણ જો જો એવા આળસુઓને પણ એક દિવસ ચાલતા 'વિશ્વ પ્રવાસ' કરવાનો વારો આવશે. બસ, એ જ રીતે ગણપતિ બાપાને ચારધામની જાત્રા કરવાનું કહેવામાં આવ્યું ત્યારે એમણે શોર્ટકટ શોધી કાઢ્યો અને ઑપ્શનમાં મા-બાપની ફરતે પ્રદક્ષિણા કરી લીધી. પણ લલાટે લખ્યું મિથ્યા થતું નથી. એટલે લોકો એ ગણપતિ બાપાને ઇસકી ટોપી ઉસકે સર, ઉસકી ટોપી દૂસરે સર... એ રીતે ભેટ સ્વરૂપ ચારસો જગ્યાએ ફેરવે રાખે છે.

જો કે ગણપતિબાપા આળસુ હતા, એ મૂળચંદની ગેરસમજ હતી. હકીકત કંઈક આવી છે. સંસારમાં મા આપણને સ્નેહ આપે છે (ઝીરો ટકા વ્યાજે) અને બાપ સમજ આપે છે. ચારધામની જાત્રાના વિકલ્પમાં મા-બાપની ફરતે પ્રદક્ષિણા કરીને ગણપતિજીએ આપણને શીખ આપી કે ચારધામનું રેસિડેન્શિયલ એડ્રેસ 'મા-બાપ' જ છે. આમ, સાચી સમજ આપી એટલે સ્તો આપણે એમને 'બાપા' કહીએ છીએ. મૂળચંદ મારી વાત માની ગયો અને એવું પણ કહ્યું કે, નલીનીબેન, તમે મને સાચી સમજ આપી એટલે આજથી તમે 'મારા બાપ...!' ઓકે?

ફિલ્મમાં પણ 'મેરે બાપ, પહલે આપ' કહેનાર 'હીરો' જ છે. ગણપતિબાપા પણ આપણા હીરો એટલા માટે છે કે તેઓ પૂજાવામાં પ્રથમ હોવા છતાં એમણે 'મેરે બાપ, પહલે આપ' કહીને પિતા શંકરજીને જ આગળ રાખ્યા છે. તેથી સ્તો પહેલાં શ્રાવણ મહિનો આવે છે અને પછી ગણેશોત્સવ! બાય ધ વે, ભગવાન શંકરને આપણે શંકરદાદા કહીએ છીએ અને દાદાના દીકરાને આપણે વાંકે રહીને બાપા કહેવા જ પડે. કદાચ એટલે જ ગણપતિજીને ગણપતિ બાપા કહીએ છીએ અને બાપાને જાત્રા કરાવવાની આપણી ફરજ છે એમ સમજી આપણે એકના એક ગણપતિને ભેટ સ્વરૂપે બધે ફરતા રાખીએ છીએ! ક્યારેક નવરાશ મળે તો તમને ભેટમાં મળેલા ગણપતિના હાવભાવ ધ્યાનથી જોજો. ગણપતિજી એવું કહેતા જણાશે કે હું 'ખરીદાયેલો' નથી. મતલબ તમારો શુભેચ્છક મને ખરીદીને નથી લાવ્યો, પણ એમને ત્યાં અનેક ગણપતિ ભેટમાં આવેલા. જેથી એ 'મને' 'પધરાવવાની' રાહમાં જ હતો. તમારે ત્યાં પ્રસંગ આવ્યો અને 'મારે' વગર આમંત્રણે તમારે ત્યાં આવવું પડ્યું છે.

પોતાને 'પધરાવવાની' ચેષ્ટાથી ગમગીન થઈ ગયેલા ગણપતિબાપાને આશ્વાસન આપતા મેં કહ્યું કે, દર વર્ષે તમારા પ્રેમાળ ભક્તો તમને ઇન રીઅલ (વાસ્તવમાં) પણ નદીમાં 'પધરાવે' છે. તો મૂળચંદ રૂઢિપ્રયોગમાં 'પધરાવવામાં' શું કામ બાકી રાખે?! જો કે ભગવાન ગણપતિની આવી દશા જોઈને એમ થાય કે ભગવાન કોઈને ભગવાન ન બનાવે ભઈ'સાબ!

આપણે દર વર્ષે ગણપતિબાપાની પધરામણી કરીએ છીએ અને પછી બે, પાંચ કે દસ દિવસે એમને જળમાં પધરાવી દઈએ છીએ. વળી બીજા વરસે લઈ આવીએ છીએ. એ રીતે ગણપતિબાપા 'એન.આર.આઈ.' જેવા જણાય છે. આપણે દર વર્ષે આપણા 'એન.આર.આઈ.'જનોને ઍરપોર્ટથી લઈ આવીએ છીએ. થોડા દિવસ રાખીએ (રહેવા દઈએ?). વળી ઍરપોર્ટ પર પધરાવી આવીએ. બીજે વરસે પાછા એ 'પાસપોર્ટ'ને ઍરપોર્ટથી લઈ આવીએ. જો કે બંને વચ્ચે ફરક એ છે કે 'એન.આર.આઈ.' આવીને આપણા ટાઈટ શીડ્યુલમાં સંકટ ઊભું કરે છે જ્યારે ગણપતિબાપા 'સંકટ મોચન' કરે છે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૯૭ ઉપર)

# મહેંદી મૂકશો તો વિઝા મળશે નહીં

• ડૉ. જગદીશ ત્રિવેદી •

મહેંદી, પાન, સુરમો એટલે કે કાજળ અને અત્તરનું મહત્ત્વ મુસ્લિમ સમાજમાં થોડું વધું જોવા મળે છે અને તેથી તેમની નાતમાં મહેંદીહસન જેવાં નામ પણ હોય છે. જ્યારે હિંદુમાં મહેંદીશંકર, મહેંદીચંદ કે મહેંદીગીરી જેવાં નામ સાંભળવામાં આવ્યાં નથી. જોકે દેશકાળ પ્રમાણે દરેક જ્ઞાતિમાં મેંદી-સુરમો-પાન કે પરફ્યુમનો એકસરખો ક્રેઝ જોવા મળે છે.

મહેંદી માટે એમ કહેવાય છે કે સ્ત્રીની ઉંમર વધે એટલે મહેંદીની જગ્યા બદલાય છે.

'ઘણાં વરસો પછી મળ્યા તમે એનો પુરાવો છે. જે મહેંદી હાથ ને પગ પર હતી એ કેશ પર લાગી.'

સ્ત્રી જ્યારે યુવાન હોય ત્યારે હાથ અને પગ ઉપર મહેંદી મૂકે છે પરંતુ જ્યારે પ્રૌઢા બને છે ત્યારે ધોળા વાળને કાળા કરવા માટે માથાના વાળમાં મહેંદી મૂકે છે. મારા એક પરમ મિત્રનું નામ ધીરુભાઈ છે. એ પાલનપુરમાં રહે છે. એકવાર એમનો પાલનપુરથી ફોન આવ્યો કે હું ધીરુ બોલું છું. આ સાંભળીને મેં તરત જ કહ્યું કે, ધીરું શા માટે બોલવું જોઈએ આપ ઉતાવળું બોલો. આ ધીરુભાઈના એકમાત્ર પત્નીનું નામ રીમા છે. એ સતત રીમા, રીમા, રીમા બોલે ત્યારે મારી, મારી બોલતાં હોય એવું સંભળાય છે. ધીરુભાઈ આ રીતે રીમા મારી છે એવું પ્રતિપાદિત કરી શકે છે. આ રીમાભાભીને મહેંદીનો જરાપણ શોખ નથી. એમણે છેલ્લે પોતાનાં લગ્નમાં મહેંદી મૂકી હતી એના પુરાવા મળ્યા છે પરંતુ ત્યારબાદ મહેંદી મૂકી હોય એવું એમને યાદ આવતું નથી.

ઘણા લોકો લગ્ન કરીને દુઃખી થયા હોય તો ઘણીવાર લગ્ન સમયે પહેરેલો સૂટ ફરી પહેરતા હોતા નથી. ઘણા લોકો જે વાડીમાં પરણવાની ભૂલ કરી બેઠા હોય અને દુઃખી થયા હોય તે બીજા કોઈનાં લગ્નમાં ફરી એ વાડીમાં જાય ત્યારે હૃદયના ધબકારા વધી જતા હોય છે અથવા ત્યાં ભોજન ભાવે નહીં એવું બની શકે છે. અહીં રીમાભાભીના કિસ્સામાં એવું કશું જ નથી. એ લગ્ન કરીને ખરેખર સુખી થયાં છે. આ દંપતિ સરકારશ્રીના 'બે બાળકો બસ' ના સૂત્રને બરાબર વફાદાર હોવાથી એમને દેવાંશ અને નૈવેદ્ય નામના બે સુપુત્રો પણ છે. તેથી લગ્ન બાદ દુઃખી થવાથી ફરી મહેંદી મૂકતા નથી એવું નથી પરંતુ કોઈ પણ જાતના કારણ વગર જ એમને મહેંદીમાં ઝાઝી રૂચિ નથી.

૨૩મી મેથી ૧૧ જૂન એમ કુલ વીસ દિવસ અમે પાંચ મિત્રો પરિવાર સાથે યુરોપ અને ઇંગ્લેન્ડના પ્રવાસે ગયા હતા. અઢાર દિવસ યુરોપ અને બે દિવસ ઇંગ્લેન્ડ એમ અમારો પ્રવાસ હતો. વાચકો જાણે છે તે રીતે યુરોપના સોળ જેટલા દેશો માટે સેન્જાઈન નામના એક જ પ્રકારના વિઝા લેવાથી પ્રવાસી તે તમામ દેશોમાંથી કોઈપણ દેશમાં જઈ શકે છે. પરંતુ ઇંગ્લેન્ડ જવા માટે યુ.કે.ના વિઝા જરૂરી છે અને યુ.કે.ના વિઝા થોડા કઠિન પણ હોય છે.

અમેરિકામાં ૯/૧૧ એટલે કે અગિયારમી સપ્ટેમ્બરે ન્યૂયોર્કમાં મેનહટનમાં આવેલા વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ટ્વિન ટાવર ઉપર આતંકવાદી હુમલો થયા બાદ ઍરપોર્ટ, વિઝા, પાસપોર્ટ વગેરેમાં ખૂબ જ આધુનિકીકરણ થયું અને અમુક દેશના વિઝા વાંછુઓને ફિંગરપ્રિન્ટ અને ફોટોગ્રાફ માટે જે તે દેશની એમ્બેસીએ નક્કી કરેલા સ્થળે જવું પડે છે. આપણે ત્યાં નવો પાસપોર્ટ કઢાવવો હોય તો પણ પાસપોર્ટ ઑફિસમાં ફોટો પડવામાં આવે છે અને ફિંગરપ્રિન્ટ લેવામાં આવે છે.

અમારે તમામ પ્રવાસીઓને અમદાવાદના આશ્રમરોડ ઉપર આવેલા યુ.કે. એમ્બેસીના પાસપોર્ટ - અરજી કલેક્શન સેન્ટરમાં જવાનું અને ત્યાં ફોર્મ ભરવા, ફોટા પડાવવા અને ફિંગરપ્રિન્ટ આપવા તથા ફી ભરવા જવાનું થયું.

મારા મિત્રમાં પત્ની રીમાભાભીએ લગ્ન બાદ છેલ્લા સોળ વરસમાં ક્યારેય મહેંદી મૂકી નહોતી અને વિઝા અરજીના આગલે દિવસ શું બુદ્ધિ સૂઝી કે સોળ વર્ષ બાદ ફરી મહેંદી મૂકી. એમને થયું કે કોઈ શુભપ્રસંગમાં મૂકેલી મહેંદીથી VFS કચેરીમાં પણ શોભા વધશે. પરંતુ ત્યાં ગયા પછી જે થયું તે અણધાર્યું થયું. ત્યાં ફરજ પરની યુવતીએ કહ્યું કે તમારા હાથ ઉપર મહેંદી હોવાથી આપની ફિંગરપ્રિન્ટ લઈ શકાશે નહીં.

એક પ્રખ્યાત કવ્વાલીની પંક્તિ છે કે, 'ઉન કે પાવોં મેં મહેંદી લગી હૈ, વો આને જાને કે કાબિલ નહીં હૈ...' પરંતુ ધીરજલાલનાં ધર્મપત્નીના કિસ્સામાં તો એવું થયું કે ઉનકે હાથો મેં મહેંદી લગી હૈ વો યુ.કે. જાને કે કાબિલ નહીં હૈ.

મહેંદી એવી વસ્તુ છે કે એને તાત્કાલિક દૂર કરી શકાતી નથી અને પરિણામે અમારા એક મિત્રનો પરિવાર અઢાર દિવસ સુધી યુરોપમાં સાથે રહ્યો પરંતુ છેલ્લા બે દિવસ ઇંગ્લેન્ડ આવી ન શક્યો.

આપણે ત્યાં મહેંદી વિશે ઘણાં ગીતો લખાયાં છે. જેમાં 'મહેંદી તે વાવી માળવે ને તેનો રંગ ગયો ગુજરાત રે... મહેંદી રંગ લાગ્યો....' ખૂબ જ લોકપ્રિય ગીત છે પરંતુ અમારા મિત્ર પત્નીના સંદર્ભમાં આ કાવ્યનું પ્રતિકાવ્ય એમ રચી શકાય કે 'મહેંદી તે મૂકી પાલનપુર ને એનો રંગ

(અનુસંધાન : જુઓ પાના નં.-૯૭ ઉપર)

# મીઠા વિનાની દાળ, તેમ ઝઘડા વિનાનો મોળો સંસાર

• મધુસૂદન પારેખ •

'સાચું કહો છો? એવું કદી ના બને. તમે લગ્ન પછી ક્યારેય ઝઘડ્યા નથી?'

મારા એક નિકટના સ્નેહીએ જ્યારે લગ્ન અને દાંપત્ય જીવનની વાત કરતાં કહ્યું કે લગ્ન પછી અમે ક્યારેય ઝઘડ્યા નથી ત્યારે આશ્ચર્યથી મેં એને ઉપરનો સવાલ કર્યો.

બહુ નવાઈની વાત કહેવાય. કશાય ઝઘડા વિના સંસારમાં જીવવાનું હોય, ક્યારેય વર વહુ ઝઘડતાં જ ના હોય તો લગ્નનો અર્થ શો? સંસાર તો અલૂણો હોવો જોઈએ. રસોઈમાં જેમ ચપટી મીઠું રસોઈને અલૂણી બનાવે છે તેમ લગ્નજીવનમાંય ચપટી, મતલબ, કે નાનો નાનો ય ઝઘડો થવો જોઈએ. ઝઘડો કર્યા વિના મોળું મોળું જીવન ખૂટે કેવી રીતે?

મને પોતાને સ્નેહીની વાતથી બહુ નવાઈ લાગી. મારે કેટલાક મિત્રો, સ્નેહીઓ અને વડીલો છે. પણ ક્યારેક ને ક્યારેક તો એ ઝઘડ્યા જ હોય છે. ઝઘડો કરવા માટે સંસારમાં એક પાત્ર તો હોવું જોઈએ. પતિ ઝઘડાખોર હોય તો ઝઘડો ઝીલવા માટે પત્નીનું પાત્ર ના હોય તો એ ઝઘડો કોની સાથે, ભીંત સાથે કરે?

પત્ની ય નવા જમાનાની સ્વતંત્ર મિજાજની હોય તો પતિને ય એનાં વાકબાણ ઝીલવાની તૈયારી રાખવી જ પડે.

ઝઘડો એ ઘર ઘરકી કહાની છે. એકવાર એક મિત્ર દંપતિને ત્યાં હું ગયેલો. બંને ઝઘડતાં હતાં. મને જોઈને જરા સંકોચાઈ ગયા. મેં મજાકમાં પૂછ્યું : 'શેના ઝઘડો છો?'

'ના રે, કશો ય નહિ.' પત્નીએ કહ્યું. પણ વાતવાતમાં કહે : 'ઝઘડાનું આ તમારા ભાઈબંધ જ ઉપાસન (આદર) કરે છે. મને ઝઘડો કરવો ગમતો જ નથી.' એટલે મિત્ર કહે : 'ઉપાસન હું નહિ, તું કરે છે. પરણીને તું આવી ત્યારથી ઝઘડો કરતી આવી છે.'

'તમે, તમે ઝઘડાખોર છો.'

'હું નહિ, તું...'

મને થયું કે વળી પાછું તુતુ મૈં મૈં શરૂ થઈ જશે. એટલે મેં કહ્યું 'ઝઘડો થવા જેવું લાગે તો એક જણે બહાર આંટો મારી આવવો.'

મિત્ર કહે : 'એવું હોય તો મારે બહાર આંટા જ માર્યા કરવા પડે.'

પત્ની કહે : 'રહેવા દો. ઝઘડો થાય તો મારે તો પિયર જવા માટે બેગ તૈયાર કરવી પડે.'

બંને જણા ઝઘડા માટે એકબીજા પર દોષારોપણ કરતાં હતાં. કેટલાંક દંપતિ મેં એવાં જોયાં છે કે ઝઘડો ના કરે તો તેમને ખાવાનું ના પચે. નજીવી બાબતમાં ય ઝઘડો પડે. શાકમાં મીઠું નાખવાનું રહી ગયું હોય, અથવા રસોઈ જરા મોડી થઈ હોય તોય એ ઝઘડાનું નિમિત્ત બને.

કેટલાકને ઝઘડા માટે કારણની જરૂર જ પડતી નથી. કોઈ ઝઘડો કરનાર ના મળે તો ભીંત સાથેય ઝઘડે એવા ય સંસારમાં મળી આવે. એમનો ઝઘડો ઘરની ચાર દીવાલોમાં સીમિત ના રહે. બહાર સુધી એનાં આંદોલનો ફેલાય.

એક દંપતિની વચ્ચે તો માત્ર ઝઘડો જીભ સુધી મર્યાદિત ન રહેતાં હાથ સુધી પહોંચતો હતો. મારા એક આધેડથી જરા મોટા વડીલ એકવાર કહેતા હતા. 'પરણો નહિ તો દુ:ખ, પણ પરણીને વધારે દુ:ખ.'

'એવું કેમ કહો છો?'

'જો મારા કપાળ પર...'

એમના કપાળ પર ઢીમણું હતું. મને કહે : 'મહિનામાં ત્રણ વેલણ બજારમાંથી મારે જ લાવવા પડે છે એ મારા લગ્ન જીવનની ટ્રેજેડી છે.'

'તમે ચૂપચાપ વેઠી લ્યો છો?'

'ત્યારે હું બાવો બની જાઉં?' એ વડીલ ચિડાઈને બોલ્યા.

'પરણ્યા છીએ તો પીડા વેઠવી પડે.' એમણે થોડીવારે કહ્યું.

મને એટલે જ પેલા મિત્રે જ્યારે વાત કરી કે અમે બે કદીય ઝઘડ્યા જ નથી ત્યારે આશ્ચર્ય થયું.

મને કહે : 'અમે શેના માટે ઝઘડીએ? ઝઘડવાનું કોઈ કારણ તો હોવું જોઈએ ને?'

'કેમ, દાળમાં મીઠું વધારે પડી જાય તો...' મેં ઉલટ તપાસ કરી.

'તો હું કહું આજે તેં દાળ ડબલ કરી હોત સ્વાદિષ્ટ થઈ જાત.'

મિત્ર પત્ની કહે : 'એ જરાય ઝઘડ્યા જ નથી. શું કરું? કોને કહું? નથી સાસુ, સસરા છે છોકરાં. હું એમને અચાનક જ કહું કે આજે સાંજે પિક્ચર જોવા જવું છે.'

એ તરત કહે : 'ફાઈન. હું એ જ વિચાર કરતો હતો કે બહુ દિવસથી પિક્ચર જોયું નથી...તો જોવા જઈએ. તેં તો મારો જ વિચાર પકડી લીધો.'

'પણ સાંજે રસોઈનો ટાઈમ નહિ મળે...'

'એમ જ હોય ને! સિનેમા જોવા જઈએ ત્યારે બહાર જ જમી લેવાનું હોય ને?'

મેં કહ્યું : 'તમે તો બંને ભલા દંપતિ છો. ઝઘડા વિના ટાઈમ કેમ પાસ થાય? સંસારમાં ઝઘડા વિના જીવીએ તો સંસારને કાટ ચડી જાય. પ્રેમ માત્ર શાંત જ રહેતો હોય, લીલ બગડે. ઝઘડો ક્યારેય પણ થાય તો પ્રેમ તેજસ્વી બને.'

વાસણ પણ ઝાંખા પડે તો એને ચકચકિત રાખવા માટે ઉપાય કરવા પડે છે. દાંપત્ય કલહ વિના સંસારમાં પ્રેમનો કલશોર થાય નહિ. દંપતિ મારી સલાહ પર હસી પડ્યા. ■




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : જરા તપાસ કરતા, ભગુભાવારે છોરે જગુજી ડાગરી ચસકે વઇ આય ક કુરો? જતે જતે ભાજપ જે કમળવારા ઝંડા ડસાજેં સે ભેરા કરેને ગામજે છેવાડે કાદવ સે ભરેલો તરા આય અનમેં ખોડે અચેતો... સે જરા તપાસ ત કર જગુકે ભાજપસે કેડી દુશ્મની આય અને જગુ હેડો હુલા કરેતો?

બચુડો : (તપાસ કરે ને ચેં) અધા આંઉ તપાસ કઈ ને ડો-બારો જણેં કે પૂછ્યો તડેં ખબર પઈ ક જગુજી ડાગરી ચસકે નાય વઈ પણ અનજી ભાવના સારી આય... હેવર ભાજપજા ઝંડા ઠેકઠેકાણેથી ઉખડે વ્યા અંઇ સે ફેર ભરોભર થીયેં તેલાં કે કાદવમેં ભરાય અચેતો... કમળતા કાદવમેં જ ખીલે ને...

## ખિલજા મ ભલા

રોમિયો : આઇ લવ યુ.

જુલિયેટ : ટાઈમ ન બગાડ, ચાલતો થા...

રોમિયો : વહાલી, હું તારા માટે જીવ આપી દઈશ.

જુલિયેટ : આગળ જા.... રસ્તે પડ.

રોમિયો : હું તારા વગર મરી જઈશ.

જુલિયેટ : કેટલીવાર કહું, ચાલતો થા... આગળ વધ...

રોમિયો : જો હું તારા માટે પ્લેટીનમ હીરાની વીંટી લાવ્યો છું.

જુલિયેટ : સાચ્ચેજ... બતાવ તો, કેવી છે?

રોમિયો : હાલતી થા... ગાંડી લાગે છે.

☺ ☺ ☺ ☺ ☺

મદનલાલ : અરે આપણા નાણાંપ્રધાન જેટલીએ ઈન્કમટેક્ષ માટે સાવ સહેલું ફોર્મ બહાર પાડ્યું છે.

જદનલાલ : શું શું વિગત માંગી છે?

મદનલાલ : એમાં ત્રણ ખાના ભરવાના છે.

જદનલાલ : કયા કયા?

મદનલાલ : તમારી ટોટલ આવક કેટલી?
તમારો ટોટલ ખર્ચો કેટલો?
આમાંથી જેટલા બચ્યા હોય તે સરકારમાં જમા કરાવી દો.

☺ ☺ ☺ ☺ ☺

ગુજ્જુ રામલો : (એક ફોરેનરને) વ્હેર આર યુ ફ્રોમ?

ફોરેનર : આઈ એમ ફ્રોમ કેમ્બ્રિજ એન્ડ યુ?

ગુજ્જુ રામલો : આઈ એમ ફ્રોમ એલિસબ્રિજ.

☺ ☺ ☺ ☺ ☺

જતીન : આ દુનિયા બહુ વિચિત્ર છે.

યતીન : કેમ આમ કહે છે?

જતીન : જ્યારે જ્યારે તમારે સલાહ જોઈતી હોય ત્યારે ત્યારે ઘણા બધા મદદ કરવા તૈયાર હોય છે. પણ જ્યારે જ્યારે તમારે મદદ જોઈતી હોય ત્યારે બધા જ તમને સલાહ આપતા હોય છે.

☺ ☺ ☺ ☺ ☺

ચમનાજી : અરે આવી સુંદર છોકરીને ટીકી ટીકીને જોયા પછી આમ ઊંડા વિચારમાં કેમ પડી ગયો? એવું તે શું વિચારે છે?

મનગાજી : એ જ કે જો આ છોકરી આવી રૂપાળી છોકરી મારી મા હોત તો હું કેટલો રૂપાળો હોત...! પણ જેવા જેના નસીબ!

☺ ☺ ☺ ☺ ☺

મોહન : અલ્યા સોહન, તું આખો દિવસ તારા જુદા જુદા મિત્રોને ફોન કરી એમની જન્મતારીખ અને ઍનિવર્સરી તારીખનો એસ.એમ.એસ. કરવાનું કેમ કહે છે?

સોહન : જો દોસ્ત, મારે કોઈને સરપ્રાઈઝ ગીફ્ટ મોકલવાની નથી પણ આ તો તારીખની યાદી બનાવી રાખી હોય તો એ એ દિવસે મફતમાં જમવાની વ્યવસ્થા તો થઈ જાય... કારણકે જબરી મંદીમાં સપડાયેલો છું.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : આજે હું એક ઉખાણું પૂછું છું : ‘‘જે દાદા છે પણ દાદી નથી, ભાઈ છે પણ બહેન નથી, જે નવરો છે પણ નવરી નથી’’ બોલો એ કોણ?


આદિત્ય : સાહેબ, એ તો દાદાભાઈ નવરોજજી.

☺ ☺ ☺ ☺ ☺

પત્રકાર : (યુવાન અભિનેત્રીને) તમે એ ઘરડા પૈસાદાર ઉદ્યોગપતિને શું જોઈને પરણ્યા?

અભિનેત્રી : એક તો એમની ઈન્કમ અને બીજું એમના ‘દિન કમ.’

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*



# આંજો કાગર

પ્રતિ,
શ્રી પ્રતાપભાઈ દંડ,
તંત્રીશ્રી, 'મંગલ મંદિર'
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ.

*આદરણીય શ્રી પ્રતાપભાઈ દંડ,*
સાદર જય માતાજી.

'મંગલ મંદિર'નો અષાઢી બીજનો અંક ખૂબ ગમ્યો. એક સમાજનું મેગેઝીન હોવા છતાં સમગ્ર કચ્છ અને કચ્છીયતને ઉજાગર કરતો આ અંક એ એક સંભારણું બની રહે તેવો અંક છે તેમ હું ચોક્કસપણે માનું છું.

આપણા ભાતીગળ કચ્છ પ્રદેશની અનેક વિવિધતાઓ છે, જે વિવિધતાઓની અંદર અંતરની એકતા એ આપણી કચ્છની સંસ્કૃતિનો મૂળ પાયો છે. જેના માટે આપણી કચ્છી બોલી, કચ્છીયત, અદ્‌ભુત વતનપ્રેમ વિગેરે સર્વે આપણા સૌની વહાલામાં વહાલી મૂડી છે જેનું જતન - સંવર્ધન થાય તે દરેક કચ્છીની ફરજ છે. પરંતુ આ ફરજ બજાવનારાઓની સંખ્યા કદાચ ઓછી હશે. પરંતુ 'મંગલ મંદિર' કચ્છ અને કચ્છીયતને ઉજાગર કરવા માટે 'મંગલ મંદિર' અષાઢી બીજ અંકે જે પ્રયાસ કર્યો છે તે માટે આપને અને આપની સમગ્ર ટીમને તેમજ આ અંકમાં જેમણે પોતાના મૂલ્યવાન લેખો આપ્યા છે તે તમામ લેખકોને મારા લાખ લાખ અભિનંદન.

*પુષ્પદાન શંભુદાન ગઢવી - ભુજ, કચ્છ.*
*પૂર્વ સંસદસભ્ય*

*શિવની જટામાં તો માત્ર ગંગા જ અવતરી છે...*
*માના જીગરે તો કંઈક ગંગાને,*
*મહાસાગરો ઉમટ્યા છે....*

**લઘુ કથા**

## ઇશ્ક એટલે વિરહ અને વિસર્જન વચ્ચે થતી સાધના

વરસો પહેલાં પંજાબના જગદેઉ ગામમાં એક ફકીર થઈ ગયો. તે જે વૃક્ષ નીચે બેસતો, લોકો તેને પણ પૂજતા અને માનતા રાખતા. એકવાર તે ગામની જ ઈલાહી નૂરથી ચમકતી એક યુવતી તેણે જોઈ અને અલ્લાહના દીદાર થયા હોય તેવી અલૌકિક અવસ્થા ફકીરે અનુભવી અને યુવતી પણ ગ્રીષ્મ હોય કે વર્ષા, છુપાતી-છુપાવતી આવતી અને ફકીરને પકવાનો જમાડતી. જેમાં ઈશ્ક સંવેદન અને નિવેદન બંને હતું.

પણ આ રૂહાની નાતો ગામને માફક ન આવ્યો. આમ પણ ફકીર મુસલમાન અને યુવતી હિન્દુ હતી. આખરે એક મધરાતે ફકીર અધૂરી કથા છોડીને જ બીજે ક્યાંક ચાલ્યો ગયો...

અહીં પેલી યુવતીને ખબર ન હતી કે ફકીર કયે રસ્તે ગયો. ગામમાંથી તો ત્રણ રસ્તા પસાર થતા હતા. ગ્રીષ્મમાં આ રસ્તે મુસાફરો તરસ્યા રહેતાં. પેલી યુવતીએ ત્રણે રસ્તે કૂવાઓ ખોદાવી બધાને પાણી પાવાનું આરંભ્યું. પેલી યુવતીનું યૌવન તો વીતી ગયું. પણ તેની પવિત્ર પ્રતીક્ષા જ તેની પ્રાર્થના બની ગઈ. પ્રેમીના પ્રાણ એકબીજામાં છૂપાયેલા હોય છે. તેથી જ પ્રેમની ખોજ અંતતઃ પરમની ખોજ બની જાય છે.

પેલો ફકીર એકવાર તે રસ્તે પસાર થયો. બંનેએ પ્રેમ-ચૈતન્યને ઓળખ્યું. આખા આયખાનો વિરહ આંખોમાં ઊતરી આવ્યો. પેલી જલ ભરેલ પ્યાલો આપતાં કહે, 'તારા દીદારની તરસે જ મને રાહગીરોની તરસ છીપાવતી કરી. તેની તૃષા તૃપ્તિમાં જ મને તારા દીદારની તૃપ્તિ થાય છે.'

આ મૃત્યુલોકમાં અમૃતની અને ક્ષણભંગુર જગતમાં શાશ્વતીની ઝલક ઈશ્કમાં જ છે. રૂહાની ઈશ્ક જ મૃણમયને ચિન્મય બનાવી દે છે. ઈશ્કની અવસ્થામાં જીવનરંગ તેના અંતિમ શિખરને આંબે છે. જ્ઞાની ભટકે છે અને પ્રેમી પહોંચે છે. પૃથ્વી પર પરમને પ્રેયસીનો દરજ્જો સૂફીઓ જ આપી શક્યા છે. તેમને મન ઈશ્ક કૃત્ય નથી પણ પરમની કરુણા છે. ઈશ્કમાં આરંભે જ ઓળખ ઓગળી જાય છે. તેમાં દેહનો અને મનનો કિનારો ત્યાગીને જીવન -પ્રવાહમાં વચ્ચે ઝંપલાવવાનું છે. ઈશ્ક એટલે વિરહ અને વિસર્જન વચ્ચે થતી સાધના. ઈશ્ક કોઈ ક્ષણિક કંપન નથી પણ સમાધિ જેવી સ્થિર અવસ્થા છે જે આજન્મ રહે છે. સરેરાશ પ્રેમ તો ભીની લાકડીના સળગવા જેવો છે. થોડો અગ્નિ ઘણો બધો ધુમાડો. જ્યારે રૂહાની ઈશ્ક એટલે નર્યો પાવક અગ્નિ.

આજે પણ રૂહાની ઈશ્કનું સાક્ષી જગદેઉ ગામ કૂવાવાળીના ગામ તરીકે ઓળખાય છે. ■

**કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ** વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ

- ગઢવાલ
- કોરા કોટન
- સુપરનેટ કોટા
- ટીસ્યુ કોટા
- ફેન્સી કોટા
- જૈન સિલ્ક
- ચંદેરી ટેમ્પલ
- પ્રિન્ટેડ જ્યોર્જેટ



**"કાંચી"ની સાડી વાહ... વાહ...!!**
મીનલ દેઢિયા • 09930704743
**KANCHI** *A Blend of Indian Heritage*
૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.
Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com Sunday Closed

## NanoNine™ શબ્દ રમત-૧૨૦

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | ૬ | ૭ | | ૮ |
| ૯ | | | ૧૦ | ૧૧ | | | ૧૨ | | | | |
| ૧૩ | | ૧૪ | | | | | ૧૫ | | ૧૬ | | |
| ૧૭ | | | | | ૧૮ | ૧૯ | | | | | |
| | | | | ૨૦ | | | | ૨૧ | ૨૨ | ૨૩ | |
| ૨૪ | ૨૫ | | ૨૬ | | ૨૭ | | | | ૨૮ | ૨૯ | |
| ૩૦ | | | ૩૧ | | ૩૨ | | ૩૩ | | | | |
| ૩૪ | | | ૩૫ | | | | ૩૬ | ૩૭ | ૩૮ | | ૩૯ |
| | | ૪૦ | | ૪૧ | | ૪૨ | | ૪૩ | | | |
| ૪૪ | | | | | | ૪૫ | | | | ૪૬ | |
| | | | ૪૭ | | ૪૮ | | | | ૪૯ | | |
| ૫૦ | | | | ૫૧ | | | | ૫૨ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૯-૨૦૧૬)

*'નેનો શબ્દ રમત'ને આ માસે દસ વરસ પૂર્ણ થાય છે. શરૂઆતમાં ચારથી પાંચ વાંચકો જવાબ મોકલતા હતા તેની સંખ્યા વધીને પંચાવન સુધીની થયેલ છે. વાંચકોના આ પ્રતિભાવ બદલ તંત્રી મંડળ હર્ષની લાગણી અનુભવે છે. અને આ દશાબ્દીના પરિપ્રેક્ષ્યમાં આ મહિને ત્રણના બદલે છ ઈનામો આપવામાં આવશે.*

*પ્રતાપ નારાણજી દંડ – મુખ્યતંત્રી*

### આડી ચાવીઓ

૧. ખૂબસુરત સ્ત્રી, પ્રિયા (૪)
૨. વંશ વારસાનો નિયંત્રક એકમ, જિન (૩)
૫. સરકાર દ્વારા સંચાલિત ટી.વી. ચેનલ (૫)
૯. એક કઠોળ, ____ લાવે પગ (૨)
૧૦. જુલ્મ, અત્યાચાર, કેર (૩)
૧૧. અંધારું, તમોગુણ (૨)
૧૨. ઉત્કટતા, ઉત્સાહ (૩)
૧૪. બાયલું, નાહિંમત (૩)
૧૫. ચોથા ભાગનું (૧)
૧૬. એક પક્ષી, કોકીલા (૩)
૧૭. તિરસ્કાર, ઘૃણા (૪)
૧૮. છોકરીઓને પહેરવાનું એક વસ્ત્ર (૩)
૨૦. ચોથા ભાગનું (૧)
૨૧. મોરારિબાપુની ____ ખૂબ જ સુંદર હોય છે (૪)
૨૩. વાર્તા, કહાણી (૨)
૨૪. ઓચિંતુ, એકાએક (૪)
૨૫. કાળજી, જાગૃતિ, ચાલાકી (૩)
૨૭. આકાશમાંથી પડતા કુદરતી બરફના ટુકડા (૨)
૨૮. મોટા ઘેરવાળો નીચો અંગરખો (૨)
૩૦. મજા, વિનોદ, રમૂજ (ઈં.) (૨)
૩૧. ધનતેરસના દિવસે આ પૂજન કરવામાં આવે છે (૫)
૩૨. પૂજા, સત્કાર (૩)
૩૪. વાચા, વાણી (૨)
૩૬. રાજકારણી દાવપેચ, યુક્તિ, પ્રયુક્તિ (૫)
૩૮. ખેલ, ક્રીડા (૩)
૪૦. દેવ (૩)
૪૨. અડધી રાત (૪)
૪૩. રાત્રિ, રજની (૨)
૪૪. ધૃતરાષ્ટ્રની પત્ની, કૌરવોની માતા (૩)
૪૫. નિમક, મીઠું, લૂણ (ફા) (૩)
૪૬. ઘા, જખમ (૨)
૪૭. એક સંખ્યા (૧)
૪૮. પ્રભાત, પરોઢિયું (૨)
૫૦. માલ વેચનાર, વિક્રેતા (ઈં.) (૩)
૫૧. હોજરી (૩)
૫૨. પરીક્ષાના ગુણ દર્શાવતું સીટ (ઈં.) (૪)

### ઊભી ચાવીઓ

૧. નામીચું, પ્રખ્યાત (૪)
૨. વિશ્વ, દુનિયા (૨)
૩. શિખામણ, ઠપકો (અં.) (૪)
૫. દૂધ અને ભાતની એક વાની (૪)
૬. નસ, રેસો, રસવાહિની (૨)
૭. દસ વરસનો સમય (૩)
૮. ગદ્યમાં લખેલી કલ્પિત વાર્તા (૫)
૧૧. દૂધ કે દહીંની મલાઈ (૨)
૧૩. સૌથી વધુ વસતિ ધરાવતો ભારતનો પડોશી દેશ (૨)
૧૪. તોફાન, મસ્તી, લુચ્ચાઈનું કામ (૪)
૧૫. પવિત્ર, ખેતીની નીપજ (૨)
૧૯. રામચંદ્રનું રાજ્ય, સુખી રાજ્ય (૪)
૨૨. આનંદ, લહેર (૨)
૨૩. કઋતુ, કવખત (૪)
૨૪. ઊડતી ખબર, ગામ-ગપાટો (૩)
૨૫. કાળજી, ચેતવણી, જાગૃતિ (૩)
૨૬. પક્ષીઓનો મધુર ધ્વનિ, કલબલાટ (૪)
૨૭. સુગંધિત જ્વલનશીલ આરતીમાં વપરાતો પદાર્થ (૩)
૩૩. અધમ - નીચ આદમી (૪)
૩૫. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૩૭. થોડું, લગાર (૩)
૩૮. લીન, મગ્ન, આસક્ત (૨)
૩૯. ધમપછાડ, અધીરાઈ, ચંચળતા (૫)
૪૦. નાનું દેરું (૨)
૪૧. મુગટ (૨)
૪૨. મનોહર, સુંદર (૪)
૪૪. ગાંઠડી, ઘણી વસ્તુ એકઠી કરી બાંધેલી પોટલી (૩)
૪૮. વણજાર, પોઠિયો (૨)
૪૯. કરચલો, એક રાશિ (૨)

## NanoNine™ શબ્દ રમત-૧૧૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | જા | ફ | રા | ન | ■ | ■ | ક | લા | કા | ર | ■ |
| બા | વ | ળ | ■ | વ | ■ | ન | ષ્ટ | ■ | જ | કા | ત |
| રો | ક | ■ | ક | રા | મ | ત | ■ | ન | ■ | બી | ન |
| બા | ■ | અ | ન | શ | ન | ■ | ક | મો | ત | ■ | મ |
| ર | વિ | ■ | ક | ■ | ન | ર | મ | ■ | સો | ગ | ન |
| ■ | ના | દ | ■ | જ | ■ | ગ | ની | મ | ત | ■ | ■ |
| ■ | ■ | ફ | ર | મા | ન | ■ | ચ | ■ | સ | ખી | ■ |
| પ | ર | ત | ■ | દા | ખ | લો | ■ | ની | ■ | લો | ચ |
| રિ | ■ | ર | બ | ર | ■ | લ | ચ | પ | ચ | ■ | બ |
| સ | તી | ■ | લિ | ■ | લો | ક | લા | જ | ■ | સ | રા |
| ર | ત | વા | ■ | નો | ક | ■ | ચ | ■ | ગ | ર | ક |
| ■ | ર | જ | વા | ડી | ■ | ■ | લ | જા | મ | ણી | ■ |

***માસ જુલાઈ-૨૦૧૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૧૮ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ***

૧. સરલા શાહ - અમદાવાદ
૨. જાગૃતિ રાણા - અમદાવાદ
૩. મહેન્દ્ર સંઘવી - અમદાવાદ
૪. કાજલ સંઘવી - અમદાવાદ
૫. જ્યોત્સના ગોગરી - અમદાવાદ
૬. પ્રિયંકા શાહ - અમદાવાદ
૭. જયસુખ સંઘવી - અમદાવાદ
૮. ચીમનલાલ લોડાયા - અમદાવાદ
૯. અમીબેન મહેતા - અમદાવાદ
૧૦. જશવંત કોઠારી - અમદાવાદ
૧૧. નીના ગોરજી - અમદાવાદ
૧૨. વર્ષાબેન પારેખ - અમદાવાદ
૧૩. સ્મિતા શાહ - અમદાવાદ
૧૪. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૫. મધુરી ડાઘા - અમદાવાદ
૧૬. લક્ષ્મીબેન ખત્રી - અમદાવાદ
૧૭. દીપા પરીખ - અમદાવાદ
૧૮. વિનોદ મહેતા - અમદાવાદ
૧૯. કશિશ શાહ - અમદાવાદ
૨૦. જ્યોત્સના છેડા - અમદાવાદ
૨૧. ઝરણા પારેખ - અમદાવાદ
૨૨. જ્યોતિ શાહ - અમદાવાદ
૨૩. જયેશ મહેતા - અમદાવાદ
૨૪. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૨૫. પ્રવીણાબેન છેડા - અમદાવાદ
૨૬. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૨૭. મુકેશ મૈશેરી - અમદાવાદ
૨૮. ચંદ્રકાંત લોડાયા - અમદાવાદ
૨૯. સરોજ શાહ - અમદાવાદ
૩૦. નવલ શાહ - અમદાવાદ
૩૧. કલ્પના પાલાણી - અમદાવાદ
૩૨. શીત મહેતા - અમદાવાદ
૩૩. રંજન શાહ - અમદાવાદ
૩૪. ભાવના ભારાણી - અમદાવાદ
૩૫. પ્રતિમા શાહ - અમદાવાદ
૩૬. જયશ્રી સંઘવી - અમદાવાદ
૩૭. નેહા પારેખ - અમદાવાદ
૩૮. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૩૯. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૪૦. વસંતબેન મલ્લ - વલસાડ
૪૧. વસંત સાવલા - મુંબઈ
૪૨. હેમલતા શાહ - મુંબઈ
૪૩. નયના રાંભિયા - મુંબઈ
૪૪. મુકુંદ મહેતા - આદિપુર
૪૫. રસીલા ઝવેરી - વિરાર
૪૬. હસમુખ દેઢિયા - અડાલજ
૪૭. શોભના દંડ - અંકલેશ્વર
૪૮. હરખચંદ ગડા - અંકલેશ્વર
૪૯. યોગેશ છેડા - ભુજપુર
૫૦. રમેશ વોરા - બેંગ્લોર
૫૧. દિલીપ ગડા - વડોદરા
૫૨. તારાબેન મહેતા - ભુજ
૫૩. જાગૃતિ પરીખ - સિકંદ્રાબાદ
૫૪. ઉષા સંઘવી - રાઉરકેલા

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**૧. જ્યોત્સના ગોગરી - અમદાવાદ**
**૨. રસીલા ઝવેરી - વિરાર**
**૩. તારાબેન મહેતા - ભુજ**

Prakash®
**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

**NanoNine™ Sudoku**

**જુલાઈ-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૧૦૬**

## હટકે અંતિમ સંસ્કાર

તમે તમારા અંતિમ સંસ્કાર કેવી રીતે કરાવવા ઈચ્છો છો એવા લૉઅર પરેલની સુખાંત ફ્યુનરલ મેનેજમેન્ટનાં બેનર્સ જોવા મળે છે. આવું લખાણ ધરાવતું એક હોર્ડિંગ શિવાજી પાર્કના આજી-આજોબા ઉદ્યાનની બરાબર સામે ગોઠવવામાં આવ્યું છે. એ જોઈને ઘણા લોકોને અજુગતું લાગ્યું, પરંતુ ખરેખર આજના વખતમાં આવી સર્વિસની જરૂર હોવાનું પણ લોકોએ કબૂલ્યું છે.

સુખાંત ફ્યુનરલ સર્વિસનો મિનિમમ ચાર્જ ૧૫ હજાર રૂપિયા છે. ત્યાર પછી બોડી સ્મશાન સુધી ટ્રકમાં લઈ જવી હોય, બાળવા માટે ચંદનનાં લાકડાંનો ઉપયોગ કરવો હોય, પ્રાર્થના સભા માટે એરકન્ડિશન્ડ હોલ જોઈએ છે કે નોન-એરકન્ડિશન્ડ હોલ જોઈએ છે, અથવા અન્ય કોઈ વિશેષ આવશ્યક્તા દર્શાવવામાં આવતાં એ પ્રમાણે એ સર્વિસનું બીલ બને છે. જો પરિવારમાંથી કોઈ હાજર હોય તો તેમને વિધિમાં જોડવામાં આવે છે અને ન હોય તો મૃતદેહની નનામી બાંધીને એ ઉપાડીને સ્મશાન સુધી લઈ જવા ઉપરાંત અગ્નિદાહ આપવા સુધીની બધી વિધિઓ તે લોકો પાર પાડે છે. સુખાંત ફ્યુનરલ મેનેજમેન્ટે અત્યાર સુધીમાં ૧૩૦ ફ્યુનરલ કર્યા હોવાનું જાહેર કરે છે.

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૭૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૯-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ નવેમ્બર-૨૦૧૬ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________________

સરનામું : ______________________________

______________________________ ફોન/મોબાઈલ : ______________________________

**ક્રમાંક - ૧૦૭૭**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | | | 9 | | 1 | 3 |
| 8 | 4 | | | | 5 | 7 | | |
| | | | | | 3 | | 2 | |
| 2 | | 7 | 5 | 9 | | 1 | 8 | |
| | 8 | | | | | | 7 | |
| | | 4 | | 7 | 8 | 5 | | 2 |
| | 7 | 6 | 9 | 3 | | 2 | | |
| | 5 | | | | | 3 | | 7 |
| 3 | 9 | | 8 | | | | | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | 7 | 8 | | 3 | | 4 |
| | 7 | | | | 6 | | 1 | |
| | 2 | | | 4 | | 7 | | 5 |
| 6 | | 2 | 9 | | | | | 1 |
| | | 7 | 1 | | | 2 | | |
| | | 5 | | 2 | 8 | 4 | | 7 |
| 1 | | | | 9 | | | 7 | 2 |
| | 5 | | 8 | | 2 | | 4 | |
| 2 | | 3 | 5 | | | 6 | 8 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 4 | 5 | 2 | 3 |
| 2 | | | 5 | 3 | | | | |
| | 9 | 3 | 2 | | | | 4 | |
| | 5 | | | 9 | | 3 | | 2 |
| | 3 | | 8 | 2 | 1 | | 5 | |
| 7 | | 2 | | 6 | | | 9 | |
| | 8 | | 1 | | 9 | | 7 | |
| | | 4 | | 5 | 2 | | | |
| 1 | 2 | | 7 | | | 9 | 6 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | 7 | | | | 3 | |
| 4 | 7 | | 1 | 5 | | 9 | | 6 |
| | | 8 | 6 | | | | 7 | |
| | | 2 | 5 | 7 | | 8 | | 1 |
| 8 | | 5 | | 9 | | 2 | | 7 |
| | | 1 | | 6 | 2 | | | |
| | 5 | | 2 | | 6 | | 1 | 3 |
| 3 | | 6 | | | 7 | | | 2 |
| | 1 | | | | 5 | 6 | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૭૬**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 6 | 9 | 1 | 2 | 5 | 8 | 4 |
| 5 | 4 | 9 | 7 | 3 | 8 | 2 | 6 | 1 |
| 2 | 1 | 8 | 5 | 6 | 4 | 3 | 9 | 7 |
| 8 | 9 | 3 | 1 | 2 | 5 | 7 | 4 | 6 |
| 1 | 5 | 4 | 3 | 7 | 6 | 8 | 2 | 9 |
| 6 | 2 | 7 | 8 | 4 | 9 | 1 | 3 | 5 |
| 7 | 8 | 5 | 6 | 9 | 3 | 4 | 1 | 2 |
| 9 | 3 | 2 | 4 | 5 | 1 | 6 | 7 | 8 |
| 4 | 6 | 1 | 2 | 8 | 7 | 9 | 5 | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 9 | 7 | 3 | 5 | 1 | 4 | 2 | 6 |
| 3 | 6 | 2 | 4 | 7 | 9 | 8 | 5 | 1 |
| 4 | 5 | 1 | 2 | 6 | 8 | 7 | 3 | 9 |
| 2 | 8 | 6 | 5 | 3 | 7 | 1 | 9 | 4 |
| 7 | 3 | 4 | 9 | 1 | 6 | 5 | 8 | 2 |
| 9 | 1 | 5 | 8 | 2 | 4 | 3 | 6 | 7 |
| 6 | 2 | 3 | 7 | 4 | 5 | 9 | 1 | 8 |
| 1 | 4 | 8 | 6 | 9 | 3 | 2 | 7 | 5 |
| 5 | 7 | 9 | 1 | 8 | 2 | 6 | 4 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 6 | 8 | 3 | 1 | 2 | 9 | 4 | 7 |
| 7 | 2 | 9 | 6 | 4 | 8 | 3 | 1 | 5 |
| 3 | 4 | 1 | 5 | 9 | 7 | 2 | 6 | 8 |
| 1 | 5 | 6 | 9 | 2 | 4 | 8 | 7 | 3 |
| 2 | 7 | 4 | 8 | 3 | 6 | 5 | 9 | 1 |
| 9 | 8 | 3 | 7 | 5 | 1 | 6 | 2 | 4 |
| 8 | 3 | 2 | 1 | 7 | 9 | 4 | 5 | 6 |
| 4 | 1 | 5 | 2 | 6 | 3 | 7 | 8 | 9 |
| 6 | 9 | 7 | 4 | 8 | 5 | 1 | 3 | 2 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | 1 | 5 | 9 | 3 | 6 | 2 | 7 |
| 3 | 2 | 6 | 7 | 8 | 1 | 4 | 9 | 5 |
| 5 | 7 | 9 | 6 | 2 | 4 | 3 | 8 | 1 |
| 9 | 6 | 3 | 2 | 7 | 5 | 1 | 4 | 8 |
| 1 | 8 | 7 | 3 | 4 | 6 | 2 | 5 | 9 |
| 2 | 5 | 4 | 8 | 1 | 9 | 7 | 6 | 3 |
| 4 | 9 | 2 | 1 | 5 | 7 | 8 | 3 | 6 |
| 7 | 3 | 5 | 4 | 6 | 8 | 9 | 1 | 2 |
| 6 | 1 | 8 | 9 | 3 | 2 | 5 | 7 | 4 |

Nano 9™
Insulated Stainless Steelware
Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com
Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

## NanoNine™ Sudoku

*જુલાઈ-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. મહેન્દ્ર સંઘવી - અમદાવાદ
૨. કાજલ ગોસર - અમદાવાદ
૩. જયસુખ સંઘવી - અમદાવાદ
૪. નયના ગોગરી - અમદાવાદ
૫. પ્રિયંકા શાહ - અમદાવાદ
૬. કાજલ સંઘવી - અમદાવાદ
૭. નીના ગોરજી - અમદાવાદ
૮. દક્ષા લોડાયા - અમદાવાદ
૯. શ્રેયા છેડા - અમદાવાદ
૧૦. પ્રફુલ્લ કોરડિયા - અમદાવાદ
૧૧. અવંતી દંડ - અમદાવાદ
૧૨. અજિત મહેતા - અમદાવાદ
૧૩. જ્યોતિ શાહ - અમદાવાદ
૧૪. ઝરણા પારેખ - અમદાવાદ
૧૫. ઉષ્મા શાહ - અમદાવાદ
૧૬. સ્મિતા શાહ - અમદાવાદ
૧૭. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૮. વિનોદ મહેતા - અમદાવાદ
૧૯. દીપા પરીખ - અમદાવાદ
૨૦. કશિશ શાહ - અમદાવાદ
૨૧. શ્વેતા છેડા - અમદાવાદ
૨૨. અલ્પા શાહ - અમદાવાદ
૨૩. બિંદુ શાહ - અમદાવાદ
૨૪. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૨૫. સરોજ શાહ - અમદાવાદ
૨૬. વર્ષા શાહ - અમદાવાદ
૨૭. મોક્ષા લાલકા - અમદાવાદ
૨૮. શાંતિલાલ શાહ - અમદાવાદ
૨૯. કલ્પના પાલાણી - અમદાવાદ
૩૦. પ્રતિમા શાહ - અમદાવાદ
૩૧. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૩૨. હર્ષિલ મહેતા - અમદાવાદ
૩૩. ધ્વનિ પટવા - અમદાવાદ
૩૪. ચૈતાલી વોરા - અમદાવાદ
૩૫. ખુશી વોરા - અમદાવાદ
૩૬. આરતી મૈશેરી - અમદાવાદ
૩૭. યશસ્વી ભારાણી - અમદાવાદ
૩૮. પ્રભા શેઠિયા - વલસાડ
૩૯. હેમલતા દેઢિયા - અડાલજ
૪૦. હેતલ મહેતા - ગઢશીશા
૪૧. કેતકી ગાલા - મુંબઈ
૪૨. નયના રાંભિયા - મુંબઈ
૪૩. રસીલા ઝવેરી - વિરાર
૪૪. મૂલકુમારી લાલકા - ગદગ
૪૫. ઉષા સંઘવી - રાઉરકેલા
૪૬. રૂપાલી પારેખ - સિકંદ્રાબાદ
૪૭. સંકેત મહેતા - ભુજ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. હેતલ પટવા - ગઢશીશા, માંડવી
૨. ધ્વનિ પટવા - અમદાવાદ
૩. કાજલ ગોસર - અમદાવાદ

## આપણે સૌ પ્રથમ જાતને વફાદાર બનીએ... તો મોજમાં જ રહીએ

જન્મથી મરણ સુધીના સમયગાળાને આપણે જિંદગી કહીએ છીએ. જન્મ પછી જીવવાનું શરૂ કરીએ ત્યારે આપણને કોઈ સમજણ કે બુધ્ધિ વિકાસ હોતો નથી. વારસો, ઉછેર, શિક્ષણ અને વાતાવરણ પ્રમાણે ઉંમરમાં વધતા જઈએ છીએ. જે કાંઇ ઇચ્છાઓ થાય અને પ્રમાણે જીવવાની તક મળે તો તૃપ્તિનો આનંદ કરી લેતા હોઈએ છીએ.

જેમ જેમ ઉંમર વધે તેમ માનસિક શારીરિક કક્ષા બદલાતી જાય છે. સમજણ પણ બૌદ્ધિક સંસ્કારો પ્રમાણે વિસ્તરે છે. દરેકને આ વસ્તુ સરખી નથી હોતી. ઉંમર વધે તેની સાથે બુધ્ધિ - સમજણ વધે તે નક્કી હોતું નથી પણ માતા-પિતા, શિક્ષક, મિત્રો, પાડોશીના — સૌનો પ્રેમભર્યો ઉછેર હોય તો બુધ્ધિ - સમજણ વધે નહીં પણ વિસ્તૃત અવશ્ય થાય છે. જેને આપણે બુધ્ધિનો વિકાસ કહીએ છીએ. ખરેખર વધે નહીં પણ ફલક મોટું થાય છે. તે આપણે અનુભવી શકીએ છીએ. પોતાના અન્ય વિકાસ સાથે આવો સમજણનો વિકાસ જીવનને ઉત્તરોત્તર જીવવા જેવું બનાવે છે.

આ પ્રકારના પરિવર્તનથી જીવનને આપણે જાણી શકીએ છીએ, માણી શકીએ છીએ. વેદના સંવેદનાને ન્યાય આપવાનો પ્રયત્ન આપણને સંતોષ - સાંત્વના આપે છે અને આપણે જીવન જીવી રહ્યા છીએ તેવો અનુભવ થાય છે.

આમ જન્મ પછી આપણા વર્તનમાં જે પરિવર્તન થતું રહે છે તેનાથી જીવવાનો સુખ-દુઃખનો સ્પર્શ, વેદના સંવેદના દ્વારા થાય છે. જીવન આપણે આપણી જાત સાથે સંલગ્ન છે. એટલે જાતનું દર્શન થાય છે. જાતને ઓળખીએ તેટલી સમજણ ઉંમર વધતા આવે છે. કદાચ સૌને સરખી ન આવતી હોય તો પણ આવે તો છે જ. આપણે આપણી જાતને જેમ જેમ ઓળખતા જઈએ તેમ તેમ જીવવાની મજા વધતી જાય છે. કારણ જીવન જાત વડે જીવાય છે. એટલે ખુશ થવું, રાજી થવું, મજા પડવી અને વેદનાનો અનુભવ થવો સ્વાભાવિક થાય છે. આ સમય જાતને જાણીને, ઓળખીને સતત સંભાળ રાખવાનો છે. એ કામ બુદ્ધિ કરે છે. જો વિકસતી બુદ્ધિ કક્ષા હશે તો જાતને જાણી જીવન વધારે સંતોષજનક જીવી શકવા પ્રયત્નો આપણે કરીએ છીએ.

અડગ આત્મવિશ્વાસથી જીવન જાણી તે ઝરણું બનાવીએ તો અવશ્ય જીવનની સાર્થકતાનો આનંદ અને પૂર્ણ પ્રસન્નતા મળે છે તેવો મારો અનુભવ છે.

*ડૉ. પ્રતાપ પંડ્યા*
*સૌજન્ય : "તમન્ના"*

*સદા આપે હૂંફ અને શાતા*
*એનું જ નામ, જન્મદાતા....*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

★ વોલ્ટ ડિઝની વર્લ્ડ દ્વારા રોજનો ૧,૨૦,૦૦૦ પાઉન્ડ કચરો ઠલવાય છે.

★ બ્લ્યુ વ્હેલની વ્હીસલ, એ પ્રાણી દ્વારા ઉત્પન્ન કરાતો સૌથી મોટો અવાજ છે.

★ શાંઘાઈમાં લાલ રંગની કાર ધરાવવી, એ ગુનો ગણાય છે.

★ જાપાનમાં કેટલીક વખત તડબુચનો ભાવ ૧૦૦ અમેરિકન ડોલર જેટલો ઊંચો હોય છે.

★ મગર તેની જીભ નથી હલાવી શકતો કે ચાવી પણ નથી શકતો. તેના પાચક રસો પોલાદના ખીલાનું પણ પાચન કરી નાખે એટલા શક્તિશાળી હોય છે.

★ બાળવયે છોકરા કરતાં છોકરીઓ પ્રમાણમાં વધુ ઝડપથી બોલતા, વાક્યોનો ઉપયોગ કરતા અને ઝડપથી વાંચતા શીખે છે.

★ અત્યાર સુધીમાં માત્ર એક પુસ્તક બાઈબલ કરતા વધુ વેચાયું છે અને તે પુસ્તક છે : "IKEA Catalogue."

★ ડિઝનીલેન્ડમાં ૬૦ના દાયકા સુધી લાંબા વાળ ધરાવતા પુરુષોને પ્રવેશ મળતો નહોતો.

★ જનરલ મોટર્સમાં સ્ટીલના ખર્ચ કરતાં હવે આરોગ્ય કર્મચારીઓની સંભાળનો ખર્ચ વધી ગયો છે.

★ ડુક્કરની જીભમાં ૧૫,૦૦૦ સ્વાદ પેશીઓ આવેલી હોય છે જ્યારે માનવીની જીભમાં ૯,૦૦૦ સ્વાદ પેશીઓ આવેલી હોય છે.

★ સહરાના રણમાં ૧૮ ફેબ્રુઆરી, ૧૯૭૯ના રોજ બરફ પડ્યો હતો.

★ ફલોરીડામાં ઘોડાની ચોરી કરનારને ફાંસીની સજા ફરમાવવામાં આવે છે.

★ નવજાત જિરાફ જન્મતાવેંત છ ફૂટની ઊંચાઈએથી નીચે પટકાય છે, છતાં સામાન્યપણે તેને કોઈ ઈજા પહોંચતી નથી.

★ પેસીફિક ટાપુ પર જોવા મળતા 'રોબર ક્રેબ' નામના મહાકાય કરચલાને નાળિયેર ખૂબ પ્રિય છે. આ કરચલા નાળિયેરી પર ચઢી નાળિયેરને ફોડવા માટે નીચે ફેંકે છે અને પછી નીચે ઉતારીને તેની મજા માણે છે.

★ આફ્રિકન શાહમૃગ ટૂંકા અંતર માટે ૭૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે.

★ દુશ્મન નજરે ચઢતા જ શાહુડી તેની તરફ પીઠ ફેરવીને પોતાના કાળા - ધોળા લાંબા કાંટા બહાર કાઢી દે છે.

★ રણની ઊડતી ધૂળથી બચવા માટે ઊંટને ત્રણ પોપચાં હોય છે.

★ જાપાનીઝ મકેક્યુ (ટૂંકી પૂંછડી ધરાવતા વાનર) ઠંડી દૂર કરવા માટે જ્વાળામુખીમાંથી નીકળતા ગરમ પાણીના ફુવારા પાસે બેસીને હૂંફ મેળવે છે.

★ અળસીયાના શરીરમાં હૃદયની પાંચ જોડ હોય છે.

★ મોનાર્ક જાતિના કેટલાક પતંગિયા શિયાળાની ઋતુમાં કેનેડાથી મેક્સિકોનો પ્રવાસ ખેડે છે અને કોઈ વૃક્ષ પર એકત્ર થઈને શિયાળો સુષુપ્તાવસ્થામાં પસાર કરે છે.

★ અટપટી શારીરિક રચનાને કારણે ડુક્કર કદી આકાશ તરફ જોઈ શકતા નથી.

★ સ્યુકી નામની રશિયન બિલાડી અને જ્યોર્જ નામનું બોસ્ટનનું કૂતરું એવા પહેલાં પ્રાણીઓ છે કે જેમને નંબરવાળા કોન્ટેક્ટ લેન્સ પહેરાવવામાં આવ્યા હતા.

★ ડાઈનોસોરના યુગમાં પૃથ્વી પર ઘાસ નહોતું.

★ સ્ક્રબ હેન નામની મરઘી તેના ઈંડાંને હૂંફ આપવા માટે જ્વાળામુખીની ગરમીની મદદ લે છે.

★ દરિયાઈ કાચબા શરીરમાં રહેલા વધારાના મીઠાને આંખો દ્વારા બહાર કાઢી નાખે છે અને તેથી જાણે તે રડતા હોય તેવું લાગે છે.

★ સરેરાશ ભારતીય નાગરિક કરતાં બ્રિટીશ નાગરિકનો પાણીનો વપરાશ ૫૦૦ ટકા વધારે છે. દર વરસે બ્રિટીશ નાગરિક ૧૦,૦૦૦ ગેલન પાણી વાપરે છે.

★ વરસાદના પાણીમાં વિટામિન બી૧૨ રહેલું હોય છે.

★ જંગલી ભેંસ તરવામાં માહેર હોય છે. તેનું માથું, ખૂંધ અને પૂંછડી કદી પાણીની સપાટીની અંદર જતા નથી.

---

## વલોવતન

(અનુસંધાન : પાના નં.-૧૦૮ પરથી ચાલુ)

૮ શુક્રવારથી કંડલા - અમદાવાદ - સુરત વચ્ચે વિમાની સેવા શરૂ થતાં કંડલા ઍરપોર્ટ ધમધમી ઊઠ્યું હતું. આ વિમાની સેવા સોમવારથી શનિવાર સુધી રહેશે. આ સેવા અનુક્રમે સવારના ૭.૩૦ કલાકે સુરતથી ઉડાન ભરી અમદાવાદ આવશે. અમદાવાદમાં ૧ કલાકના વિરામ બાદ સવારના ૯.૩૦ વાગે રવાના થઈ સવારના ૧૦.૩૦ વાગે કંડલા ઍરપોર્ટ ઉપર પહોંચશે. આ વિમાન સાંજે ૬.૩૦ વાગે અમદાવાદ જવા રવાના થશે. અમદાવાદ ખાતે ૧ કલાકના વિરામ બાદ રાત્રે ૮.૩૦ વાગે ઉડાન ભરી રાત્રે ૯.૩૦ વાગે સુરત પહોંચશે. આ વિમાનમાં ૯ પ્રવાસીઓ બેસી શકશે. જેના માટે અમદાવાદનું સીંગલ ભાડું રૂા. ૩૫૦૦/- નિર્ધારીત કરાયું છે. ■



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **કચ્છ અંગેનું દષ્ટિબિંદુ :** કચ્છનું પ્રતિનિધિત્વ કરતાં સાંસદ વિનોદ ચાવડાએ 'કચ્છમિત્ર'ના ૭૦મા જન્મદિન પ્રસંગે જણાવેલ હતું કે આગામી સમયમાં કચ્છનો નકશો બદલાઇ જશે. ૨૦૧૮ સુધીમાં તો કચ્છ એક્સપ્રેસ ટ્રેન નલિયા સુધી દોડતી થઈ જશે. ૨૦૨૫ સુધીમાં તો નારાયણ સરોવર સુધી બ્રોડગેજ ટ્રેન દોડતી હશે. તેમજ કચ્છના બંદરોને સાંકળતી રેલવે સેવા વિકસવાથી વેપાર ઉદ્યોગમાં ઝડપી ગતિ આવશે. વધુમાં તેમણે કહ્યું કે ભુજ - ગાંધીધામ વચ્ચે નવા ઍરપોર્ટની દરખાસ્તની રજૂઆતથી કચ્છથી આંતરરાષ્ટ્રીય કક્ષાનો વિમાની વહેવાર - સેવા ચાલુ થઈ જશે. જેથી અખાતી દેશો અમેરિકા, લંડન માટેની સીધી હવાઇ સર્વિસ મળતી રહેશે. આ પ્રસંગે અદાણી ગ્રુપના ગૌતમભાઈ અદાણીએ પણ માહિતી આપી હતી કે મુંદ્રામાં તેમણે વિકસાવેલ વાણિજ્ય ઍરપોર્ટને રૂા. ૧૪૦૦ કરોડના ખર્ચે ઈન્ટરનેશનલ દરજ્જો આપવામાં આવશે.

★ **કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કાર :** કચ્છી સાહિત્ય અકાદમી - ગાંધીનગર દ્વારા કચ્છી ભાષાના વિકાસ અને ઉત્કર્ષમાં ઉત્તમ પ્રદાન કરનારા કચ્છી ભાષાના પાંચ સાહિત્યકારો (૧) શ્રી જયંતી જોશી 'શબાબ', (૨) ડૉ. વિશનજી નાગડા, (૩) શ્રી રવિ પેથાણી 'તિમિર', (૪) ગૌતમ એન. જોશી અને (૫) શ્રી હરેશ દરજી 'કસબી'ને અનુક્રમે ૨૦૧૦થી ૨૦૧૪ સુધીના વર્ષ માટે સાહિત્ય ગૌરવ પુરસ્કાર જાહેર થયેલ છે.

★ **જી.કે. જનરલ હોસ્પિટલ - ભુજ :** જી.કે. જનરલ હોસ્પિટલ - ભુજમાં તમામ તબીબી સેવાઓ મફત કરવામાં આવેલ છે. જેમાં કેસ કઢાવવાથી લઈને નિદાન, સારવાર, શસ્ત્રક્રિયા વગેરેનો સમાવેશ થાય છે. આ માટે હોસ્પિટલમાં આધુનિક મશીનો પણ વસાવવામાં આવ્યા છે.

★ **બરેલી ટ્રેનના દિવસો અને રૂટમાં ડિસેમ્બરથી ફેરફાર :** પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા જણાવવામાં આવેલ છે કે બરેલીથી ભુજ એક્સપ્રેસ ટ્રેન નં. ૧૪૩૧૧ ગુરુવાર, શુક્રવાર, શનિવારના બદલે તા. ૩-૧૨-૨૦૧૬થી મંગળવાર, ગુરુવાર, શનિવારે ઉપડશે. તેમજ ભુજથી ઉપડતી ટ્રેન નં. ૧૪૩૧૨ ભુજ-બરેલી એક્સપ્રેસ મંગળવાર, ગુરુવાર, રવિવારના બદલે તા. ૫-૧૨-૨૦૧૬થી સોમવાર, મંગળવાર, ગુરુવારે ઉપડશે.

બરેલીથી ઉપડતી બરેલી - ભુજ એક્સપ્રેસ ટ્રેન નં. ૧૪૩૨૧ સોમવાર, મંગળવાર, બુધવાર, શનિવારના બદલે તા. ૨-૧૨થી સોમવાર, બુધવાર, શુક્રવાર, રવિવારે ચાલશે. તેવી જ રીતે ભુજથી ઉપડતી ટ્રેન નં. ૧૪૩૨૨ ભુજ - બરેલી એક્સપ્રેસ સોમવાર, બુધવાર, શુક્રવાર, શનિવારના બદલે તા. ૪-૧૨થી રવિવાર, બુધવાર, શુક્રવાર, શનિવારે દોડશે.

યાદીમાં વધુ જણાવાયું છે કે ટ્રેન નં. ૧૪૩૧૧ તથા ૧૪૩૧૨ આલા હઝરત એક્સપ્રેસ અઠવાડિયામાં ત્રણ દિવસ વાયા પાલનપુર, અમદાવાદ, સામખિયાળી, ગાંધીધામ થઈને જશે. તથા ટ્રેન નં. ૧૪૩૨૧ અને ૧૪૩૨૨ બરેલી - ભુજ એક્સપ્રેસ અઠવાડિયામાં ચાર દિવસ વાયા પાલનપુર, ભીલડી, રાધનપુર, સામખિયાળી, ગાંધીધામ રૂટ ઉપર દોડશે.

★ **ભુજના ૧૧ વર્ષના છાત્રએ અંગ્રેજીમાં પુસ્તિકા લખી :** ભુજની દૂન પબ્લિક સ્કૂલમાં છઠ્ઠા ધોરણમાં ભણતા અને લખવાનો શોખ ધરાવતા ૧૧ વર્ષના છાત્ર આર્ય મહેશભાઈ માણેકે 'અ ગેમ ઈન જંગલ' શિર્ષક હેઠળ એક વાર્તા પુસ્તિકા અંગ્રેજી ભાષામાં લખી કાઢેલ છે. જેમાં તેણે જાતે દોરેલાં ચિત્રો પણ છે.

★ **કચ્છનું પ્રથમ વાઇ-ફાઈ ગામ ભીમાસર બન્યું :** ભૂકંપ બાદ નવરચના પામેલ અને જેને જોવા દેશ વિદેશના તજજ્ઞો દ્વારા પ્રશંસા પામેલ કચ્છ અંજાર તાલુકાના ભીમાસર (સહારા) ગામમાં વાઇ-ફાઈની સુવિધા ઊભી કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા ચલાવાતા 'ડિજિટલ ઇન્ડિયા' કેમ્પેઇન હેઠળ આ ગામને ગ્રામ પંચાયતના સ્વભંડોળમાંથી ગ્રામજનોને મફત સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. પરંતુ ગ્રામજનોએ આ સુવિધા મેળવવા માટે પંચાયત કચેરીમાં ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે જેથી તેનો દુરુપયોગ થતાં અટકે.

★ **'નેક'માં કચ્છના પ્રતિનિધિત્વની પ્રથમ ઘટના :** દેશભરની કૉલેજોને અપાતા ગુણવત્તાયુક્ત એક્રેડિરેશન ગ્રેડ માટેની કાર્યરત સંસ્થા 'નેશનલ એસોસિએશન એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલ' (નેક) માં આદિપુર - કચ્છની તોલાણી કોમર્સ કૉલેજના આચાર્ય ડૉ. મનીષ પંડ્યાની વરણી કરવામાં આવી છે. આ જાતની વરણીની ઘટના કચ્છના શિક્ષણ જગતમાં સર્વપ્રથમ છે.

★ **કંડલા એરપોર્ટ પર વિમાની સેવા શરૂ :** તા. ૧૨-

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૭ ઉપર)

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## ટ્રસ્ટ મંડળના સભ્યોની યાદી : વર્ષ ૨૦૧૬-૨૦૧૭

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | મેનેજિંગ ટ્રસ્ટી | ૨૬૪૦ ૫૦૪૭ | — | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૨. | શ્રી જગશી જેઠાભાઈ છેડા | લાયજા - મુંબઈ | કાયમી ટ્રસ્ટી | ૦૨૨-૨૪૧૬૭૨૭૧<br>૦૨૨-૨૪૧૪૧૮૭૯ | ૦૨૨-૨૪૧૮૧૦૯૬<br>૦૨૨-૨૪૧૪૨૦૩૧ | ૦૯૮૨૦૮ ૦૦૪૫૬ |
| ૩. | શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન | નાની ખાખર-મુંબઈ | કાયમી ટ્રસ્ટી | ૦૨૨-૨૨૬૨૪૭૨૧<br>૦૨૨-૨૩૬૧૧૦૬૬ | ૦૨૨-૨૨૦૧ ૭૪૭૬ | ૦૯૮૯૨૨ ૮૮૦૦૧ |
| ૪. | શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા | તુંબડી | કાયમી ટ્રસ્ટી | ૨૬૫૬ ૩૩૩૩<br>૨૬૪૪ ૯૯૪૪ | ૨૬૮૬ ૨૦૭૬<br>૨૬૮૬ ૨૦૭૮ | ૯૮૨૫૦ ૩૩૨૧૧ |
| ૫. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | ટ્રસ્ટી | ૨૬૪૪ ૬૪૧૩ | ૨૨૧૪ ૪૬૬૩<br>૨૬૪૦ ૧૧૫૦ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૬. | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | તુંબડી | ટ્રસ્ટી | ૦૨૭૧૭-૨૩૪૪૫૫ | ૨૭૫૦ ૨૪૬૧ | ૯૮૨૫૦ ૪૮૬૪૫ |
| ૭. | શ્રી કાંતિલાલ રામજી શાહ (કે.આર. શાહ) | રામાણિયા | ટ્રસ્ટી | ૨૬૪૨ ૩૮૯૫ | ૨૫૮૯ ૪૫૫૬<br>૨૫૮૩ ૩૯૮૯ | ૯૩૨૮૦ ૦૧૧૪૦ |
| ૮. | શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા) | અંજાર | ટ્રસ્ટી | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩<br>૨૬૬૦ ૮૯૮૮ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| ૯. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | ટ્રસ્ટી | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ૧૦. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | ટ્રસ્ટી | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૧૧. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | ટ્રસ્ટી | ૨૬૮૫ ૯૭૦૭ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૧૨. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | ટ્રસ્ટી | ૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| ૧૩. | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | ફતેહગઢ | ટ્રસ્ટી | ૨૬૪૬ ૨૫૩૬ | ૨૬૪૨ ૭૦૦૧ | ૯૮૨૫૦ ૧૫૩૭૨ |
| ૧૪. | શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા | રાયણ મોટી | ટ્રસ્ટી | ૦૨૭૧૭-૨૩૫૮૫૮ | ૬૬૩૦ ૫૦૦૦ | ૯૮૭૯૧ ૫૦૦૦૦ |
| ૧૫. | શ્રી આશિષ ધીરુભાઈ શાહ | ગાંધીધામ | ટ્રસ્ટી | ૨૬૬૫ ૦૦૫૯ | — | ૯૮૨૫૦ ૨૧૧૪૩ |
| ૧૬. | શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | ટ્રસ્ટી | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | — |
| ૧૭. | શ્રી હીરેન કુંવરજી શાહ | નલિયા | ટ્રસ્ટી | ૨૬૭૪ ૭૯૨૫ | ૨૬૪૨ ૨૪૫૫ | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| ૧૮. | શ્રી મૂકેશ મુળજી સાવલા | નાની તુંબડી | ટ્રસ્ટી | ૨૬૯૨ ૪૩૨૩ | ૦૨૬૯૪-૨૨૪૫૪૩ | ૯૮૨૫૦ ૩૪૫૬૯ |
| ૧૯. | શ્રી અશ્વિન હીરજી સાવલા | દેશલપુર | ટ્રસ્ટી | ૨૭૯૧ ૧૭૯૧ | ૨૬૪૦ ૨૯૫૦ | ૯૮૨૫૯ ૩૮૭૭૧ |
| ૨૦. | શ્રી અનિલ રામજી હરિયા | બાડા | ટ્રસ્ટી | ૨૬૯૨ ૩૫૫૧ | ૦૨૦૭૨-૨૨૯૦૩૬ | ૯૮૭૯૫ ૨૮૦૧૮ |
| ૨૧. | શ્રી પીયૂષ રવિલાલ પારેખ | મુંદ્રા | ટ્રસ્ટી | — | — | ૯૨૨૭૨ ૫૬૫૬૮ |
| ૨૨. | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ | અંજાર | કો-ઓપ્ટ ટ્રસ્ટી | — | ૨૬૬૦ ૯૧૪૬ | ૯૮૯૮૧ ૯૮૬૧૬ |
| ૨૩. | શ્રી નલિન કેશવજી મોમાયા | વરાડિયા | કો-ઓપ્ટ ટ્રસ્ટી | ૨૬૪૬ ૪૩૦૦<br>૨૬૪૬ ૫૦૮૪ | ૦૨૭૧૮-૨૩૩૪૬૩<br>૦૨૭૧૮-૨૩૩૩૬૩ | ૯૩૭૬૧ ૧૪૩૦૦ |
| ૨૪. | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શેરડી | કાયમી આમંત્રિત | ૨૬૬૦ ૧૦૭૦ | — | ૯૮૨૫૩ ૮૦૮૬૬ |
| ૨૫. | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | મુંદ્રા | કાયમી આમંત્રિત | ૨૬૮૭ ૧૯૨૫ | ૨૫૬૨ ૦૦૫૧<br>૨૫૫૦ ૧૯૫૫ | |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## કારોબારી સમિતિનાં સભ્યોની યાદી : વર્ષ ૨૦૧૬-૨૦૧૭

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ | ૨૬૪૦ ૫૦૪૭ | — | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૨. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | પ્રથમ ઉપપ્રમુખ | ૨૬૪૪ ૬૪૧૩ | ૨૨૧૪ ૪૬૬૩<br>૨૬૪૦ ૧૧૫૦ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૩. | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | તુંબડી | દ્વિતીય ઉપપ્રમુખ | ૦૨૭૧૭-૨૩૪૪૫૫ | ૨૭૫૦ ૨૪૬૧ | ૯૮૨૫૦ ૪૮૬૪૫ |
| ૪. | શ્રી કાંતિલાલ રામજી શાહ (કે.આર. શાહ) | રામાણિયા | માનદ્ મંત્રી | ૨૬૪૨ ૩૮૯૫ | ૨૫૮૯ ૪૫૫૬<br>૨૫૮૩ ૩૯૮૯ | ૯૩૨૮૦ ૦૧૧૪૦ |
| ૫. | શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા) | અંજાર | સહમંત્રી | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩<br>૨૬૬૦ ૮૯૮૮ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| ૬. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | ખજાનચી | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ૭. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | સહ ખજાનચી | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૮. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | સભ્ય | ૨૬૮૫ ૯૭૦૭ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૯. | શ્રી નીતિન ધનજી ગાલા | કોટડા રોહા | સભ્ય | ૨૨૮૬ ૫૪૩૧<br>૨૨૮૬ ૭૦૬૪ | ૨૨૧૨ ૩૨૧૦<br>૨૨૧૨ ૪૪૭૪ | ૯૩૭૬૧ ૧૪૦૨૪<br>૯૩૭૭૨ ૦૯૫૩૦ |
| ૧૦. | શ્રી દામજી (બચુભાઈ) હીરજી રાંભિયા | રામાણિયા | સભ્ય | ૨૨૧૪ ૧૧૯૭<br>૨૨૧૪ ૯૫૫૦ | ૩૨૯૩ ૫૭૭૨ | ૯૨૨૭૨ ૧૩૩૫૧<br>૯૪૨૮૧ ૧૩૧૯૧ |
| ૧૧. | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | ભુજ | સભ્ય | ૨૬૭૬ ૩૬૪૮ | ૨૬૩૧ ૪૬૦૫ | ૯૪૨૮૩ ૫૦૦૩૮ |
| ૧૨. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | સભ્ય | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૧૩. | શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી | પલાંસવા | સભ્ય | ૨૬૬૩ ૩૩૨૪ | ૨૬૪૬ ૦૨૩૬ | ૯૮૨૫૧ ૪૨૩૯૭ |
| ૧૪. | શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી | લાલા | સભ્ય | ૨૭૬૮ ૦૭૬૧ | — | ૯૮૨૫૩ ૮૨૯૪૧ |
| ૧૫. | શ્રી લહેરચંદ પુનશી મૈશેરી | માંડવી | સભ્ય | ૨૭૬૦ ૨૩૭૪ | — | ૯૭૨૨૦ ૫૨૧૦૯<br>૮૦૦૦૭ ૫૨૧૦૯ |
| ૧૬. | શ્રી પંકજ મેઘજી ગોગરી | ડોણ | સભ્ય | ૨૬૬૪ ૧૬૯૦ | — | ૯૪૨૮૮ ૦૬૮૮૨ |
| ૧૭. | શ્રી ગિરીશ હીરજી દેઢિયા (શાહ) | શેરડી | સભ્ય | ૨૬૬૦ ૧૦૭૦ | — | ૯૪૨૯૨ ૦૯૭૨૩<br>૯૮૨૪૩ ૧૬૮૬૮ |
| ૧૮. | શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ | ભુજ | સભ્ય | ૨૬૫૬ ૫૭૩૦ | — | ૯૪૨૬૫ ૭૭૬૭૮ |
| ૧૯. | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | માંડવી | સભ્ય | ૨૬૬૧ ૨૦૮૯ | — | ૯૮૨૫૦ ૬૧૧૬૦ |
| ૨૦. | શ્રી દિનેશ રતિલાલ મહેતા | ભુજ | સભ્ય | ૨૬૬૭ ૦૨૪૬ | — | ૯૯૨૪૩ ૪૨૬૨૮ |
| ૨૧. | શ્રીમતી સુલુબેન જલદીપ શાહ | નલિયા | સભ્ય | ૨૬૬૦ ૭૯૯૦ | — | ૯૭૧૨૯ ૯૮૫૩૫ |
| ૨૨. | શ્રીમતી શિલ્પીબેન પ્રકાશ શાહ | ફતેહગઢ | સભ્ય | ૨૬૬૨ ૦૧૯૯ | — | ૯૩૨૭૦ ૧૪૬૨૫ |
| ૨૩. | શ્રીમતી અમીબેન નીતિનકુમાર શાહ | અંજાર | સભ્ય | — | — | ૯૦૯૯૩ ૪૬૬૯૫ |
| ૨૪. | શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા | ફરાદી | સભ્ય | ૨૬૭૬ ૬૨૯૦ | — | ૯૩૨૮૯ ૨૫૬૯૮ |
| ૨૫. | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | બાંઢિયા | સભ્ય | — | ૨૨૧૨ ૦૪૦૪ | ૯૩૭૭૭ ૪૨૪૨૧ |
| ૨૬. | શ્રી પીયૂષ હીરજી સાવલા | ભોજાય | સભ્ય | — | — | ૯૨૭૬૮ ૭૫૩૫૦<br>૯૮૭૯૪ ૯૬૧૩૯ |
| ૨૭. | શ્રી આશિષ દિનેશ મહેતા | ભુવડ | કો-ઓપ્ટ સભ્ય | — | — | ૯૩૭૪૧ ૩૧૭૧૫ |
| ૨૮. | શ્રી મહેન્દ્ર દેવજી ખોના | આરીખાણા | કો-ઓપ્ટ સભ્ય | ૨૬૬૫ ૦૦૦૭ | — | ૯૮૨૪૫ ૫૫૬૬૬ |

# સમાજ દર્પણ

## શરણાઈ

- તા. ૭-૭-૨૦૧૬
  ચિ. રાકેશ હરખચંદ નાનજી પોલડિયા (તલવાણા - અમદાવાદ)
  ચિ. ગુંજન મનુભાઈ બાલચંદભાઈ શાહ (સંખલપુર - અમદાવાદ)

## અભિનંદન

### શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કારોબારી સભ્ય **શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી**ની જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (JIO)માં નેશનલ કો-ઓર્ડિનેટર (ગુજરાત) તરીકે JIOની ઓફિસ અમદાવાદ ખાતે નિમણુંક કરવામાં આવેલ છે.

### શ્રી નૌતમભાઈ વકીલની કલર મરચન્ટ કો.ઓ. બેંકના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક થઈ



જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ **શ્રી નૌતમભાઈ વકીલ**ની અમદાવાદની પ્રતિષ્ઠિત કલર મરચન્ટ બેંકની ૪૯મી વાર્ષિક સાધારણ સભા બાદ સર્વાનુમતે મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક થઈ. તદુપરાંત

| | |
|---|---|
| *શ્રી અશોકભાઈ ખન્ના* | *ચેરમેન* |
| *શ્રી બીમલભાઈ ડી. પરીખ* | *વાઈસ ચેરમેન* |
| *શ્રી પારસભાઈ એસ. રંગવાળા* | *જોઈન્ટ એમ.ડી.*ની |

પણ સર્વાનુમતે વરણી થઈ છે.

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની*
*વિવિધ સેવાકીય યોજનાઓ માટે*
*નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૧,૦૦,૦૦૦/- એમકો ટ્રસ્ટ - અમદાવાદ

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૧૨,૦૦૦/- ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ
રૂા. ૨,૦૦૦/- શ્રીમતી કલ્પના હરખચંદ નાનજી પોલડિયા (તલવાણા - અમદાવાદ) તરફથી (પુત્ર ચિ. રાકેશના લગ્ન નિમિત્તે)

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૨,૦૦૦/- શ્રી હરખચંદ નાનજી પોલડિયા (તલવાણા - અમદાવાદ) તરફથી (પુત્ર ચિ. રાકેશના લગ્ન નિમિત્તે)
રૂા. ૫૦૦/- શ્રી કિરણભાઈ સંગોઈ - મુંબઈ
રૂા. ૫૦૦/- શ્રી વિરલ મધુકર મહેતા - કોચીન
રૂા. ૫૦૦/- શ્રી પિનાકીન પ્રવીણચંદ્ર શાહ - જામનગર

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રી ધીરજલાલ કરશનજી સંઘવી - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી આશિષ ધીરુભાઈ શાહ - અમદાવાદ

### તબીબી સહાય ખાતે

રૂા. ૨૧,૦૦૦/- શુભ કોર્પોરેશન (શ્રી અશ્વિનભાઈ પરીખ) અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી પંકજભાઈ ભલાભાઈ પરમાર - અમદાવાદ

### મંગલ મંદિર ખાતે

રૂા. ૧,૦૦૦/- ફોરમ મિહિર શાહ (ભાઈ ચિ. રાકેશ હરખચંદ પોલડિયાના લગ્ન નિમિત્તે)
રૂા. ૧,૦૦૦/- શૈલેષ દેવજી દૌલત - ઊંઝા (પુત્રી ચિ. અવનિ C.A.માં ઉત્તીર્ણ થયેલ તે નિમિત્તે)

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરમાં બાળ રોગ વિભાગમાં નીચે પ્રમાણે ડૉક્ટરો મળે છે

| દિવસ | સમય | ડોક્ટર |
|---|---|---|
| સોમથી શુક્ર | સવારે ૯ થી ૧૦.૩૦ | ડૉ. કૃપેશ શાહ |
| શનિવાર | સવારે ૯ થી ૧૦.૩૦ | ડૉ. પરેશ શાહ |
| સોમથી શનિ | સાંજે ૫ થી ૬.૩૦ | ડૉ. કોશા શેઠ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહ મિલન તથા ક્ષમાપના સમારંભ

## નિમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૫૪ (ચોપ્પન)મો વાર્ષિક સ્નેહમિલન તથા ક્ષમાપના સમારંભ **રવિવાર, તા. ૧૮-૦૯-૨૦૧૬ના રોજ** સવારે ૯.૦૦ કલાકે **ટાગોર હોલ, પાલડી** ખાતે યોજવામાં આવેલ છે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત સર્વે કચ્છી જૈન પરિવારજનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. સમાજની નિયાણી બહેનોને પણ તેમના પતિ તથા બાળકો સહિત પધારવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા (મેરાઉ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - અમદાવાદ), શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ) તથા શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ)ના પરિવારોના સંયુક્ત સૌજન્યથી રાખવામાં આવેલ છે કે જેનો પધારેલા સર્વે સભ્યોએ લાભ આપવા વિનંતી.

*વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ યોજવામાં આવેલ છે.*

- *સવારના ૦૯.૦૦ થી ૯.૩૦* : ❖ ટાગોર હોલ ખાતે આગમન.
- *સવારના ૯.૩૦ થી ૧૦.૩૦* : ❖ આવકાર પ્રવચન - પ્રમુખશ્રી
  - ❖ સામૂહિક ક્ષમાપના
  - ❖ ગત વર્ષ દરમ્યાનની 'મંગલ મંદિર'ના શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગર સંબંધી નિર્ણાયક સમિતિનું બહુમાન
  - ❖ ગત વર્ષ દરમ્યાનના 'મંગલ મંદિર'ના જાહેર થયેલા શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગરના લેખકશ્રીઓનું બહુમાન
- *સવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦* : ❖ પુરસ્કાર સમિતિ દ્વારા વિવિધ વિદ્યાર્થીઓને પુરસ્કાર.
- *સવારના ૧૨.૩૦* : ❖ આભારવિધિ.

***નોંધ : સ્વામિવાત્સલ્ય જમણવાર સવારે ૧૦.૩૦થી ૧ વાગ્યા સુધીનો ટાગોર હોલ ખાતે જ રાખવામાં આવેલ છે.***

***કાર્યક્રમમાં સમયસર પધારવા ખાસ આગ્રહભરી વિનંતી છે.***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**

*__ખાસ નોંધ__ : ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ, જેઓએ 'મંગલ મંદિર'માં આવેલ ફોર્મ ભરીને સંસ્થામાં જમા કરાવેલ છે, તેઓએ પોતાના ઈનામ, કાઉન્ટર ઉપરથી મેળવી લેવા.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૧૬-૧૭ના ટ્રસ્ટ મંડળના સભ્યોની યાદી તથા વર્ષ ૨૦૧૬-૧૭ના કારોબારી સમિતિના સભ્યોની યાદી માટે જુઓ પાના નંબર : ૧૦૯ તથા ૧૧૦**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ભારતની આઝાદીના ૭૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તા. ૧૫-૮-૨૦૧૬ના રોજ ભારતની આઝાદીનાં ૭૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી હરખભેર કરેલ હતી. ઉજવણીની શરૂઆતમાં બરાબર ૯.૦૦ વાગે સંસ્થાના સભ્ય તથા રીટાયર્ડ ગુજરાત હાઈકોર્ટ જજ આદરણીય શ્રી કાંતિલાલભાઈ પૂજના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં સમાજનાં સભ્યો હાજર રહ્યા હતા. તેઓએ પ્રાસંગિક પ્રવચન આપતા જણાવેલ હતું કે આપણા દેશની આઝાદીને ૭૦ વર્ષ થયા. એટલે હવે પૂર્ણ પરિપક્વ થઈ ગઈ છે. આપણને આઝાદી તો મળી ગઈ છે પણ હજી આર્થિક અને સામાજિક ક્ષેત્રે આબાદી આવવાની બાકી છે. હું ૪૦ વર્ષથી આ સંસ્થા સાથે જોડાયેલો છું. સંસ્થાને જ્યારે પણ મારી સેવાની જરૂરત પડશે ત્યારે હું મારી સેવાઓ આપવા તૈયાર છું.

સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે પોતાના પ્રવચનમાં જણાવેલ કે આજે આપણે ભારતની સ્વતંત્રતાના ૭૦મા દિવસની ઉજવણી કરી રહ્યા છીએ તે પ્રસંગે ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

ધ્વજવંદનના કાર્યક્રમ બાદ સર્વે લોકોએ અલ્પાહારને ન્યાય આપ્યો હતો. ત્યારબાદ વયસ્ક સમિતિ દ્વારા સાંસ્કૃતિક હોલમાં શ્રી રાજેશ પરીખની પાર્ટીએ દેશ ભક્તિના ગીતો સાથે સંગીતનો રસથાળ પીરસીને સૌને ડોલાવ્યા હતા. આજે વયસ્ક શ્રી ધીરજલાલ સંઘવીના ૮૧મી જન્મજયંતી નિમિત્તે ઉજવણી કરવામાં આવેલ હતી. આ પ્રસંગ નિમિત્તે તેમણે વયસ્ક સમિતિને રૂા. ૧૧,૦૦૦/-નું અનુદાન જાહેર કર્યું હતું. આ ઉપરાંત બે સદ્‌ગૃહસ્થોએ પણ રૂા. ૫,૦૦૦/-નું અનુદાન જાહેર કર્યું હતું. ત્યારબાદ સૌ ભોજન લઈને છૂટા પડ્યા હતા.

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૧૧૯)*

## ગૃહ ઉદ્યોગ સમિતિ

સમિતિ તરફથી તા. ૧૫ અને ૧૬ સપ્ટેમ્બર – ગુરુવાર તથા શુક્રવારે બપોરના ૨ થી ૪ વાગ્યા દરમિયાન વિવિધ વાનગીઓ અને માઈક્રોવેવમાં બનતી વાનગીઓ શીખવાડવામાં આવશે. તો સૌ બહેનોએ રતનવીર ગૃહ ઉદ્યોગ - નવનીત ભવન, આણંદજી કલ્યાણજી બ્લોક્સ, બહેરામપુરા, અમદાવાદ ખાતે હાજર રહેવા વિનંતી.

આ પ્રવૃત્તિ નિઃશુલ્ક છે.

***ચંદ્રિકાબેન દેઢિયા***
***કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ***

## મહિલા ઉત્કર્ષ સમિતિ

### આગામી કાર્યક્રમ

### મેમોગ્રાફી કેમ્પ માટેનું રજિસ્ટ્રેશન

**PREVENTION IS BETTER THAN CURE**

ભારતમાં ગર્ભાશયના મુખનું કેન્સર અને સ્તનનું કેન્સર સ્ત્રીઓમાં જોવા મળતાં મુખ્ય કેન્સર છે. બંને કેન્સરમાં જો વહેલું નિદાન થાય તો સારવાર સરળ બની રહે અને ગુણવત્તાસભર લાંબું જીવન રહે. તે માટે નિયમિત પૅપ ટેસ્ટ અને મેમોગ્રાફીની હિમાયત કરવામાં આવે છે. દર બે વર્ષે મેમોગ્રાફી કરાવીને સ્તન કેન્સરને અટકાવી શકાય છે.

આ વર્ષે સમિતિએ મેમોગ્રાફી રજિસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરેલ છે. જે બહેનો આ યોજનામાં જોડાશે તેમને ફ્રી ગીફ્ટ આપવાનું પણ આયોજન કરાયેલ છે.

- ***રજિસ્ટ્રેશન દિવસ*** : રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૬ (સ્વામિવાત્સલ્યના દિવસે)
- ***સમય*** : સવારે ૯.૦૦થી ૧.૦૦
- ***સ્થળ*** : ટાગોર હોલ, પાલડી.
- ***રજિસ્ટ્રેશન ફી*** : રૂા. ૩૫૦/-

**નોંધ :**

૧. મેમોગ્રાફી ફક્ત ૪૦ વર્ષથી ઉપરની બહેનો માટે જ છે.
૨. મેમોગ્રાફી કરાવવાનું સ્થળ : સાયન્ટીફિક લેબ, પંચવટી. (જરૂરી માહિતી રજિસ્ટ્રેશન વખતે મળી રહેશે.)

★

સમાજના સભ્યોની લાગણીને માન આપીને ફરી એકવાર લેટેસ્ટ બેકરીની વાનગીઓના ડેમોન્સ્ટ્રેશનનું આયોજન કરવામાં આવેલ છે.

- ***તારીખ*** : ગુરૂવાર, તા. ૨૯-૯-૨૦૧૬
- ***સ્થળ*** : બેકર્સ સ્ટુડિયો, કેમ્પ કોર્નર-૧, સેલ્સ ઈન્ડિયાની સામે, પ્રહલાદ નગર.

### કાર્યક્રમ માટેનું રજિસ્ટ્રેશન

- ***રજિસ્ટ્રેશન દિવસ*** : રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૬ (સ્વામિવાત્સલ્યના દિવસે)
- ***સમય*** : સવારે ૯.૦૦થી ૧.૦૦
- ***સ્થળ*** : ટાગોર હોલ, પાલડી.
- ***રજિસ્ટ્રેશન ફી*** : રૂા. ૧૦૦/-

**યાદ રાખો** : ***ઉપરોક્ત બંને કાર્યક્રમ માટે રજિસ્ટ્રેશન માત્ર તા. ૧૮-૯-૨૦૧૬ના રોજ – સ્વામિવાત્સલ્યના દિવસે જ થશે.***

***સુલુ જલદીપ શાહ - કન્વીનર***

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓના માર્ક વધારતો અદ્‌ભુત વર્કશોપ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મન્થલી ટ્રેઈનિંગ કાર્યક્રમ હેઠળ આપણે તા. ૨૪-૭-૨૦૧૬ના રોજ ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે 'તમારી અંદરના એકલવ્યને જગાડો' વિષય હેઠળ વધારે સારી રીતે અભ્યાસ કેવી રીતે કરવો? તે વિષય પર ફેકલ્ટી શ્રી દીપક મકવાણાનો કાર્યક્રમ રાખ્યો હતો. આ પ્રોગ્રામમાં કુલ ૪૩ વિદ્યાર્થીઓ તથા વાલીઓએ ભાગ લીધો હતો.

આ પ્રોગ્રામમાં તેમને બોલીને વાંચવું કે ચૂપચાપ વાંચવું કે ચાલતા-ચાલતા વાંચવું તેની વૈજ્ઞાનિક સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત વાંચવા માટે કોના માટે સવારનો સમય ઉત્તમ, કોના માટે રાત્રિનો સમય તથા કોના માટે દિવસનો સમય ઉત્તમ — તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન જ (ત્રણ કલાક દરમિયાન જ) સ્ટ્રેસ (તાણ)ના કારણે વાંચેલું ભૂલી જવાની ફરિયાદનું સચોટ નિવારણ મેમરી ટેકનિકના લાઈવ ડેમોન્સ્ટ્રેશન સાથે, ત્યાંને ત્યાં આ ટેકનિક શીખવાડીને, તરત જ ટેસ્ટ લેવાતાં ૧૦૦એ ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ (અને વાલીઓ પણ) આ ટેકનિક દ્વારા બોર્ડ પર લખેલી બધી વસ્તુ ક્રમસર યાદ રાખી શક્યા હતા. એટલું જ નહીં પણ ક્રમ બદલીને આડું-અવળું પૂછાતાં, તેનો પણ સચોટ જવાબ આપી શક્યા હતા.

આ મેમરી ટેકનિકનો વિષયવાર ઉપયોગ કેવી રીતે થાય દા.ત. સમાજવિદ્યાનો આખો ફકરો કે ટૂંકનોંધ કેવી રીતે યાદ રાખવી તેની પણ વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી.

વિદ્યાર્થી અવસ્થામાં સૌથી વધારે 'હાઉ' ગણિતનો હોય છે. ગણિત જેવા અઘરા વિષયને વૈદિક ગણિતના સૂત્રો દ્વારા પેન - કાગળ - કેલ્ક્યુલેટર વગર માનસિક રીતે કેવી રીતે સચોટ ગણી શકાય તેની પ્રાથમિક સમજણ વિદ્યાર્થીઓને આપીને આ વિષય પ્રત્યે જિજ્ઞાસા અને રૂચિ વધારવામાં આવી હતી.

ગુજરાતી માધ્યમમાં ભણતા આપણા બાળકોને અંગ્રેજી શબ્દ ભંડોળની કચાશ માર્કસની રેસમાં (અને જિંદગીની રેસમાં પણ) પાછળ ન રાખી દે તે માટે 'Etymology' ટેકનિક દ્વારા માત્ર ૧ શબ્દ જાણીને બાકીના ૧૫ શબ્દો કેવી રીતે શીખી શકાય તેની જાણકારી વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સુકતાથી વધાવી લીધી હતી.

ફેકલ્ટી, શ્રી દીપક મકવાણા ૨૨ વર્ષના અનુભવી હોવા ઉપરાંત સાઈકોલોજીના પણ ઊંડા અભ્યાસી હોવાથી પરીક્ષણ દરમિયાન વાંચેલું યાદ ન આવે તો કોણે બેસવાની પદ્ધતિ કેવી રીતે બદલવી, હાથ ક્યાં મૂકવો, પગ કેમ રાખવા અને ખાસ કરીને ક્યાં આંખો સ્થિર કરવી જેથી વાંચેલું બધું યાદ આવી જાય તેનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરી વિદ્યાર્થીઓ, વાલીઓ તથા ટ્રસ્ટીગણને અચંબામાં નાખી દીધા હતા. આ ટેકનિક પર વિદ્યાર્થીઓ આફરીન પોકારી ગયા હતા.

'બધું જ લખ્યું છે પણ માર્કસ નથી આવતા'ની ફરિયાદનું નિવારણ પેપર પ્રેઝન્ટેશનની ખોટી રીતને સાચી રીતમાં કેવી રીતે પલટાવવી તેના પરથી આવી શકે.

એક પરીક્ષક જવાબ તરીકે શું અપેક્ષા રાખે છે તે ઉપરાંત પરીક્ષકની દૃષ્ટિએ કેવી રીતે જવાબ હોય તો સારા માર્કસ મળે તેની સરસ સમજણ શ્રી દીપક મકવાણા દ્વારા આપવામાં આવી હતી.

રીવીઝન એટલે એક્ઝેક્ટલી શું? અને રીવીઝન અને રી-રીડિંગ વચ્ચેનો સ્પષ્ટ તફાવત જ્યારે ત્યાંથી આપવામાં આવ્યો ત્યારે વિદ્યાર્થી ઉપરાંત વાલીઓએ પણ કહ્યું કે હમણાં સુધી અમે રીવીઝનનો અર્થ જ સમજ્યાં ન હતાં.

રીવીઝન એટલે જે વસ્તુ વાંચતા અને સમજતાં ૩ કલાક થયાં હોય તેને ૩થી ૭ મિનિટમાં રીફર કરવી. આ રીફર ક્યારે ક્યારે કરવી જેથી પરીક્ષા દરમિયાન તો ઠીક પણ જિંદગીભર (અર્થાત્ પરીક્ષા પત્યાના ઘણા લાંબા સમય સુધી) તે યાદ રહે તેની છણાવટ 'મેમરી પોલ્સ' વિષય હેઠળ કરવામાં આવી.

'જેવું અન્ન તેવું મન' સાઈકોલોજીકલ ઉક્તિ હેઠળ વિદ્યાર્થીઓએ કેવો ખોરાક - કેવો ન ખાવો જેથી બુધ્ધિ સતેજ રહે અને વાંચેલું યાદ રહે તેનું મૌખિક વિવરણ આ વર્કશોપમાં આપવામાં આવ્યું હતું.

ઘણા બધા વાલીઓની સામાન્ય ફરિયાદ કે 'મ્યુઝીક સાંભળતા સાંભળતા - હેડફોન લગાવીને ભણવા બેસે છે, રામ જાણે કેવું ભણતા હશે' — શ્રી દીપક મકવાણાએ આ કહેવાતી કુટેવનો અદ્‌ભુત ઈલાજ આ વર્કશોપમાં બતાવ્યો. જેનાથી આ (કુ)ટેવ દ્વારા વાંચવાનું તો ઠીક પણ એક જ સમયે એક સાથે બે વિષય કેવી રીતે વંચાય તેની સમજણ આપી.

અને અંતે પરીક્ષામાં 'મદદરૂપ' થાય તેવી કાપલી કે જે ખુલ્લેઆમ વાપરી શકાય, તે કેવી રીત બનાવવી તેનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન (જે ફરીથી જોવા આવી વર્કશોપ ઍટેન્ડ કરવી જ પડે) આપવામાં આવ્યું હતું.

મિત્રો, આ વર્કશોપનો સમય ૪થી ૬નો રાખવામાં આવ્યો હોવા છતાં, સમય મર્યાદા પૂરી થયાના એક કલાક સુધી વિદ્યાર્થી અને વાલીઓ શ્રી દીપક મકવાણાને ઘેરી વળ્યા હતા અને

અભ્યાસની તમામ મુશ્કેલીઓ જણાવી હતી. શ્રી દીપક મકવાણાએ પણ ધીરજપૂર્વક તમામ લોકોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. તદુપરાંત ભવિષ્યની કોઈ મુશ્કેલી માટે પોતાનો ફોન નંબર તથા ઇ-મેઇલ શૅર કર્યા હતા. જતાં જતાં શ્રી દીપક મકવાણાએ આ પ્રોગ્રામની PPT તમામ વિદ્યાર્થીઓના લાભાર્થે ટ્રસ્ટી મંડળ સાથે શૅર કરી હતી. (આ અદ્ભુત ઘટના કહેવાય કારણકે ભાગ્યે જ કોઇ ટ્રેનર મટીરીયલ શૅર કરતા હશે.)

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૧૧૯)*

## Natural Parenting V/s. Nature of Parenting

*આપણે સારા બાળકો જોઈએ છે કે આપણે સારા મા-બાપ બનવું છે?*

આ વિષય ઉપર ડૉ. કિંજલ કુબાવત (Ph.D.) સાઈકોલોજિસ્ટે શ્રી કચ્છી જૈન ભવન પર તા. ૭-૮-૨૦૧૬ના રોજ ખૂબ જ સુંદર વક્તવ્ય આપ્યું હતું. મુગ્ધાવસ્થાના પ્રશ્નો અંગે રસપ્રદ ચર્ચા કરતાં નીચેની છણાવટ વિગતે થઈ હતી.

- બાળકોને કેટલી છૂટ આપવી?
- આપણે બદલવું જોઈએ કે બાળકોએ?
- મુગ્ધાવસ્થાના બાળકોનો વિશ્વાસ ખોયા વિના આપણે તેમને કેવી રીતે મદદરૂપ થઈશું અને આવા ઘણા પ્રશ્નો....

*જે આવ્યા હતા, તેઓએ નીચે મુજબના મંતવ્યો આપ્યા હતા.*

- 'ખૂબ જ સુંદર! બાળકો માટે પણ આયોજન કરો.'
- 'અત્યંત રસપ્રદ અને માહિતીસભર કાર્યક્રમ. પિતાશ્રીઓ માટે પણ આવા કાર્યક્રમો કરશો.'
- 'ઘણા પ્રશ્નોના સમાધાન મળ્યા.'

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૧૧૯)*

**કન્વીનર**
**શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ**

## શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

**॥ આગામી કાર્યક્રમ ॥**

- ★ *વિષય* : તમારી કરિયર કેવી રીતે ડિઝાઈન કરશો?
- ★ *વક્તા* : પ્રો. જયરાજ પંડ્યા
- ★ *તારીખ* : રવિવાર, તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬
- ★ *સમય* : ૪ થી ૬.૩૦
- ★ *સ્થળ* : *શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.*
- ★ *કોના માટે* : ધોરણ-૭, ૮, ૯ અને ૧૦ ધોરણના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે

લેક્ચર અને સવાલ-જવાબનો સમન્વય ધરાવતા આ કાર્યક્રમમાં નીચેની વાત પર ધ્યાન આપવામાં આવશે.

- **પાર્ટ-એ (૪થી ૫.૧૫)** : ઘરનું વાતાવરણ, ઘરના સભ્યોની અને વિદ્યાર્થીની જીવનશૈલી, સ્વભાવ અને સંજોગોનો સારા પરિણામમાં કેવી રીતે ફાળો હોઇ શકે? બહુ સારા પરિણામ લાવવામાં પેરેન્ટ્સ શું ભાગ ભજવે છે? સારા પરિણામ લાવનાર સ્ટુડન્ટમાં કેવી આદત હોય છે?
- **પાર્ટ-બી (૫.૩૦થી ૬.૩૦) :** NEET - JEE - AIPMT - CPT જેવી પરીક્ષાઓની તૈયારી કરવા માટેની સાચી ઉંમર અથવા સાચું standard કયું? શું બધાએ આવી પરીક્ષા આપવી જોઈએ? આવી બધી પરીક્ષાઓ ફરજિયાત છે? કોઈ વિદ્યાર્થીએ કેવી રીતે ટાઇમ ટેબલ બનાવી ભણવું જોઈએ? ભણવાની સાથે બીજી કઈ પ્રવૃત્તિ અથવા શીખેલું કામ ઉપયોગી થઈ શકે છે?

***તમારા કોઈ ચોક્કસ સવાલ હોય તો તમે વાલીનું નામ, વિદ્યાર્થીનું નામ અને સવાલ... નીચેના Mail ID પર તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૬ પહેલા મોકલી શકો છો :***

**E-mail : kutchijainamd@gmail.com**

**કન્વીનર, શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ**

## સમાજના સભ્યો જોગ

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સર્વે સભ્યોને જણાવવાનું કે જો તેઓ અમદાવાદ - ગાંધીનગરની હદ છોડી અન્યત્ર વસવાટ કરવા ગયેલ હોય અથવા જો કોઈ સભ્યના પરિવારમાં અવસાન થયું હોય તો તેની લેખિત જાણ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે અવશ્ય કરે કે જેથી સમાજની સભ્યપદની કાર્યવાહી સુચારુ રૂપે ચાલી શકે.***

**કન્વીનર, સભ્યપદ સમિતિ**

## વયસ્ક સમિતિ

સમિતિ દ્વારા સાબરમતી નદીના કિનારે વસેલા તીર્થ સપ્તેશ્વર, મહુડી, આગલોડની પિકનીક તા. ૪-૧૦-૨૦૧૬ ને મંગળવારે રાખવામાં આવેલ છે. સવારે ૬.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી પ્રવાસ શરૂ થશે. પ્રવાસનો ચાર્જ વ્યક્તિ દીઠ રૂા. ૩૦૦/- રાખવામાં આવેલ છે. પ્રવાસમાં જોડાવા ઈચ્છનાર વડીલોએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રકમ જમા કરી, વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવી દેવા વિનંતી.

**રજનીકાંત પારેખ**
**કન્વીનર, વયસ્ક સમિતિ**

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

*સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.*

★ જાન્યુઆરી : Positive Parenting

★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' – ૧ દિવસીય પિકનિક

★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
(૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.

★ જુલાઈ :
- 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
- ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.

★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" – ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

● **નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

*કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જુલાઈ / ઓગસ્ટ - ૨૦૧૬

- **તા. ૩૦-૭-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા મળેલ હતી. આ સભામાં નિવૃત્ત થતાં ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યોની જગ્યાએ બિનહરીફ ચૂંટાયેલા સભ્યોના નામો ચૂંટણી પંચના કન્વીનર શ્રી આણંદજીભાઈ વીરાએ જાહેર કર્યા હતા. વર્ષ ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ સંસ્થાના સહમંત્રીશ્રીએ વિગતવાર જણાવેલ હતો. વર્ષ ૨૦૧૫-૧૬ના ઓડિટ થયેલા હિસાબોની રજૂઆત કરવામાં આવી હતી, જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. વર્ષ ૨૦૧૬-૧૭ માટે ઓડિટરશ્રીની નિમણૂક સર્વાનુમતે કરવામાં આવી હતી. આજની સભામાં ૯૫ જેટલા સભ્યો હાજર રહેલ હતા.

- **તા. ૨-૮-૨૦૧૬**

★ આજરોજ વયસ્ક સમિતિના શ્રી રજનીકાંત પારેખ અને શ્રી દિલીપભાઈ દંડે ગાયક કલાકાર શ્રી રાજેશ પરીખને મળીને ૧૫ ઓગસ્ટના કાર્યક્રમ અંગે ચર્ચા કરી હતી.

- **તા. ૩-૮-૨૦૧૬**

★ શ્રી રજનીકાંત પારેખ અને શ્રી પરાશર વ્યાસે શાહીબાગ ખાતે મુલાકાત લઈ આર.ઓ. પ્લાન્ટના નિરીક્ષણ બાદ પાણીના નમૂનાની તપાસ અ.મ્યુ.કો. પાસે કરાવવાનો નિર્ણય લીધો હતો.

- **તા. ૪-૮-૨૦૧૬**

★ આજરોજ વયસ્ક સમિતિના રજનીકાંત પારેખ, દિલીપ દંડ, કે.ડી. શાહ, આણંદજી વીરા અને મહેન્દ્ર શાહે રાજેશ પરીખને મળીને ૧૫ ઓગસ્ટના કાર્યક્રમ માટે ગીતોની પસંદગી કરી હતી.

- **તા. ૭-૮-૨૦૧૬**

★ આજે સવારના ૯ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ટ્રસ્ટ મંડળની એક બેઠક મળેલ હતી. જેમાં વર્ષ ૨૦૧૬-૧૭ના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ટ્રસ્ટ મંડળમાંથી કારોબારીમાં પ્રતિનિધિ તરીકે ૬ ટ્રસ્ટીઓની નિમણૂક કરવામાં આવી હતી.

★ આજે સવારના ૧૧ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંસ્થાની કારોબારી સમિતિની એક બેઠક મળી હતી. જેમાં સંસ્થાના નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી : (૧) પ્રથમ ઉપપ્રમુખ : શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, (૨) દ્વિતીય ઉપપ્રમુખ : શ્રી શાંતિલાલ મુળજી સાવલા, (૩) માનદ્ મંત્રી : શ્રી કે.આર. શાહ, (૪) સહમંત્રી : શ્રી હસમુખ બાબુભઆઈ શાહ, (૫) ખજાનચી : શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) (૬) સહ ખજાનચી : શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર.

- **તા. ૧૧-૮-૨૦૧૬**

★ આજરોજ વયસ્ક સમિતિના રજનીકાંત પારેખ, કે.ડી. શાહ, દિલીપ દંડ અને આણંદજીભાઈએ કાર્યક્રમના દિવસ માટે સવારના નાસ્તા અને ભોજન અંગે ચર્ચા વિચારણા કરી નિર્ણય લીધા હતા.

- **તા. ૧૨-૮-૨૦૧૬**

★ આજરોજ સાંજે ૫ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ મ્યુનિ. કોર્પો.ના એન્જિનિયર શ્રી કમલેશ કોષ્ટીને લઈને ટી.ડી.ઓ. શ્રી બરંડા સાહેબને શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના ફાઈનલ પ્લાન બતાવેલ હતા. તેઓએ પ્લાન પ્રમાણે રિપોર્ટીંગ કરાવવાની સુચના શ્રી કમલેશભાઈને આપેલ હતી.

- **તા. ૧૩-૮-૨૦૧૬**

★ આજરોજ ડાયાલિસિસ મશીનની કંપની ફેસનેસના એન્જિનિયર શ્રી અરુપ સાથે વાત થઈ હતી. તેઓ સાથે ડાયાલિસિસ સેન્ટરના આર.ઓ. પ્લાન્ટ વિશે વાતચીત કરવામાં આવેલ. તેઓ એકાદ દિવસમાં શાહીબાગ ખાતે સંસ્થાના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લઈ આપણને યોગ્ય માર્ગદર્શન આપશે તેમ જણાવેલ હતું.

- **તા. ૧૪-૮-૨૦૧૬**

★ આજે સવારના ૯ કલાકે સંસ્થાના ટ્રસ્ટ મંડળની એક બેઠક મળેલ હતી. જેમાં સંસ્થાના મેડિકલ સેન્ટર માટે એક નવું સોનોગ્રાફી મશીન ખરીદ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની ઈમ્પેક્ટ ફી ભરવા બદલ સંસ્થાના મે. ટ્રસ્ટી તથા માનદ્ મંત્રીશ્રીને સંપૂર્ણ સત્તા આપવામાં આવી હતી.

- **તા. ૧૫-૮-૨૦૧૬**

★ આજે સવારના ૯ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પ્રાંગણમાં સમાજના સભ્ય તથા રિટાયર્ડ હાઈકોર્ટ જસ્ટીસ શ્રી કાંતિભાઈ પૂજના વરદ્ હસ્તે ધ્વજવંદન કરી ભારતનો ૭૦મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેઓએ પ્રાસંગિક પ્રવચન કરેલ હતું. સંસ્થાના પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌનો આભાર માનેલ તથા આજના દિવસે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેનાર આદરણીય શ્રી કાંતિભાઈ પૂજ સાહેબનો ખાસ આભાર વ્યક્ત કરેલ હતો. ત્યારબાદ સાંસ્કૃતિક હોલ ખાતે વયસ્ક સમિતિ દ્વારા દેશ ભક્તિના ગીતો તથા જૂના ફિલ્મી ગીતોનો રંગારંગ કાર્યક્રમ ઉજવવામાં આવેલ. આ સમયે સંસ્થાના સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

**● તા. ૧૬-૮-૨૦૧૬**

★ આજે સાંજના ૫ કલાકે મ્યુનિ. કોર્પો.ના એન્જિનિયર શ્રી કમલેશ કોષ્ટી સાથે વાતચીત થયા મુજબ તેઓએ આપણા પ્લાન મુજબનું રિપોર્ટીંગ લખાવી દીધેલ છે. અને તે ચેક કરવા માટે આસિસ્ટન્ટ ટી.ડી.ઓ. શ્રી મકવાણા સાહેબને આપેલ છે. તેઓ સ્થળ ઉપર મુલાકાત લઈ રિપોર્ટ કન્ફર્મ કરશે.

★ આજરોજ ભવન સમિતિ અને રિનોવેશન સમિતિના શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીકાંત પારેખ અને આશિષ મહેતાએ સાથે મળીને શાહીબાગ ખાતેના બાથરૂમના દરવાજા બદલવા અંગે યોગ્ય નિર્ણય લીધા હતા.

**● તા. ૧૭-૮-૨૦૧૬**

★ આજરોજ શ્રી કે.ડી. શાહ અને રજનીકાંત પારેખે શાહીબાગ ખાતે મુલાકાત લઈ કોમન બાથરૂમના દરવાજા બદલવા અંગે નિર્ણય લઈ તે અંગે રિનોવેશન સમિતિને જાણ કરી હતી. ■

## ઊડતી નજરે....

**માસ જુલાઈ-૨૦૧૬ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ**.............................................. | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............................................................ | **૧૩,૩૩૫** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .............................**૫૪૯** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........................................................ **૯૫** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ................................ **૧૫** | |
| | ● | સોનોગ્રાફી........................................................................ **૧,૩૬૩** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ......................................... **૪૦** | |
| | ● | બોડી ચેક-અપ .....................................................................**૪૬૪** | |
| | ● | અન્ય ..............................................................................**૧૦,૮૦૯** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......................................................**૮૬૬** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૭૬૨** | **૩,૬૨૮** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........................... **૨,૩૬૬** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............................................ **૫,૬૪૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ..............................**૨૯૦** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ...........................**૯૩૮** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .**૪૭૮** | **૯,૭૧૨** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................................................**૩૬૪** | **૩૬૪** |
| | | માસ જુલાઈ - ૨૦૧૬ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ............ | **૨૭,૦૩૯** |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા**
**ભારતની આઝાદીના ૭૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી તથા ત્યારબાદ**
**વયસ્ક સમિતિ દ્વારા આયોજિત દેશ ભક્તિના ગીતો આધારિત રંગારંગ કાર્યક્રમની તસવીરી ઝલક**









## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમોની તસવીરી ઝલક



તા. ૨૪-૭-૨૦૧૬ના રોજ ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે 'તમારી અંદરના એકલવ્યને જગાડો' વિષય હેઠળ વધારે સારી રીતે અભ્યાસ કેવી રીતે કરવો? તે વિષય પર ફેકલ્ટી શ્રી દીપક મકવાણાનો કાર્યક્રમ



તા. ૭-૮-૨૦૧૬ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર આયોજિત "Natural Parenting V/s. Nature of Parenting" ઉપર ડો. કિંજલ કુબાવત (Ph.D.)ના વક્તવ્યનો કાર્યક્રમ




To know more about us, call us today

**CORPORATE OFFICE : V-Trans India Limited,** 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com

V-TRANS Driving Excellence

Our other Divisions

V-Xpress Safe and Reliable - For Your Peace of Mind

V-Logis Warehousing & Inventory Management


GAME ON
BY BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61 Dr. S.S. Rao Road,
near Gandhi Hospital, Parel, Mumbai - 400012.
Tel:(022) 24124595, 24168645, 24115010. Fax: 24104290
Info@blazoclothing.com / blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

